

# અમમ ચરિત્ર

લેખક:
મુનિશ્રી
ભાનુચંદ્રવિજયજી



પૂજ્યપાદ વિજય-નેમિ-વિજ્ઞાન-કસ્તૂરસૂરિ સદ્ગુરુભ્યો નમઃ
પૂજ્યપાદ પં. ચંદ્રોદયવિજયજી ગણિવર્ય સદ્ગુરુભ્યો નમઃ

શ્રીમદાચાર્ય મુનિરત્નસુરિ વિરચિત તાડપત્રીય

ભાવી જિનેશ્વર બ. ૨૯૬

# શ્રી અમમ સ્વામિ ચરિત્ર

## ભાગ-૨

( ગુજરાતી ભાષાંતર )

卐

ભાષાંતર કર્તા

**મુનિશ્રી ભાનુચંદ્રવિજય**

★

કિંમત રૂ. ૫-૦૦

યશેન્દુ પ્રકાશન ૧૯૬૪ :: ગ્રંથ ૧૫

પ્રકાશક :
જસવંતલાલ ગીરધરલાલ શાહ
૧૪૭, તંબોલીનો ખાંચો,
ડોશીવાડાની પોળ, અમદાવાદ.

## પ્રાપ્તિસ્થાન

(૧) શ્રી જૈન પ્રકાશન મંદિર
ઠે. ૩૦૯/૪ દોશીવાડાની પોળ, અમદાવાદ–૧

(૨) મેઘરાજ જૈન પુસ્તક ભંડાર
ગોડીજીની ચાલ, પહેલે માળે, કીકા સ્ટ્રીટ, મુંબઈ–૨

(૩) સોમચંદ ડી. શાહ
જીવન નિવાસ સામે, પાલીતાણા.

(૪) સરસ્વતી પુસ્તક ભંડાર
રતનપોળ, હાથીખાના, અમદાવાદ.

પ્રથમાવૃત્તિ

વીર સંવત ૨૪૯૧ | સંવત ૨૦૨૧
ઈ. સન ૧૯૬૪ | નેમિ સંવત ૧૬ | મૌન એકાદશી

સર્વ હક્ક પ્રકાશકના છે.

મુદ્રક :
મણિલાલ છગનલાલ શાહ
ધી નવપ્રભાત પ્રિન્ટિંગ પ્રેસ
ઘીકાંટા રોડ : અમદાવાદ

# સમર્પણ

મારા સંયમજીવનના શૈશવકાળમાં જ્ઞાનામૃતનું સિંચન
કરનાર પ. પૂ. પરમોપકારી સિદ્ધાંત મહોદધિ,
પ્રાકૃતવિદ્વિશારદ
**આચાર્ય ભગવંતશ્રીમદ્ વિજય કસ્તુરસૂરીશ્વરજી**
**મહારાજ સાહેબને**

* * *

મારા સંયમ પ્રવહણના અજોડ સુકાની
પ. પૂ. સમર્થ વ્યાખ્યાનકાર, કવિરત્ન આચાર્યમહારાજ
શ્રીમદ્‌વિજય **યશોભદ્રસૂરીશ્વરજી** મહારાજ સાહેબને

* * *

સંસાર સમુદ્રમાંથી સંયમમાર્ગે વાળનાર નિર્યામક
પૂજ્ય ગુરૂદેવ
પ. પૂ. બાલબ્રહ્મચારી વાત્સલ્યમૂર્તિ અજોડ વ્યાખ્યાનકાર
પ. પૂ. પંન્યાસ પ્રવર **ચંદ્રોદયવિજયજી** ગણિવર્ય
મહારાજ સાહેબને

બારામતી
૨૦૨૧ મૌન એકાદશી

આપનો શિશુ
ભાનુચંદ્ર

## ❀ યશોન્દુ પ્રકાશન દ્વારા પ્રકાશિત ❀

### ગુજરાતી

(૧) મહાસતી નર્મદાસુંદરી
(૨) બારપર્વની કથા (પત્રાકાર)
*(૩) સંસ્કાર જ્યોત
*(૪) સાગરના મોતી
*(૫) પુષ્પ મંગલ
(૬) અમમ સ્વામિ ભાગ ૧ ૪–૦૦
(૭) ,, ભાગ ૨ ૫–૦૦
(૮) શ્રીપાળ કથા પ્રતાકાર ૩–૦૦
( ગુજરાતી ભાષાંતર )
*(૯) સંદેશ (હીંદી)
*(૧૦) સંદેશ (મરાઠી)
(૧૧) કથામૌક્તિક (હિંદી) ૧–૫૦
(૧૨) કથામૌક્તિક (મરાઠી)

### સંસ્કૃત પ્રાકૃત

*(૧૩) વીતરાગ મહાદેવસ્તોત્ર
(૧૪) સિરિ સિરિવાલ કહા. ભા. ૧ ૬–૦૦
(૧૫) સિરિ સિરિવાલ કહા. ભા. ૨ ૬–૦૦

### આગામી પ્રકાશનો

બાર પર્વની કથા ( પુસ્તકાકાર ગુજરાતી )
,, ( હિંદી )
સત્યના પારખાં ( ગુજરાતી )
મુહૂર્ત દિવાકર ( જ્યોતિષનો મહાનગ્રંથ–ગુજરાતી )

*આ નિશાનીવાળા પ્રકાશનો સિલકમાં નથી.

**પ્રાપ્તિસ્થાન : જસવંતલાલ ગીરધરલાલ : અમદાવાદ**

# પ્રકાશકીય નિવેદન

જગતના સમસ્ત જીવોનું એકાંતે કલ્યાણ કરવાની ભાવનાવાળા અતીત અનાગત અને વર્તમાનકાલના લોકોત્તર પુરૂષ એવા સર્વે તીર્થંકર ભગવંતોને મારા નમસ્કાર થાઓ.

પોતાના જન્મના ત્રીજા ભવમાં વીશ સ્થાનક તપનું વિધિપૂર્વક આરાધન કરીને જગતના સર્વ જીવોનું કલ્યાણ કરવાની ભાવના હૃદયમાં રાખીને તીર્થંકર નામકર્મ જેઓએ ઉપાર્જન કર્યું છે, તેવા તથા તીર્થંકર નામકર્મ બાંધ્યા પછી યથાયોગ્ય સમયે તે પદ ભોગવતા સમસ્ત પૃથ્વીતલ પર વિચરી, જગતના સર્વ જીવોને ઉપદેશ આપી, તેમાંના લગભગ ઘણા જીવોનું ઉત્કૃષ્ટ જીવન બનાવનાર તે તીર્થંકર કહેવાય છે. જૈનશાસનમાં ભૂતકાળમાં ઘણા તીર્થંકર થઈ ગયા છે. ભાવિમાં પણ અનંતા તીર્થંકર થશે. વર્તમાનમાં શ્રી સીમંધર સ્વામિ પ્રમુખ ૨૦ તીર્થંકરો છે. તે તે તીર્થંકરો જગતના સમસ્ત જીવોના હૃદયના ભાવો સારી રીતે જાણે છે. અને પ્રકાશે છે.

સામાન્ય રીતે ઉત્સર્પિણી અને અવસર્પિણીના ૭ ૭ વિભાગ કરવામાં આવ્યા છે. તેમાં ૭ વિભાગ–આરા ચઢતા કાળના અને ૭ વિભાગ–આરા પડતા કાળના કહ્યા છે.

આવા દરેક વિભાગ–આરામાં ૨૪–૨૪ તીર્થંકરો જ જગતના જીવોના કલ્યાણ કરવાને તે તે સમયે જ્યારે જ્યારે તેઓ જે કાળમાં હયાત હોય તે તે કાળમાં પોતાનું શાસન પ્રવર્તાવે છે. અને તેમાં પ્રથમ સાધુ, સાધ્વી,શ્રાવક, શ્રાવિકારૂપ શ્રી ચતુર્વિધ શ્રી સંઘની સ્થાપના કરે છે. અને તે શ્રી સંઘ કેમ આગળ વધે, આગળ વધીને શાસનની શોભા કેમ વધારે, તે તે રીતે તેઓને પોતાના સદુપદેશદ્વારા આગળ લાવે છે.

જેમ રાજા પોતાની પ્રજાનું ન્યાયપૂર્વક પાલન કરે છે. અને તેથી જ તે નૃપ શબ્દ કહેવાને માટે લાયક બને છે. અને नॄन् पाति इति नृपः એ વ્યુત્પત્તિથી એટલે સમસ્ત પ્રાણીઓનું રક્ષણ કરે તે

રાજા. આ વ્યુત્પત્તિને સિદ્ધ કરે છે. દરેક આરામાં ૨૪ લોકોત્તર પુરૂષો થાય છે. જેઓને તીર્થંકર પરમાત્મા કહેવામાં આવે છે. કોઈ કાળમાં તેથી વધારે ઉત્તમ પુરૂષો પ્રાયઃ હોતા નથી.

આગામી કાળના ૨૪ તીર્થંકરો પૈકી આ શ્રી બારમા અમમ સ્વામિ નામના શ્રી તીર્થંકર ભગવંતનું જીવન ચરિત્ર પૂજ્ય આચાર્ય શ્રી મુનિરત્નસૂરિજીએ શ્લોકબદ્ધ બનાવેલ છે. તે ચરિત્ર શ્લોકબદ્ધ હોવાના કારણે સામાન્ય જ્ઞાનવાળા જીવો તેનો યથાયોગ્ય સ્વયં બોધ ન પામી શકે તે સાહજિક છે.

આવા અલ્પજ્ઞાની જીવોના બોધને માંટે સુંદર અને સરળ છતાં રોમાંચક શૈલીથી તેનો ગુજરાતી અનુવાદ કરવામાં આવ્યો છે. આ મહાન્ ગ્રંથનો અનુવાદ પ. પૂ. પરમોપકારી પૂજ્યપાદ શાસનસમ્રાટ બાલબ્રહ્મચારી અનેક તીર્થોદ્ધારક આચાર્ય મહારાજાધિરાજ વિજય-નેમિસૂરીશ્વરજી મહારાજના પટ્ટાલંકાર પ. પૂ. પરમોપકારી પૂજ્યપાદ શાંતમૂર્તિ સમયજ્ઞ આચાર્ય ભગવંત શ્રીમદ્વિજયવિજ્ઞાનસૂરીશ્વરજી મહારાજ સાહેબના પટ્ટધર પ. પૂ. પરમોપકારી પૂજ્યપાદ સિદ્ધાંત મહોદધિ પ્રાકૃતવિદ્વિશારદ આચાર્ય મહારાજ શ્રીમદ્વિજય કસ્તૂરસૂરી-શ્વરજી મહારાજના વિદ્વાન શિષ્યરત્ન પ. પૂ. પરમોપકારી પૂજ્યપાદ બાલબ્રહ્મચારી અજોડ પ્રવચનકાર પંન્યાસપ્રવર શ્રી ચંદ્રોદયવિજયજી ગણીવર્ય મહારાજશ્રીના પ્રથમ શિષ્ય પ. પૂ. વિદ્વાનમુનિરાજ શ્રી ભાનુચંદ્રવિજયજી મહારાજ સાહેબે ખૂબજ પરિશ્રમ દ્વારા તૈયાર કરેલ છે, તેઓનો આ પ્રયાસ ખરેખર પ્રશસ્ય છે.

આ અનુવાદમાં ભાવિ–જિનશ્રી અમમ સ્વામિના દરેકે દરેક ભવોનું તે તે ભવોમાં તેઓએ કેવા કેવા કાર્યો તથા જનહિતાદિ આદિ જે જે કર્યું છે. તે સંપૂર્ણતઃ સારી રીતે સમજાવ્યું છે.

પૂ. મુનિશ્રી ભાનુચંદ્રવિજયજી મહારાજશ્રીએ આવો સુંદર અનુવાદ આ ગ્રંથનો તૈયાર કરી લોકભોગ્ય બનાવ્યો છે. તે બદલ સમસ્ત વાચકગણ તેઓશ્રીનો પ્રયાસ આ અનુવાદ વાંચી સફળ બનાવશે, તેવી આશા રાખવામાં આવે છે. —પ્રકાશક

# નૈવેદ્ય

મારા સંયમ જીવનના શૈશવકાળ દરમિયાન કથાઓ વાંચવામાં, સાંભળવામાં આવતી, સમયના પસાર થવાની સાથે એવી સાંભળેલી, વાંચેલી, ધાર્મિક, અને સામાજીક નૈતિક જીવન ઉત્થાનની કથાઓને નવા વાઘાઓ પહેરાવીને મેં વાંચકો સમક્ષ મૂકી છે.

પણ આ પુસ્તક તમારા હાથમાં આવે છે. તે તો મારા જીવનની અનેક વિટંબનાઓ માંહેનું એક છે. કારણ કે જ્યારે લખવા માટે પ. પૂ. સમર્થ વ્યાખ્યાનકાર, કવિરત્ન આચાર્ય મહારાજ શ્રીમદ્ વિજયયશોભદ્રસૂરીશ્વરજી મહારાજ સાહેબે મને પ્રેરણા આપી. ત્યારે મને લાગ્યું અને મેં કહ્યું પણ ખરું કે આ મહાન ગ્રંથના દશ હજારથી અધિક શ્લોકોનું ભાષાંતર ગુજરાતીમાં કરવું. તે તો મારી શકિત બહારની વાત છે. વળી ચાતુર્માસમાં અનેક પ્રકારની પ્રવૃત્તિઓમાં ભગીરથ કાર્ય થવું મુશ્કેલ છે. પરંતુ તેઓની અનહદ લાગણી અને મમતાએ મારા ઉપર જીત મેળવી, મેં શ્રી અમમ સ્વામિ ( મહાકાવ્ય )નું ભાષાંતર કરવાનો વિચાર અમલમાં મૂકયો. જેમજેમ ભાષાંતરનું કાર્ય આગળ વધતું ચાલ્યું. તેમ તેમ તે ગ્રંથમાં આવતા તમામ કથાનકોમાં અત્યંત મનોહર આનંદ અનુભવવા લાગ્યો. જેનું વર્ણન હું કરી શકું તેમ નથી, પણ મારા આ પ્રયાસનો સર્વાંગી નિચોડ વાંચકોજ આપશે.

હું સિદ્ધહસ્ત લેખક નથી, તેમ મેં આ મહાકાવ્યનું ભાષાંતર કરવામાં જરાપણ છૂટછાટ લીધી નથી, સંવત્ ૨૦૧૯ની સાલમાં

વિલા-પારલા ( મુંબઈ )માં ચાતુર્માસ દરમિયાન પ્રથમ ભાગ સર્ગ ૧ થી ૫ સુધી લખીને બે મહિનામાં બહાર પડ્યો. ત્યારબાદ અનેક પ્રકારે શાસનોન્નતિના કાર્ય અંગે કરી બીજા ભાગનું ભાષાંતર થઈ શકયું નહીં. ત્યારબાદ ચાતુર્માસમાં અનેક પ્રવૃત્તિઓ હોવા છતાં બીજા ભાગનું ભાષાંતર સર્ગ ૬ થી ૨૦ સુધી છપાઈને ત્રણ મહિનાના અલ્પ સમયમાં બહાર પડે છે. તે તો ઘણો અલ્પ સમય કહેવાય. જેથી સ્ખલના થવાનો સંભવ રહેલ છે. સુજ્ઞ વાંચકો આ પુસ્તકમાં રહેલી ક્ષતિઓ દર્શાવે તો બીજી આવૃત્તિમાં યોગ્ય સુધારાવધારા કરી શકાય, મારા આ અલ્પ પ્રયત્નને વાંચકો વધાવી લેશે. એજ શુભં ભવતુ.

બારામતી
( જી. પુના )
૨૦૨૧ મૌન એકાદશી

—ભાનુચંદ્રવિજય

# ભાવી બારમા તિર્થંકર શ્રી અમમનાથ



શ્રી વર્તમાન ચોવીશીના બાવીશમા તીર્થંકર શ્રી નેમિનાથ ભગવાનના શ્રદ્ધાવંત ઉપાસક ભરતક્ષેત્રના ત્રણ ખંડના અધિપતિ નવમા વાસુદેવ શ્રી કૃષ્ણવાસુદેવની પરિવાર સહિતની આ મૂર્તિ છે.

આ શ્રી કૃષ્ણવાસુદેવનો આત્મા આવતી ચોવીશીમાં બારમા શ્રી અમમનાથ નામના તીર્થંકર થવાના છે.

શ્રીમદાચાર્ય મુનિરત્નસૂરિ વિરચિત પ્રાચીન તાડપત્રીય

# શ્રી અમમસ્વામિ ચરિત્ર ભાગ-૨

## ગુજરાતી ભાષાંતર

## સર્ગ-૬

ભરત ક્ષેત્રમાં રાજરાજેશ્વર સમાન અર્ધ દક્ષિણ ભરતના અલંકારરૂપ, વિલાસી માનવીઓથી ભરપુર, અતિ વિશાલ પેઢાલ નામે નગર છે. હવેલીઓની ઉપર ઉડતી ધજા પતાકાઓથી ગભરાઈને અમરાવતી દેવલોકમાં ચાલી ગઈ હતી. તે હવેલીઓના સ્ફટીકમય ઝરૂખાઓને સૂર્ય સવાર અને સાંજ પોતાના કીરણોથી કમળના ઉઘડતા ફુલની જેમ દેદીપ્યમાન બનાવતો હતો, જ્યારે તેજ સૂર્ય મધ્યાન્હ સમયે પોતાના કીરણો વડે તેજ ઝરૂખાઓને સૂવર્ણમય બનાવતો હતો, જ્યાંના માનવીઓ દેવતાઇ ઋદ્ધિ ભોગવી રહ્યા હતા, તે નગરનો ધનિક વર્ગ કુબેરની સાથે હરિફાઈ કરતો હતો, દશે દિશાઓમાં પોતાની કીર્તિને નિષ્કલંક ચંદ્રમાથી શિતળ, સૂર્યથી પણ અધિક તેજસ્વી, સમુદ્ર સમાન શૌર્યવંત, જેની તલવારની ધારરૂપ તરંગવડે લજ્જિત બનેલા વિરોધી રાજાઓ પોતાના રાજ્યો સોંપીને ભાગી ગયા હતા, તેવો હરિશ્ચંદ્ર રાજા રાજ્ય કરતો હતો, શરીરથી લક્ષ્મી, સરસ્વતીની તેજસ્વિતા,

હૃદય તો જાણે શૌર્યથી ભરપુર, એવી લક્ષ્મીવતી નામે રાણી હતી, અન્તઃપુરમાં અનેક રાણીઓ હોવા છતાં પણ લક્ષ્મીવતીએ પોતાના ગુણોથી રાજાના ચિત્તને હરી લીધું હતું, ચન્દ્રલેખામાં ચન્દ્રિકાસમાન, રોહણાચલમાં મણિની જેમ, દેવભૂમિમાં કલ્પવલ્લિ સ્વરૂપ, આંબાના વૃક્ષમાં મંજરીની જેમ નીતિવંતની સાક્ષાત્ લક્ષ્મી સમાન, નિર્મલ વિનીતની ખ્યાતિ જેવી, વિદુષિઓના કાવ્ય સમાન, તે લક્ષ્મીવતીની કુક્ષિને વિષે એક પુત્રીએ જન્મ લીધો, મંગલ દિપકની જેમ પિતાના કુળમાં અનિષ્ટોના અંધકારને પોતાની કાંતિથી દૂર કર્યો, અને મંગળમય વાતાવરણ નિર્માણ કર્યું.

સર્વ લક્ષણોથી ભરપુર સાક્ષાત્ સરસ્વતી સમાન તે પૂત્રીના જન્મથી જ પિતાના અંતરમાં હર્ષના તરંગોનો વિરાટ ઉછળવા લાગ્યો, તેના પૂર્વભવના પતિ કુબેરે જન્મ સમયે આવીને અઢળક સૂવર્ણની વૃષ્ટિ કરી. પિતાએ પ્રસન્ન થઈને ગુણમણિની ખાણ સદ્દેશ તે પુત્રીનું નામ 'કનકવતી' રાખ્યું. કમલિનીની જેમ ધાવ માતાના ખોળામાં રમતી તે પૂત્રી ચાલવા લાગી તે વારે તેના પગની સૂવર્ણમય ઘુઘરીઓના રણકારથી, તેમજ તેણી મીઠી અને કાલી ભાષા બોલવા લાગી તેથી સર્વેને કનકવતી મનોરંજક અને પ્રિય લાગવા લાગી.

તેણી રત્નકુંડલોથી શોભવા લાગી, નાની પુતળીઓ સાથે રાખી સમાનવયની બાળાઓ સાથે રમવા લાગી,

વિદ્યાભ્યાસ યોગ્ય વય થવાથી રાજાએ તેણીને મહાપંડિત પાસે ભણવા મોકલી, સાક્ષાત્ સરસ્વતીની જેમજ ભણવા લાગી, સ્ત્રીઓને યોગ્ય ચોસઠ કલાઓમાં નિપુણ બની, તેણી શૃંગાર દેવતાના ઘરરૂપ, કામદેવના ક્રીડા ઘરસદૃશ, વિલાસ કલાના અભ્યાસભવનરૂપ, યૌવનાવસ્થા પ્રાપ્ત કરી ચૂકી, તેણીની આંખોમાં નમ્રતા હતી, છતાં તે આંખો કાનની સાથે વિવાદ કરતી હતી, તેનો ભાલપ્રદેશ અર્ધ-ચંદ્રાકાર હતો, તેણીનો કંઠ વિદ્યા અને ગુણોનું સૂચન કરનારી રેખાથી અંકિત હતો, તેના હોઠ કમલના પત્ર જેવા અદ્ભુત રંગવાળા જોઈ પરવાળાં સમુદ્રમાં સંતાઈ ગયા હતા. સરસ્વતીના નિવાસસ્થાનરૂપ તેણીનું મૂખ નિર્લાં-છન હતું. તેણીની દંત પંક્તિઓ દાડમની કલીને પણ શરમાવતી હતી, તેણીનું કપાળ ભાગ્યસૂચક રેખાઓથી ભરપુર હતું. સુંદર કેશકલાપથી શોભતું તેનું મસ્તક કુમાર કાર્તિકેયને લજ્જાળુ બનાવતું હતું. તેના ઉન્નત સ્તનો સુવર્ણકુંભને તિરસ્કારતા હતા, હાથ અને પગની લાલિ-માઓ કમળને જલ સમાધિ લેવડાવતી હતી, તેના રૂપ અને ગુણનું વર્ણન અદ્વિતીય અને અદ્ભૂત હોવાથી ન કરી શકાય તેવું હતું. દેવાંગનાઓ પણ તેણીના રૂપથી અંજાઈને અદૃશ્ય બની ગઈ હતી. યૌવનાવસ્થામાં આવેલી કનકાવતીને જોઈ તેણીના માતાપિતા યોગ્ય ઘર અને વર શોધવાની ચિંતામાં દિવસો પસાર કરવા લાગ્યા.

એકદા અવસરોચિત્ત અતિ મનોહર સ્વયંવરની રચના

કરાવવાનો સેવકને હુકમ કર્યો, લોકોના અનુચિત અપવાદને દૂર કરવામાં સ્વયંવરની રચના કર્યા વિના રાજા અને રાણીને માટે બીજો કોઈ માર્ગ નહોતો.

આનંદ વિભોરમાં નાચતી 'કનકવતી' સ્વયંવર મંડપની રચના જોતી હતી. હર્ષાવેશમાં આનંદને અનુભવતી હતી. જેના સ્વયંવરને માટે એક મહીનો બાકી રહ્યો છે એવી 'કનકવતી' ગવાક્ષમાં બેઠી હતી, અને સૃષ્ટિની અદ્‌ભૂત કરામતને અવલોકતી હતી. તે વારે અત્યન્ત સુંદર, મનોહર, અને જોતાંની સાથે જ મોહિત થઈ જવાય તેવો એક હંસ આકાશમાંથી એકાએક 'કનકવતી' પાસે આવીને પડ્યો. મધુરવાણીવાળા તે હંસને 'કનકાવતી'એ પોતાના હાથમાં લીધો, અને વિચારવા લાગી કે અલંકારોથી અલંકૃત 'હંસ' જરૂર કોઈ વિદ્યાધરનો હોવો જોઈએ. અરે! મને આવો વિચાર શા માટે ? કોઈનો પણ હોય ? મારે તો તેની સાથે રમવાથી જ કામ છે ને! મારો ભાગ્યોદય છે કે મને આવો સુંદર–સોહામણો અને મખમલ સમાન સુંવાળા પીંછાવાળો હંસ પ્રાપ્ત થયો છે. તેની સાથે રમીશ, અને આનંદ પ્રાપ્ત કરીશ, આવી લક્ષણયુક્ત વસ્તુ પુણ્યોદયે કરીને પ્રાપ્ત થાય છે.

કનકવતી તે હંસને સૂર્યકાન્ત મણિથી મઢેલા સુવર્ણના પિંજરામાં મૂકવાનો વિચાર કરે છે, ત્યાં તો માનવીની ભાષામાં કનકવતીને સંબોધન કરતો, અને આશ્ચર્યમાં

મગ્ન બનાવતો તે હંસ બોલ્યો, હે સુંદરી ! જે વસ્તુ પુણ્યથી મલી છે, અને યોગથી જ છૂટવાવાળી છે. તેને તું શા માટે બાંધી રાખવાનો વિચાર કરે છે. તારા મનમાં જરા વિચાર તો કર ! જે હંસ માનવીને દર્શન-માત્રથી આનંદદાયક અને કલ્યાણકારક થાય છે તેજ હંસ જ્યારે પોતાની મેળે તારા હાથમાં આવીને પડ્યો છે, તે તને શું નહી કરી આપે ? રાજપૂત્રીએ કહ્યું કે હે હંસ ! તારી વાણીમાં મને વિશ્વાસ છે કે તું જે વાત કરીશ તેમાં મારૂં કલ્યાણ હશે, મારા મનમાં ચંચળતા પ્રાપ્ત થાય છે. તારે જે કાંઈ કહેવાનું હોય તે મને તું કહે. તે વારે હંસ બોલ્યો. હું એક વખત વિદ્યાધરેન્દ્ર કોશલની કોશલા-નગરી ઉપરથી ઉડતો ઉડતો જતો હતો, તે વારે આકાશમાંથી મેં અત્યન્ત તેજસ્વી પુરૂષને જોયો, અને હું કોશલાનગરીમાં ગયો, ત્યાં તો પોતાની પ્રભાથી આકાશ-મંડળને ઉદ્યોત કરનાર કાંતિવાળા એક પુરૂષને અને તેની સાથે કૌશલની પૂત્રી સુકોશલાને જોઈ, સુકોશલા અત્યંત સુંદર હોવા છતાં પણ તે પુરૂષની સાથે શ્યામ જણાતી હતી, ફીક્કી લાગતી હતી, ત્યારે હર્ષ અને વિષાદથી હું વિચાર કરવા લાગ્યો કે આ પૃથ્વી પ્રશંસનીય છે. રત્નની ખાણ છે. આ પૃથ્વીના મુગટ સમાન આ પુરૂષ વિદ્યમાન છે. પરંતુ વિધાતાએ તેને સ્ત્રી રત્નથી વાંછિત રાખેલ છે. અથવા તેને યોગ્ય કોઈ પણ સ્ત્રીની પ્રાપ્તિ થઈ શકતી જ નથી. કલ્પદ્રુમની સાથે જેમ કલ્પવેલડીનો યોગ છે, તેવી રીતે વિધાતા તેની સાથે તારો યોગ પ્રાપ્ત કરાવી આપે

તો જ તમારા બંન્નેના માટે વિધાતાએ કરેલો પરિશ્રમ સફળ થાય.

હંસની વાત સાંભળી 'કનકવતી' આકુળવ્યાકુળ બની ગઈ, હસતી હસતી બોલવા લાગી ' કેવી સુંદર વાત છે' તેમનું વૃત્તાંત સાંભળી મારા કાન પવિત્ર થયા, પરંતુ કલ્પદ્રુમ સમાન તેમને જોઈ મારી આંખો કયારે સફળ થશે ? તેણી આ પ્રમાણે બોલી રહી હતી એટલામાં જ તે હંસ ઉડીને આકાશમાર્ગે ચાલ્યો ગયો, તેણી વિલાપ કરવા લાગી.

ત્યાં તો એકાએક સુંદર ચિત્રપટ, આકાશમાંથી પડ્યો, અને દિવ્ય વાણી દ્વારા સૂચના કરવામાં આવી કે "સ્વયંવરમાં આ ચિત્રપટના આધારથી જ તું તારા ભાવી પતિને ઓળખજે" હું પણ તારા તરફ તેની પ્રીતિ વધે તે માટે કૌશલાનગરી જઈ રહ્યો છું. હંસની વાત સાંભળી ચિત્રપટને ઉઘાડી પોતાના સ્મિત રૂપી ચંદનથી ચિત્રને વિલેપન કર્યું. વિકસિત નયનોરૂપી પુષ્પો વડે તેની પૂજા કરીને હંસને કહેવા લાગી હે હંસ! તું સામાન્યતઃ નથી માટે તું તારું સ્વરૂપ મને બતાવ, ત્યારે હંસે પોતાનું મૂળ સ્વરૂપ પ્રગટ કરીને કહ્યું કે ' હું ચન્દ્રાતપ, નામે વિદ્યાધર છું. તારા ભાવિ પતિનો સેવક છું. આ ચિત્રમાં જેનું પ્રતિબિંબ છે તે સ્વયંવરના દિવસે બીજાનો દૂત બનીને આવશે. તે વાત તું ધ્યાનમાં રાખજે.

કનકવતીએ આશિર્વાદ આપી હંસના રૂપમાં રહેલા

વિદ્યાધરને વિદાય કર્યો, ચિત્રસ્થ પોતાના પ્રિયતમને સાક્ષાત્ પતિ માનતી કનકવતી તેને આલિંગન કરવા લાગી, હૃદય સ્થાને, ગળે, મસ્તકને વિષે ચિત્રપટને લગાડવા લાગી.

ચન્દ્રાતપ વિદ્યાધર વિદ્યાના બળથી પવનની ઝડપે કૌશલા નગરી પહોંચ્યો, રાજમહેલના શયનખંડમાં રત્ન પલંગ ઉપર સૂતેલા વસુદેવનો પગ દબાવી જગાડ્યા, વસુદેવે વિદ્યાધરને ઓળખ્યો અને કહ્યું કે "જરા ધીમેથી બોલજે, કારણ કે મારી પત્નિને નિદ્રાનો ભંગ ન થાય, વિદ્યાધરે કનકવતીના સ્વરૂપને બતાવ્યું અને કહ્યું કે વિદ્યાના બળથી મેં આપનું ચિત્ર તેણીને આપ્યું છે. જેનાથી શાન્ત્વન પ્રાપ્ત થયું છે. તેણીએ અનેક પ્રકારે આપના પ્રત્યે પ્રાર્થના કરી છે. વિદ્યાધરે કહ્યું કે હે દેવ! આજે કૃષ્ણપક્ષની દશમી છે. અને શુકલપંચમીના પ્રથમ ભાગમાં જગતને આશ્ચર્યકારી! કનકવતીનો સ્વયંવર થશે.

સ્વામિન્! આપ ત્યાં જવાનો અવશ્ય વિચાર કરજો, કેમકે તેણી ફક્ત આપની આશા ઉપર જીવે છે. વસુદેવે કહ્યું કે સન્ધ્યા સમયે સ્વજનોની આજ્ઞા લઈને હું તમારી સાથે આવીશ, તમો મહેલના ઉદ્યાનમાં મારી પ્રતીક્ષા કરશો, વસુદેવની વાત સાંભળી વિદ્યાધર આનંદિત બની પોતાના સ્થાને ચાલી ગયો. વસુદેવ પોતાની અંગના જાગી ન જાય તેવી રીતે રત્ન પલંગમાં સૂઈ ગયા.

પ્રાતઃકાળે ઉઠીને પોતાની અંગના સાથે વાતચીત

કરી વિહાયગિરી લઈને ચન્દ્રાતપ વિદ્યાધરની સાથે પેઢાલપુર નગરમાં વસુદેવ ગયા.

વસુદેવનું આગમન સાંભળી રાજા હરિશ્ચંદ્રે પોતે લક્ષ્મી-રમણોદ્યાનમાં વસુદેવનું સ્વાગત કર્યું, છએ ઋતુના નિવાસ-સ્થાન સમાન તે ઉદ્યાનમાં વસુદેવ સપ્તમઋતુની જેમ શોભવા લાગ્યા, ત્યાં તેઓએ પ્રાચીન એક વાત સાંભળી કે એક વાર જ્યારે નમિનાથ સ્વામિ સમોસર્યાં હતા, ત્યારે શ્રી લક્ષ્મીદેવીએ પોતાની સખીઓ સહિત ક્રીડા કરી હતી, ત્યારથી આ જગ્યા લક્ષ્મીરમણોદ્યાન કહેવાય છે. એવું સાંભળીને જિનમંદિરોમાં જઈને જિનબિંબોની પૂજા કરી. એટલામાં પોતાની તેજ પ્રભાથી સૂર્ય મંડલનો પરાભવ કરનાર અતિમહાન રત્નભાસુર નામનું વિમાન ત્યાં આવ્યું. તે વિમાનને જોઈ વસુદેવે કુતુહલથી આગળ બેઠેલી વ્યક્તિને પૂછ્યું કે આ વિમાનમાં કોણ મહર્દ્ધિકદેવ આવ્યા છે?

ત્યારે તેણે જવાબ આપ્યો કે ઘણા દેવોથી સેવાતા ઉત્તર દિશાના અધિષ્ઠાયક કુબેર કોઈ મોટા કારણથી આકાશ માર્ગે ભૂમંડળ ઉપર આવી ગયા છે. આ જિન-મંદિરમાં જિનપ્રતિમાની પૂજા કરીને મોટી ઉત્કંઠાથી શ્રી કનકવતીનો સ્વયંવર જોવા અમે જઈશું. તે વારે વસુદેવે વિચાર કર્યો કે ધન્ય છે આ કન્યાને કે જેનો સ્વયંવર જોવા માટે કુબેર પોતે સ્વર્ગલોકમાંથી ઉતરીને તિર્ચ્છાલોકમાં આવ્યા છે. વિમાનથી ઉતરીને જિનપ્રતિમાની પૂજા કરી, હર્ષથી સંગીતપૂર્વક પ્રભુની સ્તવના કરી. કુબેરે જિનેશ્વર-

દેવને ભાવપૂર્વક અંજલિબદ્ધ નમસ્કાર કર્યો, વસુદેવે વિચાર કર્યો કે સ્થાન ત્યાગ પણ અત્યંત ઉપકારી થયું. કે જેનાથી કુબેર જેવા અદ્‌ભૂત દેવનું તથા અદ્‌ભૂત વસ્તુઓનું મને દર્શન થયું.

નિધીશ્વર શ્રી કુબેર જિનપૂજા; સ્તવના, ભક્તિ વિગેરે કરી પોતાના સ્થાને આવ્યા, ત્યારે વસુદેવને જોયા, અરે ! આ તો સુરેન્દ્ર, નરેન્દ્ર અને અસુરેન્દ્રથી પણ અત્યંત અધિક સુંદર છે. એ પ્રમાણે વિચારીને પ્રસન્ન ચિત્તે કુબેરે શ્રી વસુદેવને બોલાવ્યા, વસુદેવ કુબેરની પાસે ગયા, સુરેન્દ્રને પણ લજ્જાળુ બનાવે તેવું વસુદેવનું રૂપ અને લાવણ્ય નિરખી હર્ષિત અને અભિમાન રહિત બનેલા કુબેરે મધુર અવાજે, મિત્રની જેમ વસુદેવનો સત્કાર કર્યો, વસુદેવે વિનયથી હાથ જોડી કુબેરને કહ્યું કે હે દેવેન્દ્ર !

આપ મને આદેશ આપો કે જેથી હું આપનું કોઈ પ્રિય કાર્ય કરું. કુબેરે કહ્યું કે તમારાથી જ એક કાર્ય થઈ શકે તેમ છે. માટે તમે કરો, તે વારે વસુદેવે કહ્યું કે આપ કાર્યને જણાવો ! કુબેરે કહ્યું કે અન્તપુરમાં શ્રી કનકવતીને મારી વાણીવડે જઈને કહો કે ઉત્તર દિશાના અધિપતિ શ્રી કુબેરદેવ્ તને સૂર્ય અને કમલની જેમ ચાહે છે. તારા સ્વયંવરમાં તું તેને માળા પહેરાવી તારો પ્રિયતમ બનાવી તેના જીવનને કૃતાર્થ બનાવ.

વસુદેવે વિચાર કર્યો કે સમ્યગ્‌દષ્ટિ આ દેવ મિત્રનો વ્યવહાર કરે છે. વળી ઈન્દ્રને પણ માન્ય છે. માટે મારે

એનું અપમાન નહિ કરવું જોઈએ, એમ વિચારી કુબેરે કરેલી વાતનો સ્વિકાર કર્યો, કારણ કે પરોપકાર કરવામાં હંમેશાં જેઓ સતત તૈયાર હોય છે. તેવા પુરુષોના હૃદયમાં સ્વાર્થની વિચારણા થતી જ નથી. શ્રી વસુદેવ ઉઠીને પોતાના આવાસ સ્થાને ગયા, પોતાના દિવ્ય વેષને ઉતારી નાખી દૂતને માટે ઉચિત એવા નવીન વેષને પરિધાન કરી નિધીશ્વર કુબેરની પાસે આવ્યા, ત્યારે કુબેરે વેશ પરિવર્તનનું કારણ વસુદેવને પૂછ્યું. ત્યારે વસુદેવે જવાબ આપ્યો કે દૂતને માટે વસ્ત્રાભૂષણ વિગેરે આડંબરની જરૂરીઆત હોતી નથી.

ફક્ત વાણી અત્યંત સુંદર હોવી જોઈએ, વસુદેવના ચાતુર્યથી અને ઉચિતતાથી ખુશી થઈ કુબેરે કહ્યું કે આપ જલ્દીથી જઈને મારા કાર્યની સિદ્ધિ કરો, પ્રબળ બળવાન હોવાં છતાં પણ ગર્ભમાં રહેલા જીવની જેમ કોઈનું પણ લક્ષ ન જાય તેવી રીતે વસુદેવે રાજભવનમાં પ્રવેશ કર્યો.

આકાશમાં રહેલા તારા અને નક્ષત્રો જેવી રીતે શોભે છે. તેવા રીતે નિલરત્નોથી રચિત અને મોતીઓથી મઢેલી એવી પ્રથમ ભૂમિ ઉપર વસુદેવે પ્રવેશ કર્યો, ગગનમાં રહેલા તારાઓના ઝુમખાની જેમ પહેલા મજલે દિવ્ય શરીરવાળી અનેક સ્ત્રીઓના વૃંદને જોયો, ત્યારબાદ રત્નમય છતવાળા અને સુવર્ણના સ્થંભોવાળા બીજા માળે વસુદેવે પ્રવેશ કર્યો, ત્યારબાદ અનેક પ્રકારની સ્ત્રીઓના મૂખથી મંડિત અને મનોહર ઈન્દ્રલોક સમાન તૃતીય મજલે પ્રવેશ

કર્યો, ત્યારબાદ ચન્દ્રકાન્ત મણિમય વેદિકાઓથી સમૃદ્ધ, એવા ચોથા મજલે પ્રવેશ કર્યો.

અપ્સરાઓ તથા રત્નોથી અર્ચિત એવા પાંચમા મજલે પ્રવેશ કર્યો, નાના રત્નોથી બનેલી કમલાકારની કુટીર જેવા છઠ્ઠા મજલે પ્રવેશ કર્યો, ત્યારબાદ બારમા દેવલોક સદૃશ, સ્ત્રીરત્નોથી રચિત, નાના કલ્પવૃક્ષોથી શુશોભિત, અનેક ભાષાઓને જાણુવાવાળી, ચૌસઠ કલાપ્રવિણ, વિદુષિઓની જેમ વેત્ર ધારિણી સ્ત્રીઓથી રક્ષિત એવા સપ્તમ મજલે વસુદેવે પ્રવેશ કર્યો, વસુદેવ વિચારવા લાગ્યો કે એકાન્તમાં મને રાજપુત્રીનો મેળાપ કેવી રીતે થઈ શકશે. એટલામાં મુખ્યદ્વારથી દિવ્ય અલંકારોને ધારણ કરનારી દેવાંગના-સમાન એક દાસી આવી. દાસીને વસુદેવે કનકવતી માટે પૂછ્યું. તે વારે દાસીએ કહ્યું કે રાજપુત્રી કનકવતી હમણાં જ ઉદ્યાનમાં આપ્તજનોની સાથે બેઠેલા છે. દાસીની વાત સાંભળી વસુદેવ તરત જ મુખ્યદ્વારના માર્ગેથી પાછા વળી સપ્તભૂમ પ્રાસાદમાં સાતમા માળે ગયા, જ્યાં આવીને જુએ છે તો ચન્દ્રકાન્ત મણિમય બે કુંડલોના અપ્રતિમ તેજથી બે ગાલની લાવણ્યતાવંત તારા મંડળની જ્યોતને પણ ઝાંખી પાડનાર, છએ ઋતુઓને ફીક્કી પાડનાર કનકવતીને ભદ્રાસન ઉપર બેઠેલી વસુદેવે જોઈ.

તે વખતે કનકવતી ચિત્રપટમાં જોયેલા પોતાના હૃદય-વલ્લભ પતિના ધ્યાનમાં વિદ્યાધરની જમ વસુદેવે પહેલા ચન્દ્રાતપ વિદ્યાધરના મૂખથી સાંભળેલી તેના કરતાં પણ

અધિક રૂપ, ગુણ અને લાવણ્યવંત દેખાતી હતી, સુલોચના કનકવતીએ જેવું ચિત્ર જોયું હતું તેવી જ વ્યક્તિને જોઈ. પ્રિયતમ આગમનને નિશ્ચય કરી અત્યન્ત આનંદિત બની મુક્તાફલોની સમાન નેત્ર સુક્તિથી હર્ષાશ્રુના બિન્દુઓથી અભિષેક કરતી કંકણના અવાજથી સ્વાગત કરતી, ખુશ-ખબર પૂછતી, બે હાથ જોડી દશ આંગળીઓ ભેગી કરી, અંજલિબદ્ધ ઊભી થઈને બોલી કે આજ મારા પૂર્વના અગણિત પુણ્યોદયથી આપનું દર્શન થયું છે. મારા પુણ્યો-દયે આપને અહીં સુધી આવવું પડયું છે.

અત્યંત આનંદના ભારથી દબાયેલી ન હો ! એવી કનકવતી હર્ષથી વસુદેવને પ્રણામ કરવા લાગી. પ્રણામને યોગ્ય હોવા છતાં પણ વસુદેવે તેણીને રોકી કહ્યું કે હે વર-વર્ણિની ! તું મારા જેવા દૂતને કેમ પ્રણામ કરે છે ? તે વારે કનકવતીએ કહ્યું કે આપના વિના બીજું કોણ મારા સ્વામિ બની શકે તેમ છે. આપ મારી મશ્કરી કરી, મારા મનને શા માટે દુઃખી કરો છો. આપ મારા સ્વામિ છો, દેવતાએ આપને જ મારા સ્વામિ કહ્યા છે. ત્યારથી આપના આ ચિત્રપટના ધ્યાનમાં મારું મન મગ્ન છે. માટે હવે તો હું આપની દાસી છું.

ત્યારે વસુદેવે કહ્યું કે આપ તો ચતુર છો, છતાં પણ આવું શા માટે બોલો છો, તારા સ્વામિ તો ઉત્તરાધીશ અને સૌધર્માધિપતિના લોકપાલ શ્રી કુબેર થવાના છે. હું તેમનો દૂત બની તારી પાસે આવ્યો છું. તું તેમની મૂખ્ય

દેવીના રૂપમાં મનુષ્ય હોવા છતાં પણ દેવી બન! વિદ્યા-પારંગત કનકવતીએ ક્રોધિત બનીને કહ્યું કે હે દાક્ષિણ્ય-સાગર સ્વામિ! આપ આપની સરલતાથી આમ કેમ બોલો છો? ભૂમંડલ ઉપર કોઈ વખત પણ કોઈપણ સ્ત્રીના દેવની સાથે લગ્ન થયા નથી અને થવાના પણ નથી. કુબેરને નમસ્કાર કરી, આશ્ચર્યને અનુભવતી ફરીથી વસુદેવને કહેવા લાગી, કે આપ દૂતના કાર્યમાં કદાપિ સફલ થઈ શકો તેમ નથી, કેમકે કયાં હું સાધારણ મનુષ્ય સ્ત્રી અને કયાં તે ઇન્દ્રની સમાન સુંદર ( કુબેર ) દેવ, આવી રીતે સંબંધ બાંધનાર જગતમાં હાસ્યને પાત્ર બને છે. આપને દૂત બનાવી મારી પાસે મોકલ્યા તે પણ ઉચિત નથી.

દેવતાની વાણીથી, ચિત્રપટની એકતાથી, "બીજાના દૂત બનીને આવશે" એવી ચન્દ્રાતપની વાણીથી મેં નિશ્ચય કર્યો છે કે આપ મારા હૃદયવલ્લભ સ્વામિ છો. મને લાગે છે કે શ્રી કુબેરે સારૂ કર્યું છે કે આપને મારી પાસે દૂત બનાવીને મોકલાવેલા છે. જો આપ અહીં ન આવ્યા હોત તો સ્વ-યંવરમાં ઓળખી પણ શકત નહિ. વસુદેવે કહ્યું કે તમે કુબેરની આજ્ઞાનું ઉલ્લંઘન કરશો નહી, નહિતર તમને દમયંતીની જેમ કઠિન સંકટોનો સામનો કરવો પડશે. કનકવતીએ ફરીથી વસુદેવને કહ્યું કે શ્રી કુબેરનું નામ સાંભળતા મારા ચિત્તને આનંદ થાય છે. કારણ કે તે મારા પૂર્વ ભવના ભર્તાર હતા, પરંતુ સુધા "ભોજન કરનારા દેવ ઔદારિક શરીરની ગંધને કોઈપણ વખત સહન નથી

કરી શકતા, એવી તીર્થંકર ભગવાનની વાણી યુગાન્તમાં પણ મિથ્યા નથી થઈ શકતી, માટે આપજ મારા પતિ છો. શ્રી કુબેર તો પ્રતિમા સ્થિત દેવ રહેશે, અને આપ મારા તરફથી પણ ઉત્તર દિશાપતિ શ્રીકુબેરને એટલું કહેજો કે દૂત તો એજ પ્રશંસનીય હોય છે કે જે બંન્નેના ચિત્તને પરસ્પર જોડી આપે, ત્યારબાદ વસુદેવે કનકવતી પાસેથી નીકળીને કુબેરની પાસે આવી બનેલો વૃતાંત કહેવા માંડ્યો, ત્યાં કુબેરે કહ્યું કે કહેવાની કાંઈ જરૂર નથી. મેં અવધિજ્ઞાનથી સમસ્ત વૃત્તાંત જાણી લીધો છે. તારી સ્તુતિ હું શું કરૂં !

ત્રણે લોકમાં તારા સમાન નિર્વિકાર કોઈજ નથી. સામાનિક દેવોની સભામાં વસુદેવના ગુણોનું વર્ણન કરતાં કુબેરે ભેટના રૂપમાં સુરપતિ પ્રિયનામના બે દેવદૂષ્યવસ્ત્ર, દિવ્ય વિલેપન, દિવ્ય સુગન્ધિત પુષ્પમાલા, સૂર્યની સમાન તેજસ્વી શિરોરત્ન, ચન્દ્રકાન્ત મણિમય બે કુંડલ, ચન્દ્રપ્રભહાર, પ્રભાપૂર્ણ બે કેયુર, વિમલ નક્ષત્રમાલા, દિવ્ય અર્ધશારદા, સુંદર બે કટક, અને બે મેખલાઓ આપી. તે આભૂષણોને પહેરવાથી વસુદેવ, શ્રીકુબેરની સમાન દેખાવા લાગ્યા, સ્વામિ તો એવા હોવા જોઈએ કે જે પોતાના નોકરને પણ પોતાની સમાન બનાવી શકે, શ્રી કુબેરે કરેલા સત્કારથી વિદ્યાધરો હર્ષોલ્લાસ અનુભવવા લાગ્યા, તે વારે શ્રી હરિશ્ચંદ્રે ત્યાં આવી શ્રી કુબેરને પ્રણામ કરી વિનંતિ કરી કે આજે હું ભારત વર્ષને ઉત્કૃષ્ટ માનું

છું; કે જ્યાં સ્વયંવર દર્શન માટે આપ સ્વયં પધાર્યા છો.

ત્યારબાદ રાજાએ ઘણા દ્રવ્યનો વ્યય કરીને મોટા સમારંભ સહિત અદ્‌ભુત સ્વયંવરની રચના કરી. શ્રી હરિશ્ચંદ્ર રાજાના હર્ષપૂર્વકના આમંત્રણથી પધારેલા રાજાઓ તથા વિદ્યાધરો પોતપોતાના નિર્દિષ્ટાસન ઉપર બિરાજમાન થયા. ત્યારબાદ દેવતાઓ જેઓને ચામર વિંઝી રહ્યા છે, સફેદ વસ્ત્રોથી વિભૂષિત, હંસવાહનારૂઢ, અપ્સરાઓના ગીતોને સાંભળવામાં સાવધાન, સેવકોથી સ્તુતિ કરાતા, શ્રીકુબેરદેવ સ્વયંવર મંડપને જોવા માટે દ્વાર ઉપર શોભતા વિશાળ તોરણ પાસે આવીને ઉભા.

તે વખતે રાજા હરિશ્ચંદ્ર દ્વાર પાસે જઈને સ્વાગત કરી, પોતાની કન્યાને ધન્ય માનવા લાગ્યા, અને શ્રી કુબેરને ઉચ્ચાસન પર બેસાડયા, દિવ્યાલંકારોથી વિભૂષિત શ્રીવસુદેવ પણ યુવરાજની જેમ શ્રી કુબેરની પાસે આવીને બેઠા. શ્રી કુબેરે પોતાની નામાંકિત સુવર્ણમય અંગુઠી વસુદેવના હાથમાં આપી. અંગુઠીને પહેરતાંની સાથે જ અંગુઠીના પ્રભાવથી વસુદેવ પણ શ્રી કુબેર સમાન બની ગયા, શ્રીકુબેરે કનકવતીને ભ્રમમાં નાખવા માટે વસુદેવની સાથે કપટ વિદ્યા ખેલી, હાય ? સંસારમાં લોકો પોતાનો સ્વાર્થ પ્રાપ્ત કરવા માટે કપટ વિદ્યા ખેલીને બીજાને ભ્રમમાં નાખતા જરા પણ અચકાતા નથી, ખરેખર ! રાજાઓ પણ દેવતાની ગતિને અને બુદ્ધિને સમજી શકતા નથી, કુબેરના રૂપમાં વસુદેવને જોઈ સર્વ રાજાઓ તથા વિદ્યાધરો

આશ્ચર્ય ચકિત બનીને એક સાથે બોલી ઉઠયા, "અહો! કનકવતી જ ભાગ્યવતી અને અતિ શ્રેષ્ઠ કનકવતી છે. જેના સ્વયંવરમાં બે શરીરવાળા શ્રી કુબેર પણ આવ્યા છે"

તેજ વખતે પોતાના અંગોમાં સમાયેલા અદ્વિતીય સૌંદર્યવંત, વરમાલાને હાથમાં ગ્રહણ કરીને કનકવતી સભામાં આવી. અમૃતસમાન કાદમ્બિનીની જેમ તેણીને દેખતાની સાથે મયૂરની સમાન ઉત્સુક રાજાઓ, અનેક પ્રકારની ચેષ્ટાઓ કરવા લાગ્યા, જેવી રીતે ચન્દ્રલેખા પુષ્પોની જેમ પોતાની દષ્ટિ ચંદ્રની તરફ રાખે છે. તેવી રીતે કનકવતી પણ પોતાની દષ્ટિથી રાજાઓને નીરખવા લાગી, પરંતુ સભામાં વસુદેવને નહીં જોવાથી કનકવતી સન્ધ્યા સમયની કમલિનીની જેમ મ્લાન બની ગઈ. ખિન્ન ચિત્તવાળી કનકવતી સખીઓના હાથનું અવલંબન લઇ ને કોઇ પણ રીતે પાંચાલીની જેમ જ આકુળ વ્યાકુળ બની રહી હતી. રાજાઓ પણ પોતપોતાના ભાગ્યને દોષ આપવા લાગ્યા, સખીઓએ કહ્યું કે હે કનકવતી! તું શું ચિન્તા કરે છે?

સમય પસાર થઈ રહ્યો છે. તારી જે ઈચ્છા હોય તેમને તું વરમાળા આરોપણ કર! કનકવતીએ સખીઓને કહ્યું કે હે સખિ! મારૂં ભાગ્ય બગડેલું છે કે જેનાથી મારી પસંદગીના પતિ નથી દેખાતા, ત્યારે હું કોને વરમાળા આરોપણ કરૂં! જેવા તેવા પતિની પસંદગી કરવી તેના કરતાં તો અગ્નિસ્નાન કરવું વધારે સારૂં છે.

આજે મારા હૃદયને ધિક્કાર છે કે તે વહાલાની વિમાસણુમાં ફાટી પડતું નથી. તે વારે સખિઓએ કહ્યું કે હે રાજ-પુત્રી ! તું સંતાપ કરીશ નહિ, બરાબર તપાસ કરવાથી તને મલી આવશે. આ મંડપમાં તારા પ્રિયતમનો પ્રવેશ થયેલો છે તે નિશ્ચિતવાત છે. કારણુ કે મેં તેમને જોયા હતા. તેઓ કદાચ ઔષધી અથવા વિદ્યાના બલથી છુપાયા હશે. અથવા શ્રી કુબેરદેવે પોતાના પ્રભાવથી છુપાવ્યા હશે. કારણુ કે દેવતાઓ હંમેશાં કૌતુક પ્રિય હોય છે. કનકવતીએ ધૈર્યશીલ બનીને ફરીથી સ્વયંવરમંડપમાં પોતાના પ્રિયપાત્રને શોધવા લાગી. એ કુબેરને જોઈ મનમાં વિચાર કરવા લાગી કે લોકોમાં અને લોકોત્તર પુરૂષના મુખથી સાંભળવામાં આવેલું છે કે જગતમાં એકજ કુબેર હોય છે. જ્યારે અહીંયાં બે કુબેર કેમ દેખાય છે. ? મને લાગે છે કે કુબેરે પોતાની વિદ્યાના પ્રભાવથી મારા પ્રિયતમને, રૂપમાં પોતાની સમાન બનાવી લીધા છે. માટે હું કુબેરની પ્રાર્થના કરૂં.

આ પ્રમાણે વિચારીને કનકવતી કુબેરની પાસે જઈ ને રોતી રોતી કહેવા લાગી હે દેવ! હું આપની પૂર્વભવની પત્ની છું પણુ અત્યારે જે આપ વિચારી રહ્યા છો તે બરાબર નથી. કેમકે આપના જેવા દેવ, તિર્ચ્છા લોકની સ્ત્રી સાથે રાગવાળા બની તેની સાથે લગ્ન કરી શકતા નથી. માટે આપ આપની વિચિત્ર વિચારણાને છોડી મારા પ્રિયતમને પ્રત્યક્ષ બતાવો, જમવાના સમયે' હાશ, શબ્દ

—૨

કોઈને પ્રિય હોતો નથી. તેમ આપે મને નિરાશ કરવી જોઈએ નહીં. તેવારે શ્રી કુબેરે હસીને વસુદેવને "કુબેર કાન્તા નામની વિંટીને હાથમાંથી કાઢી નાખવાનું કહ્યું. હાથમાંથી વીંટી કાઢતાની સાથે સમુદ્ર વિજયના પૂત્ર વસુ-દેવ પોતાના મૂળસ્વરૂપે પ્રગટ થયા, સ્વયંવર મંડપમાં ભેગા થયેલા સર્વજનો આનંદિત બન્યા.

વસુદેવને પોતાના સ્વરૂપમાં જોઈને ચન્દ્રમાને જોઈ રોહિણી આનંદિત બને તેમ કનકવતી પણ અત્યંત ખુશ થઈ, કનકવતી રોમાંચને અનુભવતી પ્રસન્ન ચિત્ત ભમ-રાના મધુર ગુંજનો દ્વારા જેના ગુણોની સ્તુતિ થાય છે તેવી માળાને વસુદેવના કંઠમાં આરોપણ કરી. કુબેરે પોતાની આજ્ઞાથી દિવ્યવાજીંત્રોના ધ્વનિથી સ્વયંવર મંડપને ગજાવી મૂકયો. અપ્સરાઓએ ગીત અને નૃત્યથી દેવલોકને પણ શરમાવી દીધો, રત્નાદિકનો વરસાદ થયો. આ પ્રમાણે વસુદેવની સાથે કનકવતીના લગ્ન થયા, ત્યાર બાદ વસુ-દેવે શ્રી કુબેરને નમસ્કાર કરીને સ્વયંવર મંડપમાં આવ-વાનું કારણ પૂછયું. ત્યારે શ્રી કુબેરે કહ્યું કે

જંબુદ્વીપના ભરત ખંડમાં અષ્ટાપદ પર્વતની પાસે સંગરપુર નામે નગર છે. ત્યાં મંમણ નામે એક રાજા છે. તેને વિરમતી નામે રાણી હતી. તે પાપસમૃદ્ધિને વધારે માનતો હતો. રાજાએ એક દિવસ સભામાં કહ્યું કે વિદ્વાનો અને નિતિકારોએ 'શિકાર' ન કરવાનો જે વિચાર,

ઉપદેશ, અથવા મંતવ્ય, બતાવેલ છે તે સર્વથા ખોટો છે. કારણ કે શિકાર કરવો એ તો રાજાને માટે આનંદનો વિષય છે. એટલું જ નહીં પણ શરીરમાં સ્ફુર્તિને આપવા વાળી એક પ્રકારની રમત છે. તેનાથી શરીરમાં રહેલો મેદ જતો રહે છે. પેટ નાનું અને શરીર સુડોળ બને છે, એક સમયે પોતાની પ્રાણ પ્રિયાની સાથે પોતાના નગરમાંથી શિકાર માટે નિકળતાં એક સાર્થની સાથે આવતાં મુનિને જોયાં, મુનિનાં શુકન દરેક શાસ્ત્રોમાં સર્વ શ્રેષ્ઠ માનવામાં આવેલા છે. છતાં પણ રાજાએ મુનિના શુકનને અપશુકન માન્યા, પોતે મુનિનો હાથ પકડી, સાર્થથી વિખૂટા પાડી, રાજમહાલયમાં લઈ આવ્યાં, મુનિને ખૂબ જ ત્રાસ આપી હેરાન કર્યા, ચાર પ્રહર સુધી મુનિને ઘણા પ્રકારની પીડાઓ અને ઉપસર્ગો કર્યા.

ત્યાર બાદ રાજાએ મુનિને પૂછયું. તમે કયાંથી આવો છો ? અને કયાં જાઓ છો ! ક્ષમાનિધિ મહામુનિશ્વરે કહ્યું કે રોહિતકપુરથી સાર્થની સાથે આવું છું અને શ્રી અષ્ટાપદજી તીર્થ ઉપર રહેલા શ્રી જિનબિંબોની યાત્રાએ જાઉં છું. આપે મને ધર્મસાર્થથી છૂટો પાડયો જેનાથી મારી ભાગ્ય હીનતાએ મને અર્હત્તીર્થયાત્રા વિઘ્નની પ્રાપ્તિ થઈ. મુનિના શમદમાદિ ગુણો રૂપ અમૃતથી રાજારાણીનો ક્રોધાગ્નિ શાંત થયો અને કરૂણા રૂપવેલી તેઓના હૃદયમાં ઉત્પન્ન થઈ. સદ્ભાવના રૂપ પાંદડાવાળી સમ્યગ્દષ્ટિરૂપ મંજરીવાળી તે કરૂણારસરૂપ વેલીને દયામય ધર્મોપદેશથી

મુનિશ્વરે ફળવતી બનાવી. ભાવથી દાન, શીલ, તપનું આચરણ કરવાથી ચારેગતિમાં સર્વ શ્રેષ્ઠ ગતિની પ્રાપ્તિ થાય છે. સાધુની પાસેથી ધર્મનું રહસ્ય જાણવાની ઈચ્છાવાળા રાજારાણીએ મહામુનિનો સત્કાર કર્યો, જેનાથી રાજારાણીના હૈયામાં રહેલો પાપરૂપી દુશ્મન છૂટયો.

રાજારાણીએ મુનિની ક્ષમા માગી, રાજારાણીએ મુનિશ્વર પાસેથી દુર્લભરત્નની સમાનસમ્યકત્વની પ્રાપ્તિ કરી, શ્રાવક ધર્મમાં લીન બન્યા, તે બંન્નેએ અતિચાર રૂપ ચોરથી પોતાના આત્માને બચાવ્યો, નિર્લોભ દશાને પ્રાપ્ત કરી ચુકેલા મુનિશ્વરે શ્રી અષ્ટાપદજી તીર્થની યાત્રાએ જવા માટે પ્રયાણ કર્યું. શાસનદેવીએ તીર્થદર્શનથી ધર્મ રસમાં સ્થિરતા પ્રાપ્ત થાય તે માટે વિરમતીને અષ્ટાપદ તીર્થ ઉપર લાવીને મૂકી; ત્યાં દેવોથી પૂજાયેલા ચોવીસ તીર્થંકરોના દર્શન કર્યાં.

ઇન્દ્રિઓને કાબુમાં લાવી, આત્મિક સુખની પ્રાપ્તિ માટે મનને સ્થિર બનાવી મુકિત સુખને પ્રાપ્ત કરવાની યોગ્યતા વીરમતીએ યોગિનીની સ્થિતિ પ્રાપ્ત કરી, પરમાત્માના દર્શન કરી નમસ્કાર, કરી, દિવ્ય સ્વરૂપવાળી વીરમતી પોતાના નગરમાં આવી. ચોવીસ જિનેશ્વરોની આરાધના આયંબિલના તપ પૂર્વક શરૂ કરી, અન્ધકારને દૂર કરવાવાળા સૂર્યની જેમ દેદીપ્યમાન રત્નમય ચોવીસ સુવર્ણ તિલકો કરાવ્યાં. રાણી વિરમતી સપરિવાર અષ્ટાપદતીર્થની યાત્રાએ આવી સ્નાત્ર મહોત્સવ કર્યો.

ચોવીસ જિનબિંબોના ભાલપ્રદેશમાં તિલકો લગાવી ચારણ શ્રમણાદિ મુનિવર્યોને વિધિ સહિત દાન આપી પોતે કરેલા તપનું ઉદ્યાપન કરી આનંદને અનુભવવા લાગી, આયુષ્ય પૂર્ણ થયે તેજ રાજારાણી સમાધિપૂર્વક મૃત્યુ પામી દેવલોકમાં દંપતિ તરીકે ઉત્પન્ન થયા. ત્યાંથી ચ્યવીને રાજાનો જીવ બહલી દેશના પોતનપુર નામના નગરમાં ધર્મિલાસ નામના આભિરની રેણુકા નામની ધર્મપત્નિની કુક્ષીને વિષે પૂત્રપણે ઉત્પન્ન થયો, તેનું નામ 'ધન્ય, પાડયું. દેવલોકમાંથી વસુમતીનો જીવ ચ્યવીને તેની પ્રિય પત્નિ તરીકે **ધસરી** નામે ઉત્પન્ન થયો, ધન્ય પૈસાની પ્રાપ્તિ માટે ભેંસોને ચરાવતો હતો. કારણ કે પશુપાલન કરવું તે ભરવાડની આજીવિકાનું મૂખ્ય સાધન છે.

એક વખતે તડિદંડ રૂપ, સ્વર્ગના દંડથી પણ મનોહર, સૂર્યના પ્રચંડ તાપને દૂર કરનાર, મેઘાડંબરને મસ્તકે ધારણ કરનાર, ગર્જનાઓથી બીજાઓને ગભરાવનાર, રાજહંસોને પ્રવાસિત કરનાર, લોકોનાં અંતરમાં આનંદનો સાગર ઉછાળનાર, પવર્તના શિખરો ઉપર પોતાના પગને ધારણ કરનાર વર્ષા ઋતુનો આરંભ થયો, તે વખતે રાત્રીના સમયે ભેંસોને ચરાવવા માટે જંગલમાં 'ધન્ય, ભરવાડ માથા ઉપર છત્ર ઓઢીને ગયો, ત્યાં તેણે વરસાદના દુઃખને સહન કરનાર અને વૃક્ષની જેમ સ્થિર એક મહામુનિશ્વરને જોયા, મુનિને વરસાદમાં હેરાન થતા જોઈને દયાળુ હૃદયવાળા 'ધન્યે, મુનિના મસ્તક ઉપર છત્ર ધર્યું. છત્રના

આધારથી વરસાદના દુઃખથી મુનિશ્વર મુકત થયા, 'ધન્યનું હૃદય ભાવ છત્રથી ઢંકાઈને પાપવૃષ્ટિ રૂપ દુઃખથી મુકત બન્યું.

મેઘવૃષ્ટિથી અને મહામુનિ ધ્યાન દ્રષ્ટિથી મુકત થયા નહોતા, વળી છત્ર સૃષ્ટિથી 'ધન્ય, પણ સેવા કરતો અટકયો નહીં. સાત સાત દિવસ સુધી અનરાધાર વરસીને વરસાદ થાકયો. પૂર્વદિશામાં આછા આછા કીરણોથી. સૂર્ય પોતાની સ્વારી લઈને આવી રહ્યો હતો, વરસાદના થાક-વાથી અને સૂર્યના આગમનથી ભૂમંડળના માનવીઓ હર્ષોન્મત્ત બન્યા હતા. મહામુનિ પણ વરસાદના અટકવાથી ધ્યાન મુકત બન્યા.

ધ્યાનમુક્ત થયેલા મહામુનિના ચરણમાં 'ધન્ય, ભરવાડે નમસ્કાર કર્યો. અને પૂછ્યું કે હે મહામુનિ! આપ કયાંથી આવો છો? અને કયાં જવાની ભાવના રાખો છો? ત્યારે મુનિએ કહ્યું કે હું ગુરૂમહારાજની પાસે લંકા જવા નીકળ્યો છું; પરંતુ વર્ષાને કારણે હવે જઈ શકાય તેમ નથી. માટે હું અહિંયા સ્થિર થયો છું. વરસાદના કારણથી સાધુઓ ગમનાગમન કરી શક્તા નથી કારણ કે તેમાં શાસ્ત્રનો નિષેધ છે. માટે જયાં સુધી વરસાદ અટકે નહી. ત્યાં સુધી અહીંયાં જ સ્થિર ધ્યાનસ્થ રહેવાનો મેં નિશ્ચય કર્યો હતો.

આજે તારો અને મારો અભિગ્રહ પૂર્ણ થયો છે. માટે હે વત્સ! હું પણ કોઈક ગામમાં જાઉં છું ત્યારે

'ધન્ય, ભરવાડે કહ્યું કે રસ્તો કાદવથી ભરપૂર છે. માટે આપ આ ભેંસ ઉપર બેસીને મારી સાથે ચાલો, મુનિશ્વરે કહ્યું કે હે મહાભાગ્શાળી! સાધુ કરૂણાળું હોય છે. એટલે હિંસાની બ્હેનપણી સમાન કોઈપણ જીવને પીડા ઉત્પન્ન ન થાય તેવી પ્રવૃત્તિ સાધુઓને કરવાની હોય છે. સાધુઓ તો કાયમ માટે પગથી જ વિહાર કરવાવાળા હોય છે. મુનિના કહેવાથી 'ધન્ય, પોતાની ભેંસો સહિત પાદ-વિહાર કરતા મુનિશ્વરની સાથે પોતાના ગામમાં આવ્યો.

ભરવાડે મહર્ષિને પ્રણામ કરીને કહ્યું કે હે પૂજ્ય! હું ભેંસને દોહીને જલ્દી આવું છું. આપ અત્રે જરા સ્થિરતા કરો, મહર્ષિ શુદ્ધ ભૂમિ ઉપર બેઠા, થોડીવારમાં 'ધન્ય, આભિર દૂધનો ઘડો ભરીને ઘેરથી આવ્યો, અને મહામુનિને પારણું કરાવ્યું. મુનિશ્વર વર્ષાકાળ સુધી તેજ ગામમાં રહ્યા.

ત્યારબાદ ગુરૂદર્શનની ઉત્કૃષ્ટ ભાવનાથી તેઓ વિહાર કરીને લંકા નગરીમાં ગયા, ધન્ય અને ધૂસરી બન્ને આહીર પતિ–પત્નીએ મુનિશ્વર પાસેથી શુદ્ધ સમ્યકત્વ અને શ્રાવક ધર્મ અંગીકાર કર્યો, ઘણા સમયબાદ સુગુરૂનો સંયોગ મળ્યો, બાર વ્રતને ગ્રહણ કર્યા, સાત વર્ષ સુધી વ્રતોનું પાલન કરી, સમાધિપૂર્વક મૃત્યુ પામી, પિયુષમંગલ નામના સુપાત્ર દાનના પ્રભાવે કરીને હિમવંતગિરિ ઉપર યુગલિઆ તરીકે બન્ને ઉત્પન્ન થયા, ત્યાંથી શુભ પરિ-

ણામે મૃત્યુ પામીને સૌધર્મ દેવલોકમાં ક્ષિર ડિંડીર નામે સુરોત્તમ બન્યા.

## નળદમયંતી ચરિત્ર

આ ભરતક્ષેત્રમાં સર્વ દેશોમાં શ્રેષ્ટ મનોહર કોશલ નામે એક દેશ છે. તેના આભૂષણરૂપ સૂવર્ણરત્ન મહેલોથી અત્યંત મનોહર લક્ષ્મીથી પરિપૂર્ણ કોશલા નામે એક નગરી છે. ત્યાં ઈક્ષ્વાકુવંશીય પોતાના પરાક્રમથી પરરાજ્યના રાજાઓને જીતનાર, વૈરિઓનો નિષેધ કરનાર નિષધ નામે રાજા હતો.

જગતમાં અપૂર્વ પ્રકારના દાનને આપવાવાળો હોવાથી નવીન ' રાજકુંજર તરીકે પ્રસિદ્ધ થયો, તેને અપૂર્વ શીલ રૂપ ઘોડાની લગામ સમાન ' સુન્દરા, નામે ધર્મ પત્ની હતી. ક્ષિરડિંડીર દેવ લોકથી ચ્યવીને તે બંન્નેના પ્રિયપૂત્ર ' નલ, નામથી ઉત્પન્ન થયો, ' સુન્દરા, ને એક બીજા પૂત્ર રત્નની પણ પ્રાપ્તિ થઈ, તેનું નામ ' કુબેર રાખવામાં આવ્યું. આ બાજુ વિદર્ભ દેશમાં સરસ્વતિ નિવાસસ્થાનરૂપ ' વરધા નદીના કીનારાના આભૂષણ રૂપ કુંડનપુર નામનું નગર છે. તે નગરમાં અપ્રતિરથ ન નિવારી શકાય તેવાં શ્રી ભીમરથ, નામે રાજા હતા, તેને પુષ્પદન્તી નામે પત્ની હતી. જેની *ગતિ લીલાથી વિજિત બનીને દંતિન્દ્રએ ઈન્દ્રનું* શરણ ગ્રહણ કર્યું હતું.

રાજા અનેક પ્રકારના ભોગોપભોગ ભોગવતો હતો, એક દિવસ શુભ સમયે ક્ષિર ડિંડીરા દેવીનો જીવ દેવ-

લોકમાંથી ચ્યવીને છીપમાં મોતીની જેમ પુષ્પદન્તીની પવિત્ર કુક્ષિમાં ઉત્પન્ન થયો. રાતના છેલ્લા પ્રહરમાં રાણી સ્વપ્ન દેખીને જાગી ઉઠી, સ્વપ્નનો વૃતાંત રાજાને કહેવા લાગી. હે દેવ! શરીરધારી ઐરાવત હાથીની સમાન એક સફેદ હાથી અગ્નિથી ભયભીત થયેલા આપણા મહેલમાં પ્રવેશ કરતો મેં સ્વપ્નમાં જોયો ત્યારે રાજાએ કહ્યું કે હે દેવી! કોઈ દેવ સ્વર્ગથી ચ્યવીને પુણ્ય સંપત્તિના યોગે તારી કુક્ષિને વિષે આવેલા છે, રાજા રાણી આ પ્રમાણે વાતચિત કરી રહ્યા છે.

એટલામાં દેવદન્તિની સમાન સ્વપ્નમાં જોયેલા સફેદ હાથીના જેમજ હાથીએ નગરજનોની સાથે રાજ મહાલયમાં પ્રવેશ કર્યો, હર્ષોલ્લાસ પામેલા રાજારાણી રાજમહાલયના આંગણમાં આવ્યા, હાથીએ સૂંઢ વડે રાજારાણીને પોતાની પીઠ પર બેસાડયા. હાથી ઉપર બેઠેલા રાજારાણી સહિત હાથી નગરમાં પરિભ્રમણ કરી રાજમહાલયમાં આવ્યો. હાથી ઉપર બેઠેલા રાજારાણી ઈન્દ્ર ઈન્દ્રાણીથી અધિક શોભવા લાગ્યા, કૈલાસપતિ શંકર અને પાર્વતિ પણ શ્યામ જણાતા હતા, નગરજનોએ પુષ્પમાલાથી હસ્તીની પૂજા કરી, ત્યારબાદ રાજારાણી સહિત હાથી નગરમાં પરિભ્રમણ કરી રાજ મહાલયમાં આવ્યો, રાજારાણીને પોતાની પીઠ ઉપરથી સુખ પૂર્વક ઉતાર્યા, દેવતાએ હર્ષોલ્લાસથી પુષ્પવૃષ્ટિ કરી. રાજાએ પોતે સુગંધિત પદાર્થોથી અને પુષ્પોથી તેની પૂજા કરી.

ગર્ભાવાસનો સમય પૂર્ણ થયે રાણીએ પુત્રી રત્નને

જન્મ આપ્યો, માતાએ દવ મસ્ત હાથીને સ્વપ્નમાં જોયેલો હોવાથી પુત્રીનું નામ "દવદન્તી" રાખ્યું. ધાવમાતાઓથી લાલન પાલન કરાતી અને અન્તઃપુરની સ્ત્રીઓથી આલિંગન કરાતી દવદન્તી મોટી થવા લાગી, સાક્ષાત્ લક્ષ્મી જેમજ ગૃહાંગણમાં ક્રીડા કરતી દવદન્તીના પુણ્ય બળથી નવનિધિ રાજાની સેવક બનીને રહી હતી, અનુક્રમે કલાચાર્યની પાસે દવદન્તીને મૂકવામાં આવી.

થોડ જ વખતમાં તે અઢાર લીપીઓ તથા ચૌદ વિદ્યાઓ અને ચોસઠ કલાઓમાં નિષ્ણાત બની. સ્યાદ્વાદ દર્શને તેના કંઠમાં નિવાસ કર્યો, નવતત્ત્વે તેણીની જીભ ઉપર પોતાનું આસન જમાવ્યું. અનુક્રમે કામરાજાના નિવાસને મ ટે નગર રૂપ લાવણ્યલક્ષ્મીની અધિષ્ઠાત્રી દેવીથી અધિક યૌવનને પ્રાપ્ત કર્યું.

તેના મૂખાર્વિંદનું લાવણ્ય કમલથી અધિક હતું, બ્રહ્મા તથા શંકરને છોડી દવદંતી પાસે પોતાના રંગના અભિમાનથી આવેલું કમલ પણ લજ્જિત બની કાદવમાં ચાલી ગયું. કારણકે શાસ્ત્રોમાં તપનું મહત્વ અદ્વિતીય બતાવેલું છે, દવદંતિનું સૌંદર્ય એટલું બધું અદ્ભુત હતું કે જેના ગાન ગાવા માટે કવિઓ પાસે કલ્પનાની કડીઓ નહોતી, માતાપિતા તેની લગ્નોચિત અવસ્થા જોઈને તેના માટે યોગ્ય વરની તપાસ કરવા લાગ્યા, પરંતુ યોગ્ય વર નહિ મલવાથી મંત્રીની સાથે વિચારણા કરી રાજાએ સ્વયંવરનો વિચાર કર્યો.

દૂતો દ્વારા દરેક રાજાઓને સ્વયંવરમાં પધારવા માટે આમંત્રણ મોકલાવ્યા, અદ્ભૂત, ઘણી લક્ષ્મીનો ખર્ચ કરી સર્વાંગી સુંદર સ્વયંવર મંડપ બનાવ્યો, સ્વયંવરમાં સાક્ષાત્ ઈન્દ્રોના વિમાનો આવ્યા હોય એવી રીતે ઉંચા ઉંચા મંચ બનાવવામાં આવ્યા, મંચમાં બેસાડેલી પુતળીઓ સાક્ષાત્ દેવાંગના જેવી દેખાતી હતી, જેમ જેમ સ્વયંવરનો દિવસ નજીક આવતો ગયો તેમ તેમ રાજકુમારોની નિદ્રાએ રીસામણાં લીધા. સ્વયંવરના દિવસે સવારના દિવ્ય વસ્ત્રો તથા અલંકારોથી વિભૂષિત બની બધા રાજાઓ પોતપોતાના મંચ ઉપર કલ્પદ્રુમોની માફક બિરાજમાન થયા, કામદેવથી પોતાના ધનુષની 'પણછ, અપાયેલી હોય તેવી હાથમા વરમાળા લઈને દવદન્તી સ્વયંવર મંડપમાં આવી.

રાજાની આજ્ઞાથી દાસીઓ રાજાઓના ગુણની સ્તુતિ કરવા લાગી. દવદન્તીને જોઈ રાજાઓ અનેક પ્રકારની કામચેષ્ટા કરવા લાગ્યા, કોઇ રાજા તો બીજા રાજાઓની હાર થાય તો પોતાની હારને બહુ મુલ્ય માની વક્ષ સ્થળ ઉપર હાથ રાખીને બીજાને બતાવવા લાગ્યા, કોઈ તો શિથિલ ચુડામણીને પોતાના સ્થાનપર રાખવાના માટે પોતાના મસ્તક ઉપર લીલા કમલને બાંધવા લાગ્યા, આવા પ્રકારની રાજાઓની ચેષ્ટા જોઈ નગર જનો હસવા લાગ્યા, ઘણા એક રાજાઓ કમલ હાથમાં રાખી દવદન્તીના લાવણ્યની તુલના કરવા લાગ્યા, ત્યારબાદ રાજાની આજ્ઞાથી અસ્ખલિત

ગદ્યપદ્ય રચનામાં પ્રવિણ તેણીની પ્રતિહારિણીઓએ નામ લઇને રાજાઓનું વર્ણન કરવા માંડયું. હે રાજકુમારી ! અજિત શત્રુ રાજાના સુપ્રતિષ્ઠિતપુત્ર શિશુમાર પુરધીશ દધિપર્ણ નામના રાજા છે.

તેને તું તારા પ્રાણવલ્લભ બનાવ, જેઓએ પોતાની કીર્તિપ્રભાને દિગન્ત પર્યન્ત સૂખપૂર્વક કરવાને માટે સેના-વડે સમુદ્રને પણ સ્થળ બનાવી દીધું છે.

'આ ઇક્ષ્વાકુવંશના ચન્દ્રરાજાના પુત્ર 'શ્રી ચન્દ્રરાજા' છે તેમને તું તારા પ્રિયતમ બનાવી આનંદને પ્રાપ્ત કર ! હે દેવી ! આ રોહિતેશ્વર બત્રીશ લાખ ગામના અધિકારી રાજા ચંદ્રશેખર તારા પ્રિયપાત્ર બનો. હે દેવી ! તને જો ગંગાજલમાં નૌકાવિહાર કે જલક્રીડા કરવાની ઇચ્છા હોય તો ભોગવંશીય ચંપાપુરીના સુબાહુ રાજાની સાથે લગ્ન કર, હે અધિપતિંવરે ! તું શંકાને છોડી તારા ગુણોને અનુરૂપ ગુણવાળા 'શશલક્ષમણ, રાજાને તું તારા હૃદયેશ બનાવ, હે અરોચકિન્તિ સૂર્યવંશ ભૂષણ, કચ્છેશ્વર, જહનુ પૂત્ર આ યજ્ઞદેવ તને કેમ રૂચતા નથી ? આ ભરત કુલોત્પન્ન માનવવર્ધન, કીર્તિવર્ધન, રાજા તારા ચિત્તને કેમ ખેંચતા નથી ?

જેઓની કીર્તિરૂપી સ્ત્રી, દર્પણોની જેમ શત્રુ સ્ત્રીના કપાળમાં પોતાની કીર્તિપ્રભાને જુએ છે, તે આ પુષ્પાયુધ પૂત્ર મૂકુટેશ્વર તારી આંખમાં કેમ સમાતા નથી ? જેઓની પ્રચંડ સેનાના બળથી રાજાઓ સર્પની જેમ ભાગી ગયા

છે. તેવા શ્રીમાન કૌશલ દેશના રાજા 'નિષધ, છે, તેમના પુત્ર પવનથી પણ સ્પર્ધા ન કરી શકાય તેવા 'નલદેવ છે જેમને દેખી કામદેવને ઉત્પન્ન થવાની દહેશતથી શંકર કૈલાસ જતા રહ્યા છે. જેઓના બન્ને હાથ બીજાઓને ઈચ્છીત વસ્તુઓ આપી કૃતાર્થ થયેલા છે. અને કલ્પવૃક્ષોને નામશેષ બનાવ્યાં છે.

શત્રુઓના માટે દાવાનલ રૂપ જેઓની ભૂજાબલનું ગીત અહર્નિશ અપ્સરાઓથી ગવાય છે. એવા ગુણવાળા' 'નલરાજા, તને પોતાનો પ્રેમ સમર્પણ કરે છે. અન્યરાજાઓને છોડી દઈ પુણ્યના પાણીથી ભરપૂર સમુદ્ર સમાન નલરાજાના ગળામાં તેણીએ વરમાળા આરોપણ કરી. જાણે સમુદ્રમાં સરિતા સમાઇ ગઈ. તે વારે તેં ' સુંદર કાર્ય કર્યું' છે. તારો જય થાઓ. તારો ભર્તાર નલદેવ થાઓ. એ પ્રમાણે દેવતાઓ અને વિદ્યાધરોએ આકાશમાંથી ધ્વનિ કર્યો, તે વારે કૃષ્ણ રાજકુમાર 'જાંગુલિક, ભયંકર સર્પની જેમ ભયંકર તલવારને ખેંચતો. મોટી બુમો પાડતો, નળદેવની નિંદા કરવા લાગ્યો.

નલરાજા ભીમરાજાની પૂત્રી સાથે લગ્ન નજ કરી શકે. હું આવી અનુચિત વાત સહન કરી શકું તેમ નથી. કન્યાને કદાચ વિભ્રમ થાય તો બુદ્ધિમાન માણસોએ તેની ઉપેક્ષા શા કરવી ? તમે બધા મને જાણતા નથી કે હું કૃષ્ણરાજ છું ? નલરાજાએ હસીને આશ્ચર્યવ્યક્ત કરતાં કહ્યું કે તું નામ અને કર્મથી ખરેખર કૃષ્ણરાજ છે. હું તને

સારી રીતે ઓળખું છું, ભીમરાજની પુત્રીએ તને વર-માળા આરોપી નહી એટલે તું પાગલની માફક બુમબરાડા પાડવા લાગ્યો છે?

જ્યારે કૃષ્ણરાજ અને નલરાજાએ યુદ્ધ કરવાનો નિશ્ચય કર્યો, ત્યારે દવદન્તિએ શાસન દેવતાને પ્રાર્થના કરી કે આ યુદ્ધમાં નલરાજાનો જય થાઓ, અને બન્ને પક્ષોની સેનાઓનો સંહાર થતો બચી જાય. આ પ્રમાણે બોલીને દવદન્તીએ ત્રણવાર કૃષ્ણરાજની ઉપર શાંતિ જલને છાંટયું. જેના પ્રભાવથી શાસનદેવીએ કૃષ્ણરાજના કોપાગ્નિને શાંત કર્યો. કૃષ્ણરાજાના હાથમાંથી તલવાર પડી ગઈ.

પોતાનું માથું નલદેવના ચરણમાં મૂકી પગ પકડીને બોલાવવા લાગ્યો કે હે નરેન્દ્ર શિરોમણિ! આપની સામે મેં જે કાંઈ અનુચિત કર્યું હોય અથવા કહ્યું હોય તે માટે આપ શ્રીમાન્ મારા ઉપર કૃપા કરીને મને ક્ષમા કરો. નલરાજાએ મધુર શબ્દોથી કૃષ્ણ રાજનું સન્માન કર્યું. "દુશ્મનનો પણ સત્કાર કરવો એજ મહાન પુરૂષોનું લક્ષણ છે" પુત્રી અને જમાઈના મહાત્મ્યથી પ્રસન્ન થયેલા ભીમ-રાજા પોતાના આત્માને ધન્ય માનવા લાગ્યા, બીજા રાજા-ઓનું સન્માન કરીને પોતપોતાના રાજ્યમાં જવાની વિદાય ગિરી આપી, ભીમરાજાએ પુત્રી દવદન્તિના લગ્ન નલરાજા સાથે કરી હાથી, ઘોડા, રત્ન વિગેરે ઘણી સામગ્રી કન્યા દાનમાં આપી.

ભીમરાજા તથા નૈષધરાજા બન્ને જણાએ આવાસ

સ્થળમાં તથા ચૈત્ય સ્થળમાં મોટા આડંબર સહિત મહોત્સવ પૂર્વક તે બન્ને નવ પરિણીત યુગલના કંકણ દોરા છોડયા, પુત્ર તથા પુત્ર વધુને સાથે લઈ નિષધ રાજાએ કોશલાનગરી તરફ પ્રયાણ કર્યું ત્યારે ભીમરાજાએ પોતાની પુત્રીને કહ્યું કે હે વત્સે! દેવોને પણ દુર્લભ એવા તારા પતિનો પડછાયો બનીને હંમેશાં રહેજે. આંખોમાં અશ્રુઓને વહાવતી પુષ્પ દન્તિએ પોતાની પુત્રીને કહ્યું કે તારાપતિની સહચારિણી બની સેવા કરજે તથા શિયલવ્રતને ખાંડાની ધાર સમજીને પાલન કરજે.

આ પ્રમાણે માતા પિતાની શિખામણને ધારણ કરતી દવદન્તિ પતિગૃહે જવા માટે પતિની સાથે આગળ વધવા લાગી, માતા પિતા અશ્રુભિની આંખે પાછા ફર્યા, તે વારે નળરાજાએ સાસુસસરાને પ્રણામ કર્યા, પોતાની પ્રિયા સહિત નલરાજાએ રથમાં બેસીને પિતાસહિત પોતાના નગર તરફ પ્રયાણ કર્યું.

ચતુરંગ સેના સહિત પોતાની નગરી તરફ આગળ વધતા નિષધ રાજાને જોઈ સૂર્ય પણ દુઃખી બનીને અસ્તાચલે પહોંચ્યો. સૈન્યના પ્રયાણથી ધૂળની આંધી મોટા પ્રમાણમાં ખુબજ ચઢી તેથી માર્ગમાં કાંઈજ દેખાતું નહોતું ખદ્યાર્ત (આગીઆ) ના પ્રકાશની જેમ દીવાઓના પ્રકાશથી પણ બરાબર દેખાતું નહોતું.

સૈન્ય સહિત આગળ વધવાની મુશ્કેલી પડવા લાગી. તે વારે રથમાં સુતેલી દવદન્તીને નલ રાજાએ કહ્યું કે એક

ક્ષણને માટે પ્રબુદ્ધ બની બાર સૂર્યોના પ્રકાશ સમાન તારા તિલકના પ્રભાવ દ્વારા અંધકારને દૂર કર. નલરાજાના કહેવાથી દવદન્તિએ પોતાના તિલક દ્વારા અંધકારનો નાશ કર્યો. લોકો સુખપૂર્વક ચાલવા લાગ્યા, અને તિલકને પોતાનું જીવન માનવા લાગ્યા, તિલકના પ્રકાશથી આગળના માર્ગને જોતી દવદન્તી એકાએક ભયભીત બનીને જોવા લાગી તો ભમરાઓનો મોટો સમૂહ કોલાહલ કરતો જોયો.

નલરાજાએ સારથિને કારણ પૂછ્યું ત્યારે સારથિએ ઘોડાઓને ઝડપથી દોડાવ્યા, તે વારે ભ્રમરઓથી વીંટળાચેલા એક મહા મુનિશ્વરને જોયા, ભ્રમરોપસર્ગ કારણ તપાસતા જણાયું કે ઉન્મત્ત થયેલા હાથીના કપાળનો મદ મહામુનિના શરીરને ચોંટવાથી ભ્રમરો ત્યાં મહામુનિને ઉપદ્રવ કરી રહ્યા હતા. નિષધરાજ પણ પોતે ત્યાં આવ્યા, અને જોતાની સાથે જ નિશ્ચિત મનથી વિચારતાં જણાયું કે કોઈ હાથીએ પોતાના કપાળની ખંજવાળ દૂર કરવા માટે મહામુનિના શરીર સાથે કપાળ ઘસ્યું છે. અને તેમાંથી ઝરેલો મદ મહામુનિના શરીરને ચોંટ્યો છે કે જેથી કરીને ભમરાઓનો સમૂહ એકત્રિત થઈને મહામુનિને ઉપદ્રવ કરી રહ્યો છે. છતાં મુનિશ્વર સ્થિર છે તેથી આશ્ચર્યને અનુભવતા નિષધરાજા પોતાના પુત્રને કહેવા લાગ્યા કે આજે આનંદનો દિવસ છે કે અનાયાસે માર્ગમાં પાપનો નાશ કરનારા જંગમ તીર્થ સમાન મહામુનિશ્વરના દર્શનનો લાભ પ્રાપ્ત થયો.

આ પ્રમાણે સ્તુતિ કરીને સર્વ પરિવાર સહિત નિષધ રાજાએ આગળ પ્રયાણ કર્યું. અનુક્રમે પોતાની નગરીની સમીપ આવી પહોંચ્યા, પિતાજીની આજ્ઞા લઈને પોતાની પત્ની દવદન્તીને લઈ નલરાજાએ અલંકારોવડે શરીરને શણગારી કામદેવને લજ્જિત કરનારા અદ્‌ભુત રૂપને ધારણ કરી, હાથી ઉપર બેસીને નગરમાં પ્રવેશ કર્યો.

નગરજનોએ પુષ્પોવડે, પુષ્પમાલાઓ દ્વારા, રત્નો-દ્વારા, વસ્ત્રોદ્વારા નવદંપતિની પૂજા કરી, તે વખતે કામ-દેવની રતિ, ઈન્દ્રની ઈન્દ્રાણી, શંકરની પાર્વતી અને ચંદ્રની રોહિણીને પણ શરમાવે તેવું અદ્‌ભુત લાવણ્ય દવદન્તીનું દેખાતું હતું. અનેક પ્રકારના શુકનોથી સુસજ્જિત મહેલ-માં નલરાજાએ દવદન્તી સહિત પ્રવેશ કર્યો, ભક્તિથી કુલ-દેવતાની પૂજા કરી, નિષધરાજાએ સામન્તાદિક પરિવારને યોગ્ય ઉપહાર આપી વિદાયગિરિ આપી. નલરાજાએ રહેવા માટે અત્યંત સુંદર આવાસ (મહેલ) આપ્યો.

નલ રાજાએ પોતાના આવાસમાં દવદન્તીની સાથે વિનોદવૃત્તિથી દ્યુત, વાદ્ય, ગીત, નૃત્ય, જલક્રીડા, ઉદ્યાનમાં પુષ્પથી બનાવેલા ગ્રિષ્મવાસમાં, ચિત્રાદિ કૌતુકને નિર્મલ કરનારી ઘણા પ્રકારની વસ્તુઓથી, કાવ્યો, સમસ્યાપૂર્તિ તથા શાસ્ત્રાર્થચિન્તન વિગેરેમાં ઘણો કાળ વ્યતિત કર્યો.

એક દિવસ સભામાં નિષધરાજાએ ‘ નલ ’ને રાજ્ય કારભાર સંભાળવા માટે જણાવ્યું, તેવારે સર્વ સામન્તો અને સભાજનોએ નિષધરાજાની ઇચ્છા અનુસાર પોતાની

સંમતિ દર્શાવી, નિષધરાજાએ શુભમુહૂર્તે 'નલ'નો રાજ્યાભિષેક કર્યો તથા કુબેરને યુવરાજના પદે સ્થાપિત કર્યા, બાદ બન્ને પૂત્રોની રજા લઈને નિષધ રાજવીએ પ્રવ્રજ્યા ગ્રહણ કરી, ત્યારથી ભૂમંડલ ઉપર નૈષધ રાજર્ષિ તરીકે પ્રસિદ્ધ થયા, ઘાતિ તથા અઘાતિ કર્મનો ક્ષય કરી નૈષધ રાજર્ષિ મુક્તિએ ગયા.

અનેક રાજવીઓથી સેવાતા નલરાજા અર્ધ ભરતક્ષેત્ર પર પોતાનું રાજ્ય ચલાવતા હતા, નલરાજાએ એક દિવસ મહામંત્રીને પૂછ્યું કે, હે મહામંત્રીશ્વર ! પિતાજીએ આપેલા રાજ્ય ઉપર હું રાજ્ય કરૂં છું કે, તેથી વધારે વિસ્તારવાળા રાજ્ય ઉપર મારો અધિકાર ચાલે છે ?

મહા મંત્રીશ્વરે કહ્યું કે આપના પિતાજી અર્ધ ભરત ક્ષેત્રના બે તૃતિયાંશ ભાગ ઉપર રાજ્ય કરતા હતા. ત્યારે આપતો બસો યોજન ઓછા અર્ધ ભરત ક્ષેત્ર ઉપર રાજ્ય કરો છો. પરંતુ બસો યોજન ભૂમિનો માલિક તક્ષશિલાનો રાજવી 'કદમ્બ, આપની આજ્ઞાને માનતો નથી, પૂર્વે આપણે તેની ઉપેક્ષા કરી હતી, પણ આ વખતે આપણે તેને આપણો આજ્ઞાંકિત બનાવવાના છીએ, તેની સાથે યુદ્ધ કરતાં પહેલાં આપણા ' સામશિતલ ' નામના દૂતને પ્રથમ ત્યાં મોકલીએ, બળવાન રાજાઓની પણ આ પ્રકાનીજ રાજ્યનિતિ હોય છે. રાજાએ મન્ત્રીના વિચાર અનુસાર અનુચરો સહિત દૂતને મોકલ્યો.

'કદમ્બ, રાજવીની સભામાં જઈને 'દૂતે, પરિમિત

ભાષામાં કહ્યું અને આપ જો આજ્ઞાનો સ્વીકાર નહિ કરો તો આપની ઉપર આક્રમણ કરવામાં આવશે, તે આક્રમણને રોકવું આપના માટે અતિ મુશ્કેલ છે. કારણકે મોટા પ્રમાણમાં આપની ઉપર આક્રમણ કરવામાં આવશે. દૂતના વચન સાંભળીને, 'કદમ્બ' રાજવી પોતાની વીરતાના ઘમંડમાં ત્રણે લોકમાં પોતાને વીર પુરૂષ તરીકે માનતો, બીજાઓને કાયર માની તુચ્છકારતો હતો, દૂતની વાતનો અસ્વીકાર કરવા પૂર્વક યુદ્ધનું આહ્‌વાન કરવા લાગ્યો.

દૂત ત્યાંથી પાછો આવી 'કદમ્બ' રાજવીની વીરતાનું વર્ણન કરવા લાગ્યો. યુદ્ધના આહ્‌વાનની પણ વાત કરી, દૂતની વાત સાંભળીને તરત જ નલરાજાએ, યુદ્ધની તૈયારી માટે મંત્રીને આદેશ આપ્યો. રાજાની આજ્ઞા મલતાંની સાથે જ ચતુરંગ સેનાએ શસ્ત્રાસ્ત્રથી તૈયાર થઇને પ્રયાણ કર્યું. શિઘ્રતાથી પ્રયાણ કરતી સેનાએ તક્ષશિલાની સીમા ઉપર પડાવ નાખ્યો, 'કદમ્બ' રાજવીએ પણ દૂતના ગયા બાદ સેના તૈયારીનો હુકમ આપ્યો હતો, બન્ને સેનાઓ વચ્ચે તુમુલ યુદ્ધના મંડાણ થયા હતા.

'કદમ્બ' રાજવીએ દ્વંદ યુદ્ધનો સંકત કર્યો, જેનો નલરાજાએ સ્વીકાર કર્યો. બન્નેની વચ્ચે ભયંકર યુદ્ધ થયું, અન્તે ભરત ચક્રવર્તી જેવી રીતે બાહુબલિથી પરાજિત થયા તેવી રીતે નલરાજાથી કદમ્બ રાજવી પરાજિત થયો, કદમ્બ રાજવીએ યુદ્ધ ભૂમિ ઉપર સંસારથી વિરક્ત બનીને પ્રવ્રજ્યા ગ્રહણ કરી. નલરાજાએ મધુર વચનોથી મુનીશ્વરની સ્તુતિ

કરી તક્ષશિલાના રાજ્ય ઉપર 'કદમ્બ'ના પુત્ર જયશકિતને પોતાની વિજય શકિતના હર્ષ પૂર્વક બેસાડયો.

આ પ્રમાણે સમસ્ત અર્ધ ભરત ઉપર પોતાનો અધિકાર નલરાજાએ સ્થાપિત કર્યો, કુશલતા પૂર્વક પોતાની કોશલા નગરીમાં પ્રવેશ કર્યો. તમામ ખંડિઆ રાજાએ ભેગા થઈ ને નલરાજાનો અર્ધ ભરતના અધિપતિ તરીકે પટ્ટાભિષેક કર્યો, નલરાજા નિર્વિંધ્નપણે રાજ્ય કરવા લાગ્યા, યુવરાજ કુબેર બહારથી શાંત, ગંભીર, આજ્ઞાંકિતનો દેખાવ કરતો હતો, પણ અંદરથી કુટિલતા ભરેલી હતી, તેની ઈચ્છા પણ કપટયુક્તિથી પણ નલરાજા પાસેથી રાજ્ય પડાવી લેવાની હતી. જ્યારે તેની પાસે રાજ્ય પ્રાપ્તિ માટે ઉપાય ન રહ્યો ત્યારે જુગારમાં નલરાજાને જીતવાનો વિચાર કર્યો.

એક દિવસે કુબેરે નલરાજાને જુગાર રમવા માટે આમંત્રણ આપ્યું. નલરાજાએ આમંત્રણનો સ્વીકાર કર્યો, તે વખતે ચતુર મહામંત્રિએ નલરાજાને સમજાવ્યા અને કહ્યું કે ધર્મ, કલા, કુલ, શિલ, સત્ય, કૃતજ્ઞતા, દયા, ક્રિયા, રાજ્ય વિભૂતિ, સદ્‌ગતિ, બુદ્ધિ, શરીર, સ્નેહ, લોકપ્રિયતા, આ બધા સદ્‌ગુણો જુગારથી નાશ થાય છે. માટે આપશ્રી જુગારનો ત્યાગ કરો. પરંતુ નલરાજાએ મન્ત્રીના એક પણ શબ્દનો સ્વીકાર કર્યો નહીં.

નલ તથા કુબેર બન્ને જણુ જુગારમાં આસકત બન્યા. ઘણા વખત સુધી બન્ને પક્ષ બરાબર (સમતોલ) રહ્યા, કુબેરે કૂટનીતિથી નલરાજાના અન્તઃપૂર સહિત સમસ્ત રાજ્યને જીતી લીધું, કુબેરે નિર્દયતાથી નલરાજાને રાજ્યમાંથી ચાલી જવા માટે કહ્યું. મંત્રીઓએ કુબેરને ખૂબ જ

અયોગ્ય પગલું ભરતા અટકાવ્યો, અને કહ્યું કે પતિની સાથે પ્રયાણ કરતી દવદન્તીને જોઈ આપે આપના હૃદયમાં વિચાર કરવો જોઈએ.

આપે રાજ્યનો થોડોક ભાગ આપી રાજેશ્વરશ્રી 'નલ'નું બહુમાન અને સત્કાર કરવો જોઇએ, પરંતુ માયાવી કુબેરને મંત્રીઓની વિનંતીના શબ્દો અસર કરી શકયા નહી ત્યારે મન્ત્રીઓએ કહ્યું કે વિશેષ નહી તો પણ આપે આપના મોટાભાઈને વિવેકની ખાતર પણ રથ આપવો જોઈએ, તે વારે કુબેરે એક રથ લઈ જવા માટે 'નલરાજા'ને કહ્યું. પણ નલરાજાએ આવશ્યકતા નથી તેમ કહીને રથનો અસ્વીકાર કર્યો, અને પ્રયાણ કર્યું. મંત્રીઓ પણ સાથે ચાલવા લાગ્યા, રડતા અવાજે મંત્રીઓએ નલરાજાને કહ્યું કે આપના પ્રત્યે અમારી નિશ્ચલ ભક્તિ છે.

વળી કુબેરને આપના પ્રત્યેની ભક્તિ બતાવવાનો અમારા માટે અવસર છે. પરંતુ જુગારમાં રાજ્ય હારી ગયા તેમાં અમો પણ કુબેરને સ્વાધિન થયા છીએ, માટે અમો અહીંથી પાછા ફરીએ છીએ, પરંતુ આપની સાથે આપે કરેલા સુકૃત્યો તથા દવદન્તી આવે છે, દવદન્તી અત્યંત સુકોમળ છે, પ્રવાસ નહી કરી શકે માટે આપશ્રી એક રથનો સ્વીકાર કરો, મંત્રીઓની વિનંતીથી નલરાજાએ રથનો સ્વીકાર કર્યો, દવદન્તીને રથમાં બેસાડી, નાગરિકો તથા મંત્રીઓની વિદાયગિરિ લઈને રથને ઝડપી વેગે ચલાવી મૂકયો.

નલરાજાની વિદાયગિરિથી નગરજનો ખુબ જ ખિન્ન અને શોકાતુર બન્યા, દવદન્તીને એક જ વસ્ત્રમાં જોઈને નગરની સ્ત્રીઓ રૂદન કરવા લાગી, ઘણી સ્ત્રીઓ બેહોશ બનીને જમીન ઉપર ઢળી પડી, નલરાજાએ નગરના મધ્ય ભાગમાં પાંચસો હાથ ઉંચો એક સ્થંભ જોયો, કૌતુકને કરવાવાળા નલરાજાએ તે સ્થંભને ઉખાડીને ફેંકી દીધો, નાગરિકોએ તેમના અપૂર્વ બળને નિહાળી મનોમન નિશ્ચય કર્યો કે 'નલરાજાને' દુઃખ આપનાર કુબેર નથી પણ અશુભ કર્મોનો વિપાકોદય છે.

ઘણા વખત પહેલાં કુબેરની સાથે રમતી વખતે કોઈ જ્ઞાનીએ કહ્યું હતું કે 'નલ' અર્ધભરતેશ બનશે અને વળી નગરની મધ્યમાં રહેલા ઉંચા સ્થંભને જે ચલાયમાન કરશે તેજ અર્ધભરતેશ બનશે, માટે વાત નિશ્ચિત છે કે નલરાજા જ્યાંસુધી આ ભૂતલ ઉપર રહેલા છે ત્યાંસુધી બીજો કોઇ અર્ધભરતેશ નહીં બની શકે માટે નલરાજા માટે કોઈપણ પ્રકારની ચિંતા કરવી તે નકામી છે. કોઈપણ સંજોગોમાં કુબેરને જીતી નલરાજા પોતાનું રાજ્ય પ્રાપ્ત કરશે.

આ પ્રમાણે નગરજનો વાતો કરતા કરતા નલરાજાની સાથે નગરની બહાર આવ્યા, તે વારે નલરાજાએ નાગરિકોને સાંત્વન આપી પાછા વાળ્યા, દવદન્તીને કુબેરે કહ્યું કે હે માતાજી! આપ મારી ઉપર કૃપા કરીને નગરમાં પાછા પધારો.

તે વારે દવદન્તીએ કહ્યું કે હે કુબેર ! જ્યાં મારા આર્યપૂત્ર પોતાનો પગ મૂકશે ત્યાં મારૂં ઘર હશે, ત્યાંનાં વૃક્ષો મારા માટે કલ્પવૃક્ષ હશે, આગળ ચાલતાં નલરાજાએ દવદન્તીને પૂછયું કે હે પ્રિયે ! આપણે કઈ તરફ પ્રયાણ કરીશું. ત્યારે તેણીએ કુંડિનપુર જવા માટેનો સંકેત કર્યો, અને બન્ને જણાએ તે તરફ પ્રયાણ કર્યું. આગળ ચાલતાં જંગલના ભયંકર માર્ગમાં ભિલોએ બન્ને જણા ઉપર આક્રમણ કર્યું. પણ દવદન્તીના સતીત્વના પ્રભાવથી તે ભિલો ભૂતની માફક ભાગી ગયા.

પરંતુ આગળ જતાં બીજા મ્લેચ્છોએ સારથિને મારી રથ પડાવી લીધો, બન્ને જણા અત્યંત ચિંતાતુર બન્યા, પગે ચાલવા લાગ્યા, થોડેક દૂર ગયા બાદ દવદન્તીને ખૂબ જ થાક લાગ્યો, તે વખતે નલરાજાએ કહ્યું કે હે પ્રિયે ? એકસો યોજન લાંબા જંગલમાં આપણે હજુ ફક્ત પાંચ યોજન પ્રમાણ આવ્યા છીએ, માટે હિંમત રાખીને ચાલવામાં ઉદ્યમ રાખો, રાજા જ્યારે રાણીને હિંમત આપે છે તે વખતે સૂર્ય પણ અસ્તાચલે પહોંચ્યો.

કાળમીંઢ જેવી ભયંકર રાત્રીએ પોતાનું ભયાનક સ્વરૂપ જંગલમાં દેખાડવાની શરૂઆત કરી, જેમ જેમ કાજળ ઘેરી રજની પોતાની ભયંકરતા વધારતી ગઈ તેમ તેમ દવદન્તી વધારે ભયભીત બનવા લાગી. અને બોલી કે પશ્ચિમ ભાગમાંથી ગાયનો અવાજ આવે છે. અવશ્ય ત્યાં કોઈ હશે જ. માટે ત્યાં જઈએ અને રાત્રિ શાંતિથી પસાર

કરીએ, તે વારે નલરાજાએ કહ્યું કે હે પ્રિયે! તે ગામ નથી પણ મિથ્યાદષ્ટિ તાપસોનો આશ્રમ છે. ત્યાં જવાથી તેમના સંપર્કથી આપણું સમ્યક્ત્વ નષ્ટ થશે. માટે તું અહીંયાં જ સૂઈ રહે, હું જાગું છું. દવદન્તી સૂકા પાંદડાં ઉપર સૂઈ ગઈ. નલરાજા તેણીનું પહેરગીર તરીકે રક્ષણુ કરવા લાગ્યા.

દવદન્તીના કોઈ અશુભ કર્મના વિપાકોદયથી નલરાજાના અંતરમાં તેણીના પ્રત્યેનો સ્નેહ ઓછો થવા લાગ્યો, નલરાજા મનમાં જ વિચારવા લાગ્યા કે દુઃખના સમયમાં સ્વમાની માણસે મરવું વધારે સારૂં છે, પણ સસરાના ઘરમાં આશ્રય લેવો તે લાંછનરૂપ છે. વળી દવદન્તીને મેં કુંડિનપુર જવા માટે હા, કહી છે. તેણી જાગતાની સાથે જ કુંડિનપુર જવા માટે આગ્રહ કરશે અને મારે તેની સાથે કુંડિનપુર જવું પડશે, માટે તેણીને સૂતેલી છોડીને હું કોઈ જગ્યાએ ચાલ્યો જાઉં, તેણી પોતાના શિયલના પ્રભાવે કોઈપણુ સારા સ્થાનમાં પહોંચી જશે.

આ પ્રમાણે વિચારીને નલરાજા હૃદયને કઠોર બનાવી નિર્દય ભાવથી તલવારને કાઢી દવદન્તીના વસ્ત્રમાંથી અર્ધું વસ્ત્ર ફાડી પોતે લીધું અને તેણીના અર્ધ વસ્ત્ર ઉપર પોતાનાજ લોહીથી પોતાની બીના લખી.

હે પ્રિયે! તને મારી દુર્બુદ્ધિથી જ દુઃખ સહન કરવું પડે છે. કારણકે હું રાજ્યભ્રષ્ટ હોવાથી ભીખારી કરતાં પણ કંગાળ હાલતમાં છું; મારી દુર્બુદ્ધિથી તને દુઃખ ન

પડે માટે સામે જે ઉંબરાનું ઝાડ દેખાય છે તેની દક્ષિણ દિશાએ કુંડિનપુરનો માર્ગ જાય છે અને જમણા હાથે કોશલા નગરીનો રસ્તો જાય છે. તું કયાંય ન જતાં કુંડિન-પુર તરફ જ જજે, તું કોશલા નગરી જઇશ નહીં.

કારણ કે એકાકી સ્ત્રીએ માતાપિતા પાસે રહેવું તેજ શ્રેયઃકર્તા છે. હું હવે મારૂં મૂખ કોઈને પણ બતાવી શકું તેમ નથી. કોઈ વખતે પુણ્યોદયે કરીને આપણા બન્નેનો મેલાપ થશે, નલરાજાએ મનમાં ખૂબ જ પશ્ચાતાપ કર્યો, પોતાની જાતને ધિક્કાર ભાવનાથી લજ્જિત બનાવી, વન-દેવતાઓને દવદન્તીની રક્ષા માટે પ્રાર્થના કરી, મનમાં વિચાર કર્યો કે અમારા બન્નેમાં કેટલો તફાવત છે, કે વિપત્તિની વખતે તેણીએ પોતાની ધીરતાની સાથે મને છોડયો નહીં. અને હું અધીર બની ભરજંગલમાં તેણીને નિરાધાર દશામાં છોડી રહ્યો છું.

આ પ્રમાણે ચિન્તા કરતા નલરાજાએ રાત્રીના ત્રીજા પ્રહરના અંત ભાગમાં દવદન્તીને વનમાં એકલી મૂકી પ્રયાણ કર્યું. દવદન્તીએ રાત્રીના ચતુર્થ પ્રહરના અંત ભાગમાં પાંદડાં, ફળફૂલથી પરિપૂર્ણ આમ્રવૃક્ષ ઉપર બેસીને પોતાને ફળ ખાતી જોઈ, ત્યાં કોઈ જંગલી હાથીએ વૃક્ષને મૂળમાંથી તોડી નાખ્યું. અને પોતે ઝાડ ઉપરથી પડી ગઈ. આવા પ્રકારનું સ્વપ્ન જોઇ ભયભીત બનેલી દવદન્તી એકા-એક નિદ્રા ભંગ કરીને જાગી ઉઠી. હે નાથ! બોલતી

આમ તેમ જોવા લાગી, પણ નલરાજા નહી દેખાવાથી તેણી બેભાન થઈ જમીન ઉપર ઢળી પડી.

પર્વતોમાંથી આવતા ઠંડા પવને સ્વજનોની માફક શુદ્ધિમાં લાવી, અભાગણી એવી મને મારા પતિદેવ શા માટે છોડી જાય ! જરૂર તેમને રાત્રીના ભાગમાં કોઇ જંગલી પ્રાણી ઉઠાવી ગયું હશે ? આ પ્રમાણે દવદન્તી વિચાર કરતી ગભરાયેલી અને વિખૂટી પડેલી હરણીની જેમ વૃક્ષોને, પર્વતોને, જંગલના પ્રાણીઓને, વનદેવતાઓને તથા વન-દેવીઓને ઓલંભા આપતી મારા પ્રાણેશને કોઈ બતાવો ! તે પ્રમાણે બોલતી તેણી જંગલમાં ભટકવા લાગી, પરંતુ કોઈ જગ્યાએથી કોઈએ પણ જવાબ આપ્યો નહિ.

હૈયાફાટ રૂદન કરતી દવદન્તીની નજર પોતાના અંગ ઉપર પડી. તેણીએ પ્રેમપૂર્વક તે અક્ષરો વાંચ્યા, વાંચીને મનમાં સંતોષ અનુભવ્યો, અને વિચારવા લાગી કે તેઓએ મને પિતાજીને ત્યાં જવાનો અનુરોધ કર્યો છે. કારણકે મારૂં સુખ ત્યાં જ છે. તેમ માનીને દુઃખ ધીમે ધીમે ભૂલવા લાગી.

તેણી કુંડલપુર જવા માટે વિચાર કરતી હતી, એટલામાં એક સાર્થ ત્યાં આવી પહોંચ્યો, મારા ભાગ્યના ઉદયે કરીને દુઃખના સમયે સાર્થ આવી પહોંચ્યો છે. તો તેની સાથે જ જંગલ પસાર કરવાનું વિચારી સ્થિતિપ્રજ્ઞ બની સાર્થની સાથે જવા લાગી, તેટલામાં ઉદ્ભટ ચોરોએ આવી સાર્થને ઘેરી લીધો, સાર્થમાં રહેલા

લોકો ભયભીત બનીને 'બચાવો, બચાવો'ની બૂમો પાડતા આમ તેમ ભાગવા લાગ્યા, તેવારે કુલદેવીની સમાન દવદન્તીએ ચોરોને ચાલ્યા જવાનું કહ્યું, પણ ચોરોએ તેના હુકમનો અનાદર કર્યો, તેણીએ મોટેથી ત્રાડ નાખી. તે શબ્દો ચોરોના કાને પડતાં જ તેઓ ભાગવા લાગ્યા, સાર્થવાહ કુલદેવી માનીને તેણીની પૂજા, સ્તુતિ વિગેરે કરીને પોતાના સ્થાનમાં તેણીને લઈ ગયો.

સાર્થવાહે માતા કહીને નમસ્કાર કર્યો, સમાચાર પૂછયા, ત્યારે તેણીએ પોતાની તમામ હકીકત કહી સંભળાવી, સાર્થવાહે પોતાની ઉપકારી હતી તેથી તથા રાજરાણી છે એમ સમજીને ઘણા વિવેકપૂર્વક પોતાની સાથે રાખી.

એકાએક ઘનઘોર વરસાદના આગમનથી, ત્યાંની જમીન કાદવમય બની ગઈ, શુદ્ધ ભૂમિમાં રહેવાની ઈચ્છાથી સાર્થવાહ તથા સાર્થના માણસોને કહ્યા વિના તેણીએ આગળ પ્રયાણ કર્યું. તે વખતે તેણીએ તપને જ પોતાનું આભૂષણ માનીને તપમાં લીન બની આગળ ચાલવા લાગી, ત્યાં યમરાજ સદૃશ ભયંકર રાક્ષસને જોયો, તે રાક્ષસ તેણીની ઉપર ક્રૂર દૃષ્ટિથી જોવા લાગ્યો, અને આક્રમણ કરવા તૈયાર થયો, કે તરત જ ધૈર્યને ધારણ કરી દવદન્તી બોલી કે તું પરનારી એવી મને સ્પર્શ કરીશ તો શ્રાપાગ્નિથી તને બાળીને ખાખ કરી નાખીશ. તે વારે રાક્ષસે કહ્યું કે હે ધૈર્યશાલી વિભૂતિ ! હું તારા ધૈર્યની

પ્રશંસા કરૂં છું. તારા ઉપર પ્રસન્ન છું. તારૂં કોઈપણ કાર્ય કરવા માટે હું તૈયાર છું.

ત્યારે તેણીએ રાક્ષસને કહ્યું કે ખરેખર તું મારા ઉપર પ્રસન્ન છે તો તું કહે કે મને મારા પતિનો મેળાપ ક્યારે થશે ? રાક્ષસે કહ્યું કે તું ચિન્તા કરીશ નહીં. બાર વર્ષ પછી તને તારા પતિનો મેળાપ થશે. અને તે પણ તારા પિતાના ત્યાં જ થશે. જો તારી ઈચ્છા હોય તો તને તારા પિતાના ત્યાં એક ક્ષણમાં મૂકી જાઉં.

તને તારા પતિ પાસે લઈ જવી અથવા તારા પતિને તારી પાસે લાવવો તે તાકાત હાલમાં મારી તો શું પણ સાક્ષાત્ ઇંદ્રની પણ નથી. કારણ કે કર્મથી બળવાન કોઈ જ નથી; તારા ભાગ્યમાં જ પતિ વિયોગ લખાયેલ છે. તેને કોઈ મિથ્યા કરી શકે તેમ નથી. તે વારે દવદન્તીએ કહ્યું કે તેં પતિ મિલનની મને વાત કરીને મારા ઉપર મોટો ઉપકાર કર્યો છે. હવે તું તારા સ્થાનમાં જા, તારૂં કલ્યાણ થાવ, હું પરપુરૂષના સ્પર્શને પણ અનિષ્ટ માનું છું. ‘તું જૈન ધર્મમાં શ્રદ્ધા રાખજે, આ પ્રમાણે બોલી રાક્ષસ પોતાનું જ્યોતિર્મય સ્વરૂપ બતાવી પોતાના સ્થાને ચાલ્યો ગયો.

દવદન્તીએ પણ મનથી અભિગ્રહ કર્યો કે જ્યાં સુધી ‘પ્રાણનાથ’ નલરાજાનો મેલાપ થાય નહીં. ત્યાં સુધી તાંબુલ, પુષ્પ, આભૂષણ, રંગીનવસ્ત્ર, સુગંધી વિલેપન, તથા રસત્યાગ કરવો, સિંહણની માફક નિર્ભય બનીને

વર્ષાકાલ વિતાવવાને માટે એક ગુફામાં શાન્તિનાથ ભગવાનની વેળુની પ્રતિમા બનાવી, સ્થાપના કરી પોતાની મેળે વૃક્ષ ઉપરથી પડેલા ફૂલો વડે પ્રભુપૂજા કરવામાં વ્યસ્ત બનીને રહેવા લાગી. ચોથભક્તના અંતે તેણીએ પ્રાસુક અને પાકેલાં ફળોવડે પારણું કર્યું.

આ તરફ સાર્થવાહે સાર્થમાં દવદન્તીની તપાસ કરી, પણ તેણીને નહિ જોવાથી અત્યંત ચિંતાતુર બનીને શોધવા લાગ્યો. શોધતો શોધતો તે સાર્થવાહ ગુફા પાસે આવ્યો, ત્યાં દવદન્તીને જોઈ સાર્થવાહ વિસ્મયવાળો થયો, અને હર્ષિત થયો, પૂજા સમાપ્ત થયા બાદ દવદન્તીએ પણ સાર્થવાહનો સત્કાર કર્યો. ગંભીર અને ધીરવાણીથી આર્હત્ ધર્મ સાર્થવાહને બતાવ્યો, તે સમયે થોડાક તાપસો પણ ત્યાં આવ્યા, સાર્થવાહે દવદન્તીને ગુરૂ માની આર્હત્ દર્શનને પ્રાપ્ત કર્યું.

એટલામાં આકાશમાંથી પત્થરનો વરસાદ વરસવા લાગ્યો. તેનાથી બધા ભયભીત બન્યા, દવદન્તીએ પોતાના શિયલના પ્રભાવે વાદળને પત્થરના બદલે પાણી પડવા માટે કહ્યું અને પત્થરનો વરસાદ બંધ થયો, વસન્તદેવ સાર્થેશે કહ્યું કે હે દેવી ! તમે કયા દેવની આરાધના કરો છો ? તેણીએ કહ્યું કે હું ભાવી સોલમા તીર્થંકર શ્રી. શાંતિનાથજીની આરાધના કરૂં છું. તેઓશ્રીના પ્રભાવથી આ બધું બની રહ્યું છે. સાર્થવાહે ત્યાં એક સુંદર નગર બંધાવ્યું. દવદન્તીએ ત્યાં પાંચસો તાપસોને પ્રતિબોધ કર્યો તેથી તે નગરનું નામ 'તાપસનગર' રાખવામાં આવ્યું.

તે નગરમાં સૂવર્ણમય જિનપ્રાસાદ તૈયાર કરાવવામાં આવ્યો, અને મણિમય શ્રી શાંતિનાથજીના પ્રતિમાજી તે સાર્થવાહે પધરાવ્યા, મધ્યરાત્રિએ પહાડના શિખર ઉપર સિંહકેસરી નામે મુનિરાજને કેવળજ્ઞાનની પ્રાપ્તિ થઈ, કેવલોત્સવ કરવાને માટે ઘણા દેવો ત્યાં આવ્યા, દવદન્તી પણ ત્યાં ગઈ, સિંહકેસરી કેવલીના ગુરૂ યશોભદ્રમુનિ પણ ત્યાં આવ્યા, તેઓએ કેવળીને વંદન કર્યું. કેવળીએ ધર્મોપદેશ આપ્યો, અને દવદન્તીના વચનમાં શંકા રાખતા કુલપતિને કહ્યું કે દવદન્તી જે ઉપદેશ આપે છે તે ધર્મોપદેશ અક્ષરશઃ સત્ય છે. સૂર્યોદય થતાંની સાથેજ કેવળી ભગવંતે લોકોની સાથે પર્વત ઉપરથી ઉતરીને નીચે તાપસપુર નગરમાં આવી જિનેશ્વર ભગવંતને વંદન કર્યું. ત્યાંના નાગરિકોને ધર્મોપદેશ આપ્યો. સમ્યક્ત્વમાં સ્થિર બનાવી વિહાર કરી ગયા, કારણ કે મહર્ષિ એક સ્થાનમાં અધિક સમય રહેતા નથી.

દવદન્તી સાત વર્ષ સુધી ત્યાં રહી, એક દિવસ એક મુસાફરે આવીને કહ્યું કે અમુક સ્થાનમાં મેં તારા પતિને જોયેલ છે. તારે મેળાપ કરવો હોય તો મારી પાછળ ચાલ. તરત જ પતિનું નામ સાંભળતાની સાથે દવદન્તી મુસાફરની પાછળ ચાલવા લાગી, ઘણા દૂર ગયા પછી તે મુસાફીર એકાએક અદૃશ્ય થઈ ગયો, દવદન્તી અત્યંત ખિન્ન થઈ ગઈ, કેમકે અત્યારે તે કયાંયની રહી નહિ, તેણી ચિંતામાં હતી, તેટલામાં એક રાક્ષસી આવી, દવદન્તીએ

સત્યના પ્રભાવથી તેણીને ભગાડી મૂકી, રાક્ષસીના જવાથી તેણી નિશ્ચિંત બનીને એક વડના ઝાડ નીચે બેઠી હતી. તે વારે એક મુસાફર આવ્યો, અને પૂછયું કે હે દેવી! તમે કોણ છો? દવદન્તીએ પોતાનો તમામ વૃત્તાંત કહી બતાવ્યો, તેવારે મુસાફરે કહ્યું કે પાછળ એક સાર્થ આવે છે. તે સાર્થની સાથે પ્રવાસ કરીને તમો કોઈ નગરમાં પહોંચી જાવ! એટલામાં સાર્થ પણ આવી ગયો.

સાર્થપતિ ધનદેવે દવદન્તીને વૃત્તાંત પૂછવાથી તેણીએ પોતાની સઘળી હકીકત કહી સંભળાવી, સાર્થપતિએ કહ્યું કે હે પૂત્રી! હું અચલપુર જાઉં છું. તું નિર્ભયતાથી મારી સાથે ચાલ, સાર્થપતિએ પૂત્રીના જેમ જ પોતાની બેલગાડીમાં બેસાડી પ્રયાણ કર્યું. બીજે દિવસે સાર્થના તમામ માણસો સહિત સાર્થપતિ દવદન્તીને લઈને અચલ-પુર પહોંચ્યો, દવદન્તીને તૃષા ખુબ જ લાગવાથી વાવમાં પાણી પીવા ગઈ.

એટલામાં એક જલચર જીવે તેના ડાબા પગને પકડી લીધો, નમસ્કાર મહામંત્રનું ધ્યાન ધરીને પગને આંચકો મારી પોતે નિર્ભયતાથી બહાર આવી ગઈ, પોતાના દેહ તરફ નજર નાખી તો પોતે જલદેવી સમાન દેખાવા લાગી, ઋતુપર્ણ રાજાની રાણી ચન્દ્રયશાની પનિહારી પાણી ભરવા માટે તે વાવમાં આવી હતી, તે દવદન્તીનું સ્વરૂપ જોઈને આશ્ચર્ય ચક્તિ બની ગઈ.

પનિહારીએ રાજમહેલમાં જઈને રાણી ચન્દ્રયશાને વાત કરી, રાણીએ પનિહારીની સાથે તેણીને રાજમહેલમાં બોલાવી, રાણી ચન્દ્રયશાએ તેણીને જોતાં જ પ્રેમથી આલિંગન કર્યું. દવદન્તીએ પણ રાણીને પ્રણામ કર્યા, તેવારે ચન્દ્રયશાએ દવદન્તીને કહ્યું કે મારી પૂત્રી ચન્દ્રાવતીની જેમ જ તું પણ મારી પૂત્રી જ છે. તું કોઈ વાતની ચિંતા કરીશ નહી. તેણી શાંતિપૂર્વક આનંદથી રહેવા લાગી, એક દિવસ દવદન્તીએ ચન્દ્રયશાની ગામ બહાર આવેલી દાનશાળામાં આવતા ઘણા યાચકોને જોયા, તે જોઈને વિચારવા લાગી કે કદાચ મારા પતિદેવ પણ યાચક તરીકે અહીં આવશે તેમ માની રાણી ચન્દ્રયશા પાસે દાન આપવાનું કાર્ય હું કરીશ તેમ દવદન્તીના કહેવાથી રાણીએ તે કાર્ય તેણીને સુપ્રત કર્યું. તેણી દરરોજ દાન આપવા લાગી, અને યાચકોને દરરોજ પૂછવા લાગી કે "તમે લોકોએ કોઈ સુંદર રૂપવંત યાચક જોયો છે?"

એક દિવસ દાનશાલામાં બેઠેલી દવદન્તીએ એક ચોરને વધસ્થાને લઈ જતો જોયો, તેણીએ રક્ષકને પૂછયું કે શા માટે આને બંધનમાં બાંધીને લઈ જાઓ છો, તેવારે રક્ષકોએ કહ્યું કે તેણે ચન્દ્રાવતીની રત્નની પેટી ચોરી છે, માટે તેને હમો વધસ્થાને લઈ જઈએ છીએ, તે વારે રાણી ચન્દ્રયશાની પ્રીતિપાત્ર દવદન્તીને જોઈ તે ચોર બોલ્યો. હે દેવી! મારી રક્ષા કરો! દવદન્તીએ રક્ષકોને કહ્યું કે થોડી વાર થોભો, અને ચોરને કહ્યું કે

તું ડરીશ નહી. તે વારે દવદન્તીએ નમસ્કાર મહામંત્રનું સ્મરણ કર્યું અને પોતાના શિયલવ્રતના પ્રતાપે તે ચોરના બંધનો તુટી ગયા, ચોર તેણીના પગમાં પડ્યો, બનેલી હકીકત સાંભળી રાજા પણ ત્યાં આવ્યો.

દવદન્તીએ રાજાને કહ્યું કે હે રાજન્ ! આ ચોરને મૂક્ત કરો, તેણીની વાતને માન્ય કરી રાજાએ તે ચોરને મૂક્ત કર્યો. ચોરે પોતાની તમામ હકીકત કહી સંભળાવી, ત્યારે દવદન્તીએ કહ્યું કે વીતરાગના માર્ગે જવા માટે, અને કરેલા પાપને નષ્ટ કરવા માટે ચારિત્ર રત્નને ગ્રહણ કર, દવદન્તીની વાતનો તેણે સ્વીકાર કર્યો, તેટલામાં ત્યાં બે મુનિરાજો પધાર્યા, દવદન્તીએ ઉઠી નમસ્કાર કર્યો અને કહ્યું કે આ પુણ્યશાલીને સંયમ લેવાની ભાવના છે. તો આપશ્રી તેમને સંયમ આપો, તે વારે મુનિઓએ તેને દીક્ષા આપી.

કુબેરની સાથે જુગાર રમવામાં પરાજિત બની નલરાજા દવદન્તી સહિત નિરાશ્રિત થયા છે. તેવા સમાચાર જ્યારથી ભીમરાજાને મલ્યા ત્યારથી તેઓ ચિંતા કરવા લાગ્યા.

જ્યારથી સમાચાર મલ્યા ત્યારથી નલરાજાને શોધવા માટે હરિમિત્ર તથા બહુમિત્ર નામના સેવકોને મોકલ્યા, તે બન્ને જણા નલ દવદન્તીને શોધતા શોધતા અચલપુર આવ્યા ત્યારે ઋતુપર્ણ રાજાને ભીમરાજા તથા પુષ્પદન્તી રાણીના કુશળ સમાચાર અને નલ દવદન્તીના દુઃખદ સમાચાર

તે બન્ને જણાએ આવ્યા, તેઓએ જુગારથી માંડી બધી હકીકત ઋતુપર્ણ રાજવીને કહી બતાવી, ત્યારે ચન્દ્રયશા રડવા લાગી, સમસ્ત અંતઃપુર શોકમગ્ન બની ગયું. હરિમિત્ર જ્યારે દાનશાળા તરફ ફરવા ગયો તો ત્યાં દાન આપતી દવદન્તીને જોઈ, તરત જ દોડતો રાણી ચન્દ્રયશા પાસે આવી વાતનું નિવેદન કરી, કહેવા લાગ્યો.

હે દેવી ! આપની દાનશાળામાં દાન આપનાર દવદન્તી પોતે જ છે. હરિમિત્રની વાત સાંભળી રાણી હર્ષોલ્લાસમાં આવી, ચન્દ્રયશા આદિ સમસ્ત અંતઃપુર દાનશાળા તરફ ગયા, ત્યાંથી દવદન્તીને હર્ષોલ્લાસ પૂર્વક લાવી, સ્નાન કરાવી, નવીન વસ્ત્રાલંકારાદિ પરિધાન કરાવી, રાજસભામાં લાવ્યા; દવદન્તીએ રાજાને પ્રણામ કર્યા. રાજાએ માસીની પાસે ઉભેલી તેણીને વૃત્તાંત પૂછ્યો, તેણીએ બનેલી તમામ હકીકત કહી સંભળાવી.

એટલામાં એક દેવે સભામાં આવી દવદન્તીને પ્રણામ કરીને કહ્યું કે જે પિંગલ નામના ચોરને આપે અભયદાન આપી ચારિત્ર માર્ગ બતાવ્યો હતો, તે જ હું પોતે છું; ધર્મઆરાધનાથી મરીને ચારિત્રના યોગે સૌધર્મ દેવલોકમાં દેવ થયો છું. અવધિજ્ઞાન દ્વારા આપના ઉપકારનું સ્મરણ કરીને આપને નમસ્કાર કરવા માટે અહીંઆં આવ્યો છું. આ પ્રમાણે કહીને તે દેવે સાત કરોડ સોનૈયાની વર્ષા કરી, આ દશ્ય નીરખીને બધા સ્તબ્ધ બની ગયા, દેવ સ્વસ્થાને ગયો, થોડાક દિવસ બાદ અવસર જોઈને હરિમિત્રે ઋતુ-

પર્ણ રાજાને કહ્યું કે હે રાજન્ ! દવદન્તીના માતા પિતા ખુબજ ચિન્તિત છે. આપ આજ્ઞા આપો, અમે તેણીને લઈ કુંડિનપુર જઈએ.

રાજાએ સેના સહિત મોટા આડંબર પૂર્વક દવદન્તીને કુંડિનપુર મોકલી, દવદન્તીના આગમનના સમાચાર સાંભળી માતા પિતા તથા નગરજનો તેણીનું સ્વાગત કરવા ઘણા દૂર સુધી સામે આવ્યા, દવદન્તી પણ માતાપિતાને દૂરથી જોઈને વાહનમાંથી નીચે ઉતરી, માતાપિતાની સામે ગઈ અને પગમાં પડી, પિતાએ પૂત્રીને આશ્વાસન આપ્યું કે હે પૂત્રી ! તું ગભરાઈશ નહિ. થોડા દિવસોમાં મારા જમાઈ મને મલી આવશે, નલરાજાના આવ્યા બાદ, તને અર્ધું રાજ્ય આપીશ, રાજાએ ખુશી થઈને હરિમિત્ર તથા બહુમિત્રને પાંચસો ગામ ઈનામમાં આપ્યા, નગરમાં દવદન્તીના આગમનના શુભ પ્રસંગને અનુરૂપ સાત દિવસનો જન્મોત્સવની જેમ જ, આગમોત્સવની જેમજ, આગમોત્સવ કર્યો. જિનપૂજા આદિથી જિનભક્તિમહોત્સવ કર્યો, દવદન્તી પણ પોતાના પ્રાણનાથ નલરાજાની પ્રતીક્ષા કરતી પિતાને ત્યાં રહેવા લાગી.

આ બાજુ દવદન્તીને છોડીને વનમાં ફરતાં ફરતાં નલરાજાએ જંગલમાં ધુમાડાના ગોટા જોયા, ત્યાં નજદીકમાં જઈને નળરાજાએ જોયું તો દાવાગ્નિ બળી રહ્યો હતો, તેમાંથી મનુષ્યનો અવાજ આવતો હતો, હે મહાબલનલ ? મને દાવાનલથી તું બચાવ. તું તો સૂર્યની જેમ પ્રત્યુપકારની ઈચ્છા

રાખતો નથી, તો પણ હું તારો ઉપકાર નહી ભૂલું. તમો મારૂં રક્ષણ કરો, નલરાજાએ આશ્ચર્યથી દાવાગ્નિમાં સર્પ જોયો, તે વારે નલરાજાએ કહ્યું કે હે ફણીધર! તમે મનુષ્યની વાણીમાં કેવી રીતે બોલો છો, તે વારે સર્પે કહ્યું કે હું પૂર્વજન્મમાં મનુષ્ય હતો, પૂર્વ જન્મના સંસ્કારથી હું મનુષ્યની બોલી જાણું છું; અવધિજ્ઞાનના બળથી આપના વંશને તથા નામને જાણું છું; મને તિર્યંચ ગતિ પ્રાપ્ત થયેલી હોવાથી દાવાનળમાંથી નીકળવાને અસમર્થ છું.

નલરાજાએ તે સર્પને બચાવવા માટે પોતાનું વસ્ત્ર તેની ઉપર નાખ્યું. સર્પે તે વસ્ત્ર પકડી લીધું. સર્પના વજનથી વસ્ત્ર નીચે આવ્યું અને સર્પ ઉપર આવી ગયો, રાજાએ તેને ખેંચ્યું. સર્પ બચી ગયો, રાજા જ્યારે પોતાનું વસ્ત્ર લેવા લાગ્યો ત્યારે તે નિર્દય સર્પે હાથને ડંસ દીધો, તે વારે રાજાએ કહ્યું કે હે ફણીધર તેં તારી બેવડી જીભનો ઉપયોગ ઠીક જ કર્યો, મને વીતરાગનો ધર્મ જો પ્રાપ્ત ન થયો હોત તો હું આજે તારા ચુરેચુરા કરી નાખત, તે વારે સર્પે કહ્યું કે મને આપની દયાળુતાની, કૃપાવર્ષાની વાતો તો દવદન્તીના ત્યાગ વખતે જ જણાઈ આવી હતી.

હે નલ! તને કૃપાની વાત કરતાં શરમ પણ નથી આવતી! તેં તારી પ્રાણપ્રિયાનો દુઃખના સમયમાં ત્યાગ કર્યો, એના ફલસ્વરૂપે મેં પણ તારી સાથે તેવો જ વહે-

વાર કર્યો છે. તેમાં કાંઇ જ આશ્ચર્ય નથી, થોડીવાર પછી નલરાજાને ઝેર ચઢવા લાગ્યું. અને તેનું શરીર કુબડા જેવું શ્યામ પડી ગયું. વાંદરાની જેમ શ્યામ તથા પીળું પડી ગયું હતું. મૂર્ખના જેવું મોઢું, ઉંદરના જેવા કાન, શિયાળના જેવા દાંત, ઉંટના જેવો કંઠ, અને બિલાડીના જેવી આંખો થઈ ગઈ.

નલરાજા પોતાની વિરૂપતા જોઈને ખૂબ જ દુઃખી થયા, તેણે મનોમન વિચાર કર્યો કે જુગારથી રાજ્ય ગયું. અને પ્રિયા ત્યાગથી શરીર પણ નષ્ટ થઈ ગયું. હવે પણ ખબર નથી પડતી કે અશુભ કર્મોદય આગળ કેવો પ્રભાવ બતાવશે ? આ પ્રમાણે ચિન્તા કરતો નલરાજા ઉભો છે. તે વારે તેજ સર્પે પોતાનું દિવ્યરૂપ ધારણ કર્યું અને નલરાજાને આશ્વાસન આપતાં કહ્યું કે હે વત્સ! તું ચિંતા કરીશ નહી. હું તારો પિતા છું. મેં તને રાજ્ય સુપ્રત કરીને પ્રવ્રજ્યા અંગીકાર કરી હતી, ચારિત્રના પ્રભાવે હું બ્રહ્મદેવલોકમાં દેવ તરીકે ઉત્પન્ન થયો છું. તેં બધા રાજાઓને જીતી લઈ તારા તેં દુશ્મનો ઊભા કર્યા છે. તારા આ રૂપથી તને કોઈ ઓળખશે નહી અને તને કાંઈજ મુશ્કેલી પડશે નહી. તારા આ કદુપા શરીરથી તને કોઈ રાજા કાંઈપણ કરી શકશે નહી. હમણાં તારા માટે દીક્ષા ઉચિત નથી, કારણકે સંપૂર્ણ અર્ધભરતનો ઉપભોગ તારા માટે બાકી છે.

દીક્ષા સમય જ્યારે આવશે ત્યારે હું તને સૂચના

આપીશ, હંમેશાં દરેક કાર્યો ઉચિત સમયે જ શોભે છે, માટે હમણાં તું દેવદૂષ્યવાળું આ શ્રીફળ તથા દિવ્યાલંકારોથી યુક્ત આ રત્નપેટી તું ગ્રહણ કર, પ્રયત્નપૂર્વક તું તેને તારી પાસે રાખજે, આ વસ્ત્રાલંકારોને તું ધારણ કરીશ ત્યારે તું તારા મૂળ સ્વરૂપને પ્રાપ્ત કરીશ, નલરાજાએ દવદન્તીનો તમામ વૃત્તાંત પૂછ્યો, ત્યારે દેવે દવદન્તીના તમામ પ્રકારના દુઃખોની તથા શિયળના માહાત્મ્યની વાત કહી બતાવી, દેવે નલરાજાને કહ્યું કે તને પગે ચાલવામાં ઘણું કષ્ટ થશે, માટે તારે જે સ્થાનમાં જવું હોય તે સ્થાનમાં તને મૂકી જાઉ.

નલરાજાએ સુસુમારપુરનું નામ દીધું; અને દેવે નલરાજાને ત્યાં પહોંચાડયો, અને પોતે સ્વસ્થાને ગયો, નલરાજાએ નગરની બહારના ઉદ્યાનમાં ચૈત્ય જોયું, ચૈત્યમાં પ્રભુ નેમિનાથસ્વામિના અદ્‌ભૂત બિંબને જોઈ આનંદપૂર્વક સ્તૂતિ કરી, ત્યાંથી નીકળી નગરમાં પ્રવેશ કરે છે ત્યાંજ નગરના દ્વાર ઉપર ભયંકર કોલાહલ સાંભળવામાં આવ્યો, રાજાનો હાથી ગાંડો થયો હતો, તે અનેક પ્રકારના ઉપદ્રવો કરતો હતો, તે હાથીને વશ કર્યો, તેવારે તમામ મંત્રીઓ આદિ આશ્ચર્યમાં ગરકાવ બની ગયા, તે લોકો કુબ્જને દધિપર્ણ રાજાની પાસે લઈ ગયા, રાજાએ પૂછ્યું કે હે કુબ્જ ! આ સિવાય તું બીજું કાંઈ જાણે છે. ત્યારે તેણે કહ્યું કે હું સૂર્યપાક રસોઈ બનાવી શકું છું.

રાજાએ તમામ પ્રકારની સામગ્રી આપી, અને 'નલ-

રાજાએ સૂર્યપાક રસોઈ તૈયાર કરી, બધાએ આનંદથી ભોજન કર્યું. રાજાએ કહ્યું કે તું ગુણમાં નલરાજા જેવો છે. જ્યારે રૂપમાં કુબડો છે. રાજાએ સંતુષ્ટ થઈને કુબડાને એક લાખ સોનામહોર તથા વસ્ત્રાલંકાર સહિત પાંચસો ગામ આપ્યાં, કુબડાએ પાંચસો ગામ છોડી દઈ બાકીની વસ્તુઓ લઈ લીધી, અને રાજાને કહ્યું કે જો આપશ્રી મારી ઉપર પ્રસન્ન થયા હો, તો આપ આપના રાજ્યમાંથી શિકાર અને દારૂ બંધ કરાવો, રાજાએ તેની વાત સ્વીકારી અને પોતાના રાજ્યમાં શિકાર અને દારૂ બંધ કરાવ્યા.

એક દિવસ રાજાએ કુબ્જને એકાંતમાં પૂછ્યું કે તારા કલાગુરૂ કોણ છે? તું ક્યાંથી આવ્યો? તું કયા ગામનો છે? તારૂં નામ શું છે? હું કોશલા નગરીનો રહેવાસી છું. નલરાજાનો રસોયો હતો, 'હુંડિક, મારૂં નામ છે. નલરાજાએ મને આ કલા શિખડાવી છે. કુબેરની સાથે જુગાર રમી હારી ગયા, અને નલરાજા દવદન્તી સહિત નિરાશ્રિત બન્યા, અને તેઓ બન્ને કર્મવશ મૃત્યુ પામ્યા છે. એટલે હું આપના આશ્રિત તરીકે અહીં આવ્યો છું; દધિપર્ણ રાજાએ કુબડાની વાત સાંભળી કે તરત જ મોટેથી રડવા લાગ્યા. શોકાતુર બની કુબડા(નલ)ની સામે જ તેની અંત્યક્રિયા કરી.

એક વખત દધિપર્ણ રાજાએ કોઈ કાર્ય પ્રસંગે પોતાના દૂતને ભીમરાજા પાસે મોકલ્યો. વાતચિતના પ્રસં-

ગમાં ભીમરાજાની સભામાં તે દૂતે તે કુબડાની વાત કહી સંભળાવી. તે સાંભળી વિદુષી દવદન્તીએ પિતાને કહ્યું કે પિતાજી ! કોઈ બુદ્ધિમાન આપ્તજનને મોકલી તે રસોયાની પરીક્ષા કરાવો, કારણકે આપના જમાઈ સિવાય બીજા કોઇને આ પૃથ્વી ઉપર સૂર્યપાક આવડતો નથી. તેઓએ દેવતાની સહાયતાથી અથવા મંત્રબળથી પોતાના રૂપને (કુબડાના રૂપમાં) પરિવર્તન કર્યું છે. ભીમરાજાએ કુશલ નામના બ્રાહ્મણને સુસુમારપુર મોકલાવ્યો, શુભ શુકનો જોઈ બ્રાહ્મણે પ્રયાણ કર્યું.

સુસુમારપુરમાં આવી દધિપર્ણ રાજાને મલી તે બ્રાહ્મણ જ્યારે કુબ્જને જુએ છે ત્યારે દુઃખી બનીને વિચાર કરે છે કે દવદન્તીને નલરાજાનો ખોટો વિચાર આવ્યો છે. કયાં સૂર્ય ? અને કયાં આગીયો ? કયાં ચંદ્ર ? કયાં તારો ? કયાં કલ્પવૃક્ષ ? અને કયાં લીમડાનું ઝાડ ? કયાં સુમેરૂ ? અને કયાં સરસવ ? કયાં દેવેન્દ્રસમાન નલ-રાજા ? અને કયાં ભૂત જેવો આ કુબડો ? કયાં કપૂર અને કયાં ચૂનો ? ફરીથી બ્રાહ્મણે વિચાર કર્યો કે જો કદાચ નલરાજા હશે તો ધૂત્કારવાથી કરીને જાતવાન હાથીની માફક ક્રોધ કરીને અવાજ કરશે, તે પ્રમાણે વિચારીને (નવા બે શ્લોકમાં બ્રાહ્મણે કહ્યું કે) નિર્દયોમાં, નિર્લજ્જોમાં, નિઃસત્વોમાં, દુરાત્માઓમાં નલરાજા આ પૃથ્વી ઉપર સર્વ મનુષ્યોમાં શિરોમણી છે.

જેણે પોતાની પ્રાણપ્રિયા સતીનો ત્યાગ કર્યો. રે રે

દુષ્ટનલ ! દુઃખમાં સાથ આપવાવાળી, વિશ્વાસનીય, ભોળી અને વિનયવાળી, પોતાની પ્રાણપ્રિયા દવદન્તીને જંગલમાં એકલી રખડતી મૂકી. તું જગતમાં શા માટે જીવે છે ? વારંવાર શ્લોકને વાંચવાથી દવદન્તીનું સ્મરણ કરી, તે કુબ્જ(નલ) રોવા લાગ્યો. તે વારે બ્રાહ્મણે પૂછ્યું કે તું શા માટે રડે છે. ત્યારે કુબડાએ કહ્યું કે હે બ્રાહ્મણ ! આપનો શોક પૂર્ણ શ્લોક વાંચીને મને રડવું આવ્યું છે. નલરાજાએ શ્લોકનો અર્થ પૂછવાથી તે બ્રાહ્મણે જુગારથી માંડીને કહી બતાવ્યો.

બ્રાહ્મણે ફરીથી કહ્યું કે કુબ્જ ! સૂર્યપાક રસોઈ નલરાજા સિવાય બીજા કોઈને આવડતી નથી, માટે તને હું ગુપ્ત રૂપમાં રહેલા 'નલ' તરીકે માનું છું. દવદન્તીએ કહ્યું છે કે બરાબર પરીક્ષા કરજો. આ પ્રમાણે તેણીની પ્રાર્થના સાંભળી ભીમરાજાએ મને અહીંઆ મોકલાવેલ છે. જો તમે નલરાજા નહિ હોય તો મારા જોયેલા શુભ શુકનો તથા દવદન્તીના સર્વ મનોરથો વ્યર્થ જશે બ્રાહ્મણની વાત સાંભળી કુબડો ચન્દ્રકાન્ત મણિની માફક અંદરથી નરમ અને બહારથી કઠિન દેખાવા લાગ્યો, નલ દવદન્તીની વાતો કરતા બ્રાહ્મણને કુબડાએ પોતાની જગ્યામાં લાવી સ્નાન ભોજન તાંબુલ આદિથી તેનું સન્માન કરી, બે દિવ્ય વસ્તુ તથા લાખ સોનામહોર આપી તેને વિદાય કર્યો.

બ્રાહ્મણે કુંડિનપુર પહોંચીને દધિપર્ણ રાજાથી સાંભળેલી સૂર્યપાક રસોઈ, હાથીનું મર્દન તથા નલ દવદન્તીની

સ્તુતિથી પોતાને થયેલો અનુભવ, ગીત સાંભળી નલ રાજાનું રડવું, ભોજ્ય વસ્તુ તથા વસ્ત્રાલંકારથી પોતાનું બહુમાન અને ઘૃણા ઉત્પન્ન થાય તેવી વિરૂપતા, વિગેરે તમામ હકીકત ભીમરાજાને કહી બતાવી. તે સાંભળીને દવદન્તીએ કહ્યું કે હે પિતાજી! આપ સન્દેહનો ત્યાગ કરો. તે પોતેજ 'નલરાજા છે' આ બધા કાર્ય નલરાજા સિવાય બીજાના હોઈ શકેજ નહી.

કોઈપણ હેતુપૂર્વક તે કુબડાને અહીં બોલાવવામાં આવે તો તેની વિશેષ ચેષ્ટાઓથી હું નિશ્ચય કરી શકીશ, ત્યારે ભીમરાજાએ કહ્યું કે આપણે એક અલિક (બનાવટી) સ્વયંવરની વાત કરીને દધિપર્ણ રાજાને બોલાવીએ. કે જેથી સ્વયંવરનું નામ સાંભળી તે જલ્દીથી અહીં આવશે. અને તે કુબ્જ પણ નલ રાજા હશે; તો આ વાત સાંભળીને તરતજ અહીંજ આવશે. વળી નલરાજા પોતે અશ્વહૃદય વેદી છે. રથના અશ્વોની ગતિથી પણ તેમનો પત્તો લાગી જશે.

આ પ્રમાણે વિચાર કરીને ભીમરાજાએ દધિપર્ણ રાજા તરફ દૂતને મોકલાવ્યો. તેણે ત્યાં જઈને કહ્યું કે ભીમરાજાએ તથા દવદન્તીએ આપની પાસે મને મોકલાવેલ છે. ચૈત્ર સુદ પાંચમના પ્રાતઃકાલ સમયે સ્વયંવર છે. મારી તબીયત બગડવાથી મને અહીં આવવામાં મોડું થઈ ગયેલ છે. આ પ્રમાણે કહીને દૂત ચાલી નીકળ્યો અને રાજા ચિન્તા કરવા લાગ્યો, કે થોડા વખતમાં કઈ રીતે

કુંડિનપુર પહોંચી શકાય. ચિંતાનું કારણ કુબડાએ પૂછ્યું ત્યારે રાજાએ કારણ બતાવ્યું, અને કહ્યું કે પહેલા નલના પરાક્રમથી દવદન્તી ન મલી અત્યારે અંતર ઘણું છે અને સમય ઓછો છે એટલે પહોંચી શકાય તેમ નથી.

આ પ્રમાણે દધિપર્ણ રાજા વિચારવા લાગ્યો કે દવદન્તી વ્યર્થ મારા જેવા મંદ ભાગ્યવાનની ઇચ્છા રાખે છે. કુબડાએ વાત સાંભળીને વિચાર્યું કે મારા બન્ને કાનો આવા શબ્દો સાંભળીને ફાટી કેમ નથી જતા? કદાચ સર્વજ્ઞની વાણી ખોટી ઠરે, પૃથ્વી ચાલવા લાગે તો પણ દવદન્તીના મનમાં બીજા પુરૂષની વિચારણા આવે જ નહી, તો પછી બીજા લગ્ન તો તેણી કરે જ કયાંથી? ભાગ્યવશાત્ તેણી બીજા લગ્ન કરે તોપણ મારા જીવતાં તેણીને મનથી પણ કોણ સ્પર્શ કરી શકે? ત્યારબાદ દધિપર્ણ રાજાને કહ્યું કે પતિવ્રતા દવદન્તી બીજા લગ્ન કરે તે સંભવી શકતા જ નથી. જ્યોત્સ્ના કદાપિ કાળે સૂર્યને ઇચ્છતી જ નથી. જો મહાસતી દવદન્તી એવો વિચાર કરે તો નલરાજા પણ જરૂર આ જગત ઉપર જીવતા જ છે એવું સમજો.

આપને આ વિષયમાં ઉત્કંઠા છે તો જલ્દી કરો, આપને હું છ પ્રહરમાં કુંડિનપુર પહોંચાડી દઈશ, પરંતુ આપ મને જાતવંત ઘોડાવાળો મજબૂત રથ આપો, સૂર્યોદય થતાં પહેલાં હું આપને વિદ્યાધરની જેમ જલ્દીથી પહોંચાડી દઈશ, રાજાએ જાતવંત ઘોડાવડે સુંદર અને મજબુત રથ તૈયાર કરાવ્યો, રાજાને રથમાં બેસાડી કુબ્જે રથને અતિ

ઝડપે દોડાવી મૂકયો, કુબ્જની કલાથી રાજા આશ્ચર્યચકિત થયો, પ્રાતઃકાળ થતાં પહેલાં રાજાને લઈને કુંડિનપુરના ઉદ્યાન પાસે આવી ઉભો.

અહીઆં દવદન્તીને રાત્રીમાં સ્વપ્નું આવ્યું કે નિર્વૃત્તિ દેવી આકાશમાં અદ્ભૂત કોશલા નગરીના ઉદ્યાનને લઈ ને આવી છે. અને તેણી દેવીની આજ્ઞાથી પાંદડા, ફુલ, ફલથી પરિપૂર્ણ આંબાના વૃક્ષ ઉપર ચઢી ગઈ, દેવીએ તેને એક ખીલેલું સુંદર કમલ આપ્યું. અને એક મદમત્ત મોટું પક્ષી આંબાના ઝાડ ઉપરથી પડી ગયું. આ પ્રમાણે દવદન્તીએ જોયેલું સ્વપ્ન પોતાના પિતા ભીમરાજાને કહ્યું. રાજાએ કહ્યું કે હે પુત્રી ! તને આવેલું સ્વપ્ન અતિ સુંદર છે. અદ્ભૂત સૂખને આપવાવાળું છે કોશલોદ્યાન દર્શન તને કોશલાનું રાજ્ય પ્રાપ્ત કરાવશે, આંબાના ઝાડ ઉપર ચઢવાના ફલમાં તને આજે જ તારા પતિનો મેળાપ થવો જોઈએ, હાથમાં આપેલા કમળનું ફળ તને તમામ પ્રકારની સંપત્તિ-ઓની પ્રાપ્તિ થશે, અને આંબાના ઝાડ ઉપરથી પડેલું પક્ષી તે જરૂરથી કુબેરનો રાજ્ય ભંગ થશે, અને પ્રાતઃકાળમાં આવેલું સ્વપ્ન તને તેના ફળની પ્રાપ્તિ જલ્દીથી કરાવશે.

આ પ્રમાણે પિતા પુત્રીની વાત ચાલતી હતી, એટલામાં એક મંગલ નામના પુરૂષે આવી રાજાને કહ્યું કે હે રાજન્ ! બહાર ઉદ્યાનમાં દધિપર્ણ રાજવી આવી ગયા છે. ભીમરાજા આગમનના સમાચાર સાંભળી પ્રેમપૂર્વક ત્યાં જઈને દધિપર્ણ રાજાને ભેટ્યા, ઘણી વાતચિતો થયા

બાદ ભીમરાજાને દધિપર્ણ રાજવીએ કહ્યું કે કુબ્જ પાસે સૂર્યપાક બનાવડાવો, તમામ પ્રકારની સામગ્રી ભીમરાજાએ કુબ્જને આપી સૂર્યપાક રસોઈ તૈયાર કરાવી અને હેતપૂર્વક બધાએ જમણ કર્યું.

રાજાએ દવદન્તીને પણ સૂર્યપાક રસોઈ જમવા માટે આપી, દવદન્તીએ રસોઈનો સ્વાદ ચાખીને નિશ્ચય કર્યો કે આ રસોઈ બનાવનાર 'નલરાજા, પોતે જ છે, કારણકે ઘણા વખત પહેલાં એક આચાર્ય મહારાજે કહ્યું હતું કે' સૂર્યપાક, રસોઈ નલરાજા સિવાય કોઈ બનાવી શકશે જ નહી, આચાર્ય ભગવંતની વાણી કોઈ દિવસ નિષ્ફળ હોય જ નહી. માટે નક્કી આ કુબ્જ તે જ નલરાજા છે. કોઈ પણ કારણથી જ તેઓ આવા કદરૂપા બની ગયા છે.

બીજી વાત તો તે છે કે કુબ્જની આંગળીનો સ્પર્શ થવાથી મારા તમામ અંગો રોમાંચને અનુભવે છે.

ત્યારબાદ દવદન્તીએ કહ્યું કે હે કુબ્જ! તું તિલક કરનારની જેમ જ મારા અંગને આંગળીથી સ્પર્શ કર! જ્યાં કુબ્જે આંગળીનો સ્પર્શ કર્યો ત્યાં તરત જ દવદન્તીના તમામ અંગો રોમાંચ અનુભવવા લાગ્યા, તે વારે તેણી બોલી હે ધૂર્ત! તે વખતે મધ્યરાત્રીએ ભયંકર જંગલમાં મને એકલીને મૂકી ચાલી ગયો, પણ હવે તું ક્યાં જઈશ! આ પ્રમાણે કહેતી દવદન્તી તે કુબ્જને મહેલના અંદરના ભાગમાં લઈ ગઈ, તે વારે કુબ્જે પોતાની પાસેના કરંડિઆમાંથી દિવ્ય વસ્ત્રો કાઢીને પહેર્યાં. તરત જ પહેલાનાં

કરતાં પણ અધિકતર અદ્‌ભૂત સ્વરૂપવંત નલરાજા દેખાવા લાગ્યા, દવદન્તીના અંતરમાં આનંદનો અવધિ ઉછળી રહ્યો હતો.

ભીમરાજા ત્યાં આવી નલરાજાને ભેટી પડ્યા, અને સિંહાસન ઉપર બેસાડ્યા, અને કહ્યું કે આ સપ્તાંગ રાજ્ય આપનું છે. આપ આદેશ આપો. હું આપની શું સેવા કરૂં ? ભીમરાજા જ્યારે વેત્રધારી બન્યા ત્યારે દધિપર્ણ રાજાએ તેને નમસ્કાર કરી પોતાની ભૂલને માટે ક્ષમા માગી, તે જ વખતે કુબેરની જેમ સંપત્તિવાન ધન સાર્થવાહ પણ આવી પહોંચ્યો, દવદન્તીએ ધન સાર્થવાહનો ભાઈ તરીકે આદર સત્કાર કર્યો, દધિપર્ણ, ઋતુપર્ણ તથા મહાબલવાન ભીમ રાજાએ 'નલરાજા,નો રાજ્યાભિષેક કર્યો, નલરાજાની આજ્ઞાથી પહેલાંની માફક તમામ રાજાઓ પોતપોતાના સૈન્ય સહિત હાજર થયા, જ્યોતિષિના આપેલ શુભમુહૂર્તે નલરાજાએ અયોધ્યા તરફ પ્રયાણ કર્યું.

પર્વતોને કંપાવતી, ઉડતી ધૂળ વડે સૂર્યને ઢાંકી દેતી નલરાજાની સેના પ્રયાણ કરતી કરતી, રતિવલ્લભ નામના કોશલોદ્યાનમાં આવી પહોંચી, નલરાજાને અતિ બલવાન સૈન્ય સહિત આવેલા જાણી કુબેર ભયભીત બની ગયો, નલરાજાએ દૂતને કુબેર પાસે મોકલાવ્યો, અક્ષ, નામના યુદ્ધનું આહ્‌વાહ્ન કર્યું. જે બન્ને જણે કબુલ કર્યું. ભયંકર યુદ્ધમાં કુબેરનો પરાજય થયો, નલરાજાએ યુદ્ધમાં હારેલ કુબેરનો તિરસ્કાર નહી કરતાં પ્રેમપૂર્વક પોતાની

પાસે બેસાડ્યો, વિદ્વાનપુરૂષો ભયંકર એવા હૃદયવાળા પોતાના ભાઈનો તિરસ્કાર કરતાં જ નથી.

એ જ નીતિથી કુબેરનો તિરસ્કાર નહી કરતાં તેને પ્રથમની જેમ જ યુવરાજ પદે સ્થાપિત કર્યો, અને મોટા આડંબર સહિત દવદન્તી સહિત નલરાજાએ કોશલાનગરીમાં પ્રવેશ કર્યો, અર્ધ ભારતના ખંડીઆ રાજાઓએ ભેટ દ્વારા કોશલાનગરીને કુબેરપુરી બનાવી દીધી, બધા રાજાઓને પોતપોતાના સ્થાને વિદાય કરી, નલરાજાએ જિનમંદિરોમાં પૂજોત્સવ કર્યો, અમારી પડહ વગડાવી, હજારો વર્ષ સુધી દવદન્તીની સાથે ભરતક્ષેત્રની ત્રિખંડ લક્ષ્મીનો ઉપભોગ કર્યો.

એક સમય દેવલોકમાંથી આવી મનુષ્ય રૂપને ધારણ કરી, નિષધરાજા, નલની પાસે આવી કહેવા લાગ્યા કે હાય ! ગામમાં ફરતાં ભૂંડની સ્થિતિ કેટલી ભયંકર છે કે સારી વસ્તુઓને છોડી, કાદવ તથા વિષ્ટામાં જ રહે છે. નલરાજાએ ભૂંડની સ્થિતિની નિંદા કરી, નિષધ, દેવે કહ્યું કે વત્સ ! તારું પણ ચરિત્ર તેવું જ છે, કેમકે તેં ઉપશમ સુખની અપેક્ષા રાખી દીક્ષા લીધી જ નથી, અહીંનું સપ્તાંગ રાજ્ય એકાંતે તને નરકગતિ પ્રાપ્ત કરાવનાર છે. હું તારો પિતા નિષધ છું. સર્પ દર્શન વખતે મેં તને કહ્યું હતું કે દીક્ષાના અવસરે આવી હું તને સમયસર સુચના આપીશ. માટે હવે દીક્ષા સમય આવી ગયો છે.

આ પ્રમાણે કહીને નિષધદેવ અંતર્ધ્યાન થઈ ગયો. ત્યારબાદ નલરાજા દવદન્તી સહિત જિનસેન ગુરૂમહારાજની

પાસે વંદન કરવા ગયા, ત્યાં મુનીશ્વરે તેઓને ભવવૈરાગ્ય-કારિણી દેશના આપી, દેશના સાંભળી તે બન્ને જણાએ પોતાનો પૂર્વ વૃત્તાંત મુનીશ્વરને પૂછચો, મુનિએ કહ્યું કે હે રાજન્! તેં મુનીશ્વરને દૂધનું દાન આપ્યું તેના પ્રભાવથી તમને રાજ્ય લક્ષ્મીની પ્રાપ્તિ થઈ, દવદન્તીએ શિયલ તપની ઉત્કૃષ્ટ આરાધના કરી જેનાથી તેને અત્યુત્તમ સૌભાગ્યની પ્રાપ્તિ થઈ, તમે બન્ને જણાએ મહામુનીશ્વરને બાર ઘડી સુધી કષ્ટ આપ્યું તેનું ફળ બાર વર્ષ સુધી તમો બન્ને જણાએ દુઃખ ભોગવ્યું.

આ સાંભળી રાજારાણીએ 'અર્થ અને કામ' થી પોતાના મનને હઠાવી ધર્મધ્યાનમાં ચિત્તને સ્થિર બનાવ્યું. પોતાના પુત્ર પુષ્કળને રાજ્યગાદી સુપ્રત કરી. નલરાજાએ દવદન્તી સહિત સંયમ અંગિકાર કર્યો, દવદન્તી સાધ્વીએ સાધ્વીજીની સાથે વિહાર કર્યો, નલરાજાએ જિનસેન ગુરૂ મહારાજની સાથે વિહાર કર્યો, એક વખતે વિહારમાં એક ગામમાં સાધુ સમુદાય તથા સાધ્વી સમુદાય એકત્રિત થયા, જ્યાં સાધ્વીજીને જોઈ 'નલ'નું ચિત્ત કામાતુર બન્યું. કામજ્વરથી તેનું અંગેઅંગ બળવા લાગ્યું.

ગુરૂમહારાજને ખબર પડવાથી નલનો ત્યાગ કર્યો, તે વારે સ્વર્ગેથી આવી નિષધદેવે નલમુનિને ઉપદેશ આપ્યો, અને કામનું મૂળ જે સંકલ્પ છે તેને છોડવાનો આગ્રહ કર્યો, દેવ ઉપદેશ આપી સ્વર્ગમાં ચાલી ગયા, દેવના ગયા બાદ, નળમુનિએ અનશન ગ્રહણ કર્યું નલ ઉપરના

અનુરાગથી દવદન્તીએ પણ અનશન ગ્રહણ કર્યું. નલમુનિ, મરીને કુબેર બન્યા, અને દવદન્તી મરીને કનકવતી બની, હું પોતે જ તે કુબેર છું, કનકવતી તે તું છે. પૂર્વ જન્મના અનુરાગથી હું સ્વયંવર જોવા માટે આવ્યો છું; આજ ભવમાં તું મૂક્તિએ જવાની છે. આ પ્રમાણે કુબેરે કનકવતીના પૂર્વ જન્મનો વૃત્તાંત શ્રી વસુદેવને કહી શ્રી કુબેર અંતર્ધ્યાન થઈ ગયા.

"ઇતિ નલ દમયંતી તથા કનકવતી પરિણય કથા સમાપ્ત"

વિદ્યાધરોથી પૂજાતા વસુદેવ નવનવી વિદ્યાધર પુત્રીઓની સાથે સતત ક્રીડાઓમાં મગ્ન બનવા લાગ્યા, એક દિવસ મધ્ય રાત્રિને વિષે ભરનિદ્રામાં સૂતેલા વસુદેવને સૂર્પક, ઉપાડી ગયો. ત્યારે વસુદેવ નિદ્રામુક્ત થયા, તે વખતે સૂર્પક,ને મુષ્ટિઘાત કર્યો, મૂષ્ટિના પ્રહારથી જર્જરિત થયેલા સૂર્પકે વસુદેવને હાથમાંથી છોડી દીધા, વસુદેવ ગોદાવરીમાં જઈને પડયા, ત્યાંથી તરીને કિનારે આવ્યા, ચાલતાં ચાલતાં તેઓ કોલ્લાપુર આવ્યા, ત્યાં પદ્મરથ રાજાની પુત્રી પદ્મશ્રીની સાથે લગ્ન કર્યા, ત્યાંથી વસુદેવનું નિલકંઠે હરણ કર્યું. અને ચમ્પાસરોવરમાં ફેંકી દીધા.

સરોવરમાંથી તરીને બહાર આવ્યા, મંત્રી પુત્રી સાથે લગ્ન કર્યા, ફરીથી સૂર્પકે તેઓનું હરણ કર્યું. ગંગા નદીમાં તેમને ફેંકી દીધા, નદીમાંથી બહાર નીકળીને જરા નામના પલ્લીપતિની પુત્રી સાથે લગ્ન કર્યા, તેણે જરા-

કુમાર નામના પુત્રને જન્મ આપ્યો, ત્યાર બાદ અવન્તિ સુન્દરી, સૂરસેના, જીવયશા, આદિ રાજપુત્રીઓ સાથે લગ્ન કર્યા, એક દિવસ એક દેવીએ પ્રત્યક્ષ થઈને કહ્યું કે હું અરિષ્ટપુરના રૂધિર રાજાની રોહિણી, નામે પુત્રી છું. મારો સ્વયંવર થવાનો છે, આપ તેમાં પડહ વગાડજો, એટલે હું આપને વરમાલા પહેરાવીશ, વસુદેવે તે વાતનો સ્વીકાર કર્યો, રૂધિરરાજાએ ભવ્ય સ્વયંવરની રચના કરી, તમામ રાજાઓને આમંત્રણ આપ્યું. જેમાં સમુદ્રવિજય, જરાસંઘ, કંસ આદિ અનેક રાજાઓ ઉપસ્થિત થયા, સમયસર પોતપોતાના મંચ ઉપર બેસી ગયા.

માલાને ગ્રહણ કરી રોહિણી સભામાં આવી, રોહિણીને જોઈ દરેક રાજાઓને કામવિકાર ઉત્પન્ન થયો, અને રોહિણી પ્રાપ્તિના મનોરથો સેવવા લાગ્યા, એટલામાં વસુદેવે પડહ વગાડ્યો, તેણીએ આવી વસુદેવના ગળામાં માલા પહેરાવી, બધા રાજાઓએ વિરોધ કર્યો, અને એકત્રિત થઈને રૂધિરરાજાને ભૂલ બતાવવા લાગ્યા, વસુદેવે પણ વિરોધી રાજાઓના કાનને કડવાશ ઉત્પન્ન થાય તેવી કટુ વાણીથી જવાબ આપ્યો, યુદ્ધની તૈયારીઓ થવા લાગી, દધિમૂખ વિદ્યાધર વસુદેવના સારથિ બન્યા, વેગવતીની માતા અંગારવતીએ દિવ્ય ધનુષ્ય અને બાણ આદિ સામગ્રી તૈયાર કરી આપી, વસુદેવે શત્રુંજય, દન્તિવ, દંતિવક્ર, શલ્યાદિ રાજાઓને પરાજિત કર્યા, જરાસંઘે સમુદ્રવિજયની ખૂબ જ પ્રશંસા કરી યુદ્ધને માટે ઉત્તેજિત કર્યા, સમુદ્રવિજય

યુદ્ધના માટે તૈયાર થયા તે વારે વસુદેવે એક બાણુથી સમુદ્રવિજયને નમસ્કાર કર્યા અને પોતાનો પરિચય આપ્યો.

સમુદ્રવિજય અપૂર્વ આનંદિત થયા, તેઓ રથથી ઉતરીને વસુદેવને ભેટવા માટે દોડયા, વસુદેવે રથમાંથી ઉતરીને વડીલ બંધુને પ્રણામ કર્યા, જરાસંઘાદિ રાજાઓ અત્યંત ખૂશ થયા, શુભ મુહૂર્તે વસુદેવના રોહિણી સાથે લગ્ન થયા, રૂધિરરાજાએ પુત્રીને ઘણું કન્યાદાન આપ્યું, સ્વયંવરમાં આવેલા તમામ રાજાઓનો સત્કાર કરી રૂધિર રાજાએ બધાને વિદાયગિરિ આપી, કંસ સહિત યદુવંશીય રાજાઓ ત્યાં રોકાયા. એક દિવસ એક વૃદ્ધાવસ્થાએ પહોંચેલી કોઈ સ્ત્રીએ આકાશમાંથી ઉતરીને સમુદ્રવિજયની સભામાં આવી. વસુદેવને આશિર્વાદ આપતા કહ્યું કે આપની પુત્રી બાલચન્દ્રા વેગવતી આપના વિરહથી ખૂબ જ દુઃખી થઈ છે. તેના માટે આપને હું લેવા આવી છું. હું તેની માતા ધનવતી છું; વૃદ્ધાની વાત સાંભળી સમુદ્રવિજયે વસુદેવને ત્યાં જવાનો આદેશ આપ્યો, અને કહ્યું કે જઈને તરત જ પાછા આવી જશો, વસુદેવ આકાશમાર્ગે ત્યાંથી જવા માટે નીકળ્યા, અને કંસ સહિત સમુદ્રવિજય પોતાના નગરમાં આવ્યા, અનેક વિદ્યાધરોની કન્યાઓ સાથે લગ્ન કરી વિદ્યાધરેન્દ્રની જેમ અનેક ખેચરોની સાથે શૌર્યપુર નગરમાં આવ્યા, સમુદ્રવિજયાદિ સહકુટુંબે તેમનું સ્વાગત કર્યું.

સમુદ્રવિજયે મોટો મહોત્સવ કર્યો, વસુદેવે કહ્યું કે હે દેવ ! સ્થાનત્યાગ કરવાથી જાતવંત મણિ અને સજ્જ-

નોનો મહિમા વધે છે. સમુદ્રવિજય રાજાએ વસુદેવને રાજ્યાસન ઉપર બેસાડયા, સમુદ્રવિજય રાજા તરફ અખૂટ ભક્તિવાળા વસુદેવ, વિદ્યાધરો તથા ખેચરોથી સેવાતા રાજ્યોપભોગ કરતા હતા.

## ।। ઇતિ વાસુદેવ હીંડી સમાપ્ત ।।

અનેક તારાઓ હોવા છતાં પણ રોહિણીની પ્રીતિ ચંદ્રમા ઉપર વધારે હોય છે. તેમ પોતાની બધી પત્નીઓ કરતાં વધારે પ્રીતિ તથા દૃષ્ટિ રોહિણી ઉપર વધારે છે. મહાશુક્ર નામના દેવલોકમાંથી ચ્યવીને રાજલલિત મહામુનિનો જીવ રાણીની કુક્ષીમાં ઉત્પન્ન થયો છે. ગર્ભાવાસના દિવસો પૂર્ણ થયેથી, ઉચ્ચ ગ્રહોથી વિભૂષિત સમયે રોહિણીએ પુત્ર રત્નને જન્મ આપ્યો. જરાસન્ધ આદિ રાજાઓએ દિવ્ય ઉપહારોથી પુત્રજન્મોત્સવ કર્યો, બારમા દિવસે મોટા મહોત્સવ સહિત નામકરણ કરવામાં આવ્યું. અદ્ભુત કાંતિવાળો પુત્ર હોવાથી માતા–પિતાની ઇચ્છાથી તેનું નામ ‘ રામ ’ રાખવામાં આવ્યું.

એક વખત નારદજી શ્રી સમુદ્રવિજયની પાસે આવ્યા, કંસ રાજાએ પોતાની બ્હેન દેવકીજીની સાથે વસુદેવને પરણવા માટે નારદજીને વિનંતી કરી. નારદજીએ દેવકીજીની મહા પ્રશંસા કરી, અને કહ્યું કે વિદ્યાધરીઓ તો દેવકીજીની સામે, પગે ચોંટેલી ધૂળ સમાન છે. આ પ્રમાણે વસુદેવને નારદજીએ કહ્યું. ત્યાંથી નીકળી નારદજી ‘ દેવક’ ના ત્યાં જઈને દેવકીજીની પાસે વસુદેવના ગુણગાન ગાયા,

પહેલાં તો દેવકે નારદજીના આ વ્યવહારને અનુચિત સમજીને કન્યા આપવાને માટે 'ના, કહી દીધી, બાદમાં અંતઃપુરમાં જઈને બધાનો વિચાર લઈ દેવકીજીના લગ્નની 'હા, કહી દીધી, શુભમુહૂર્તે બંનેના લગ્ન થયા.

એક દિવસ કંસના ત્યાં કોઈ મુનિ આવ્યા, કંસની સ્ત્રી 'જીવયશા, વિવાહોત્સવમાં પૂર્ણ આનંદનો અનુભવ કરી રહી હતી. મુનિએ જીવયશાને કહ્યું કે આના સાતમા ગર્ભથી તારા પિતા (જરાસંઘ) અને તારા પિતા (કંસ) નું મૃત્યુ થશે. મુનિના શબ્દો સાંભળી 'જીવયશા, બેબાકળી બની ગઈ.

તેણીએ પોતાના પ્રિયતમ કંસ રાજાને કહ્યું, કંસ પ્રેમપૂર્વક વસુદેવને ત્યાં આવ્યા, વસુદેવે તેમનો સુંદર સત્કાર કર્યો, અને બોલ્યા કે તમો તો મને મારા પ્રાણથી પણ અધિક પ્રિય છો, તમારે જે કહેવું હોય તે કહો, તમારા શબ્દોનો હું પૂરેપૂરો અમલ કરીશ, તે વારે કંસે કહ્યું કે હે મિત્ર! તમે દેવકીના સાત બાળકો જન્મતાની સાથે જ મને સુપ્રત કરજો, સરળ સ્વભાવી વસુદેવ, કંસના કપટને સમજી શક્યા નહી. અને કંસની વાત માન્ય કરી, 'કંસ, પોતાના સ્થાનમાં આવ્યા.

આ બાજુ દેવકી સહિત વસુદેવે સત્ય બીના જાણી ત્યારે અત્યંત દુઃખી થયા, અને વસુદેવ પશ્ચાતાપ કરવા લાગ્યા, કેમકે કંસની સાથે વચનથી બંધાઈ ગયા હતા.

ભદ્રિલપુર નામના નગરમાં નાગ નામે શ્રાવક હતો, તેને સુલસા નામની પત્ની હતી, બાલ્યાવસ્થામાં એક મુનીશ્વરે તેણીને કહ્યું હતું કે આના ઉદરમાં ઉત્પન્ન થનાર તમામ ગર્ભોનો નાશ થશે. તે વારે ઈન્દ્રપતિ સેનાધિશ નૈગમેષી દેવની આરાધના કરી, જે આરાધનાથી તે દેવ પ્રસન્ન થયો, તે દેવે પોતાની શક્તિથી દેવકીજીના ગર્ભોને સુલસાના ઉદરમાં અને સુલસાના ગર્ભોને દેવકીજીના ઉદરમાં સમાવિષ્ટ કર્યા.

ઉચિત સમયે દેવકીજીએ એક પછી એક એમ છ ને જન્મ આપ્યો, પણ તે છએ મૃતાઅવસ્થામાં જ જન્મેલ હતા. તે છએને કંસને આપ્યા, 'કંસે, મરેલા બાળકોને પણ મરાવી નાખ્યા, ત્યારબાદ સિંહ, પદ્મસરોવર, સૂર્ય, વિમાન, અગ્નિ, હાથી, ધ્વજ, આદિ સ્વપ્નથી સૂચિત એક જીવ દેવકીજીના ઉદરમાં ઉત્પન્ન થયો, દેવકીજીએ સ્વપ્નની વાત વસુદેવને કરી, ત્યારે વસુદેવે કહ્યું કે તું બળવાન પુત્રરત્નને જન્મ આપીશ.

ગંગદત્તનો જીવ શુક્ર દેવલોકથી ચ્યવીને દેવકીજીના ગર્ભમાં ઉત્પન્ન થયો છે. સંપૂર્ણ દોહદવાળી માતાએ પોતાના આત્માની જેમ ગર્ભને પોષણ આપવા માંડયું. નવમહિના ઉપર થોડા દિવસો ગયા બાદ શ્રાવણ કૃષ્ણ અષ્ટમીની અર્ધરાત્રિએ કલ્પવેલડીના પલ્લવની જેમ દેવકીજીએ દિવ્યલક્ષણથી પરિપૂર્ણ પુત્રરત્નને જન્મ આપ્યો, તેના પુણ્યોદયે 'કંસે, સતત ધ્યાન રાખવા માટે

નિયુક્ત કરેલા રક્ષકો નિદ્રાવસ્થામાં હતા, પુત્રજન્મ બાદ તરત જ દેવકીજીએ ' વસુદેવને, કહ્યું કે આપના ભોળપણથી છ પુત્રો કંસે મારી નાખ્યા છે, આને પણ 'કંસ, મારી નાખશે, માટે આપ તેનું રક્ષણ કરવા માટે પ્રયત્ન કરો.

જિનેશ્વર ભગવંતના વચનો છે કે માયાથી પણ જીવનું રક્ષણ કરવું જોઇએ. માટે તમે આને લઈ ને માતામહને ત્યાં મૂકી આવો, મારાથી પણ અધિક વાત્સલ્યવાળી યશોદા આપણા પુત્રનું લાલન, પાલન અને રક્ષણ કરશે, વસુદેવ તે બાળકને લઈ ને ચાલવા લાગ્યા, માર્ગમાં આઠે દિશાઓમાંથી પુષ્પવૃષ્ટિ થવા લાગી, તેની આગળ સફેદ બળદના રૂપમાં દેવતાઓ ચાલવા લાગ્યા, જતાની સાથે નગરના દરવાજા એકાએક ખુલી ગયા, ગાયોના વાડા પાસે ઉગ્રસેન નામના રક્ષકે પૂછ્યું કે આ કરંડીયામાં શું છે?

વસુદેવે તે કરંડીઓ ખોલીને બતાવ્યો, અને કહ્યું કે તમે આ વાત કોઇને કહેશો નહી. વસુદેવ 'નંદન, ને ત્યાં આવ્યા, ત્યાં યશોદાએ પણ પુત્રીને જન્મ આપ્યો હતો, પુત્રને ત્યાં મૂકી યશોદાએ જન્મ આપેલી બાળકીને લઈ વસુદેવ પોતાના સ્થાનમાં આવ્યા, ત્યારે કંસના રક્ષકો જાગ્રત થયા, પુત્રીનો જન્મ જાણીને પુત્રી લઈ કંસને સમર્પિત કરી, કંસ તે પુત્રીને જોઈ મુનિના જ્ઞાન ઉપર હાંસી કરવા લાગ્યો, અને હસીને કંસ રાજાએ તે પુત્રી

દેવકીજીને પાછી આપી, જેનાથી દેવકીજી ખુબ જ આનં-દિત બન્યા.

ત્યારબાદ ગાયનું વ્રત છે. તેમ કહીને દેવકીજી દરરોજ રાતના વ્રજમાં જતા હતા, પોતાના પુત્રને યશોદાના ત્યાં જોઈને આનંદ પ્રાપ્ત કરતા હતા, ત્યારથી ગાયનું વ્રત ચાલુ થયું. પિતાના વેરથી સૂપર્ણાની પુત્રી શકુનિ અને પુતના વસુદેવના ઉપર અપકારનો બદલો લેવામાં નિષ્ફળ જવાથી વિદ્યા બળ વડે વસુદેવના પુત્ર જાણી મારવા માટે તે બન્ને ગોકુળમાં આવી. પુતનાએ ઝેર ચોપડેલા પોતાના સ્તન વડે કૃષ્ણને સ્તનપાન કરાવ્યું. અને શકુનિ ગાડા ઉપર ચઢાવીને શ્રી કૃષ્ણને પાડવા લાગી પણ દેવતાઓએ શ્રી કૃષ્ણનું રક્ષણ કર્યું.

નન્દે, જોયું કે શ્રી કૃષ્ણ કુશલ છે અને ગાડાના પડી જવાથી બન્ને વિદ્યાધરીઓ કચરાઈને મરણ પામી છે. કૃષ્ણ ક્યાંય ચાલી ન જાય માટે તેમને દોરીથી બાંધ-વામાં આવતા હતા, એટલામાં ‘સૂર્પક’ પોતાના પિતા-મહનું વેર લેવા માટે અર્જુન બનીને આવ્યો, શ્રી કૃષ્ણનું રક્ષણ કરનારી દેવીએ તેનો નાશ કર્યો. ગોકુળથી બધી ગોપીઓ શ્રીકૃષ્ણને ‘દામોદર’ કહીને બોલાવતી હતી.

શ્રી કૃષ્ણ અનેક પ્રકારની ક્રીડાઓને કરતાં આનંદ-પૂર્વક ગોકુળમાં રહેતા હતા, ઉપદ્રવના અનેક પ્રકારના સમાચાર જાણી વસુદેવે શૌર્યપૂરથી રોહિણી પૂત્રને, ‘રામ, ને બોલાવી કૃષ્ણના રક્ષણ માટે મૂકયા, રામથી શિક્ષણને

પ્રાપ્ત કરતા શ્રી કૃષ્ણ અસ્ત્રશસ્ત્રમાં પારંગત બન્યા, બન્ને ભાઈઓ સૂર્ય અને ચંદ્રની જેમ વ્રજ રૂપી આકાશમાં શોભવા લાગ્યા, બન્ને જણાની ઉંમરમાં તફાવત હોવા છતાં સાથે જ રમતા હતા, એક બીજાના દુઃખમાં દુઃખી બનતા હતા, તે બન્ને ભાઈઓ ગોપીઓની સાથે અનેક પ્રકારની નૃત્યાદિ ક્રીડાઓમાં મગ્ન રહેવા લાગ્યા.

કૃષ્ણ તરફ ગોપીઓ કામ ભાવથી જોવા લાગી. મદિરા પાનના બહાના વડે શ્રી કૃષ્ણના વક્ષ સ્થલ ઉપર પડવા લાગી. કૃષ્ણ યમુના નદીમાંથી વિકસિત કમલોને લાવી ગોપીઓને શણગારવા લાગ્યા, તારા ભાઈ હમારા ચિત્તની ચોરી શા માટે કરે છે? આ પ્રમાણે ગોપીઓ બલરામને કહેવા લાગી, આ પ્રમાણે ગોપાંગનાની સાથે શ્રી કૃષ્ણના ઘણા વર્ષો વ્યતિત થયા.

॥ ઇતિ છટ્ઠો સર્ગ સંપૂર્ણ ॥

# સાતમો સર્ગ

જંબુદ્રીપના ભરતખંડના લક્ષ્મીના વિરામસ્થાન સમાન અચલપુર નામે એક નગર છે. જ્યાં ચક્રવર્તિ સમાન ઐશ્વર્યવાળા શ્રીમંતોના સાત મજલાના પ્રસાદો મધ્યાહ્ન સમયે સુવર્ણ સમાન દેખાતા હતા જ્યાંના દેવમંદિરોને વિષે સ્વર્ગથી લક્ષ્મી ઉતરી આવતી હોય તેમ જણાતું હતું. ત્યાં અત્યંત પરાક્રમી શ્રી વિક્રમધન નામે રાજાએ અનેક યુદ્ધોથી વિજયશ્રીને પોતાની દાસી બનાવીને રાખી હતી. જે નરેન્દ્રોથી નવિન કીર્તિગંગા નીકળીને ભૂતલને પવિત્ર બનાવતી હતી, જેના ચિત્ત સરોવરમાં સતત રહેવા-વાળી વિશુદ્ધ રાજહંસી સમાન ધારિણી નામે રાણી હતી. તેણીએ સ્વપ્નમાં રૂપ, આમોદ, રસ આદિથી ભ્રમણ કરતા ભમરાઓના સમૂહ સહિત સહકાર મહાવૃક્ષને રાત્રિના પાછલા પ્રહરમાં જોયો, તે મહાવૃક્ષને હાથમાં ધારણ કરીને ઉભેલા દિવ્ય માણસે કહ્યું કે આ વૃક્ષની ડાળી તમારા આંગણામાં રોપું છું. થોડા દિવસો પછી તેમાંથી એક ડાળી લઈને બીજી જગ્યાએ રોપીશ.

આ પ્રમાણે શાલિની જેમ તેની ખૂબ જ વૃદ્ધિ થશે. આ વૃક્ષનું આ રીતે નવ વખત રોપણ કરવાથી તેનું

અત્યંત સુંદર પરિણામ તથા અદ્ભૂત ફલની પ્રાપ્તિ થશે. ધારિણી રાણીએ સવારના ઉત્સાહપૂર્વક રાજાને રાતના સ્વપ્નની વાત કરી. રાજાએ પણ પંડિતો સાથે વિચારણા કરી. તેઓએ સ્વપ્નનું ફલ પુત્રોત્પત્તિ બતાવી. સહકાર વૃક્ષને અલગ અલગ નવ જગ્યાએ રોપવાથી શું ફલ પ્રાપ્ત થશે, તે હમે જાણતા નથી. ફક્ત ' કેવલી ' જાણી શકે છે.

ધારિણી રાજા તથા પંડિતો પાસેથી આનંદપૂર્વક વાત સાંભળી સુખપૂર્વક ગર્ભનું પોષણ કરવા લાગી. ત્યાર બાદ નવ મહિના અને થોડાક દિવસ બાદ દેવભૂમિમાં જેમ કલ્પવૃક્ષ ફળ આપે તેમ ધારિણીએ પુત્રરત્નને જન્મ આપ્યો.

રાજાએ હર્ષોલ્લાસપૂર્વક દશ દિવસ સુધી દાન આપી ઉત્સવ કર્યો. બારમે દિવસે રાજાએ કુલવૃદ્ધાઓને વસ્ત્રાભરણ રત્નાદિદ્વારા બહુમાન કરીને પુત્રનું નામ ' ધન ' રાખ્યું. આશાઓને પ્રકાશિત કરનાર તે પુત્ર શુક્લપક્ષના ચંદ્રમાની જેમ માતાપિતાને આનંદ આપતો મોટો થવા લાગ્યો. તેને નિશાળે ભણવા મૂકયો. અલ્પ મહેનત વડે પંડિત પાસે પૂર્વજન્મના સંસ્કારના સંયોગથી કરીને અનેક પ્રકારની કલાઓ, શાસ્ત્રો તથા તત્ત્વનો અભ્યાસ કર્યો. અનુક્રમે 'ધન' યૌવનાવસ્થાને પામ્યો.

કુસુમપુરમાં અનેક પ્રકારના પાપકર્મોને કરનારો સિંહ સમાન અત્યન્ત ઉદ્ધત અને ક્રૂર સિંહ નામનો રાજા હતો.

'તેને ગંગા નદીની સદૃશ નિર્મલ અને પવિત્ર' વિમલા નામે પટ્ટરાણી હતી, સમુદ્રમાંથી ઘણા રત્નોની પ્રાપ્તિ થયા બાદ જેમ લક્ષ્મીની પ્રાપ્તિ થાય છે, તેમ રાજાને ઘણા પૂત્રોની પ્રાપ્તિ થયા બાદ વિમલની કુક્ષિથી ધનવતી નામની પૂત્રીની પ્રાપ્તિ થઈ, તેણી બીજના ચંદ્રમાની જેમ દિન પ્રતિદિન વૃદ્ધિ પામવા લાગી, બીજી સ્ત્રીઓના રૂપ અને લાવણ્યને તિરસ્કાર કરતાં હોય તેમ તેના અંગ ઉપર રૂપ અને લાવણ્ય ખીલી ઉઠયા, રતિને પણ લજ્જિત બનાવતી તે ધનવતી યૌવનાવસ્થાને પ્રાપ્ત કરી ચૂકી, એક વખતે સમુદ્રકાન્તા (નદીઓ) ને પ્રસન્ન કરવાવાળી શરદઋતુએ જગત ઉપર પ્રવેશ કર્યો.

સાક્ષાત્ અપ્સરાઓ સમાન પોતાની બહેનપણીઓની સાથે લક્ષ્મી સમાન ધનવતી હંસના મધુર ધ્વનિથી સુંદર ઉદ્યાનમાં સ્વચ્છંદપણે ફરતી હતી, દરેક ઝાડની પાસે ફરતી ધનવતીએ બે પ્રકારના ચિત્રને હાથમાં ગ્રહણ કરેલા એક મનુષ્યને આસોપાલવના ઝાડ નીચે જોયો, ધનવતીની સખી કમલિનીએ કૌતુકથી તેના હાથમાંથી ચિત્રપટ લઈ લીધે', તેમાં અનુપમ પ્રકારનું રૂપ જોઈને અત્યંત આશ્ચર્ય ચકિત બનીને તેણીએ પૂછ્યું કે હે ચિત્રકાર ? તેં આ ચિત્રપટમાં કોનું ચિત્ર દોર્યું છે ? સુર, અસુર અને મનુષ્યોમાં પણ અસંભવિત આ ચિત્રને દોરી તું તારૂં કલાકૌશલ્ય બતાવે છે?

કારણ કે આ ચિત્રપટમાં દોરેલું ચિત્ર ત્રણે જગતની રચના કરીને ઉદ્વેગ પામેલા, વૃદ્ધાવસ્થાએ બ્રહ્માનું રૂપ

ક્યાંથી હોઈ શકે ? કમલિનીએ ચિત્રકારને આ રીતે પૂછયું ત્યારે ચિત્રકારે જવાબ આપ્યો કે આ મારી કલ્પના કે ચતુરાઈ નથી. પણ મેં જેવું દેખ્યું છે તેવું જ ચિત્રકામ કર્યું છે. આ અપ્રતિમરૂપ અચલપુરના મહારાજા શ્રી વિક્રમ ધનના પુત્રનું છે. સાક્ષાત્ જેઓ તેને જુએ છે ત્યારે આ ચિત્ર જોનારાઓ મને ચિત્રકાર તરીકે મૂર્ખ માને છે.

ભદ્રે ! આંખનાં અમૃતાંજન રૂપ તેને જોયા સિવાય પણ આ ચિત્ર જોઈ તું આશ્ચર્ય અનુભવે છે. બાજુમાં ઉભી રહેલી ધનવતીએ પણ તે વાતોને સાંભળી તથા ચિત્રને જોયું. તેણીનું હૃદયકમલ કામબાણોથી વિંધાઈ ગયું. ધનવતી તે ક્ષણથી જ 'ધન'ના પ્રત્યે અનુરાગવાળી થઈ ગઈ અને ક્રીડાને પીડા માની પોતાના ઘેર ચાલી આવી, પરમાત્માના ધ્યાનમાં યોગિની જેમ એકતાન બનીને રહે છે. તેમ 'ધનવતી એકતાનથી ધનમાં જ પોતાનું ચિત્ત જોડીને સમસ્ત વિશ્વને ધનમય દેખવા લાગી, નિદ્રા, ભૂખ, તૃષાદિની વેદનાથી રહિત ધનવતી 'દેવી' સદેશ બની ગઈ.

ત્યારે કમલિનીએ કહ્યું કે કયા પ્રકારના આધિ, વ્યાધિથી તું આ પ્રમાણે નિર્બળ, દુર્બળ, બની ગઈ છે ? કૃત્રિમ ક્રોધને બતાવતી ધનવતીએ કહ્યું કે અજાણ્યા માણસની જેમ તું આ પ્રમાણે કેમ પૂછે છે ? કમલિનીએ પોતાની ભૂલની માફી માંગી, અને કહ્યું કે યોગ્ય વ્યક્તિમાં તારો અનુરાગ જોઈને મેં આદર ભાવથી એક જ્યોતિષિને પૂછયું કે મારી સખી મનમાં ચિન્તવેલા પતિને પ્રાપ્ત

કરી શકશે કે નહી ? ત્યારે તેણે મને વિશ્વાસપૂર્વક કહ્યું કે તારી સખી ધનવતી, મનમાં ચિન્તવેલા પતિને જરૂરથી પ્રાપ્ત કરશે.

માટે હે સખિ ! તું મનમાં ધૈર્ય ધારણ કર, નિર્બળતા છોડી દે, શંકા રહિત બન, કમલિનીથી આશ્વાસન પામેલી ધનવતી માતા પાસે ગઈ, અનેક પ્રકારના શ્રૃંગાર તથા વૈવિધ્યપૂર્ણ અલંકાર યુક્ત બનીને પિતા પાસે ગઈ. ધનવતીના માટે પતિની તપાસમાં રાજા ચિંતાતુર બનીને બેઠો હતો, એટલામાં પહેલેથી વિક્રમધનની સભામાં મોકલાવેલ દૂત તેજ સમયે પાછો આવ્યો, રાજ્યકાર્યની વાતચિત કર્યા બાદ તે મૌન થઈ ગયો.

તે વારે રાજાએ પૂછ્યું કે તેં કાંઈક નવીન જોયું કે ? દૂતે કહ્યું કે હે રાજન્ ! જે રૂપ વિદ્યાધરો, સૂર, નરેન્દ્ર કે અસૂર પાસે નથી તેવું અદ્ભૂત રૂપ વિક્રમધનના પુત્રનું હું જોઈને આવ્યો છું; તેનું રૂપ જોયા પછી વિચાર કર્યો કે ધનવતી, માટે તે યોગ્ય પતિ છે. વિધાતા પણ તે બન્નેનો યોગ સાધી આપી યશ પ્રાપ્ત કરે તેવી મારી ઇચ્છા છે. રાજાએ પ્રસન્ન બની દૂતની ખૂબ જ પ્રશંસા કરી, અને કહ્યું કે તું જ વિક્રમધન રાજવી પાસે જઈને ધનવતીના માટે ધનકુમારની માગણી કર.

રાજાને પ્રણામ કરવા આવેલી ધનવતીની નાનીબેન ચંદ્રાવતીએ પિતાની અને દૂતની વાત સાંભળી આનંદપૂર્વક જલ્દીથી મહેલમાં જઈને ધનવતીને સાંભળેલી વાત કહી.

પણ ધનવતીએ ચંદ્રાવતીની વાત ઉપર વિશ્વાસ કર્યો નહી. ત્યારે કમલિનીએ કહ્યું કે હે ધનવતી! દૂત હજુ અહીં-આંજ છે તેને તું બોલાવીને પૂછી લે, કે જેથી તારી શંકાનું નિવારણ થાય.

તરત જ ધનવતીએ દાસી દ્વારા દૂતને બોલાવ્યો, દૂતના મૂખથી વૃત્તાંત સાંભળીને તેણી આનંદિત બની, ધનવતીએ કુંકુમરસથી લેખ લખીને ધનકુમારને આપવા માટે દૂતને આપ્યો, દૂત જલ્દીથી અચલપુર પહોંચ્યો, રાજા સમક્ષ રાજ્ય સભામાં ઉપસ્થિત થયો, વિક્રમધને દૂતને કહ્યું કે સિંહરાજા કુશલતો છે ને? તારૂં જલ્દીથી આગમન થયું તેથી મારા અંતરમાં અનેક વિકલ્પો થાય છે. ત્યારે દૂને કહ્યું કે હે રાજન્! રાજકુમાર 'ધન, ને પોતાની કન્યા ધનવતી આપવા માટે મને ફરીથી આપની સાનિધ્યમાં મોકલાવેલ છે. આપના પુત્રની જેમ જ ધનવતી રૂપ, ગુણથી ભરેલી છે. માટે તે બન્નેનો સંબંધ બાંધવાથી સુવર્ણમાં સુગંધની જેમ દીપી ઉઠશે.

આપ બન્નેનો મિત્ર ભાવ પહેલેથીજ ચાલતો આવે છે, જળથી જેમ વૃક્ષ વૃદ્ધિને પામે છે. તેમ તે બન્નેના વિવાહ સંબંધથી આપની મિત્રતા વૃદ્ધિ પામશે, હે દૂત! તું જેમ કહે છે તેમજ થાઓ.

આ પ્રમાણે કહીને દૂતનો સત્કાર કર્યો, તે દૂત ધનકુમારની પાસે ગયો, નમસ્કાર આદિ પ્રણિપાત કરીને દૂત ધનકુમારની પાસે બેઠો, ધનકુમારે દૂતને આવવાનું

કારણ પૂછ્યું. તે વારે તેણે સંદેશો આપતાં કહ્યું કે 'ધનવતીએ આપના માટે સંદેશો મોકલાવેલ છે.' આ પ્રમાણે દૂતે લેખ આપ્યો, ધનકુમારે તે લેખને ખોલી કામદેવના પ્રત્યક્ષ રાજ્ય સમાન તે લેખને વાંચ્યો, તેના લખાણથી આકર્ષાઈને આશ્ચર્ય પામેલા 'ધનકુમારે' ધનવતીના, પ્રેમનો સ્વીકાર કર્યો, અને ધનવતી ઉપર પોતાની મહોર છાપ મારીને લેખ લખીને દૂતને આપ્યો.

વળી આંખોને આંજી નાખે તેવી મોતીની માળા ધનવતીને આપવા માટે દૂતને આપી, વસ્ત્રાભૂષણ વિગેરેથી બહુમાન કરીને દૂતને વિદાયગિરિ આપી, દૂતે પણ ત્વરિત ગતિએ પાછા આવી સિંહરાજાને કહ્યું કે 'ધનવતીનો ધનકુમારે વિક્રમધન રાજાની સહમતિથી સ્વીકાર કર્યો છે. ત્યારબાદ ધનવતી પાસે જઈને મોતીનો હાર તથા લેખ આપ્યો, પત્રને વાંચી ધનવતી પોતાની જાતને સુભગસ્ત્રીઓમાં અગ્રેસર માનવા લાગી, તેણીનું શરીર રોમાંચ અનુભવવા લાગ્યું.

હારને પોતાના પ્રિયતમનો હાથ માની પોતાના કંઠે ધારણ કર્યો, દૂતને પારિતોષિક આપીને વિદાય કર્યો. હે ધનવતી ! સાસુ સસરા પ્રત્યે ભક્તિ રાખજે. સ્વામિના ચિત્તને પ્રસન્ન રાખજે, સપત્નીઓ તરફ વાત્સલ્ય ભાવ રાખજે, પતિની પ્રસન્નતા ઉપર અભિમાન કરીશ નહી. પતિ દ્વારા અપમાન કરવામાં આવે તો ચિત્તમાં દુઃખ લગાડીશ નહી. કુટુંબીઓ સાથે માયાળુ વર્તન રાખજે,

પતિના મિત્રો તરફ નમ્રવાણીથી બોલજે, આ પ્રમાણે રાજાએ ધનવતીને હિતોપદેશ રૂપી મુક્તાહાર આપ્યો, અને શુભ મુહૂર્તે વૃદ્ધમન્ત્રિઓ સહિત મોટા સૈન્યની સાથે ધનવતીને અચલપુર પ્રયાણ કરાવ્યું.

અચલપુર નગરની બહારના ઉદ્યાનમાં સાક્ષાત્ લક્ષ્મીની જેમ શોભતી 'ધનવતી, આવી પહોંચી, શુભ લગ્ને બન્નેનું મંગલ વિવાહ કાર્ય કરવામાં આવ્યું.

રજનીથી ચન્દ્રમાની જેમ, નવોઢા ધનવતીથી ધનકુમાર સુશોભિત બન્યો, સૌન્દર્યથી કામદેવ સમાન ધનકુમારે 'રતિ, સમાન ધનવતીની સાથે ક્રીડા કરતાં ઘણો સમય પસાર કર્યો, કાનમાં ડોલાયમાન કુંડલોથી વિભૂષિત અત્યંત મનોહર અશ્વારૂઢ બનીને ધનકુમાર એક ઉદ્યાનમાં આવ્યો.

ત્યાં તેને ચાર જ્ઞાનથી પરિપૂર્ણ પોતાના ચરણોથી ઉદ્યાન ભૂમિને પવિત્ર કરવાવાળા વસુન્ધર નામના મહામુનીશ્વરને ધર્મદેશના આપતા જોયા, તેઓને પ્રણામ કરી યુવરાજ ધનકુમાર પોતાના ઉચિત સ્થાને બેઠો, ધનકુમારને ધર્મશ્રવણમાં આસક્ત જાણી ધારિણી તથા ધનવતીને લઈને વિક્રમધન પણ ત્યાં આવ્યો, શંસયને દૂર કરવાવાળી દેશનાનું શ્રવણ કરી, હર્ષિત બનેલો રાજા, એકચિત્તે દેશનાનું શ્રવણ કરતો હતો. દેશના પરિપૂર્ણ થયેથી વિક્રમધનરાજાએ રાણી ધારિણીને આવેલું. 'આમ્રવૃક્ષ, વાળા સ્વપ્નની બાબતમાં તથા નવ જગ્યાએ તેને રોપવાનો અર્થ શું છે? તે આપશ્રી કૃપા કરીને તેનું ફળ જણાવો,

મુનિએ મનથી જ દૂર બેઠેલા કેવળીને પૂછ્યું. તે વારે કેવળી ભગવંતે કેવળજ્ઞાન દ્વારા જાણીને મુનિને નવ ભવાન્વિત નેમિપ્રભુ ચરિત્ર કહ્યું.

મુનિએ અવધિજ્ઞાન તથા મનઃપર્યવ જ્ઞાનદ્વારા જાણીને રાજાને કહ્યું કે આપનો પૂત્ર નવભા ભવમાં અરિષ્ટ-નેમિ નામે તીર્થંકર થશે. ભરતક્ષેત્રમાં યદુવંશમાં જન્મ લઈને બાવીસમાં તીર્થંકર થવાના છે. તે વૃત્તાંત સાંભળી બધા આનંદિત બન્યા, ત્યાર બાદ રાજા વિગેરે નગરજનો જૈન ધર્મમાં અધિક અનુરાગવાળા બન્યા, સાધુ મુનિરાજને વંદન કરી ધનકુમારાદિને સાથે લઈ 'રાજા પોતાના મહે-લમાં આવ્યો, મુનિરાજ અન્યત્ર વિહાર કરી ગયા.'

એક સમય ભૂમંડલ ઉપર ગ્રિષ્મઋતુનું આગમન થયું. ભદ્ર હસ્તિની જેમ 'ધન, જલક્રીડા કરવા માટે સરોવરમાં સપત્ની ગયો, ત્યાં ગરમીથી ત્રાસિત, શાન્ત રસથી ભરપુર મૂખાકૃતિવાળા, અશોક વૃક્ષની નીચે મૂર્ચ્છિતા-વસ્થામાં વ્યાકુલ અને કલાન્ત પડેલા મુનિવરને જોયા, 'ધનકુમાર, શિતોપચારથી તે મુનિવરને સભાન અવસ્થામાં લાવ્યો, મુનિવર્યે જ્યારે સ્વસ્થતા પ્રાપ્ત કરી ત્યારે ધનકુમારે મુનિવર્યને વંદન કર્યું. અને વિનય પૂર્વક કહેવા લાગ્યો કે આપને કોઈ પ્રકારે દુઃખ ન થાય, તથા ગુપ્તતા ન હોય તો આપશ્રી આપની આ સ્થિતિ કેમ થઈ તે મને કૃપા કરીને જણાવશો, સાધુએ કહ્યું કે મને તો ભવવાસ સિવાય કાંઈ જ દુઃખ નથી, પરંતુ જીનેશ્વર

ભગવંતે વિહારાદિથી ઉત્પન્ન થનારૂં દુઃખ અત્યંત સુખને આપનારૂં જણાવેલ છે.

'હું મુનિચંદ્ર નામે ગચ્છવાસી સાધુ છું; ઘણા સાધુઓની સાથે વિહાર કરતો હતો, રસ્તામાં ભૂલો પડવાથી એકલો આમતેમ ફરતો ફરતો અહીંઆ આવી ચઢયો છું. તરસથી વ્યાકુલ બનીને મૂર્ચ્છા પામી પડી ગયો હતો, તમે બન્ને જણાએ સુંદર ઉપચારથી મને ચેતનવંત બનાવ્યો છે. પ્રત્યુપકારમાં તમને 'ધર્મલાભ થાઓ, મૂર્ચ્છાથી હું જેમ બેહોશ બની ગયો હતો, તેમ સંસારમાં આસક્ત જીવો પણ મોહથી બેહોશ બનેલા છે. સમસ્ત સંસારમાં ધર્મ એક જ શરણ છે.

મુનિરાજ પાસે એ પ્રકારનો ધર્મ શ્રવણ કરી પોતાની પત્ની સહિત ધનકુમારે સમ્યક્ત્વની પ્રાપ્તિ કરી, મુનીશ્વરને પોતાના ઘેર લાવી ચારે પ્રકારનો આહાર આપી, સુપાત્રદાન પુણ્ય ઉપાર્જન કર્યું, સમ્યગ્ ધર્મની આચરણા કરવા માટે એક મહિના સુધી મુનીશ્વરને પોતાના મહેલમાં રાખ્યા, માસકલ્પ પૂર્ણ થયેથી સાધુ વિહાર કરીને પોતાના ગચ્છમાં ભેગા થઈ ગયા, ધનવતી તથા ધનકુમાર શ્રાવક ધર્મમાં દૃઢ બન્યા, તે બન્નેનો પ્રેમ અવર્ણનીય હતો, હવે તો તેઓ બન્ને સાધર્મિક બનેલા હોવાથી સુવર્ણમાં સુગંધની જેમ રહેવા લાગ્યા, પિતાએ પોતાના રાજ્ય ઉપર ધનકુમારનો રાજ્યાભિષેક કર્યો, ધનકુમારે શ્રાદ્ધ ધર્મની મર્યાદામાં રહીને રાજ્ય ચલાવવા માંડયું.

એક દિવસ ઉદ્યાનપાલકે આવી રાજાને કહ્યું કે હે રાજન્ ! પ્રથમ આવેલા વસુન્ધર નામના મુનીશ્વર આપણા ઉદ્યાનમાં પધાર્યા છે. ધનવતી સહિત રાજા ધનકુમાર ઉદ્યાનમાં આવ્યા, મહામુનિને વંદન કરી ભવ વૈરાગ્ય-કારિણી દેશનાનું શ્રવણ કર્યું.

સંસારથી ઉદાસ બનીને રાજાએ પોતાના પૂત્ર ‘ જયન્ત, ને ગાદી ઉપર બેસાડી વસુન્ધર મુનિ પાસે પોતાની પત્ની ધનવતી સહિત તથા પોતાના ભાઈ ધનદત્ત અને ધનદેવની સાથે દીક્ષા લીધી, તપોનિષ્ઠ ધનરાજર્ષિને શાસ્ત્રના પરગામી જાણીને આચાર્ય પદવીથી વિભુષિત કરવામાં આવ્યા, તેઓએ ઘણાં રાજાઓને સાધુ ધર્મ તથા શ્રાવક ધર્મનો ઉપદેશ આપી, રાજર્ષિઓ તથા શ્રાવક બનાવ્યા, ધનવતી સહિત પોતાના ભાઈઓ સાથે પોતે અનશન કરી એક માસના અંતે આયુષ્ય પૂર્ણ કરીને બન્ને ભાઈઓ સૌધર્મ દેવલોકમાં દેવપણે ઉત્પન્ન થયા, ધન અને ધનવતીનો જીવ શુક્ર અને સામાનિક દેવપણે ઉત્પન્ન થયો.

આ ભરત ક્ષેત્રમાં રૂપ્યગિરિની ઉત્તર શ્રેણીમાં સુરતેજ નામે નગર હતું. તેમાં વિદ્યાધરેન્દ્ર ‘ સૂર, નામે રાજા હતો. જગતના તાપનું હરણ કરનારી, પરોપકારિણી તે વિદ્યાધરેન્દ્રને મેઘની વિજળી જેવી વિદ્યુન્મતી નામની રાણી હતી, ‘ ધનનો જીવ, દેવલોકમાંથી ચ્યવીને વિદ્યુન્મતીની કુક્ષીમાં કમલની જેમ ’ ચિત્રગતિ, નામે પૂત્રના રૂપે ઉત્પન્ન થયો.

ધીરે ધીરે બાલ્યકાળ વીતાવી, કલાઓથી સંપૂર્ણ પૂર્ણિમાના ચંદ્રમાની જેમ લોકોના ચિત્તને આનંદ આપતો હતો.

તેજ રૂપ્યગિરિની દક્ષિણ શ્રેણીમાં શિવમન્દિર નામના નગરમાં અનંગસિંહ નામે રાજા રાજ્ય કરતો હતો, તેની શશિપ્રભા નામે રાણીની કુક્ષીને વિષે સ્વર્ગથી ચ્યવીને 'ધનવતી, નો જીવ ઉત્પન્ન થયો, સમય પૂર્ણ થયેથી, ચંદ્રમાના રૂપ સરખી પૂત્રીને શશિપ્રભાએ જન્મ આપ્યો; જેનું રત્નવતી નામ પાડવામાં આવ્યું.

પિતા તરફથી તેને યોગ્ય શિક્ષણનો પ્રબંધ કરવામાં આવ્યો, રત્નવતી તમામ કલાઓમાં અત્યન્ત પ્રવિણ બની, ક્રમશઃ યૌવનાવસ્થાને પ્રાપ્ત થયેલી રત્નવતી માટે 'પતિ, શોધવા માટે પિતાને ચિંતા થવા લાગી, એકદા જ્યોતિષિએ કહ્યું કે જે આપના અસિરત્નનું છેદન કરશે અને સિદ્ધ ચૈત્યમાં સ્તુતિ કરતી વખતે જેના મસ્તક ઉપર પુષ્પવૃષ્ટિ થશે તેજ આપની પૂત્રી 'રત્નવતી 'નો પતિ થશે, જ્યોતિષિની વાત સાંભળી રાજા ખુશી થયો, તેને યોગ્ય પુરસ્કાર આપી વિદાય કર્યો.

આ ભરતક્ષેત્રમાં ચક્રપુર નામે નગરમાં સુગ્રીવ નામે રાજા રાજ્ય કરતા હતા, તેને યશસ્વતી નામે પત્નીથી સુમિત્ર નામે પૂત્ર તથા ભદ્રા નામની બીજી પત્નીથી પદ્મ નામે પૂત્ર રત્નોની પ્રાપ્તિ થઈ, બન્નેમાં મોટો સુમિત્ર

શ્રી જિનશાસન ઉપર શ્રદ્ધાળુ, કૃપાળુ, ગંભીર અને વિનયી તથા દક્ષ હતો, જ્યારે 'પદ્મ' જુદી પ્રવૃતિવાળો હતો. સુમિત્રના જીવતાં મારા પૂત્રને ગાદી નહી મળે તેમ વિચારતી ભદ્રાએ સુમિત્રને ઝેર આપ્યું.

તપસ્વિની રૂપ ભદ્રાએ અન્ધકારની સમાન ઝેરનો પ્રયોગ સુમિત્ર ઉપર કર્યો, સુમિત્ર ઝેરની અસરથી બેભાન બન્યો, જ્યારે પદ્મ (સુમિત્રનો નાનો ભાઈ) હસવા લાગ્યો, આનંદ માનવા લાગ્યો, પ્રાણનાશક ઝેર સુમિત્રના રોમેરોમમાં ફેલાઈ ગયું.

ઝેરની વાત સાંભળી આકુળ વ્યાકુળ બનેલો સુગ્રીવ રાજ સુમિત્ર પાસે આવ્યો, મંત્રિઓ સાથે ઝેર ઉતારવા માટેનો વિચાર કરવા લાગ્યો, તન્ત્ર મન્ત્રનો આધાર લેવા છતાં પણ વિષ શાંત થયું નહીં. 'ભદ્રાએ ઝેર આપ્યું છે, આ પ્રમાણે નગરમાં લોકો કહેવા લાગ્યા, ભદ્રારાણી પોતાની ભયંકર પ્રવૃત્તિ કરીને લોકોમાં પોતાની બે ઇજ્જતિ થશે તેમ માનીને ભાગી ગઈ.

રાજાએ કુમાર સુમિત્રની શાંતિ માટે જિનપૂજા, સ્નાત્ર મહોત્સવાદિ અનેક કાર્યો કર્યાં, સુમિત્રના ગુણોની યાદ કરી રાજા, મન્ત્રીઓ, અને સામન્ત વર્ગ ખુબ જ કલ્પાન્ત કરવા લાગ્યો, રાજાના કલ્પાંતથી આખું ચક્રપુર નગર દુઃખી થયું.

તેજ વખતે કૌતુક જોવાની ઈચ્છાવાળા ચિત્રગતિ

આકાશમાર્ગે વિમાનમાં ફરતા ફરતા ત્યાં આવી પહોંચ્યા, તેણે સમસ્ત નગરીને શોકાતુર જોઈને વિમાનમાંથી ઉતરીને પૂછ્યું તો ઝેરના પ્રયોગની વાત સાંભળી. ચિત્રગતિએ વિદ્યાથી મંત્રેલું પાણી સુમિત્ર ઉપર છાંટ્યું. તે વારે સુમિત્ર આળસ મરડીને ઉઠ્યો અને બોલ્યો કે શું છે? મંત્રના ચમત્કારથી બધા આશ્ચર્ય અનુભવવા લાગ્યા.

રાજાએ કહ્યું કે હે વત્સ! તારી માતા ભદ્રાએ તને ઝેર આપ્યું હતું. મહાપ્રભાવિક એવા આપણા 'ભાઈતુલ્ય આ વિદ્યાધરેન્દ્રે ઝેરથી તને શાંત કર્યો છે. સુમિત્ર ઝેરની અસરથી મુક્ત થયેલ છે તેવા સમાચાર સાંભળી નગરજનોએ આનંદ મહોત્સવ કર્યો.

સુમિત્રની કીર્તિ વધવાથી 'પદ્મ'નું મુખ શ્યામ થઈ ગયું અને માતાનો વિયોગ થયો, સુમિત્રે ઊઠીને પ્રાણદાતાની સ્તુતિ કરી, અને કહ્યું કે આપના પરોપકારાદિ કાર્યોથી કુલ, શીલ, વિગેરે સર્વે જાણવામાં આવ્યું છે. તોપણ આપ આપના વંશને બતાવવાનો અમારા ઉપર અનુગ્રહ કરો. ચિત્રગતિના મિત્ર મન્ત્રિપુત્રે વંશાદિને જણાવ્યો, હર્ષોત્સાહમાં લોકો નાચવા લાગ્યા.

સુમિત્રે કહ્યું કે હે મિત્ર! માતાએ મને ઝેર આપી મારા ઉપર ખૂબ જ ઉપકાર કર્યો કે જે દ્વારાએ મને તારો મેળાપ થયો, આપે મારૂં રક્ષણ કર્યું છે. માટે હું આપનો પ્રત્યુપકાર શું કરૂં? ચિત્રગતિએ કહ્યું કે તારી પુણ્ય ક્રિયા મારા માટે ઉપકારરૂપ બની છે. સુમિત્રના માતા પિતાએ

ચિત્રગતિ ઉપર અત્યંત પ્રેમ બતાવ્યો, ચિત્રગતિની ઈચ્છા નહિ હોવા છતાં પણ દિવ્યાલંકાર તથા વસ્ત્રાદિથી તેનું બહુમાન કર્યું.

ચિત્રગતિએ કહ્યું કે હે સુમિત્ર! હું મારા નગર તરફ જાઉં છું. તે વારે સુમિત્રે કહ્યું કે હે મિત્ર! સુયશા નામના કેવલી ભગવંત વિહાર કરતાં કરતાં આવી રહ્યા છે. માટે આપ તેમના દર્શન કરીને જ પછી પ્રયાણ કરશો તો મને ખૂબ જ આનંદ થશે.

થોડાક દિવસો પછી કેવલી ભગવંત ઉદ્યાનમાં પધાર્યા. દેવતાઓએ સુગંધી જલથી તે ભૂમિને પવિત્ર બનાવી. સુવર્ણકમલની રચના કરી. કેવલીભગવંત સુવર્ણકમલ ઉપર આસનારૂઢ થયા. સુમિત્ર તથા ચિત્રગતિ ત્યાં આવી કલ્પતરૂ સમાન મુનિના દર્શન કરી આગળ બેઠા. દેવતાઓના કોલાહલથી કેવલી ભગવંતનું આગમન જાણી શ્રી સુગ્રીવ રાજા પણ આવ્યા અને અભિગમ સાચવી ધર્મશ્રવણ કરવા માટે બેઠા. મુનિવરે દેશના આપી. સાધુધર્મ અને શ્રાવકધર્મ જગતમાં તમામ કલ્યાણને આપનારાવાળા છે. તેજ બન્ને ધર્મો મુક્તિરૂપી મહાનગરીની પ્રાપ્તિ કરાવનાર છે.

કલ્પવૃક્ષ, કામધેનુ વિગેરે તો જિનધર્મની ચરણરજ પણ નથી બની શકતા. ધર્મશ્રવણ કરીને ચિત્રગતિએ કહ્યું કે મોહદારિદ્રથી બાધિત બનીને આજસુધી હું ગૃહસ્થ ધર્મને નહી જાણતો દુર્ભાગ્યશિરોમણી છું. હે સુમિત્ર!

તેં મારા ઉપર અનુપમ પ્રકારનો ઉપકાર કર્યો છે દુર્ગતિ-નિવારક કેવળી ભગવાનના દર્શન કરાવી તેં ખરેખરી મિત્રતા સાચવી મારા ઉપર ઉપકાર કર્યો છે. રાજાએ કેવળીભગવંતને પૂછયું કે સુમિત્રને ઝેર આપી 'ભદ્રા' કયાં ગઈ હશે?

મુનિએ કહ્યું કે અહીંથી ભાગીને તે વનમાં ગઈ. ત્યાં ચોરોએ તેના આભૂષણો લઈ લીધા, તેણીને પલ્લિપતિને સુપ્રત કરી. પલ્લિપતિએ વાણીઆને ત્યાં વેચી. ત્યાંથી ભાગી છૂટી દાવાગ્નિમાં બળી ગઈ. પહેલી નારકીને વિષે ઉત્પન્ન થઈ. ત્યાંથી નીકળીને ચાંડાલને ત્યાં ચાંડાલણી તરીકે ઉત્પન્ન થશે. ગર્ભાવસ્થાના પ્રસંગે સપત્ની (શોકય)થી મરીને ત્રીજી નારકીમાં ઉત્પન્ન થશે, ત્યારબાદ તિર્યંચ યોનિમાં ઉત્પન્ન થઈ સંસારમાં પરિભ્રમણ કરશે.

કેવલી ભગવંતના મુખથી 'ભદ્રા'નું વૃત્તાંત સાંભળી રાજાએ વિચાર કર્યો કે જેની ખાતર તેણે પાપ કર્યું. તે તો અત્યારે અહીં જીવંત છે. અને તેણી નરકે ગઈ. સંસાર કેવો ભયંકર અને વિચિત્ર છે? જેમાં માતા પણ પુત્રને ઝેર આપે છે! અરે! આ સંસાર સર્વથા ત્યજવા યોગ્ય છે. સુમિત્ર ભવોદ્વિગ્ન બની પિતાને કહેવા લાગ્યો કે હે પિતાજી! મારા જીવતાં મારી માતાને ખૂબ જ દુઃખ સહન કરવું પડયું છે. વળી સંસાર આધિ, વ્યાધિ અને ઉપાધિથી ભરપુર છે. આપ મારા ઉપર પ્રસન્ન બનીને મને આજ્ઞા આપો તો હું અધમોદ્ધારક યોગી ભાગવતી પ્રવ્રજ્યાને ગ્રહણ કરૂં.

સુમિત્રની વાતો સાંભળી સુગ્રીવ રાજાએ તત્કાલ દીક્ષા ગ્રહણ કરવાની આજ્ઞા ન આપતા, તેનો રાજ્યાભિષેક કર્યો. પોતે કેવળી ભગવંતની પાસે સંયમ લઈને ત્યાંથી વિહાર કરી ગયા, ત્યારબાદ ચિત્રગતિ પણ 'સુરપુર' નગરમાં ગયો. સુમિત્રરાજાએ 'ભદ્રા'ના પુત્ર પદ્મને ઘણાં ગામો આપ્યા, પણ તેને સંતોષ ન થયો. એટલે પદ્મ પણ અસંતોષી બનીને ચાલ્યો ગયો.

રત્નવતીના ભાઈ અનંગસિંહના પુત્ર 'કમલે' સુમિત્રની બહેન કલિંગરાજની પત્નીનું હરણ કર્યું. ચિત્રગતિએ સુમિત્રને દુઃખી જાણીને દૂતની સાથે સુમિત્રને કહેવડાવ્યું કે તમારી બ્હેનને ચિત્રગતિ અવશ્ય શોધી લાવશે, તેણે મોટી સેના સહિત શિવમન્દિરપુર તરફ પ્રયાણ કર્યું.

નગરની બહારના ઉદ્યાન પાસે આવી ચિત્રગતિએ સૈન્યસહિત પડાવ નાખ્યો પુત્ર ઉપર આવેલી વિપત્તિ જોઈને અનંગસિંહ પણ મોટા સૈન્ય સહિત ચિત્રગતિની સાથે યુદ્ધ કરવા માટે મેદાનમાં આવ્યો. બન્ને વચ્ચે ઘનઘોર યુદ્ધ થયું. જ્યારે અનંગસિંહના તમામ શસ્ત્રો નિષ્ફળ થયા ત્યારે તેણે દેવતાઓએ આપેલા ખડ્ગ રત્નનું સ્મરણ કર્યું. પોતાના હાથમાં ચમકતા ખડ્ગરત્નને લઈ ચિત્રગતિને કહેવા લાગ્યો કે 'હવે તું જોઈ લે મારી શક્તિ' આ ખડ્ગથી હું તારૂં માથું હમણાં જ કાપી નાખીશ.

હસતાં હસતાં ચિત્રગતિ બોલ્યો કે લોખંડના ટુકડાના

બળથી તું શા માટે મદમસ્ત બને છે. વીરપુરૂષ તો કેવલ પોતાના સત્ત્વનો જ ભરૂસો રાખે છે. આ પ્રમાણે કહીને પોતાની વિદ્યાના બલથી ચિત્રગતિએ અન્ધકાર ફેલાવ્યો, કે જે અંધકારમાં કાંઈ જ દેખાતું નહોતું. શત્રુદળ અન્ધકારથી નિઃચેષ્ઠ બની ગયું. દેવતાની ગતિની જેમ ચિત્રગતિએ રાજાના હાથમાંથી ખડ્ગ ખેંચી લીધું. સુમિત્રની બહેનને લઈ ચક્રપુર નગર તરફ પ્રયાણ કર્યું. નિષ્કપટ મિત્ર સુમિત્રને તેની બહેન સુપ્રત કરી ચિત્રગતિ વૈતાઢ્ય પર્વત ઉપર પોતાના નગરમાં ગયા.

જ્યારે અન્ધકાર દૂર થયો ત્યારે અનંગસિંહ રાજાને પોતાના હાથમાં ખડ્ગરત્ન નહિ જોવાથી ખૂબ જ આશ્ચર્ય થયું. એટલામાં તેને જ્ઞાનીની વાતનું ભાન થયું. તેને પોતાનો ભાવી જમાઈ સમજીને ખૂબ જ હર્ષ થયો. તે કોણ હતો ? કયા કુલનો હશે ? આ પ્રમાણે વિચાર કરતો. અનંગસિંહ પોતાના મહેલમાં આવ્યો.

સુમિત્ર તો પ્રથમથી જ સંસાર ઉપરથી ઉદ્વિગ્ન હતા. વિશેષમાં પોતાની બ્હેનનું હરણ થવાથી તેનું ચિત્ત વધારે ઉદ્વિગ્ન બન્યું હતું. તેણે પોતાના પુત્રને રાજ્ય ઉપર બેસાડી ચિત્રગતિને બોલાવી સુયશો મુનિની પાસે જઈ સંયમ ગ્રહણ કર્યો, ગુરૂની પાસે તીવ્ર તપનું આરાધન કરીને તે રાજર્ષિએ કાંઈક ન્યૂન નવ પૂર્વનો અભ્યાસ કર્યો.

ગુરૂ મહારાજના આદેશથી ભૂમંડલ ઉપર વિહાર

કરતા મગધ દેશના એક ગામની બહાર પ્રતિમા ધારણ કરી સ્થિર રહ્યા હતા. દૈવયોગે ત્યાં રહેતા મુનીશ્વરના ઓરમાન ભાઈ 'પદ્મે' સમતાલીન મહામુનીશ્વરને બાણ મારી મારી નાખ્યા. મરતી વખતે રાજર્ષિ સુમિત્ર વિચારવા લાગ્યા કે મને મારતી વખતે પણ તે મારા ધર્મને મારી શક્યો નથી, કર્મ શત્રુ ઉપર વિજય પ્રાપ્ત કરવામાં સહાયક બનવાથી તે મારો ઉપકારી છે. મેં તેનો અપરાધ કર્યો હતો, કે પહેલેથી તેને મેં રાજ્ય આપ્યું નહી.

માટે તે મને ક્ષમા આપો, જગતના જીવો મને ક્ષમા આપો. આ પ્રમાણે આરાધના કરતા તે મહામુનિ સુમિત્ર રાજર્ષિ પંચમંગલનું સ્મરણ કરતાં કરતાં મરીને બ્રહ્મદેવ-લોકમાં સામાનિક દેવ તરીકે ઉત્પન્ન થયા, પદ્મ પણ દુષ્ટ સર્પદંશથી મરીને સાતમી નારકીમાં ઉત્પન્ન થયો, સુમિત્ર-રાજર્ષિના મૃત્યુના સમાચાર સાંભળી ચિત્રગતિ અત્યંત દુઃખી થયા. તેઓએ અષ્ટમદ્વિપ ચૈત્ય યાત્રા કરી, નંદીશ્વર દ્વિપમાં રહેલા શાશ્વત ચૈત્યોમાં વિદ્યાધરો સહિત જિન-બિંબોની પૂજા કરી, પોતાની પૂત્રી રત્નવતીની સાથે રાજા અનંગસિંહ પણ ત્યાં આવ્યા હતા.

વળી ઘણા વિદ્યાધરો પણ ત્યાં આવ્યા હતા. ચિત્ર-ગતિએ જિનેશ્વર ભગવાનની દ્રવ્યથી અને ભાવથી પૂજા કરી, તેમની સ્તુતિ કરી. સ્તુતિ કરતી વખને દેવોએ પ્રસન્ન થઈને તેના મસ્તક ઉપર પુષ્પવૃષ્ટિ કરી, અનંગ-સિંહ રાજાએ નિશ્ચય કર્યો કે 'નિશ્ચિંત આ મારા જમાઈ

છે’ આવેલા દેવોમાં સુમિત્રરૂપ દેવને જોઈ ચિત્રગતિ ખુબજ આનંદિત બન્યો, તેણે આલિંગન કરીને કહ્યું કે આપની પ્રસન્નતાથી અને કૃપાથી જિનધર્મ પામ્યો છું.

તે વારે દેવે કહ્યું કે આપની કૃપાથીજ હું પણ દેવગતિ પામ્યો છું. અન્યથા અકાળ મૃત્યુથી આ દેવગતિ કદાપિ પ્રાપ્ત થાય જ નહિ, આ પ્રમાણે બન્ને જણા પરસ્પર કૃતજ્ઞતા, બતાવી રહ્યા હતા, તેજ વખતે લાવણ્ય મૂર્તિ ચિત્રગતિના શરીરને મરૂમૃગીની જેમ રત્નવતી નીરખી રહી હતી, અનંગસિંહ રાજાએ પૂત્રીને અધિક દુઃખિત જોઈને આશ્વાસન આપ્યું. કહ્યું કે જ્ઞાનીની વાત યથાર્થ છે. સત્ય છે. દેવમંદિરમાં સંસાર સંબંધી વાતો નહી કરવી જોઈએ, આ પ્રમાણે વિચારી અનંગસિંહ રાજા પરિવાર સહિત પોતાના આવાસમાં ગયો.

સુમિત્રદેવથી સંભાષણ કરી, વિદ્યાધરોને વિસર્જન કરી, ચિત્રગતિ પોતાના પિતાની સાથે પોતાના સ્થાનમાં આવ્યો, અનંગસિંહ રાજાએ પોતાના ચતુર મન્ત્રિને મોકલાવી ‘શૂરરાજા’ પાસે ચિત્રગતિ–રત્નવતીના વિવાહની વાત કરી, શૂરરાજાએ પણ યોગ્ય સંબંધ વિચારીને બન્નેના વિવાહની વાતનો સ્વીકાર કર્યો. શુભ મુહૂર્તમાં તે બન્નેનો લગ્ન મહોત્સવ અવર્ણનીય ઉજવાયો, સહ ધર્મિણી રત્નવતીની સાથે ચિત્રગતિએ ધર્મ કાર્યની આસેવના કરી, ધનદેવ તથા ધનદત્ત દેવલોકમાંથી ચ્યવીને તેઓના મનોગતિ અને ચપલગતિ નામના બે ભાઈઓ થયા રત્નવતીની સાથે ચિત્રગતિએ મહેન્દ્રની જેમ નન્દીશ્વર દ્વિપ દિ તીર્થોમાં યાત્રા કરી,

શૂરરાજાએ ચિત્રગતિને રાજ્ય આપી પોતે સ્વયં સંયમ સામ્રાજ્યનો સ્વીકાર કર્યો, ચિત્રગતિએ ઘણી વિદ્યાઓને સાધી, અનેક વિદ્યાધરોને પોતાના ખંડીઆ બનાવ્યા, પોતાના સામન્ત મણિચૂડના મત્યુ સમયે તેના પૂત્ર શશિ સૂરને પક્ષિઓની જેમ લડતો જોઈ ને ચિત્રગતિના હૃદયમાં પ્રબલ વૈરાગ્યનો ઉદય થયો, તેણે લક્ષ્મીને ત્યાજ્ય માની, પોતાના પૂત્ર પૂરન્દરને મહોત્સવપૂર્વક શુભલગ્નમાં રાજ સિંહાસન ઉપર સ્થાપિત કરી, બન્ને ભાઈઓ તથા રત્નવતી સહિત ચિત્રગતિએ સંયમ લીધો, તલવારની ધાર જેમ ઉગ્ર તપસ્યા કરી, નિરતિચાર ચારિત્રધર્મનું પાલન કરી, ચારે જણા માહેન્દ્ર દેવલોકમાં દેવ તરીકે ઉત્પન્ન થયા,

પ્રત્યગ્ વિદેહમાં સરોવરના અલંકાર સ્વરૂપ, રાજહંસના વિલાસ સ્થાનરૂપ, સિંહપુર નામે એક સુરમ્ય નગર છે. જ્યાં 'હરિણન્દી, નામે રાજા રાજ્ય કરે છે તેને પ્રિયદર્શના નામે રાણી છે. ચિત્રગતિનો જીવ ચોથા દેવલોકમાંથી ચ્યવીને અપરાજિત નામે તેમના પૂત્ર તરીકે ઉત્પન્ન થયો, બાલ્યાવસ્થા વ્યતિત કરીને યૌવનાવસ્થામાં આવ્યો, વિમલબોધ નામનો મન્ત્રીપૂત્ર તેનો અનન્ય મિત્ર બન્યો, એક દિવસ બન્ને જણા ઘોડા ઉપર બેસીને જંગલમાં ગયા, શત્રુઓની જેમ તે દૃષ્ટ ઘોડા તેઓને ઘણે દૂર લઈ ગયા, ખૂબજ તરસથી સરોવરના કિનારે ગયા, તથા ખૂબજ થાકેલા બંને ઘોડાઓ મરી ગયા, કુમાર અને મન્ત્રિપૂત્ર

બંને ખૂબ દુ:ખી થયા, થાકેલા પણ હતા, વાતો કરતા ઉભા હતા ત્યાં 'રક્ષા કરો, 'રક્ષા કરો, આ પ્રમાણે બોલતી એક વ્યકિત સામે આવીને ઉભી રહી, અપરાજિતે તેને આશ્વાસન આપ્યું.

મન્ત્રિપૂત્રે કહ્યું કે હે દેવ! આપે એકદમ આ પ્રતિજ્ઞા શા માટે લીધી? આ માણસ અન્યાયી હશે તો આપનીપ્રતિજ્ઞા નિષ્ફલ જશે, કુમારે કહ્યું કે ક્ષત્રિઓનો નિયમ છે કે ન્યાયી હોય કે અન્યાયી હોય, પણ શરણે આવેલાનું રક્ષણ કરે છે. આવનાર વ્યકિતના શ્વાસોશ્વાસ ધીમા પડતા પણ નથી ત્યાં તો તેની પાછળ પડેલા રક્ષકો આવી પહોંચ્યા, અને કહ્યું કે 'તમે આને છોડી દો, કારણ કે તે ચોર છે. રાજાની આજ્ઞાનુસાર તે 'વધ, કરવાને માટે પાત્ર થયેલ છે.

અપરાજિતે કહ્યું કે તેણે મારૂં શરણ સ્વીકારેલું છે. માટે તેને ઈન્દ્ર પણ મારી શકે તેમ નથી, તો પછી તારા રાજાનું કે તમારૂં શું ગજું? તે બધા લડવા માટે કુમારને ચારે તરફથી ઘેરી વળ્યા, કુમારની તલવારે અગસ્ત્ય મુનિની જેમ તે બધાનું લોહી પી લીધું. સૈનિકે જઈ રાજાને સમાચાર આપ્યા, કોશલરાજાએ ઘણા સૈનિકો મોકલાવ્યા, પરંતુ તે સૈનિકો અપરાજિતના બળની સામે ટકી શકયા નહી.

ત્યારે કોશલરાજા ક્રોધિત બની હાથી ઉપર બેસીને

યુધ્ધ કરવા માટે આવ્યા, ચોરનું રક્ષણ કરવા માટે કુમાર પણ અભિમાનરૂપી હાથી ઉપર બેસીને યુધ્ધ કરવા તૈયાર થયા, રાજાની સેનાના ભાગવાથી મંત્રિએ કહ્યું કે આતો હરિણન્દી રાજાનો પૂત્ર છે. અને નામથી અપરાજિત છે. યુધ્ધમાં પણ અપરાજિત છે. કોશલરાજે પોતાના વીર સૈનિકોને યુધ્ધથી રોકીને કહ્યું કે હે કુમાર ! આવ ! આવ ! મને ભેટ, તું મારા મિત્ર હરિણન્દીનો પૂત્ર છે. માટે મારો પણ પૂત્ર છે. તારાથી મારો પરાજય લજ્જાકારક નથી, ભાગ્યથી તું તારૂં ઘર છોડીને ફરીથી તારાજ ઘરમાં તું આવ્યો છે.

કુમાર પણ મંત્રીની વાણીને સાંભળીને પોતાના પિતાની સમાન પિતાના મિત્ર સમજી નીતિ, વિનય અને લજ્જાથી રાજાને નમસ્કાર કર્યો, રાજા મોટા આદરભાવથી કુમારને પોતાના મહેલમાં લઈ ગયો, ચોરને વિદાય કર્યો, વિમલબોધ પણ રાજભવનમાં આવ્યો, રાજાએ પોતાની પૂત્રી કનકમાલાને રાજકુમારની સાથે પરણાવી, પૃથ્વીતલ ઉપર કુતુહલ જોવામાં ઉત્સુક તે બંને જણા એક રાતના કોઈને પણ કહ્યા વિના ત્યાંથી નીકળી ગયા, એક વનમાં પહોંચ્યા, વનમાં કાલિકાના મંદિરમાંથી હાય ! પૃથ્વી વીર પુરૂષ વિનાની સુની પડી ગઈ છે. આ પ્રમાણે કરૂણ આક્રંદ સ્વર સાંભળીને તે બન્ને તે તરફ ગયા, ત્યાં જુએ છે તો એક ખડ્ગધારી પુરૂષ એક સ્ત્રીને મારતો હતો, કુમારે તે ખેચરને દૂરથી પડકાર્યો અને કહ્યું.

કે જો તારામાં શકિત છે તો મારી સાથે તારી શકિતને બતાવ, તે ખેચર પરાજિત થયો અને બોલ્યો,-હે બળવાન્! આપે મને સ્ત્રી હત્યાના પાપમાંથી બચાવ્યો છે.

ખેચરે કહ્યું કે મારા વસ્ત્રમાંથી તમને બે દિવ્ય મૂળીઆ છોડીને આપું છું, તેને ખોલી મારા ઘા ઉપર તેનો ઉપયોગ કરો, કુમારે તે પ્રમાણે કરવાથી ખેચરના ઘા, રૂઝાઈ ગયા, કુમારે ખેચરને પૂછયું કે 'આ સ્ત્રી કોણ છે? તમે કોણ છો? ત્યારે ખેચરે કહ્યું કે વૈતાઢય પર્વત ઉપર ધાત્રીનુપુર સમાન 'રથનુપુર' નામે નગર છે, તેમાં અમૃતસેન નામે ખેચરાધિપતિ છે તેમને કીર્તિમતી નામે રાણી છે. આ બાળા 'રત્નમાલા' તેમની લક્ષ્મી તુલ્ય છે. કોઈ જ્ઞાનીના કહેવાથી તે બાળાનો પતિ હરિણન્દીનો પૂત્ર અપરાજિત થશે, ત્યારથી તે બાળા અપરાજિત પ્રત્યે અનુરાગવાળો બની છે.

હું શ્રીષેણનો પુત્ર સૂરકાન્તનામે ખેચર છું, તે બાળા ઉપર મને ઘણો અનુરાગ હોવાથી મેં તેની સાથે લગ્નની માગણી કરી, તે બાળાએ મારી ઉપેક્ષા કરી, છેવટે કામાંધ બની ક્રોધથી તેને હું અહીંયા ઉપાડી લાવ્યો છું, તેને મારી નાખવાની તૈયારીમાં હતો ત્યાં આપે અહીં પધારીને તેને બચાવી લીધી છે.

હવે આપ આપનો પરિચય આપો, મન્ત્રિપુત્ર વિમલબોધે અપરાજીતના કુલાદિનો પરિચય આપ્યો, ત્યારે રત્નમાલા પણ અત્યંત ખુશી થઇ, એટલામાં રત્નમાલાના

માતા–પિતા પણ ત્યાં આવ્યા, તેઓએ કુમારની સાથે રત્નમાલાના લગ્ન કર્યા, કુમારના કહેવાથી સૂરકાન્તને પણ છોડી મૂકયો, કુમારની ઈચ્છા ન હોવાં છતાં પણ સૂરકાન્તે એ ગુટીકા કુમારને આપી, કુમારે પોતાના સાસુ–સસરાને કહ્યું કે હું જ્યારે મારા નગરમાં પહોંચું ત્યારે આપ આ કન્યાને લઈ આવજો, આ પ્રમાણે કહી રત્ન–માલા સહિત સાસુ–સસરાને વિદાયગિરિ આપી.

ત્યાંથી નીકળી તે બંને જણા એક ઘોર ભયાનક જંગલમાં આવ્યા. રાજપુત્રને અત્યંત તરસ લાગવાથી મંત્રીપુત્ર પાણી લેવા માટે ગયો, પાણી લઈને જ્યારે મંત્રીપુત્ર પાછો આવ્યો ત્યારે કુમારને ન જોવાથી તે ખૂબ જ દુઃખી થયો, એટલામાં બે ખેચર આવ્યાં, અને કહેવા લાગ્યા કે 'અપરાજિત આપને બોલાવે છે' પાણી માટે આપના ગયા બાદ ખેચરાધિપતિ ભુવનભાનુની આજ્ઞાથી તે કુમારને હમો અહીંથી ત્યાં લઈ ગયા છીએ.

કારણ કે તેમની બે પુત્રીઓ કમલિની અને કૌમુદિનીને માટે જ્ઞાનીએ કહ્યું હતું કે આ બન્નેના લગ્ન અપરાજિત સાથે થશે. રાજાજીએ લગ્નની તૈયારી કરી છે. પણ આપના માટે આપના મિત્ર અતિ ચિંતાતુર બની દુઃખિત હૃદયે મૌન ધારણ કરીને રહ્યા છે. માટે આપ જલ્દીથી ચાલો, મન્ત્રીપુત્રના પહોંચ્યા પછી રાજાએ પોતાની બન્ને પુત્રીઓના લગ્ન અપરાજિત સાથે કર્યા, ત્યારબાદ બન્ને જણ પહેલાંની જેમ ત્યાંથી નીકળી ગયા.

મન્દિરપુરમાં જઇ દિવ્ય મણિના પ્રભાવથી દોગંદૂક દેવની જેમ વૈભવપૂર્વક આનંદમાં રહેવા લાગ્યા, એકાએક નગરમાં કોલાહલ થયો કે કોઈ દુશ્મને રાજાને છરાથી મારી નાખ્યા, તે વારે મંત્રીને કોઈએ આવી કહ્યું કે એક વિદેશી માણસ નગરમાં છે. તે જો ઇચ્છે તો રાજાને સ્વસ્થતા પ્રાપ્ત કરાવી શકે તેમ છે.

રાજપુરૂષો તેને બોલાવવા માટે ગયા, કુમાર અપરાજિતે આવી મણિના પ્રભાવથી રાજાને સ્વસ્થ કર્યો, રાજાએ પ્રસન્નતાથી પોતાની રૂપથી રંભા સમાન પુત્રી રંભાને પરણાવી. કુમાર મંત્રીની સાથે પ્રથમની જેમજ નગર છોડીને ચાલી નીકળ્યો, કુંડિનપુર નગરમાં કેવળીભગવંત પધાર્યા હતા, તે વાત કુમારે જાણી ને બંને જણા તે નગરના ઉદ્યાનમાં ગયા, કેવળીભગવંતને વંદન કરી દેશના સાંભળવા બેઠા.

ધર્મદેશના પૂર્ણ થયા પછી કેવળી ભગવંતને પૂછયું કે પ્રભુ ! હમે બંને ભવ્ય છીએ કે અભવ્ય ? કેવળીભગવંતે કહ્યું કે હે વત્સ ! તું ભવ્ય છે. આ ભરતક્ષેત્રમાં તું પાંચમા ભવે નેમિનાથ નામે બાવીસમા તીર્થંકર થઈશ, તારો મિત્ર વિમલબોધ પ્રથમ ગણધર થશે, બંને જણા ખુબ આનંદિત થયા, ઘણા દિવસો સુધી મુનિની ઉપાસના કરી, જ્યારે મુનીશ્વર વિહાર કરી ગયા, ત્યારે તે બંને જણા પ્રત્યેક સ્થાનોમાં રહેલા જિનબિંબોની યાત્રા કરવા નીકળ્યા.

અનુક્રમે જનાનન્દપુર નામના નગરમાં આવ્યા, ત્યાં જિતશત્રુ નામે રાજા રાજ્ય કરતો હતો, તેને શિયલવંતી ધારિણી નામે રાણી હતી, રત્નવતીનો જીવ માહેન્દ્ર દેવલોકમાંથી ચ્યવીને ધારિણીના ઉદરને વિષે ઉત્પન્ન થયો, રાણીએ પૂર્ણ સમયે પુત્રીને જન્મ આપ્યો, જેનું પ્રિતિમતિ નામ પાડયું. તેણીએ બાલ્યાવસ્થામાં જ તમામ કલાઓનો અભ્યાસ કર્યો. તેણી જ્યારે યૌવનાવસ્થામાં આવી ત્યારે જિતશત્રુ રાજાએ સ્વયંવરની જાહેરાત કરી.

નગરની બહાર ઈન્દ્રના મંડપથી પણ અતિ અદ્દભુત સ્વયંવર મંડપ તૈયાર કરાવ્યો, પૃથ્વી ઉપર ફરતા ફરતા અપરાજિત અને વિમલબોધ બંને જણ ત્યાં આવ્યા, બધા વિદ્યાધરો પણ ત્યાં આવ્યા હતા, દરેક દેશના રાજાઓ પોતપોતાના પુત્રો સહિત આવ્યા હતા, મણિગુટિકાના પ્રભાવથી તે બન્ને જણા રૂપ પરિવર્તન કરી સ્વયંવરના એક ખૂણામાં બેસી ગયા, રાજકુમારી સાથે વાદવિવાદમાં બધા રાજકુમારો હારી ગયા, રાજા ખૂબ જ દુઃખી થયો.

અપરાજિતે પણ સ્વયં વાદ કરવાનું ઉચિત ન માનતા દિવ્યમણિથી એક મંચ ઉપરની પૂતલીને સ્પર્શ કર્યો. તે પૂતલી ઈન્દ્રજાલિકની જેમ બોલવા લાગી, તેણે રાજપુત્રીને વાદ કરવાનું આહ્વાન આપ્યું. રાજપુત્રી આશ્ચર્યચકિત બની ગઈ, રાજપુત્રીએ પૂછયું કે શૂરવીર કોણ છે?

પૂતલી બોલી કે 'જિતાત્મા, શૂરવીર છે. દક્ષ કોણ

છે? ત્યાર પૂતલીએ કહ્યું કે સ્રીથી વાંછિત ન હોય તે, કુમારિકાએ પૂછયું કે દુઃખી કોણ છે? પૂતલી બોલી કે ન્યાયની સ્પૃહા ન રાખે તે, ધનવંત કોણ છે? જેણે પૂણ્ય સંચિત કરેલ છે, તે ધનવંત છે. પૂતલીએ જવાબ આપ્યો, ત્યારે પૂતલીએ રાજકન્યાને પ્રશ્ન પૂછયો કે બ્રહ્મચારીઓની સ્રી કોણ છે? તેનો જવાબ રાજકુમારી ન આપી શકી.

ત્યારે પૂતલી બોલી કે બ્રહ્મચારીઓની સ્રી 'દયા' અને મૈત્રી છે. સભા સમક્ષ રાજપુત્રી પરાજીત બની, ત્યારે તેણીએ કહ્યું કે શું તારા ગળામાં મળા નાખુ? ત્યારે પૂતલીએ કહ્યું કે મારા ગુરૂના ગળામાં વરમાળા પહેરાવ.

તે પૂતલીએ કુમારની તરફ અંગુલી નિર્દેશ કર્યો, કુમારિકાએ કુમારના ગળામાં વરમાળા નાખી, બધા રાજાઓ ક્રોધે ભરાયા; યુદ્ધનો આરંભ થયો, સોમપ્રભ રાજાએ બહેનના પુત્રને ઓળખ્યો, બધા રાજાઓને યુદ્ધ કરતા અટકાવ્યા, રાજાએ શુભ મુહૂર્તે અપરાજિત તથા પ્રીતિમતીનો લગ્નોત્સવ કર્યો, બધા રાજાઓનો સત્કાર કરીને વિદાયગિરિ આપી, રાજપુત્ર પ્રીતિમતીના પ્રેમમાં આધીન બનીને ત્યાં જ રહ્યો, જિતશત્રુના મંત્રિ સુમતિકુમારે પોતાની પુત્રીના લગ્ન વિમલબોધ સાથે કર્યા, અપરાજિતને જિતશત્રુના ત્યાં રહેલો જાણી હરિણન્દી રાજાએ પુત્રને બોલાવવા માટે પોતાના મંત્રી કીર્તિરાજને મોકલ્યો.

તેમના આગમથી અપરાજિતે મંત્રીને પોતાના માતા–

પિતાના કુશળ સમાચાર પૂછ્યા. ત્યારબાદ પોતાની સ્ત્રીઓ, તેમના સંબંધીઓ, સૈનિકો સહિત નગર તરફ જવા નીકળ્યો, નગરની બહાર ઉદ્યાનમાં આવતાની સાથે નગર-જનો પરચક્રનું આગમન જાણી ભયભીત બન્યા, રાજા હરિણન્દી પણ પોતાના સૈનિકો સહિત યુદ્ધના માટે તૈયાર થઈ નગર બહાર આવ્યા, અપરાજિતને જોઈ રાજા આનંદ પામ્યો.

નગરજનો તથા અંતઃપુર સહિત પુત્રનો સત્કાર કર્યો. પિતાના ચરણમાં પુત્રે પોતાનું મસ્તક નમાવ્યું. માતાના પગમાં પડ્યો, વિમલબોધ પણ પોતાની પત્ની સહિત રાજારાણી તથા માતા–પિતાના પગમાં પડ્યો, રાજાએ અપરાજિતને રાજ્ય ઉપર બેસાડી પ્રવ્રજ્યા ગ્રહણ કરી, તપથી કર્મોનો ક્ષય કરીને સિદ્ધિગતિએ પહોંચ્યા, પરસ્પર બાધારહિત, રત્નત્રયીની આરાધના કરતા નિષ્કંટક રાજ્યને ચલાવતા, અનુપમ લક્ષ્મીનો ઉપભોગ કરતા એક વખત ઉદ્યાનમાં જતી વખતે અપરાજિત રાજાએ નવીન કામદેવ સમાન સકલ સંપત્તિ સમન્વિત અનંગદેવ નામના એક યુવાનને જોઈ, કોઈ પાસેથી તેનો પરિચય મેળવી મનમાં અધિક ઉલ્લાસ ઉભરાયો, રાજા વિચાર કરવા લાગ્યો કે મારા રાજ્યમાં રાજ્ય કરતાં પણ અધિક વૈભવવાળા પ્રજાજનો છે. શ્રેષ્ઠિઓ છે. ખરે-ખર હું પુણ્યશાળી છું. એમ વારંવાર અનંગદેવની પ્રશંસા કરવા લાગ્યો.

બીજે દિવસે મોટા સમારોહની સાથે કોલાહલથી ભરપુર માણસોનું મોટું ટોળું જતું જોયું, તે વારે રાજાએ પૂછયું કે આ શું છે? ત્યારે ખબર પડી કે અનંગદેવ વિસુચિકાની બિમારીથી એકાએક મૃત્યુ પામ્યો છે. સાંભળીને તરત જ રાજાના અંતરમાં રાગ્ય ઉત્પન્ન થયો, રાજા અપરાજિતને ઉદ્વિગ્ન જોઈને કેવળીભગવંત ત્યાં આવ્યા, રાજાએ પોતાના પુત્ર પદ્મને રાજસિંહાસન ઉપર બેસાડી કેવળી...વંતની પાસે દીક્ષા લીધી.

તેમની સાથે સાથે સૂર અને સોમ નામના બન્ને ભાઈઓ, પ્રીતિમતી અને મંત્રિ વિમલબોધ પણ દીક્ષિત થયા, દુષ્કર તપની આરાધના કરીને આયુષ્ય પૂર્ણ કરીને આરણ દેવલોકમાં મહર્દ્ધિક ઈન્દ્ર સામાનિક તરીકે ઉત્પન્ન થયા.

જંબુદ્વિપના ભરતક્ષેત્રમાં લક્ષ્મીથી અમરાપુરને જીતનાર હસ્તિનાપુર નામે એક નગર છે. શ્રીમાન શ્રીષેણ નામે ત્યાં રાજા રાજ્ય કરે છે. તેમને શ્રીમતી નામે પટરાણી હતી, તેણીએ રાત્રિના છેલ્લા ભાગમાં પોતાના મુખમાં પ્રવેશ કરતો શંખસમાન ઉજ્જવલ પૂર્ણચન્દ્ર જોયો, સ્વપ્ન પાઠકોથી સ્વપ્નનું ફલ જાણીને રાજાએ નિશ્ચય કર્યો કે ચંદ્રની સમાન સકલલોકનયનાનન્દદાયક પુત્ર દેવીનીકુક્ષિને વિષે ઉત્પન્ન થનાર છે. અપરાજિતનો જીવ આરણ દેવલોકથી ચ્યવીને રાણીની કુક્ષીમાં ઉત્પન્ન થયો, પૂર્ણ સમયે રાણીએ પુત્રને જન્મ આપ્યો.

રાજાએ સ્વપ્ન અનુસાર પુત્રનું નામ 'શંખ' રાખ્યું. તે પૂર્વકાલમાં કરેલા અભ્યાસોદયથી થોડાક વખતમાં સર્વ કલામાં નિષ્ણાત થયો, રાજ્યમંત્રિ સુબુદ્ધિના પુત્ર તરીકે વિમલબોધનો જીવ ઉત્પન્ન થયો, તે 'શંખ'નો સહાધ્યાયી બન્યો, તે બન્ને હંમેશા સાથે જ રહેતા હતા, બન્ને અનુક્રમે યૌવનાવસ્થાએ પહોંચ્યા, એક વખત નગરજનોએ રાજાને વિનંતિ કરી કે ચન્દ્ર શિશિરા નદીથી વિંટળાયેલા વિશાલ શ્રૃંગ પર્વતના કિલ્લામાં પલ્લિનાથ રાતના આવીને નગરવાસીઓની સંપત્તિ લૂંટીને લઈ જાય છે. ભગવન્! આપતો બળવાન છો, માટે તે પલ્લીનાથથી અમારૂં રક્ષણ કરો.

રાજાએ તરત જ સેનાને તૈયાર થવા જણાવ્યું. રાજા પોતે તૈયાર થયા, ત્યારે કુમારે કહ્યું કે હે પિતાજી! આપશ્રી એક સામાન્યતઃ પલ્લીપતિ ઉપર શા માટે જઈ રહ્યા છો, આપ મને આજ્ઞા આપો, હું હમણાં જ તેને જીતી આપની પાસે લઈ આવું છું; રાજાએ કુમારને આજ્ઞા આપી, દૂરથી કુમારને જોઈ પલ્લીપતિ ત્યાંથી દૂર આવેલા એક ભોંયરામાં પેસી ગયો.

યુવરાજે પણ વસ્તુસ્થિતિ જાણી સૈન્ય સહિત સામંતોને અંદર પ્રવેશ કરવા માટે આજ્ઞા કરી. પોતે છુપાઈ ગયા, પલ્લિપતિએ તે કિલ્લાને ચારે બાજુથી ઘેરી લીધો, 'શંખ' યુવરાજને પકડવા માટે સૈન્યને હુકમ કર્યો, યુવરાજ શંખે મંત્રબળથી પલ્લિપતિને પકડી લીધો, પલ્લિશ શરણે આવ્યો,

અને બોલ્યો કે મને પકડવાનું સામર્થ્ય આપનામાં જ છે, બીજા કોઈની તાકાત પણ નથી કે મને પકડી શકે, હું આપની પાસે લજ્જિત છું. આપ મારૂં રક્ષણ કરો.

આ પ્રમાણે પલ્લિપતિએ કહીને કુમારને પ્રસન્ન કર્યા, કુમારે દુર્ગ ઉપર પોતાના રક્ષકોને મૂકી પલ્લિપતિને પકડી નગરમાં પાછા આવ્યા.

એક રાત્રીના યુવરાજે કરૂણસ્વરથી રડતી સ્ત્રીનો અવાજ સાંભળી મહેલમાંથી નીકળી ત્યાં જઈને પૂછ્યું કે હે સ્ત્રી! તું મધ્યરાત્રિએ શા માટે રડે છે? રડવાનું કારણ શું છે? રાજપુત્રની વાણીથી આશ્વાસન પામેલી તે સ્ત્રી બોલી કે અંગ દેશના અલંકાર સ્વરૂપ 'ચંપા' નામે નગરી છે, ત્યાં જિતારી નામે રાજા રાજ્ય કરે છે. તેને યશસ્વિની 'કીર્તિમતી' નામે મુખ્ય પ્રાણપ્રિયા છે.

રાજાને ચાર પુત્રો પછી એક પુત્રીની પ્રાપ્તિ થઈ છે. જેનું નામ યશોમતી છે. તે બ્રાહ્મીદેવીની સમાન હતી, જે રીતે સૂર્યના તરફ કમલને અકારણ પ્રેમ છે. તે પ્રમાણે તે કન્યાને શ્રીષેણ રાજાના પુત્ર 'શંખ' તરફ પણ પ્રેમ છે. રાજા જિતારી જ્યારે શ્રીષેણ રાજાની પાસે પોતાના મન્ત્રિને મોકલવાના હતા. ત્યાં તો મણીશેખર નામનો ખેચર તે કન્યાનું હરણ કરી ગયો, હું તેની ધાવમાતા છું; તેની પાછળ પાછળ આવી છું; દુષ્ટ ખેચર બળજબરીથી મારી પાસેથી તેને છોડાવી સંસાર ખજાનાના સારરૂપ તે બાળાને લઈને

ક્યાંક ભાગી ગયો છે. તે માટે હું એકલી અહીંઆં રડી રહી છું. મને ભય લાગે છે કે કોઈ પણ દિવસ તે બાળા તેને આધીન થશે નહી. તે દુષ્ટ તેને મારી નાખશે.

હે અમ્બ! તું ધીરજ રાખજે, તે ખેચરને જીતી તમારી કન્યા હમણાં જ લઈ આવું છું. આ પ્રમાણે કહીને શંખ તે ખેચરને શોધવા માટે વનમાં ઘુમવા લાગ્યો, શંખને સહાય કરવા માટે પ્રાચીપતિ સૂર્યને ઉદયાચલ ઉપર લઈ આવ્યા, પર્વતના વિશાલ શિખરની ગુફામાં યશોમતીને જોઈ, ખેચર પ્રિયવચનોથી તેની પ્રાર્થના કરતો હતો.

યશોમતી ખેચરને પોતાની પ્રતિજ્ઞા જોરશોરથી કહેતી હતી, કે શંખની સમાન ઉજ્જ્વલ યશવાલા શંખરાજા મારા પતિ છે. બીજા કોઈપણ કદાપિકાળે મારા પતિ થઈ શકવાના નથી. કન્યાને સસ્પૃહ દષ્ટિથી જોઈને ખેચર તરફ ક્રોધથી શંખને આવતો જોઈ વિદ્યાધરે નિશ્ચય કર્યો કે આ પોતે જ શંખ છે. તે વારે બાળા સામે જોઈને તે ખેચર બોલ્યો કે તારા પ્રિયતમ શંખને કાલપાશથી બાંધી દિશાઓનો બલિ બનાવું છું; તું તારી નજર સામે જ જોઈશ કે મારામાં કેટલી બધી તાકાત છે.

આ પ્રમાણે બોલતા ખેચરને શંખે કહ્યું કે અરે! એક સ્ત્રીની સામે તારી પ્રશંસાનો ઢગલો કરી રહ્યો છે. ઉઠ! પરસ્ત્રી હરણના પાપથી કલંકિત તારા આત્માને મારી

તલવારરૂપી જલથી પવિત્ર બનાવ, કુમારની વાત સાંભળી ખેચર ભૂંડની માફક ઘૂઘવતો યુદ્ધ કરવા માટે શંખ ઉપર પડયો. કુમારે તેના ખડ્ગને ખંડિત કરી નાખ્યું.

ખેચરે વિદ્યાબલથી તપેલા લોખંડના ગોળાદિથી વિચિત્ર પ્રકારનું યુદ્ધ કર્યું. પરંતુ તે ખેચર કુમારને હરાવી ન શકયો. કુમારે ખેચરનું ધનુષ્ય છીનવી લીધું, તેના જ બાણોથી ઘાયલ કર્યો. શંખે ઉપચારથી તેને સ્વસ્થ કર્યો. ફરીથી યુદ્ધ કરવા માટે આહ્વવાન આપ્યું.

તે વારે ખેચરે કહ્યું કે હે વીર! આજસુધીમાં હું કોઈથી પરાજિત થયો નથી. પરંતુ અતિશય તેજસ્વી આપનાથી આજે મને પરાજિત થવું પડયું છે. એવી રીતે આ કન્યા પણ આપના ગુણોથી ખરીદાયેલી છે. આપે મને આજે વીરતાથી ખરીદ કર્યો છે. તે વારે શંખે કહ્યું કે હે ખેચરેન્દ્ર! હું તારા વિનયાદિ ગુણોથી વશીભૂત બન્યો છું; તું જ કહે કે હવે હું શું તારૂં પ્રિય કાર્ય કરૂં?

તે વારે ખેચરે કહ્યું કે જો આપની ઈચ્છા છે તો આપ મારી ઉપર મહેરબાની કરવા તથા સિદ્ધ સ્થાનમાં પ્રતિષ્ઠિત શાશ્વત જિનેન્દ્રોની પૂજા કરી પુણ્ય સંચિત કરવાને માટે વૈતાઢય પર્વત ઉપર ચાલો, કન્યાએ પણ અનુમોદન આપ્યું. તે કન્યાને લઈને કુમાર તથા ખેચર ધાવમાતા પાસે આવ્યા અને બધાજ વતાઢય પર્વત ઉપર આવ્યા.

સિદ્ધ સ્થાનમાં પ્રતિષ્ઠિત શાશ્વત જિનેન્દ્રોની પૂજા

કરી યશોમતી સહિત જિનબિમ્બોને પ્રણામ કર્યા. મણિ-શેખર ખેચર કુમારને કનકપુરમાં પોતાના મહેલમાં લઇ આવ્યો. દિવ્ય વસ્તુઓથી દેવતાની જેમ સ્વાગત કર્યું. વૈતાઢયવાસી લોકો દરરોજ ભાવથી શંખ તથા યશોમતીના દર્શન કરવા લાગ્યા. મોટા મોટા વિદ્યાધરો પણ શંખના સેવક બન્યા. વિદ્યાધરોએ પ્રેમપૂર્વક આપેલી વિદ્યાઓને શંખે શીખી ગયા. વિદ્યાધરોએ યશોમતીના વિવાહ થયા પછી પોતાની કન્યાઓના લગ્ન શંખની સાથે કરવાની ભાવના પ્રગટ કરી.

પોતપોતાની પુત્રીઓ સહિત મણીશેખર આદિ વિ-દ્યાધરોની સાથે 'શંખ' ચંપાપુરીમાં આવ્યા. રાજા જિતા-રીએ પુત્રીની સાથે આવેલા શંખનું સ્વાગત કર્યું. મોટા મહોત્સવ સહિત નગરપ્રવેશ કરાવ્યો. શુભલગ્ને યશોમતીના લગ્ન શંખની સાથે જિતારી રાજાએ કરાવ્યા શંખે વિદ્યાધરોની પુત્રીઓ સાથે લગ્ન કરીને યાત્રા તથા વાસુપૂજ્ય સ્વામિની પૂજા કરી. યશોમતિ આદિ પત્નીઓ તથા વિદ્યાધરો સહિત શ્વસૂર પાસેથી વિદાયગિરિ લઈને 'શંખ' હસ્તિનાપુર આવ્યો.

પત્નીસહિત 'શંખ' માતા પિતાના ચરણમાં નમ્યો. માતા પિતાના આનંદનું વર્ણન વાણીદ્વારા થઈ શકે તેમ નહોતું. જેના સામે સ્વર્ગના સુખો તૃણ સમાન છે એવા પુત્ર પિતાનું સુભગમિલન પરિણામ હતું.

સર્વે ખેચરોનું સન્માન કરી 'શંખે' બધાયને વિદાયગિરિ આપી, પોતે રાજહંસની જેમ પિતાના ચરણ કમલની સેવા કરવા લાગ્યા, આરણ દેવલોકથી ચ્યવીને સૂર અને ચંદ્રના જીવ પહેલાની જેમ યશોધર અને ગુણધર નામે બે ભાઈઓ બન્યા, એક સમય શ્રીષેણ રાજાએ રાજ્યકારભાર 'શંખ'ને સુપ્રત કરી, શ્રીમાન ગુણધરાચાર્યની પાસે સંયમ ગ્રહણ કર્યો.

તે રાજર્ષિ જેવી રીતે બારપ્રકારની તપશ્ચર્યામાં લીન છે તેવી રીતે શંખરાજા પણ બાર પ્રકારના રાજ્યચક્રને ચલાવવા માટે અપ્રમત્ત છે. શ્રીષેણ મુનિ ઘાતિકર્મોનો ક્ષય થવાથી કેવલી બન્યા; એકદા વિહાર કરતા કરતા તેઓ હસ્તિનાપુર પધાર્યા, તેઓએ દેશના આપી, અન્તપુર સહિત શંખરાજાએ પણ આવીને ભકિતથી પ્રણામ કર્યા, ધર્મ શ્રવણ કર્યો પછી કેવળી ભગવંતને પૂછ્યું કે આપના ઉપદેશથી હું જાણું છું કે આ સંસારમાં કોઈ કોઈનું નથી. તો પણ આ યશોમતીમાં મારી અધિકતાએ કરીને પ્રીતિ કેમ ?

આપ કૃપા કરીને તેનું રહસ્ય બતાવો, કેવળી ભગવંતે પણ સાત ભવથી આવતા તેની સાથેના દામ્પત્ય સંબંધો બતાવ્યા અને કહ્યું કે અહીંથી આયુષ્ય પૂર્ણ કરીને અપરાજિત નામના અનુત્તર વિમાનમાં જવાના છો, ત્યાંથી ચ્યવીને આ ભરત ક્ષેત્રમાં યદુવંશમાં જન્મ લઈને નેમિનાથ નામે બાવીસમાં તીર્થંકર થવાના છો, અને આ યશોમતી પણ રાજીમતી નામે જન્મ લઈને આપના તરફ અનુરાગિણી

બનીને અવિવાહિત અવસ્થામાંજ આપનાથી વ્રત લઈ ને તેજ ભવમાં મુકિત પ્રાપ્ત કરશે,

આ બંનેભાઇ તથા મતિપ્રભ મંત્રી આપના ગણધર થશે, કેવળી ભગવંત પાસેથી પોતાનો ભવ સાંભળી પોતાના પુત્ર પુંડરીકને રાજ્યકારભાર સુપ્રત કરીને પોતાના ભાઈઓ મંત્રી તથા યશોમતી સહિત શંખ-રાજાએ ચારિત્ર ગ્રહણ કર્યું. મહામુનિ શંખે અનેક પ્રકારના તપથી આત્માને તપાવતા એકાદશાંગરૂપી ગંગા જલથી પોતાને પૂર્ણ કર્યા, અર્હદ્ ભકત્યાદિથી તીર્થંકર નામકર્મ નિકાચિત કર્યું. શંખમુનિની જેમજ શંખના સાધુઓ પણ દઢવૈરાગ્યને ધારણ કરી, શરીર પ્રત્યે નિર્મમ બન્યા. અઢાર રાગાદિ આન્તર શત્રુઓથી રહિત થઈ નેજ રહેવામાં મુકિતની સાધના થઈ શકે છે. આ પ્રમાણે વિચાર કરી ગુરૂની પાસે ભાવપુર્વક સંલેખના કરીને પોતાના હૃદયની વક્રતાનો ઉલ્લેખ કરતા ભાવના, ક્ષમાપના, કર્મનીનિંદા, અનશન, પંચપરમેષ્ઠિ નમસ્કાર મહામંત્રનું આરાધન, ચાર શરણ અંગીકાર કરી આરાધનાના યોગે કાલધર્મ પામી મહામુનિ 'શખ' અપરાજિત નામના અનુત્તર વિમાનમાં દેવ તરીકે ઉત્પન્ન થયા, તેજ રીતે યશોમતી આદિ ત્રણે જણા પણ અનુત્તર વિમાનમાં ઉત્પન્ન થયા, ત્યાં બત્રીસ સાગરોપમ સુધીનો કાલવ્યતિત કર્યો.

જંબુદ્વિપના દક્ષિણ ભરતાર્ધમાં વિષયાદિમાં અગ્રગણ્ય કુશાવર્ત નામે દેશ છે. ચાર પ્રકારના પુરૂષાર્થને સાધવા

માટે આ દેશમાં આવવા માટે બીજા દેશવાસીઓ દેવતા-ઓને દરરોજ પ્રાર્થના કરતા હતા.

તે દેશમાં અલકા અને અમરાવતીથી પણ અધિક સમૃદ્ધશાલી શૌર્યપુર નામે નગર છે. ત્યાં સમુદ્રને પણ પોતાની આજ્ઞામાં રાખવાવાળા શ્રી. સમુદ્રવિજય નામે અખંડ વીર્યગામ્ભીર્યાદિ ગુણના સમુહવાળા રાજા રાજ્ય કરે છે.

જેઓ જ્યારે ક્રોધિત બને છે. ત્યારે દુશ્મનો પણ હાથીની જેમ જંગલમાં ભાગી જાય છે. અનુપમ ગુણવંત શિવાદેવી નામે તેમને રાણી છે. જેનામાં ચાતુર્ય, આર્જવ, સૌભાગ્ય, શિયલાદિ અનેક ગુણોનો ભંડાર હતો, જેમ કાળમીંઢ વાદળના આવવાથી કરીને ચંદ્રમા દેખાતો નથી, તેમ શિવાદેવીના મુખચંદ્રની સામે બીજી સ્ત્રીઓના મુખ શ્યામ દેખાતા હતા.

એવી શિવાદેવી તથા પૃથ્વી એ બન્નેથી રાજાએ કરોડો પ્રકારના વિષય સુખની પ્રાપ્તિ કરી, કાર્તિક વદ બારસના જ્યારે ચંદ્રમા ચિત્રા નક્ષત્રમાં અને કન્યા રાશિમાં હતો, ત્યારે શંખનો જીવ અપરાજિત નામના અનુત્તર વિમાનમાંથી ચ્યવીને (મતિ-શ્રુત-અવધિ) ત્રણ જ્ઞાન સંયુત શિવાદેવીની કુક્ષીને વિષે ઉત્પન્ન થયો, મહારાણી શિવાદેવીએ રાત્રિના મધ્ય ભાગમાં ગજ, વૃષભ, સિંહ, લક્ષ્મી, પુષ્પમાલા, ચન્દ્ર, સૂર્ય, ધ્વજ, સરોવર, સમુદ્ર, વિમાન, રત્નનોગંજ, નિર્ધૂમઅગ્નિ, આદિ ચૌદ મહાસ્વપ્નોને પોતાના મુખમાં પ્રવેશ કરતા જોયા.

તે વખતે સ્વર્ગવાસીઓની જેમ નરકવાસીઓને પણ આનન્દ પ્રાપ્ત થયો. ત્રણે લોકમાં પ્રકાશ થયો. શિવાદેવીએ પ્રાતઃકાળમાં ઉત્સુકતાથી રાજાને પોતાને આવેલા સ્વપ્નોની હકીકત કહી બતાવી, રાજાએ પણ જ્યોતિષિ તથા સ્વપ્ન પાઠકોને બોલાવી ઈચ્છિત દાન આપી, સ્વપ્નોનું ફલ પૂછયું. ત્યારે તેઓએ કહ્યું કે હાથીની જેમ દાનશૂર, વૃષભની જેમ ધર્મધૂરાને વહન કરનાર, સિંહની જેમ પ્રબલ પરાક્રમી, લક્ષ્મીની સમાન વિષ્ણુથી સેવાનારા, માલાની જેમ પોતાની કીર્તિની સુગંધને ફેલાવવાવાળા, ચન્દ્રની જેમ આંખોને અમૃતસમાન આનંદ આપનાર, સૂર્યની જેમ મહાપ્રતાપી, કુલમાં ધ્વજ સ્વરૂપ, કળશની જેમ વિશ્વનું મંગળ કરનારા, સરોવરની જેમ જગતના સર્વે જીવોની તૃષ્ણાને મટાડનાર, સમુદ્રસમાન ગંભીર, વિમાનની જેમ દેવતાઓ સેવનીય, જગત્રયાધીશ તીર્થંકરને આપ પુત્રરૂપે જન્મ આપશે.

ચારણમુનિ તથા શક્રેન્દ્રે આવી સમુદ્રવિજયની તથા શિવાદેવીની સ્તુતિ કરી, બાવીસમા તીર્થંકર પૂત્ર રૂપે આપના ઉદરમાં પધારેલ છે. આ પ્રમાણે કહીને સ્વસ્થાને ચાલ્યા ગયા, જેમ પૃથ્વી નીધિને પોતાના ઉદરમાં વૃદ્ધિ પમાડે છે. તેમ શિવાદેવી માતાએ ગર્ભને કોઈ પણ રીતે બાધા ન આવે તેવી રીતે પાલન કરવા માંડચો, નિધિથી ભરેલો ઘડો જોઈને જેમ આનંદ થાય તેના કરતાં પણ અધિક આનંદ સમુદ્રવિજય રાજવીને રાણીની ઉદર વૃદ્ધિ જોઈને થયો.

ગર્ભમાં રહેલા પ્રભુ યશથી સુશોભિત ન હોય ? કપૂરથી અર્ચિત ન હોય ? એવા પ્રકારના પ્રભુના ગર્ભને શિવાદેવી રાણીએ ધારણ કર્યો, ગર્ભાવાસમાં રહેલા પ્રભુ 'મલથી રહિત હતા' ઉદયાચલની ગુફામાં રહેલા સૂર્યની સમાન સુશોભિત હતા, પુંસવનાદિ કાર્ય કરવાનો વિચાર કર્યો, તે પહેલા જ તે કાર્ય ઇંદ્ર દ્વારા થયેલું જાણવામાં આવ્યું.

ગાજવિજ, કડાકા, વિગેરે કોઈ પણ પ્રકારના તાંડવ સિવાય તિર્યગ્ જૃંભક દેવોએ રત્નાદિવૃષ્ટિ વડે રાજાના ખજાનાને ભરી દીધો, પ્રભુ સુખ પૂર્વક માતાનાં ઉદરમાં રહેલા છે. શ્રાવણ સુદ પાંચમના મધ્યરાત્રિએ શિવાદેવીએ શંખ લાંછનવાળા, અંજન સરખા વર્ણવાળા, એક હજારને આઠ લક્ષણોથી યુક્ત એવા પૂત્રને જન્મ આપ્યો, તે વખતે પવન મધુર હતો, નારકના જીવોને પણ હર્ષોત્પન્ન થયો, આકાશમાં દુન્દુભીના નાદ થવા લાગ્યા, આકાશ સ્વચ્છ સ્ફટિક સમાન હતું.

જિન જન્મના હર્ષોત્કર્ષથી દિક્કુમારિકાઓના આસન કંપાયમાન થયા, તેઓએ અવધિજ્ઞાનથી પ્રભુ જન્મ જાણી, પ્રથમ પ્રભુની સ્તુતિ કરી, નાચગાન કર્યા, પાતાલથી ભોગંકરાદિ આઠ દિક્કુમારિકા આવી, માતાને નમસ્કાર કરી, સંવર્ત પવન દ્વારા ભૂમિ શુદ્ધ કરી, પ્રસૂતિ ઘર પાસેથી અશુચિ પુદ્ગલોને યોજન પર્યંત દૂર ફેંકી પ્રભુની માતા પાસે પ્રભુના ગુણોની સ્તવના કરી, ઉર્ધ્વલોકથી મેઘંકરી આદિ આઠ કુમારિકાઓએ આવીને સુગંધિત જલ

પુષ્પાદિ ભૂમિ ઉપર છાંટી પ્રભુની સ્તુતિ કરી, પૂર્વ રૂચકથી નન્દાદિ આઠ દેવીઓએ હાથમાં દર્પણ લઈ ત્યાં આવી પ્રભુની તથા પ્રભુ માતાની સ્તુતિ કરી ત્યાં જ ઉભી રહી.

દક્ષિણ રૂચક પર્વતથી સમાહારાદિ આઠ દેવીઓ હાથમાં પંખા લઈને આવી, પ્રભુને પ્રણામ અને સ્તુતિ કરી, પશ્ચિમ રૂચકથી ઈલાદિ આઠ દેવીઓએ માતા સહિત પ્રભુને પ્રણામ કર્યા, ઉત્તર દિશાની દેવીઓએ આવી જિનને પ્રણામ કર્યા, ઉત્તરદિશાના રૂચકથી હાથમાં ચામર લઈને અલમ્બુસા આદિએ આવી માતા સહિત જિનને પ્રણામ કર્યા, વિદિશિઓની રૂચકાદિથી દીપક હાથમાં લઈને ચિત્રાદિ ચાર કન્યાઓએ આવી જિનની તથા માતાની સ્તુતિ કરી પ્રણામ કર્યા.

ત્યારબાદ પોતપોતાની દિશામાં સ્થિર બની ઉભી રહી, રૂચકદ્વિપની ચાર કન્યાઓએ માતા સહિત જિનને પ્રણામ કરી નાલચ્છેદન કર્યું. પ્રસૂતિગૃહમાં દક્ષિણ–પૂર્વ અને ઉત્તર દિશામાં સિંહાસન યુક્ત કેળના ઘર તૈયાર કર્યા, માતાને દક્ષિણ દિશાના કેળના ઘરમાં લક્ષપાક તેલથી મર્દન કર્યું. પૂર્વ તરફના કેળના ઘરમાં સ્નાન કરાવ્યું. દિવ્ય ચન્દનોનું વિલેપન કર્યું. દિવ્યવસ્ત્રાભૂષણોથી બન્નેને શણગાર્યા, ઉત્તર તરફના કેળના ઘરમાં લાવી ચાકરો દ્વારા હિમાલયથી ગોશિર્ષ ચન્દન મંગાવીને અગ્નિમાં જલાવી તેની ભસ્મથી આભૂષિત કર્યા.

ત્યારબાદ દક્ષિણ બાજુના કેળના ઘરમાં લાવી, તે બન્નેના હાથમાં રક્ષા પોટલી બાંધી, પર્વતની જેમ દીર્ઘાયુ થાવ, તેમ કાનમાં કહ્યું. પછી પ્રભુને તથા શિવાદેવીને પ્રસૂતિ ગૃહમાં લાવી શય્યા પર સુવાડીને તે બધી કુમારિકાએ ગુણોના મંગલગીત ગાયા, શક્રેન્દ્રનું આસન સ્થિર હોવા છતાં, પણ કંપાયમાન થયું. પ્રથમ તો સૌધર્મેન્દ્ર ક્રોધિત થયા.

પરંતુ અવધિજ્ઞાનથી જિન જન્મને જાણી સિંહાસન ઉપરથી ઉઠીને, સાત આઠ ડગલાં ચાલીને પાંચ પ્રકારના અભિગમને સાચવી પ્રભુને નમસ્કાર કરી જે દિશામાં પ્રભુનો જન્મ થયેલ છે, તે દિશા તરફ મૂખ રાખી શક્રસ્તવ દ્વારા પ્રભુની સ્તુતિ કરી, નૈગમિષ દેવ દ્વારા સુઘોષા ઘંટનાદ કરાવીને તમામ દેવોને પ્રભુના જન્મની વધામણી આપી, ઘંટનાદ સાંભળી બધા દેવો સૌધર્મેન્દ્રની પાસે આવી પહોંચ્યા, પાલકે પાંચસો યોજન ઉંચાઈવાળું, અને લાખ યોજન વિસ્તાર વાળું. 'પાલક' નામે વિમાન તૈયાર કર્યું. આઠ અગ્રમહિષીઓથી યુક્ત બની સૌધર્મેન્દ્ર શૌર્યપુર નગરમાં આવ્યો.

આવતાંની સાથે જ પ્રસૂતિ ગૃહને ત્રણ પ્રદક્ષિણા આપી, ઈશાનખુણામાં ઉભા રહી, માતા સહિત જિનેશ્વર ભગવંતને નમસ્કાર કરી, અનુપમ ભક્તિ ભાવથી શિવાદેવીની સ્તુતિ કરી કે દેવી ! તમે તમારા વંશમાં ક્ષીર સમુદ્રની નવીન છીપ સ્વરૂપે રહેલા છો. આપના અંગદ્વારા

ઉત્પન્ન થનાર મુક્તાત્મા ત્રણ જગતને વંદનીય એવા તીર્થંકર પરમાત્મા છે. પ્રભુના જન્મોત્સવ નિમિત્તે આવ્યો છું; હું સૌધર્મેન્દ્ર છું.

આ પ્રમાણે શિવાદેવીની સ્તુતિ કરી, વિનંતિ કરી કે 'આપ કોઈ પણ પ્રકારની ચિંતા કરશો નહી.' આ પ્રમાણે આશ્વાસન આપી ઇંદ્રે શિવાદેવી માતાને અવસ્વાપિની નિદ્રા આપી. તેમની પાસે પ્રભુની કલ્પિત મૂર્તિ મૂકી, ઈન્દ્રે પોતાના પાંચ રૂપ બનાવ્યા, એક રૂપથી કમલની જેમ પોતાના બે હાથની વચમાં પ્રભુને રાખ્યા, 'આપ મને સેવાની આજ્ઞા આપો' કહીને બીરાજમાન થયા, બે રૂપોથી પ્રભુના બન્ને બાજુ ચામર ઢોળવા લાગ્યા, ચોથા રૂપથી સિદ્ધક્ષેત્રની જેમ સફેદ આતપત્રને ધારણ કર્યું. પાંચમા રૂપથી પ્રભુની રક્ષાને માટે સાવધાન રહેવા માટે વજ્રને ધારણ કર્યું.

બીજા ત્રેસઠ ઇંદ્રોના આસન કંપાયમાન થયા, પોત-પોતાના વૈભવથી યુક્ત બની પ્રભુના દર્શનાર્થે આવ્યા, તેઓની સાથે રૂપાના, સુવર્ણના, માટીના, તથા મણીના આઠ હજાર કલશોમાં સર્વતીર્થ, સમુદ્ર, નદી, સરોવરના પાણીને ભરી આભિયોગિક દેવો પણ આવ્યા, તે બધા અનેક પ્રકારના વાજીંત્રો દ્વારા મધુર ધ્વનિનો ગુંજારવ કરવા લાગ્યા.

સુમેરૂ પર્વત ઉપર પ્રભુનો જન્મોત્સવ ઉજવ્યો, અચ્યુતાદિ અનેક સુરેન્દ્રોએ પણ વિધિ પૂર્વક હર્ષથી પ્રભુની પૂજા કરીને ભક્તિથી ભરપુર અન્તઃકરણથી સ્તુતિ

કરી, સુધર્માધિપતિ જ્યારે પ્રભુને સ્નાત્ર કરવા માટે ચાલ્યા ત્યારે મોટા ઉંચા પ્રમાણવાળા ચાર વૃષભ ઈશાનેન્દ્રે નિર્માણ કર્યા, પ્રભુના સ્નાત્ર જલને બધા દેવતાઓએ પોતપોતાના અંગ ઉપર લગાડયું.

નૃત્ય કરતી સુરાંગનાઓના કટાક્ષથી પ્રભુને જોઈ ઈન્દ્રાણી ક્ષીર સાગરના ભ્રમથી માર્જન કરવા લાગી ત્યારે ઈન્દ્રને હસવું આવ્યું. વાસવે ગોશિર્ષ ચન્દન વડે પ્રભુના શરીરને વિલેપન કર્યું. કલ્પદ્રુમાદિના પુષ્પોથી પૂજા કરીને ચન્દ્રની પણ પ્રભાને શ્યામ બનાવે તેવું અત્યુજ્જવલ વસ્ત્ર પહેરાવ્યું, પ્રભુ પોતે સ્વયં મંગલતુલ્ય હોવા છતાં શક્રેન્દ્રે પ્રભુની આગળ દિવ્ય અક્ષતોથી અષ્ટ મંગલની રચના કરી, પ્રભુની સામે અપ્સરાઓનું વિલક્ષણ નૃત્ય કરાવ્યું.

ત્યારબાદ સુગંધિથી ભરપુર પુષ્પોની માળા વડે પ્રભુની પૂજા કરી. હે દેવ ! આપ આકાશની જેમ નીરૂપ હોવા છતાં પણ નિલોત્પ્રભ છો, કોઈનો આધાર લેવા વાળા નહિ હોવા છતાં પણ જગદાધાર છો, એવા આપની સ્તુતિ હું શું કરૂં ? હે નાથ ! આ પૃથ્વી સર્પિણીની જેમ ભયંકર હોવા છતાં પણ આપના દ્વારા આનંદ કારિણી બની છે. આપની દેહ કાંતિ ભિષ્મ એવા ભવગ્રિષ્મનો સંતાપ હરનારી છે. આ પ્રમાણે સ્તુતિ કરી શક્રેન્દ્ર પ્રભુને માતાની પાસે મૂકી, દેવદૂષ્ય અને જંબુદ્વીપના બે ચંદ્રઆની જેમ બે દિવ્ય કુંડલો બન્ને કાનમાં મૂકયા.

સૂર્ય જેવી રીતે કમલિનીની નિદ્રાનું હરણ કરે છે તે પ્રમાણે ઇંદ્રે પ્રભુની માતાને આપેલી અવસ્વાપિની નિદ્રાનું હરણ કર્યું. ત્યારબાદ ઇંદ્રે આભિયોગિક દેવોદ્વારા ઘોષણા કરાવી કે દેવતાઓ, અસુરો, અને મનુષ્યોમાંથી કોઈપણ દુર્બુદ્ધિ જો પ્રભુનું અથવા પ્રભુની માતાનું અનિષ્ટ કરશે, અથવા તે સંબંધિનો વિચાર પણ કરશે, તો તેના મસ્તકના સાત ટુકડા કરવામાં આવશે, શક્રના આદેશથી કુબેરે સમુદ્રવિજયના ભવનોમાં સુવર્ણ, રત્ન, વસ્ત્રાદિ સમસ્ત અભિલાષિત વસ્તુઓની વૃષ્ટિ કરી, ઇંદ્રે અંગુઠે મૂકેલા અમૃતનું પાન પ્રભુ કરવા લાગ્યા.

કારણકે જિનેશ્વરદેવ સ્તનપાન કરતા નથી, પાંચ સમિતિની જેમ પાંચ અપ્સરાઓને પ્રભુની ધાત્રીના રૂપમાં મૂકી ઈન્દ્ર નંદીશ્વર દ્વીપ ગયા, ત્યાં શાશ્વત જિનબિંબોનો ભક્તિપૂર્વક અઠ્ઠાઈ મહોત્સવ કરી, પરમહર્ષિત થયેલા તમામ દેવો પોતાના સ્થાને ગયા.

અન્ધકારને દૂર કરવાવાળા નવીન સૂર્યરૂપ જિનેશ્વરદેવનો ઉદય થવાથી ભયભીત બનેલો અજ્ઞાનરૂપી અન્ધકાર ભૂમંડળને ત્યજીને ભાગી ગયો, એટલામાં ઉદયાચલેથી સહસ્રાંશુ પ્રકાશિત બન્યા, તે વારે શિવાદેવીએ પદ્મિનીની જેમ પદ્મરૂપ નેત્રને ઉઘાડયાં, દિવ્ય અંગવિલેપન તથા અદ્ભૂત વસ્ત્રોથી વિભૂષિત પુત્રને જોયો.

પુત્રજન્મથી શિવાદેવીના પરિજન અત્યંત ખૂશી થયા, દેવતાઓથી સૂતીકર્મ થયેલું હોવાથી રાજાને વધામણી આપી,

સૂર્યોદય થતાંની સાથે તમામ જીવોની જેમ, ચન્દ્રોદય થવાથી સમુદ્રની જેમ, ગ્રિષ્મઋતુના આગમનની સાથે કોયલની જેમ, વરસાદના આવવાથી મોરલાને જેમ, હર્ષ થાય તેવી રીતે સમુદ્રવિજય રાજા અત્યંત આનંદિત બન્યા, રાજાએ પ્રાણીઓને અને કેદીઓને બંધનમુક્ત કર્યા.

પરંતુ સંસારના બંધનથી તેમના પુત્રજ મુક્ત કરી શકે તેમ છે. રાજાઓ તરફથી વધામણીમાં ભેટ આપવા માટે લાવવામાં આવેલા હાથી, ઘોડા, રત્ન, સુવર્ણાદિથી સમુદ્રવિજયનું ભવન પણ સંકડાશ અનુભવવા લાગ્યું. રાજાએ મોટા મહોત્સવપૂર્વક જન્મોત્સવ કર્યો, શ્યામાંગ હોવા છતાં પૂર્ણીમાના ચંદ્રમા સમાન તેજસ્વી તથા નિર્મલ પુત્રને જોઈ સમુદ્રવિજય રાજાના અંતરમાં સમુદ્રની જેમ હર્ષની લહેરો ઉભરાઈ, ષષ્ઠી જાગરણ, સૂર્યચંદ્રાદિ દર્શનાદિ મહોત્સવોને કરી પ્રભુનો નામકરણ મહોત્સવ કર્યો, પહેલાના આવેલા સ્વપ્નાનુસાર પુત્રનું નામ ‘ અરિષ્ટનેમિ ’ રાખ્યું.

ભવસમુદ્રને પાર કરવાવાળા પ્રભુ આપણને કેવી રીતે મલે ? આ પ્રમાણે વિચાર કરતી ભાઈની પત્નીઓએ પ્રભુને રમાડયા, પ્રભુના અંગનો સ્પર્શ કરી રાજાના ચિત્તને અત્યંત આનંદ થયો.

ત્રણે જગતના જીવોને આનંદિત કરનારા પ્રભુ શુકલ પક્ષના ચંદ્રમાની જેમ મોટા થવા લાગ્યા.

॥ ઇતિ સપ્તમ સર્ગ સંપૂર્ણ ॥

## સર્ગ આઠમો.

લક્ષ્મીથી દેવપુરી સમાન મથુરાનગરીમાં ઇંદ્રસમાન સઘળા વૈભવોથી યુક્ત દશમા દશાર્હે શ્રી સમુદ્રવિજય રાજવીના ઘેર સૂર અસૂરોથી સેવિત કલ્પવૃક્ષની સમાન શ્રી નેમિનાથને પુત્રના રૂપમાં ઉત્પન્ન થયેલા જાણી ઘણા હર્ષપૂર્વક ધનવંત અને માનવંત લોકોની સાથે પુષ્કળ દ્રવ્યનો વ્યય કરી મહોત્સવ ઉજવ્યો, બીજે દિવસે દેવકીને નમસ્કાર કરવાને કંસ વસુદેવના મહેલમાં આવ્યો, ત્યાં કન્યાને આંગણામાં રમતી જોઈને અતિમુક્તક મુનિના શબ્દોનું સ્મરણ કરીને જલ્દીથી ત્યાંથી પાછો ઘેર આવ્યો.

જ્યોતિષિઓને પોતાના ત્યાં બોલાવ્યા, મૃત્યુના ભયથી આતુર બનેલા 'કંસે' પૂછ્યું કે દેવકીજીનો સાતમો ગર્ભ સ્ત્રીરૂપે હોવાથી સાધુવાક્ય ખોટું પડયું કે નહી? તે વારે જ્યોતિષિઓએ કહ્યું કે સાધુની વાણી કોઈ દિવસ ખોટી પડતી જ નથી, માટે સાતમો ગર્ભ કોઈપણ જગ્યાએ અવશ્ય હશે, આપશ્રી તેની તપાસ કરાવો. આપ દુષ્ટ અરિષ્ટ, વૃષભ, કેશી તથા ખરમેષને વૃંદાવન મોકલાવો, તેઓને અનાયાસે જે મારી નાખશે તેજ આપને મારનારો થશે જ, તેજ દેવકીજીનો સાતમો પુત્ર હશે.

આપની માતાથી પૂજીત આપના ઘરમાં વિદ્યમાન

સારંગ ધનુષ્યને ઉઠાવનાર તેજ દેવકીજીનો સાતમો ગર્ભ અને આપને મારનારો હશે, જ્ઞાનીએ કહ્યું હતું કે ભાવી વાસુદેવ તે ધનુષ્યને ઉઠાવશે, કાલિયનાગનું દમન કરશે, ચાણુરને મારશે, પદ્મોત્તર અને ચમ્પક નામના બે દ્વિપેન્દ્રો-ને મારનાર હશે, કંસરાજાએ પોતાના શત્રુની તપાસ મેળવવા માટે અરિષ્ટ આદિને વનમાં મોકલ્યા.

ચાણુર તથા મુષ્ટિક એ બનેને શ્રમ કરવાનો આદેશ આપ્યો, સાક્ષાત્ (રિષ્ટ) વિઘ્નરૂપ અરિષ્ટે વનમાં જઈને મેઘની સમાન, ઉન્મત્ત હાથીની જેમ ગર્જનાઓ કરવા માંડી, ગોવાળોમાં ભયંકર ઉપદ્રવ મચાવ્યો, પોતાની ગરદન ઉપર ગાયોને ઉઠાવી ફેંકવા માડી, દૂધ, દહીં, ઘી વિગેરેના વાસણોને તોડી ફેંકી દીધા, તે વખતે એકાએક હે કૃષ્ણ! હા કૃષ્ણ! હે રામ! હા રામ! તમે જલ્દી આવો, અમને બચાવો ? આ પ્રમાણેનો કોલાહલ ચારે દિશામાં ફેલાઈ ગયો, કોલાહલ સાંભળીને શોરીપુત્ર બલરામ અને કૃષ્ણ વૃદ્ધ ગોવાળોના રોકવા છતાં પણ ન રોકાતાં જલદીથી દોડયા.

બંનેને પોતાની તરફ આવતા જોઈને અરિષ્ટ પોતાના પુંછડાને ઊંચુ કરી, શિંગડારૂપ શસ્ત્રને આગળ રાખી, બંનેની સામે દોડયો, કૃષ્ણે તેના બંને શિંગડાને ઊખાડી નાખી, કપડાની જેમ તે અરિષ્ટની ગરદનને નિચોવી નાખી, તે અરિષ્ટને યમના દ્વારે મોકલાવી આપ્યો, સર્વે ગોવાળોએ જયઘોષ કર્યો, કૃષ્ણના ભૂજાબલની પ્રશંસા કરી.

બીજે દિવસે કંસના ભયંકર તિક્ષ્ણ ધારવાળા દાંતથી શોભતા કેશી નામના અશ્વે ગોકુળમાં ઉપદ્રવ મચાવ્યો, શ્રીકૃષ્ણે રાહુની સમાન પોતાના બાહુથી તેના બે ટુકડા કરી નાખ્યા.

ત્યારબાદ શ્રીકંસે મોકલાવેલ ખરમેષને પણ શ્રીકૃષ્ણે મારી નાખ્યો, ભયભીત બનેલા શ્રીકંસે પોતાના શત્રુનો નિશ્ચય કરવાને માટે સભામાં સારંગધનુષ્યને મંગાવ્યું. પોતાની મોટી પુત્રી સત્યભામાને તે ધનુષ્યની ઉપાસના કરવા કહ્યું. પૂજા મહોત્સવનો પ્રારંભ કર્યો, શ્રીકંસે ઉદ્-ઘોષણા કરાવી કે જે કોઈ સારંગ ધનુષ્યને પણછ ચઢાવશે, અને બાણ ચઢાવશે તેને સત્યભામા પરણાવવામાં આવશે.

આ વૃત્તાંતને સાંભળી અનેક રાજાઓ શારદ મેઘની સમાન ગર્જના કરતા આવ્યા, તે બધા નિષ્ફળ થયા, મદનવેગાની કુક્ષીથી ઉત્પન્ન થયેલ વસુદેવપુત્ર અનાધૃષ્ટિ પોતાને મહાન વીર માનતો ધનુષને ચઢાવવા માટેની ઈચ્છાથી ચાલ્યો, ગોકુલમાં બલરામ અને કૃષ્ણને જોઈ તેમના સ્નેહથી મોહિત બની રાત્રી ત્યાં જ રહ્યો.

સવારમાં બલરામને ત્યાં જ મૂકી મથુરાનો માર્ગ બતાવવાના હેતુથી શ્રીકૃષ્ણને સાથે લઈને અનાધૃષ્ટિએ પ્રયાણ કર્યું. રસ્તામાં તેમનો રથ વૃક્ષોની ઘનઘોર ઝાડીમાં ફસાઈ ગયો. ઘણો પ્રયાસ કરવા છતાં પણ રથ બહાર ન કાઢી શક્યા, ત્યારે શ્રીકૃષ્ણે પોતાના બાહુબલથી તે રથને બહાર કાઢ્યો, તેમના લોકોત્તર બળથી આશ્ચર્યચકિત બનેલા અનાધૃષ્ટિએ શ્રીકૃષ્ણને આલિંગન કર્યું.

આગ્રહપૂર્વક રથમાં બેસાડી જમના નદી પાર કરીને તે બંને વીરોએ મથુરાની ધનુઃસભામાં આસન લીધું. તેઓએ રામાશિરોમણી સત્યભામાને ધનુષ્યની પાસે બિરાજમાન સાક્ષાત્ ધનુષ્યની અધિષ્ઠાત્રી સમાન દેવીના રૂપમાં જોઈ, સુમુખી સત્યભામાએ પુણ્યલાવણ્ય અમૃતના કુંડરૂપ શ્રીકૃષ્ણના અંગોમાં પોતાની આંખોને સ્નાન કરાવ્યું. બહિદ્રષ્ટિ અનાધૃષ્ટિએ કન્યાના મનને નહી જાણતાં તે કન્યાની પ્રાપ્તિ માટે, ધનુષ્યને ચઢાવવાનો પ્રયાસ કર્યો.

ધનુષ્યને હાથમાં લેતાની સાથે અનાધૃષ્ટિ જમીન ઊપર પડી ગયો, સત્યભામાની સખીઓએ તથા ત્યાં ઉપસ્થિત તમામ રાજાઓએ તેની ખૂબ જ મશ્કરી કરી, એટલામાં પોતાના ભાઈની લઘુતાને નહીં સહન કરવાવાળા શ્રીકૃષ્ણે ઊઠીને તે ધનુષ્યને હાથમાં લઈ કમળની નાળની જેમ અર્ધ ચંદ્રાકાર બનાવી દીધું, જેનાથી અનેક રાજાઓ રૂપી સૂર્યના તાપથી તૃપ્ત અંગોવાલી સત્યભામાને શાંતિ મલી.

ધનુષ્યને હાથમાં રાખી શ્રીકૃષ્ણ ઊભા હતા. ધૃષ્ટ અનાધૃષ્ટિએ પોતાને ઘેર આવી પિતાને કહ્યું કે મેં ધનુષ્ય ઊપર 'પણછ' ચઢાવી હતી, તેનાથી બધા રાજાઓ મૂર્ખની જેમ બબડવા લાગ્યા, વસુદેવે વચમાં જ વાત કાપીને કહ્યું કે તું અહીંથી ચાલ્યો જા, નહીતર કંસ તને ધનુષ ચઢાવનારો સમજીને મારી નાખશે. આ સાંભળી ભયભીત

બનીને શ્રીકૃષ્ણને વ્રજમાં મૂકી તે શૌર્યપુરમાં ચાલી ગયો, આ બાજુ આખા નગરમાં કોલાહલ મચી ગયો. કે નન્દનના પુત્રે ધનુષ્યને ચઢાવ્યું છે. કંસે પણ મુનિ-વચનનું સ્મરણ કરીને અત્યંત દુઃખ પ્રાપ્ત કર્યું. દેવકી પુત્રને પોતાનો દુશ્મન માન્યો, તેને મારવાની ઈચ્છાથી કપટ કરી લોકોમાં ચાપોત્સવનું પ્રકાશન કરી મલ્લોને યુદ્ધ કરવા માટે તૈયાર રહેવાનો સંકેત કર્યો. તેણે ઘણા ઉંચા ઊંચા મંચ બનાવ્યા. તમામ રાજાઓને નિમંત્રણ આપી બોલાવ્યા, બનાવેલા ઊંચા ઊંચા મંચ ઉપર બેસા-ડયા, વસુદેવે પણ કંસનો ઉપક્રમ જાણતા હોવા છતાં પણ અક્રુરાદિ બધા પુત્રોને બોલાવ્યા. કંસે પણ પોતાના શ્વસુર જરાસન્ધના બલથી મદોન્મત્ત બની દશદિક્પાલોની જેમ સત્કારપૂર્વક દશ દશાર્હરાજાઓને પંક્તિબંધ બેસાડયા.

મલ્લોના આહ્‌વાનને સાંભળી તેમને જોવાની ઈચ્છાથી વ્યાકુલ બનેલા શ્રીકૃષ્ણે રામને કહ્યું કે મલ્લોને જોવા માટે મારા ચિત્તમાં કુતુહલ ઉત્પન્ન થયેલ છે. માટે મથુરા ચાલો, આપ મારી પ્રાર્થનાને નિષ્ફળ કરશો નહીં, તેઓની વાતને માની બલરામે શ્રીમતી યશોદાને કહ્યું કે હમે બંને મથુરા જઈએ છીએ માટે અમને સ્નાન કરાવો, શ્રીમતી યશો-દાને ચિંતાતુર બનેલી જોઈને બલરામે કહ્યું કે શું તું નથી જાણતી, સ્વામીનો આદેશ સાંભળી દાસીએ ઉદાસીન ન બનવું જોઈએ.

બલરામના બોલવાથી શ્રીકૃષ્ણને ખુબ જ ખોટું

લાગ્યું. અને નિસ્તેજ વદન કરીને તેઓ ઊભા, શ્રીબલરામ સ્નાન કરાવવા માટે શ્રીકૃષ્ણને લઈને યમુના કિનારે ગયા, ત્યાં જઈને શ્રીબલરામે પૂછ્યું, કે વત્સ! તારૂં મુખ તે વખતે કેમ નિસ્તેજ બની ગયું હતું? શ્રીકૃષ્ણે કહ્યું કે આપે મારી માને દાસી કહીને કેમ બોલાવી?

શ્રીબલરામે શાંતિથી કહ્યું કે વત્સ! 'નન્દ' તારા પિતા નથી અને યશોદા તારી માતા પણ નથી. વીર શિરોમણી વસુદેવ તારા પિતા છે. કંસની બીકથી તને અહીંયાં રાખવામાં આવેલ છે. દેવક રાજાની પુત્રી અને કંસની બ્હેન દેવકી તારી માતા છે. જે દરમહિને ગાય પૂજાને બહાને તને જોવા માટે અહીંઆં આવે છે. હું રોહિણીનો પુત્ર છું અને તારો ઓરમાન ભાઈ છું; પિતાજીએ તારી સારસંભાળ માટે મને અહીં રાખ્યો છે.

દાક્ષિણ્ય ગુણવાળા પિતાજી કંસના કહેવાથી મથુરા નગરીમાં રહેલા છે. તે વારે શ્રીકૃષ્ણે પૂછ્યું કે પિતાજીને શ્રીકૃષ્ણનો ભય શા માટે? ત્યારે બલરામે અતિમૂક્ત મુનિની વાત કહી દીધી. તે વાતોને સાંભળી ક્રોધથી શ્રીકૃષ્ણનું શરીર બળવા લાગ્યું. કંસ વધની પ્રતિજ્ઞા કરીને શ્રીકૃષ્ણ નહાવા માટે યમુનામાં ગયા, ત્યાં પણ કંસના આદેશથી આજ્ઞાંક્તિ થયેલ ન હોય? તેમ કાલીયનાગ ભયાનક ફુંફાડા મારતો જ્વાળાઓ પ્રગટાવતો, યમરાજ સદૃશ શ્રીકૃષ્ણને યમદ્વારે પહોંચાડવા માટે આવ્યો, શ્રીકૃષ્ણે તેના ઉપર ચઢીને નાવની

માફક ખુબ જ ફેરવ્યો, નાગ ખુબ જ દુઃખિત બન્યો ત્યારે તેને છોડી દઈ શ્રીકૃષ્ણ નદીમાંથી નીકળીને કીનારે આવી ગયા, બધા લોકો શ્રીકૃષ્ણની પ્રશંસા કરવા લાગ્યા.

બલરામ અને શ્રીકૃષ્ણ ગોવાળો સહિત મથુરા તરફ પ્રસ્થાન કરીને અનુક્રમે નગરના દ્વાર પાસે આવ્યા, ત્યાં પહોંચતાની સાથે જ શ્રીકંસના આદેશથી મહાવતની પ્રેરણાથી યમરાજની સમાન દોડતા પદ્મોત્તર અને ચંપક નામના બે હાથીઓને શ્રીકૃષ્ણે માર્યા, તે વખતે લોકો બોલવા લાગ્યા કે 'અરે આ તો બન્ને જણા છે કે જેઓએ અરિષ્ટ આદિને માર્યા હતા' તે નન્દના પુત્રો છે.

લોકોનું બોલવાનું ન સાંભળતા બંને જણા મલ્લ ભૂમિમાં આવી કંસના આપ્તજનોને ઉઠાડી મંચ ઉપર બેસી ગયા, શ્રીબલરામે કંસની સામે અંગુલી નિર્દેશ કરીને શ્રીકૃષ્ણને 'કંસ'ની ઓળખ આપી, બીજા મંચ ઉપર બેઠેલા, ગુપ્તચરો દ્વારા કંસના અભિપ્રાયને જાણવા-વાળા સમુદ્રવિજયાદિ પોતાના સમ્બંધીઓને પણ સંકેત દ્વારા જોયા, પ્રભાથી ભાસુર દેવતાના જેવા સ્વરૂપવાળા તે બંનેની તરફ બધા રાજાઓએ જોયું, તે બંને જણાઓએ હાથીને માર્યા છે.

આ બીના જાણવાથી બધા રાજાઓ તે બનેની પ્રશંસા કરવા લાગ્યા, રાજાઓની વાતોથી શ્રીકંસનું હ્રદય બળવા લાગ્યું. તેની આંખો લાલ બની ગઈ, કંસના

આદેશથી 'મલ્લ' યુદ્ધ કરવા લાગ્યા, ચાણુર પણ ઉઠીને ઉભો થયો, તાલ ઠોકીને હસ્તિની જેમ ગર્જના કરતો પોતાના વિજયસ્તંભની જેમ ભૂજા સ્તંભને ઊઠાવી બધા રાજાઓની તરફ સંકેત કરતો કહેવા લાગ્યો કે જેઓને પોતાની વીરતાનું અભિમાન હોય તેઓ મારી સાથે યુદ્ધ કરીને મારા સુવર્ણ મલ્લકંકણને ઉતારી નંખાવે, તેની હસ્તી સમાન ગર્જનાને નહીં સહન કરનાર શ્રીકૃષ્ણ સિંહની જેમ મંચ ઉપરથી ઉતરીને યુદ્ધ કરવા માટે, ચાણુરની સામે આવ્યા.

આ પ્રમાણેની વિચિત્ર ઘટનાને જોઈ બધા રાજાઓ એક શબ્દમાંજ કોલાહલ મચાવવા લાગ્યા કે આ બંનેની વચ્ચેનું યુદ્ધ અનુચિત છે. રાજાઓના કોલાહલને સાંભળી ક્રોધાવેશમાં આવી શ્રીકંસે કહ્યું કે ગોરસ ખાઈ ઉન્મત્ત બનેલા આ બંને ગોવાળાને અહીંઆ કોણે બોલાવ્યા છે? તેઓ પોતાની જાતે જ આવેલા છે. અને રણરંગમાં પ્રવિણ બનેલા છે. તો પછી તેમને રોકવાની શું જરૂર છે? તેમના વિષયમાં જેમને ખેદ છે. તેઓ ઊભા થઈ જાય, અને બોલે, કંસની વાતો સાંભળી લોકો ભયથી મૌનને ધારણ કરી બેઠા.

પરંતુ નિર્ભય બનીને શ્રીકૃષ્ણે કહ્યું કે:-માનો કે હું બાળક છું; અથવા દહીં ખાવાવાળો ગોવાળ છું; પરંતુ સિંહ જેમ હાથીને મારે છે તેમ હું હમણાં જ આ ચાણુરને મારૂં છું; તે આપ સર્વે જુઓ, કંસરાજા,

શ્રીકૃષ્ણની ભૂજાઓનું આસ્ફાલન તથા ભયંકર ત્રાડનો આવાજ સાંભળીને ભયભીત બન્યો, મનમાં નિશ્ચય કર્યો કે આ મારો વધ કરનાર છે.

કૃષ્ણને મારવાની ઇચ્છાથી શ્રીકંસે દ્રષ્ટિથી ઈશારત કરીને વજ્ર મુષ્ટિક નામના મુષ્ટિક યુદ્ધ કરનારને સંકેત કર્યો, કૃષ્ણની સાથે લડવાની ઈચ્છાથી આવતા બીજા મલ્લને જોઈ બલરામના અંતરમાં કૃષ્ણના પરાજયની શંકા થઈ, બલરામે આગળ વધીને ગર્જના પૂર્વક મુષ્ટિકને યુદ્ધ કરવા માટે આહ્વાન આપ્યું.

પોતાની નિન્દાને નહી સહન કરનાર મુષ્ટિકમલ્લ પણ બલરામને શબ્દોથી ઉત્તેજિત કરવા લાગ્યો, તે વખતે તે બન્નેના તુમુલ યુદ્ધોને જોઈ બધા આશ્ચર્ય અનુભવવા લાગ્યા, મહાબલિષ્ઠ કૃષ્ણ અને બલરામે તે બે મલ્લોને તરણાની માફક આકાશમાં ઉછાળ્યા.

તે વખતે કંસ સિવાય તમામ રાજાઓને હર્ષ થયો, કૃષ્ણ તથા બલરામની પ્રશંસા કરવા લાગ્યા તે બન્ને મલ્લોએ શ્રીકૃષ્ણ, બલરામને પણ આકાશમાં ઉછાળ્યા, શ્રીકૃષ્ણે ચાણુરની છાતીમાં મુષ્ટિનો પ્રહાર કર્યો, ચાણુર બેભાન બન્યો, ચાણુરે ઉઠીને શ્રીકૃષ્ણના વૃક્ષ સ્થળમાં મુષ્ટિ મારી, શ્રીકૃષ્ણ બેભાન થયા, તે વખતે શ્રીકંસે ચાણુરને શ્રીકૃષ્ણના વધ માટે સંકેત કર્યો. ચાણુર શ્રીકૃષ્ણને મારવા તૈયાર થાય ત્યાં મુષ્ટિક મલ્લને છોડી બલરામ શ્રીકૃષ્ણને બચાવવા ગયા, તેટલામાં શ્રીકૃષ્ણ ભાનમાં આવ્યા,

ઉઠીને ચાણુરને મુષ્ઠિનો ઘા માર્યો અને ચાણુર મત્યુને ભેટચો.

આ બાજુ શ્રીબલરામે યજ્ઞમાં લાવવામાં આવેલા બકરાની જેમ મુષ્ઠિકને મસળી મારી નાખ્યો, આ પ્રમાણે મૃત્યુને ભેટનાર શ્રીકંસના માટે માર્ગ શુદ્ધિ કરવા બન્ને મલ્લો યમને ાર પહોંચી ગયા, શ્રીકંસે અત્યંત ક્રોધાવેશમાં આવી પોતાના સૈનિકોને આદેશ આપ્યો કે આ બન્ને ગોવાળોને મારી નાખો, નન્દનું સર્વસ્વ હરણ કરી તેઓને સહાય કરનારાઓને પણ મારી નાખો.

શ્રીકૃષ્ણ સાંભળતાની સાથે ક્રોધાવેશમાં પોતાનું શરીર લાલ બનાવી બોલવા લાગ્યા કે હે નરાધમ કંસ! ચાણુરના મરવાથી તું તને મરેલો કેમ નથી માનતો! પહેલાં તું તારી જાતને બચાવવા માટે શકિતવાન બન! ત્યારબાદ 'નન્દ' ના માટે આજ્ઞા આપજે. આ પ્રમાણે કહીને શ્રીકૃષ્ણ કંસના મંચ ઉપર કુદકો મારીને ચઢયા, શ્રીકંસને વાળ પકડીને નીચે નાખ્યો, કહ્યું કે તારા પોતાના રક્ષણને માટે અત્યાર સુધી તેં કરેલા પાપનો બદલો તું ભોગવ! ઈષ્ટદેવનું સ્મરણ કર, કંસને પકડેલો જોઈ બધા રાજા ભયભીત બન્યા.

શ્રીકૃષ્ણની ઉપર ક્રોધ કરવાવાળા, અને કંસના પક્ષપાતી રાજાઓની સ્થિતિ શ્રીબલદેવે મરણતોલ કરી નાખી હતી, શ્રી કૃષ્ણે પોતાનો પગ કંસની છાતી તથા માથા ઉપર મૂકીને બકરાની માફક શ્રીકંસને મારી નાખ્યો.

કંસના માથાના વાળ પકડીને ઘસડયો, શ્રીકૃષ્ણે તેને મંડપની બહાર ફેંકી દીધો. શ્રીકંસે ડરીને જરાસન્ધની સેનાને બોલાવી હતી. તે સેનાને પણ શ્રી બલરામે પરાજિત કરી હતી.

ત્યારબાદ શ્રીસમુદ્રવિજય રાજા આદિ અનાધૃષ્ટિના રથ ઉપર બેસાડી શ્રી કૃષ્ણ તથા બલરામને વસુદેવના ઘેર લાવ્યા, દાવાનલની જેમ અત્યંત પરાક્રમી યદુઓએ પોતાના વિજયની ઘોષણા કરી, વસુદેવે અર્ધાસન પર બલરામને બેસાડી પોતાના ખોળામાં શ્રીકૃષ્ણને બેસાડયા, હર્ષાશ્રુઓથી તેઓને શ્રી વસુદેવે સ્નાન કરાવ્યું મસ્તકે આલિંગન કર્યું. આશ્ચર્ય ચકિત સમુદ્ર વિજયાદિના પૂછ-વાથી વસુદેવે દેવકીજીની સાથેના લગ્નથી માંડી કંસવધ સુધીનો વૃત્તાંત જણાવ્યો.

સમુદ્રવિજયે પ્રેમથી શ્રીકૃષ્ણને પોતાના ખોળામાં બેસાડયા, તેમનું રક્ષણ કરનાર બલરામની ખૂબજ પ્રશંસા કરી, દેવકીએ પણ આવીને શ્રીકૃષ્ણને પોતાના ખોળામાં બેસાડયા; પોતાના જીવનને ધન્ય માનવા લાગી, ભાઈ-ઓએ વસુદેવના ભાગ્યની પ્રશંસા કરી, ત્રિલોકમાં વસુદે-વને અતિશકિતશાળી માનવા લાગ્યા.

રાજા સમુદ્રવિજયે ભાઈ અને ભત્રિજાઓની સમ્મ-તિથી ઉગ્રસેનને કાષ્ઠના પાંજરામાંથી બહાર કાઢયા, બધાએ ભેગા થઈ ને યમુના કીનારે શ્રી કંસના મૃતકનું કાર્ય કર્યું. કંસની માતાએ બધી સ્ત્રીઓની સાથે કંસને જલાંજલી

આપી; પરંતુ એકલી જીવયશાએ ક્રોધથી પ્રતિજ્ઞા કરીકે બલરામ, કૃષ્ણ, તથા તેના પિતા અને આપ્ત જનોને મરાવી તેમના લોહીથી પતિને અંજલી આપીશ, અન્યથા અગ્નિ પ્રવેશ કરીશ.

તેણી જરાસન્ધની પાસે જવા માટે નીકળી, સમુદ્ર-વિજય રાજાએ બલરામ અને શ્રીકૃષ્ણની સમ્મતિથી ઉગ્રસેનને ફરીથી મથુરા નગરીના રાજા બનાવ્યા, અને નિમિત્તીયા વડે અપાયેલ સુન્દર મુહૂર્તે ગુણીયલ એવી સત્યભામા સાથે શ્રીકૃષ્ણના લગ્ન થયા.

મોટા પોકારોને કરતી, છૂટાવાળવાળી રાક્ષસી જેવા કદ્રૂપવાળી, જરાસન્ધની પુત્રી જીવયશા જરાસંઘની સભામાં આવી, પિતાએ ઘણા પ્રકારે સમજાવીને, આશ્વા-સન આપીને, જીવયશાને પૂછ્યું ત્યારે તેણીએ રડતાં રડતાં શરૂઆતથી અંતસુધીનો વૃત્તાંત કહી બતાવ્યો. જરાસન્ધને શ્રીકંસની મુર્ખતા ઉપર ઘણો પશ્ચાતાપ થયો, અને બોલ્યો કે આ બધું કરવા કરતાં તેને દેવકીજીનો વધ કરવાની જરૂર હતી.

પરંતુ 'બુદ્ધિઃ કર્માનુસારિણી' તે વચનો ખોટા નથી, માટે હે પુત્રી! તું રડીશ નહી. કંસનો ઘાત કરનારાઓના વંશને મારી, વૃક્ષોને કાપવાથી જેમ પક્ષીઓ રડે છે તેમ તેમની સ્રીઓને રડાવીશ, પુત્રી જીવયશાને આશ્વાસન આપી રડતી બંધ રાખી.

જરાસંઘે સમુદ્રવિજય રાજાની પાસે 'સોમક !' રાજાને મોકલ્યા, તેઓએ જલદીથી મથુરા પહોંચીને સમુદ્ર વિજય રાજાને કહ્યું કે મગધાધિપતિએ આપને કહેવડાવ્યું છે કે તેમની પૂત્રી જીવયશાના પતિ ! કંસ, અમને બહુ પ્રિય હતા, તેમને મારવાથી બલરામ અને શ્રીકૃષ્ણ હમારા દુશ્મન બન્યા છે. તેઓ આપના સંબંધી હોવાથી આપ પણ હમારા દુશ્મન છો. આપશ્રીએ જ્યારે 'કંસ' ના વધને જાણ્યો ત્યારે બલરામ અને શ્રીકૃષ્ણને મગધેશને સુપ્રત કરવાના હતા, પણ આપ અજ્ઞાનતાથી કદાચ ભૂલી ગયા હશો, તો પણ હજુ સમય છે.

આપ તે બન્નેને સુપ્રત કરો, વળી દેવકીજીનો સાતમો ગર્ભ આપવા માટે આપ બંધાયેલા હતા. પણ પહેલા તમે આપ્યો નહી, તો હવે આપવા યોગ્ય છે. તેમના પરમ સ્નેહી બલરામ પણ આપવા યોગ્ય છે. આપશ્રી તે બન્નેને સુપ્રત કરી સુખ પૂર્વક રાજ્ય લક્ષ્મીનો ઉપભોગ કરો, વળી રાજન્ ! કોઈપણ જાતનો વિચાર કરવાનો સમય નથી, શુભ કાર્ય જલદીથી કરવું જોઈએ.

સમુદ્રવિજય રાજાએ કહ્યું કે ન્યાયનો માર્ગ છોડી અન્યાયના માર્ગે જવાનું મગધાધીશે શા માટે સ્વીકાર્યું છે ? બલરામ તથા શ્રીકૃષ્ણે પોતાના છ ભાઈઓના વધ ના વૈરથી પોતાના શત્રુ કંસને મારેલ છે. તો પછી મગધાધિપતિના દુશ્મન કેવી રીતે કહેવાય ! જ્યારે તેઓના છ ભાઈઓનો વધ થયો ત્યારે, અન્યાયી કંસને અપરાધી

શા માટે ન માન્યો ! પૂર્વના વેરનો બદલો લેવાવાળા તે બન્નેભાઈઓ મગધના અધિપતિના દુશ્મન તરીકે કેમ માની શકાય ?

તેમના છ ભાઈઓના મત્યુથી નહીં અને એક કંસના મૃત્યુથી આટલો બધો ક્રોધ મગધાધિપતિ શા માટે કરે છે ? તે બન્નેના પક્ષપાતી બનીને અમોએ કાંઈ જ ખરાબ કર્યું નથી તો પછી અમને શા માટે અપરાધી માને છે ? ત્રણે ભુવનને ભયભીત કરવાવાળા તે બન્ને જણ અમારા આધીન નથી, તો પછી હમો તે બંન્નેને કેવી રીતે સુપ્રત કરીએ, સાતમો ગર્ભ આપી દેવો જોઈએ તે ઉચિત નથી.

કારણ કે આ પ્રમાણે બોલનાર 'શ્રીકંસ'ની જેમજ વિનાશને પામશે, 'દુષ્ટ' 'ઘા, ની જેમ તે બંનેનો પ્રતિકાર કરીને સુખી બનવું આ પ્રમાણે તમારૂં બોલવું ઉચિત નથી, કારણ કે પોતાના તેજથી અન્યના તેજને દૂર કરવાવાળા સમસ્ત વિશ્વના મસ્તકાલંકાર બનવા માટે યોગ્ય એ વાતે બંને ભાઈઓ પોતાના પ્રત્યે ક્રૂર દ્રષ્ટિથી જોનારને પણ કંસ જેવા હાલ કરનાર છે.

બીજી વાત તો તે છે કે મારા જીવવા છતાં પણ મને મરેલો માની મારા ભાઈ વસુદેવે સાત ગર્ભો કંસને આપી દેવા માટે વચન આપ્યું. કંસે છ ગર્ભોને મારી નાખ્યા, છતાં સાતમા ગર્ભને કેવી રીતે યમરાજ સમાન

કંસના હાથમાંથી બચાવ્યો તેની મને ખબર પણ નથી. સાતમા ગર્ભનો પૂણ્યોદય તથા અલૌકિક તેજસ્વિતાનો વિચાર તમારા રાજા, મંત્રીઓ કેમ નથી કરતા ?

સમુદ્રવિજય રાજાની માર્મિક વાતોને સાંભળી ક્રોધિત સોમક રાજાએ કહ્યું કે રાજન્ ! આપની યુક્તિપૂર્વકની વાતચિત દ્વારા સ્વામિ પ્રત્યેની ભક્તિ મને દેખાઈ આવે છે. હજુ પણ તમારા ભલા માટે કહું છું કે મારી વાતને માન્ય કરી તે બન્નેને સુપ્રત કરી સૂખ પૂર્વક રાજ્ય લક્ષ્મીનો ઉપભોગ કરો, આપ શ્રીકૃષ્ણને લોકોત્તર તેજસ્વી માનીને મગધના અધિપતિનું અપમાન કરી રહ્યા છો, તે તો સ્નેહથી આપને મતિભ્રમ થયેલ છે.

રાજન્ ! સિંહની સાથે હરણની જેમ બલવાન્ સ્વામિની સાથે વિરોધ ( દુશ્મનાવટ ) કરવો ઠીક નથી, એટલામાં ક્રોધિત શ્રીકૃષ્ણે કહ્યું કે તમારો સ્વામિ મારા પિતાનો સ્વામિ કેમ બની શકે ? જેણે પ્રથમથી જરા ( ઘડપણ ) નો સંબંધ રાખેલ છે. જે પોતાનું રક્ષણ કરવામાં પણ સમર્થ નથી.

એવા તારા સ્વામિના સ્વામિ તો હમે લોકો છીએ, ત્યાં જઈને તારા સ્વામિને ' કહેજે, કંસની ઉપર ખુબ જ મમતા હોય તો જલ્દીથી અહીં આવે ' એટલે હું તેને તેના જમાઈ કંસનાં દર્શન કરવા મોકલાવી આપું. તે સાંભળીને ક્રોધાગ્નિમાં ડુબેલા સોમક રાજાએ સમુદ્રવિજયને કહ્યું કે આપના રાજ્ય રૂપ વૃક્ષનો વિનાશ કરવામાં શ્રી

કૃષ્ણ ઝેરી કીડા સમાન છે. હજુ પણ આપનું ભલું ઈચ્છતા હો તો આપ તે બન્નેને સુપ્રત કરો, સોમક રાજાની તીવ્ર વાણીથી ક્રોધિત બનેલા અનાધૃષ્ટિએ કહ્યું કે ભીખારીની જેમ વારંવાર યાચના કરતાં તને શરમ પણ આવતી નથી? જો તારો સ્વામિ જમાઈનો બદલો લેવા તૈયાર થાય છે તો હમે પણ હમારા છ ભાઈઓનો બદલો લેવા ઈચ્છીએ છીએ, તું અહીંથી ચાલ્યો જા, નહીતર આ બલરામ તથા શ્રીકૃષ્ણાદિ વીરપુરૂષો તને મારશે.

આ પ્રમાણે તિરસ્કૃત થયેલો સોમક મગધ તરફ પ્રસ્થાન કરી ગયો, બીજે દિવસે દશાર્હેશે ભાઈઓને ભેગા કર્યા. ત્રિકાલવેદી નિમિત્તકને બોલાવી પૂછ્યું કે અર્ધચક્રી જરાસન્ધની સાથે યુદ્ધમાં શું થશે? ક્રોષ્ટુકીએ કહ્યું કે બલરામ તથા શ્રીકૃષ્ણ જરાસન્ધને મારશે અને શ્રીકૃષ્ણ ત્રણ ખંડ ભરતક્ષેત્રના અધિપતિ વસુદેવ થશે.

આપશ્રી પશ્ચિમ તરફના સમુદ્ર તરફ પ્રસ્થાન કરશો, તો આપના શત્રુઓનો વિનાશ થશે, જ્યાં 'સત્યભામા' બે પૂત્રોને જન્મ આપે ત્યા જ તમો તમારી રાજધાની બનાવીને રહેજો, ત્યાં તમારી ઉપર કોઈ પણ પ્રકારનું સંકટ નહીં આવે.

રાજા સમુદ્રવિજયે ઉગ્રસેન દ્વારા પટહ ઘોષણા કરાવીને પ્રજાના અગ્યાર કોટી કુલોની સાથે, સાત જ્ઞાતિ કુલ સાથે, મથુરા તથા શૌરીપુર છોડીને પ્રસ્થાન કર્યું. માર્ગમાં યદુગણ વિન્ધ્યાચલના કીલ્લામાં ગયા,

સોમક રાજાએ આવી જરાસન્ધને બધો વૃત્તાંત કહી સંભળાવ્યો, જરાસન્ધ ક્રોધથી ધમધમી ઉઠયો, યુદ્ધને માટે તૈયાર થયો એટલામાં તેનો 'કાળ' નામે પુત્ર આવીને કહેવા લાગ્યો કે હે પિતાજી! આપશ્રી યદુઓની સાથે યુદ્ધ કરવા જાઓ તેમાં શોભા નથી, આપ મને આદેશ આપો, હું તેને મારી જલ્દીથી પાછો આવીશ, આ પ્રમાણે પોતાના પૂત્ર 'કાળ'ની વિનંતીનો સ્વીકાર કરી. જરાસન્ધે તેને લડાઈમાં જવાની આજ્ઞા આપી, પાંચસો રાજાઓ યવન અને સહદેવ પોતાના બે ભાઈઓ, સહિત 'કાળ' અપશુકનો થવા છતાં અને બીજાઓથી રોડવા છતાં પણ યુદ્ધ કરવા ચાલ્યો.

'કાળ'ને વિન્ધ્યાચલ નજીક આવેલો જાણી શ્રી કૃષ્ણના રક્ષક દેવતાઓએ તેના માર્ગને રોકવા માટે એક મોટી અગ્નિની ચિતા બનાવી, તે ચિતાની પાસે એક સ્ત્રી રડતી બેઠી હતી, રડતી સ્ત્રીને જોઈ 'કાલે' પૂછયું કે તું શા માટે રડે છે? તેવારે તે સ્ત્રીએ કહ્યું કે જરાસન્ધના ભયથી ભાગેલા અને 'કાલ'ને પોતાની નજદીક આવેલો જાણીને યદુઓએ આ ચિતામાં પ્રવેશ કર્યો છે, હું મારા બન્ધુઓના વિયોગની વ્યથાને સહન નથી કરી શકતી, આ પ્રમાણે બોલતી તે સ્ત્રી 'કાલ'ની સામેજ ચિતામાં પડીને અગ્નિમાં બળી ગઈ.

દેવતાની માયા જાલમાં મોહિત બનેલો 'કાલ' પોતાના બન્ને ભાઈઓ તથા રાજાઓને કહેવા લાગ્યો કે 'મે'

પિતાજીની સામે લીધેલી પ્રતિજ્ઞા તમને બધાને ખબર છે ?' પ્રતિજ્ઞાનું પાલન કરવા માટે હું આ ચિતામાં પ્રવેશ કરીશ, કેમકે આપણા ભયથી યાદવ આ ચિતામાં પ્રવેશ કરી ગયા છે. આ પ્રમાણે કહીને 'કાલ' ચિતામાં કૂદી પડયો, બળી ગયો.

યવનાદિ 'કાલ'ની રાહ જોતાજ ઉભા રહ્યા હતા, પરંતુ સૂર્યોદય થતાંની સાથેજ તેઓને 'પર્વત' કે ચિતા બન્નેમાંથી કાંઈજ જોવામાં આવ્યું નહિ, ત્યારે દેવતાની બનાવેલી ઈન્દ્રજાળનો ખ્યાલ આવ્યો, અને પોતાની મૂર્ખતાનું ભાન આવ્યું, તે લોકોએ મગધ આવીને જરાસન્ધને બધી હકીકત કહી સંભળાવી, જરાસંધ મુચ્છિંત બનીને જમીન ઉપર આળોટવા લાગ્યો. ભાન આવ્યા બાદ હે વત્સ ! હે કાલ ! હે કંસ ? આ પ્રમાણે કરૂણ સ્વરે રડવા લાગ્યો.

જ્યારે યદુઓને 'કાલ'ના મૃત્યુની ખબર પડી ત્યારે મનમાં આનંદ પામ્યા, તેઓને ક્રોષ્ટુકી ઉપર વિશ્વાસ આવ્યો, સંતુષ્ટ બનીને તેઓએ ક્રોષ્ટુકીની પૂજા કરી, તેજ વખતે અણધાર્યા 'અતિમૂક્ત' નામના ચારણ મુનિ ત્યાં આવ્યા.

સમુદ્રવિજય રાજાએ પ્રણામ તથા પૂજા કરી, પૂછયું કે હે મુનિવર ! આપ કૃપા કરીને કહો તો ખરા કે અમો આ સંકટમાથી કયારે મુક્ત બનીશું ? ત્યારે મુનિવરે કહ્યું કે તમો ચિંતા કરશો નહી, આપના આ પુત્ર બાવીસમા નેમિનાથ નામના તીર્થંકર થશે, ત્રણે ભુવનનું રક્ષણ કરશે.

આ બલરામ અને શ્રીકૃષ્ણ અનુક્રમે બલદેવ તથા વસુદેવ થશે, પ્રતિવાસુદેવ જરાસંઘને મારી પોતે વાસુદેવ થશે, આ પ્રમાણે કહીને મુનીશ્વર ચાલી ગયા, સમુદ્રવિજય રાજા સુખદ પ્રયાણ કરીને સૌરાષ્ટ્ર દેશમાં આવ્યા, રૈવતક (ગિરનાર)થી ઉત્તર, પશ્ચિમ ભાગમાં સત્યભામાએ સુવર્ણ સમાન કાંતિવાળા ભાનુ અને ભામર નામના પુત્રોને જન્મ આપ્યો, ક્રોષ્ટુકીએ પહેલેથી જ કહેલું હતું તે પ્રમાણે થયું.

અટ્ઠમતપની આરાધના કરીને શ્રીકૃષ્ણે સમુદ્રની પૂજા કરી, સમુદ્રદેવ પ્રત્યક્ષ થયો, બલરામ અને શ્રીકૃષ્ણને દિવ્ય પંચજન્ય અને સુઘોષ દિવ્ય શંખ ભેટ આપી સમુદ્રદેવે હર્ષથી કહ્યું કે આપે મારૂં સ્મરણ શા માટે કર્યું ? હું લવણસમુદ્રનો અધિષ્ઠાયક 'સુસ્થિત' નામે દેવ છું, તમો જે આજ્ઞા કરશો તે હું કરીશ, ત્યારે શ્રીકૃષ્ણે કહ્યું કે પ્રથમ જે દ્વારિકા નગરી હતી તે સમુદ્રજલથી નાશ થઈ ગઈ છે. તે દ્વારિકા નગરીને મારા રહેવા માટે ફરીથી સમૃદ્ધ બનાવો, તે વારે સુસ્થિતદેવે ઈન્દ્રને વાત કરી, ઈન્દ્રના કહેવાથી કુબેરે પોતાના સેવકોદ્વારા બાર યોજન લાંબી, નવ યોજન પહોળી દ્વારિકા નગરીની રચના કરાવી.

નગરીની ચારે તરફ મજબુત કોટ કરાવ્યો, ઊંડી ખાઈઓ કરાવી, નગરીમાં મોટા મોટા મહેલો બનાવ્યા, જિનેશ્વર ભગવંતના ચૈત્યોની શ્રેણી બનાવી દશદશાર્હોને રહેવા માટે દશ મોટા પ્રાસાદ તૈયાર કર્યા, 'રાજપથ' ની પાસે ઉગ્રસેન રાજા માટે પણ મોટો મહેલ બનાવ્યો,

નગરીના મધ્યમાં પૃથ્વીજય, નામનો મોટો મહેલ બલરામ માટે તથા 'સર્વતોભદ્ર' નામનો સુવર્ણમય મહેલ કૃષ્ણ માટે બનાવ્યો.

બંને મહેલોની સામે 'સુધર્મા' જેવો મોટો સભામંડપ બનાવ્યો, વળી સિદ્ધ ચૈત્યના જેવું એકસો આઠ બિંબોથીયુક્ત વિશાલ જિન ચૈત્ય બનાવ્યું. એક રાત્રિ દિવસમાં કુબેરે શ્રીકૃષ્ણના પૂર્વજન્મના તપોબળથી આકર્ષાઈ દ્વારિકા નગરીને તૈયાર કરી, પ્રાતઃકાળમાં શ્રીકુબેરે શ્રી કૃષ્ણને 'નક્ષત્રમાલા' કૌસ્તુભમણી, મુગટ, પીતાંબર, શારંગધનુષ્ય, અક્ષય બાણનો ભાથો, નન્દકખડ્ગ, કૌમુદિની ગદા, ગરૂડધ્વજ રથ આપ્યાં.

બલદેવને મુસલ, વનમાલા, બે નીલવસ્ત્ર, હલ, ધનુષ્ય, તાલધ્વજ રથ, અને અક્ષયબાણનો ભાથો, શ્રીકુબેરે આપ્યો.

શ્રી કુબેરે દશ દશાર્હોને રત્નના અલંકારો આપ્યા, યાદવોએ શ્રીકૃષ્ણને અરિસુદન જાણી આનંદપૂર્વક પશ્ચિમ સમુદ્રના તટવર્તી રાજ્ય ઉપર રાજ્યાભિષેક કર્યો, કુબેરે ત્રણ દિવસ સુધી રત્નનો વર્ષાદ વરસાવ્યો, બલરામના સારથિ તરીકે સિદ્ધાર્થ અને શ્રીકૃષ્ણના સારથિ તરીકે દારૂણને બનાવવામાં આવ્યા, બન્ને જણા રથમાં બેસી યાદવો સહિત દ્વારિકા નગરીમાં આવ્યા.

॥ ઇતિ આઠમો સર્ગ સંપૂર્ણ ॥

## સર્ગ નવમો

બલરામ તથા શ્રીકૃષ્ણ દ્વારકા નગરીમાં પોતાના પ્રત્યેની ભક્તિ દર્શાવતા યાદવો સહિત સુખપૂર્વક રહે છે.

મતિજ્ઞાન શ્રુતજ્ઞાન, અને અવધિજ્ઞાનથી યુક્ત એવા નેમિકુમાર પોતાના ભાઈઓને આનંદ કરાવવા માટે અનેક રમતો રમતા હતા, જાણે કે પોતાની બાલ્યાવસ્થાની સફળતા કરતા હતા, ભાઈઓની સાથે નેમિકુમાર પણ ઉદ્યાનમાં રમતા હતા, જેવી રીતે મુસાફર ગામના સિમાડાને વટાવી જાય છે, તેવી રીતે સમુદ્રવિજયના પૂત્ર નેમિકુમારે પોતાની બાલ્યાવસ્થાનું ઉલ્લંઘન કર્યું.

શાસ્ત્રોમાં, શસ્ત્રોમાં, સર્વ કલાઓમાં એમનું કૌશલ્ય પ્રગટ થતું હતું. જેમ પરસેવાના બિંદુઓ નીચે પડી જાય છે તેમ મોટા મોટા પંડિતોનો ગર્વ રૂપી મદ ગળી ગયો હતો, સરસ્વતિ દેવીએ લક્ષણ સહિત અલંકાર સહિત, સુંદર ચરિત્ર જોઈને, તેઓને વરદાન આપ્યું હતું. સમુદ્રની જેમ શ્યામવર્ણવાળા પ્રભુ શંખ રૂપ લાંછનને ધારણ કરી. લાવણ્યમય, યૌવનાવસ્થાએ પહોંચ્યા હતા, તેઓનું શરીર દશ ધનુષ્ય પ્રમાણ હતું. ત્રણે જગતના નેત્રોને તથા મનરૂપી માતેલા હાથીઓને બાંધવાને માટે જ વિધાતાએ સ્થંભ રૂપી તેમની બે જંઘાઓ બનાવી ન હોય તેમ જણાતું હતું.

ઢીંચણથી પણ નીચે તેમના બન્ને હાથો જાણે કે સ્વર્ગ અને તિર્ચ્છાલોકનો ઉદ્ધાર કરવા તૈયાર થઈ ન હોય તેમ લાગતી હતી, નિશ્ચયથી સંતપ્ત ધર્મરૂપી હાથી તેમના નાભિ પલ્લવમાં બેઠેલ ન હોય તેમ ભાસ થતો હતો, શ્રી લક્ષ્મીદેવીના નિવાસની જેમ વક્ષઃસ્થલ વિશાલ હતું. હથેળીઓનો રંગ લાલ હતો. દશે નખ ઉપર સૂર્યના કિરણોનું સામ્રાજ્ય હતું. ત્રણે જગતની લક્ષ્મીને જીતીને પ્રશસ્તિ રૂપ ત્રણ રેખાઓથી યુકત તેમના કંઠને જોઈ શંખ લજ્જાથી સમુદ્રમાં જઈને પડયો હતો. પિતા, બલરામ, કાકાઓ, શ્રીકૃષ્ણ તથા અન્ય કુટુંબીઓનો અત્યંત આગ્રહ હોવા છતાં તેઓએ લગ્નનો સ્વીકાર કર્યો નહીં.

દુષ્ટ દેવતાઓની જેમ બીજા રાજાઓ ઉપર આક્રમણ કરી બલરામ તથા શ્રીકૃષ્ણે સમસ્ત ભૂમંડલનું રક્ષણ કર્યું. તેઓના રાજ્યમાં કોઈપણ જાતના કરવેરા નહોતા તેથી તેઓ લોકપ્રિયા બન્યા, એક વખત પારાના જેવી દેહ કાંતિવાળા અને કલહ પ્રિય એવા નારદજી કૃષ્ણના મહેલમાં આવ્યા, કૃષ્ણે તેમનો આદર સત્કાર કર્યો, મહાસન પર બેસાડી અર્ધ્યાદિથી તેમની પૂજા કરી, બલરામ સહિત શ્રીકૃષ્ણે નારદજીને પ્રણામ કર્યા.

નારદજી શ્રીકૃષ્ણના અંતઃપુરમાં ગયા, ભાગ્યવશાત્ સત્યભામા દર્પણમાં પોતાનું મૂખ જોતી હતી, એટલે તેણીને નારદજીના આગમનનું ધ્યાન રહ્યું નહીં. નારદજી ક્રોધાવેશમાં વિચારવા લાગ્યા કે શ્રીકૃષ્ણનું આખું અંતઃ-

પુર મારી પૂજા અને સત્કાર કરે છે. પરંતુ આ સત્યભામા પતિપ્રેમ ગર્વિષ્ઠા બનીને મારૂં અપમાન કરે છે માટે તેનાથી અધિક રૂપવંતી બીજી પત્ની શ્રીકૃષ્ણને માટે શોધી લાવું.

શોકયના આવવાથી સત્યભામાનો ગર્વ ઓછો થશે, અને મારા અપમાનનો બદલો પણ આ રીતે લેવાશે, આ પ્રમાણે વિચારીને શ્રી નારદજી કુંડિનપુર નગરમાં આવ્યા, ત્યાં ભિષ્મ અને યશોમતીના પુત્ર 'રૂકિમ' રાજા રાજ્ય કરતા હતા, તેની બહેન રૂકિમણીએ શ્રી નારદજીને પ્રણામ કર્યા, શ્રી નારદજીએ 'કૃષ્ણ તારો પતિ થાવ' એવી રીતે આશિર્વાદ આપ્યા, તે વારે રૂકિમણીએ પૂછ્યું કે શ્રીકૃષ્ણ કોણ છે? શ્રી નારદજીએ કૃષ્ણના અસાધારણ ગુણોનું વર્ણન કર્યું. મંત્રાક્ષરની જેમ રૂકિમણીના કાનમાં શ્રી કૃષ્ણના ગુણોના અક્ષરો પ્રવેશ કરતાની સાથે જ શ્રીકૃષ્ણ પ્રત્યે રૂકિમણી અનુરાગવાળી બની.

શ્રી નારદજી ત્યાંથી નીકળીને દ્વારિકા નગરીમાં શ્રી કૃષ્ણની પાસે આવ્યા અને રૂકિમણીના રૂપથી ચિત્રેલો પટ શ્રી કૃષ્ણને બતાવ્યો. તે પટ જોઈ તેઓએ પૂછ્યું કે આ દેવી કોણ છે? હસતાં હસતાં નારદજી બોલ્યા કે હે નરદેવ! આ સુમુખી દેવી નથી, પરંતુ ભૂમંડલ ઉપરની સ્ત્રી છે. કુંડિન-પુરાધીશ રૂકિમ રાજાની બ્હેન રૂકિમણી છે. કૃષ્ણને અત્યંત આસક્તિવંત જોઈને નારદજીએ કહ્યું કે ચિત્રના દર્શનથી આપને આટલો બધો રાગ ઉત્પન્ન થાય છે તો પછી વાસ્તવિક દર્શન સંગમથી કેટલો આનંદ થશે?

તે વારે કૃષ્ણે કહ્યું કે આ રસાસ્વાદ મને પ્રાપ્ત થશે ? આવા દીનતા ભર્યા વચનો સાંભળી શ્રી નારદજીએ કહ્યું કે આ તમારો મોહ જ કેવા પ્રકારનો છે તેજ મને સમજાતું નથી ? ઠીક છે. તમે દૂત મોકલાવી યાચના કરો, ઉલ્લસિત મનવાળા શ્રીકૃષ્ણે નારદજીની પૂજા કરી, વિદાય કર્યા. કુંડિનપુરમાં રૂકિમણીની માગણી કરવા માટે દૂતને મોકલાવ્યો.

દૂત દ્વારા કૃષ્ણની વિનંતિ સાંભળી રૂકિમ રાજાએ હસીને કહ્યું કે ગોવાળને રૂકિમણી ન આપી શકાય, પરંતુ કુલિન એવા શિશુપાલને આ કન્યા આપીશ, રૂકિમના વચનો સાંભળી ક્રોધાગ્નિમાં બળતા દૂતે દ્વારિકા નગરીમાં આવી શ્રીકૃષ્ણને હકીકત કહી સંભળાવી.

કુંડિનપુરમાં ફોઈએ એકાન્તમાં રૂકિમણીને કહ્યું કે હે વત્સે ! નાનપણમાં તને મારા ખોળામાં રમતી જોઈને અતિ મૂક્તક મુનિએ કહ્યું હતું કે આ પૂત્રી પશ્ચિમ સમુદ્રની કુક્ષિમાં બિરાજમાન દ્વારિકા નગરના અધિપતિ શ્રી કૃષ્ણની પટ્ટરાણી થશે, શ્રી કૃષ્ણની યાચનાને તરછોડી તારો ભાઈ 'રૂકિમ' તને દ્રમઘોષના પૂત્ર શિશુપાલને આપવા તૈયાર થયેલ છે.

રૂકિમણીએ પૂછયું કે જ્ઞાની મુનિઓની વાત કોઈ પણ દિવસ મિથ્યા થઈ શકતી જ નથી, તે વારે શ્રીકૃષ્ણની ઉપરના અનુરાગને જાણી ફોઈએ ગુપ્ત દૂત દ્વારા શ્રી કૃષ્ણને સમાચાર મોકલાવ્યા, મહાસુદ આઠમને દિવસે

નાગ પૂજાના બહાનાથી રૂકિમણીને લઇને હું વનમાં આવીશ, માટે આપ તેણીના પ્રત્યે અનુરાગવાળા હો તો જલ્દીથી આવજો. નહિતર તેના લગ્ન શિશુપાલ સાથે થશે.

શિશુપાલ પણ તેજ દિવસે કુંડિનપુર આવી ગયો, કલહપ્રિય નારદજીએ શ્રીકૃષ્ણને સુચના આપી. શ્રીકૃષ્ણ અને બલરામ બન્ને જણા જુદા જુદા રથ ઉપર બેસીને કુંડિનપુર આવ્યા.

સમાનવયની સખીઓ સહિત પોતાની ફોઈની સાથે નાગપૂજાના બહાને ઉદ્યાનમાં આવી, શ્રીકૃષ્ણ રથ ઉપરથી ઉતરીને પોતાની ઓળખાણ આપતાં પહેલાં ફોઈને નમસ્કાર કરી, રૂકિમણીને કહ્યું કે 'હું કૃષ્ણ છું' કેતકીના ભ્રમરની જેમ તારા ગુણોથી આકર્ષાઈને ઘણા દૂરથી આવ્યો છું; માટે હવે વિલમ્બ કરવાની જરૂરીઆત નથી. 'તું રથમાં બેસી જા' રૂકિમણી પોતાની ફોઈ પાસેથી આજ્ઞા લઈને રથમાં બેઠી. શ્રી કૃષ્ણે રથને દોડાવી મૂકયો.

પિતૃસ્વસા (ફોઈ) પોતાના ઉપરથી દોષને ટાળવા માટે મોટેથી બુમો પાડતી રૂકિમરાજા પાસે આવીને કહેવા લાગી, હાય ! હાય ! શ્રી કૃષ્ણ રૂકિમણીનું હરણ કરીને ભાગી ગયા છે. કૃષ્ણ અને બલરામે પંચ જન્ય અને સુઘોષા શંખને ફુંકયાં, શંખના અવાજથી સમસ્ત સૈન્યો સહિત નાગરિકો ગભરાઈ ગયા, નગરમાં ખળભળાટ મચી ગયો, રૂકિમરાજા અને શિશુપાલ પોતાની મોટી સેનાઓને

લઈ બલરામ તથા કૃષ્ણની પાછળ તેઓને પકડવા માટે દોડ્યા.

તે બન્નેને આવતા જોઈ રૂકિમણી ગભરાઈ ગઈ. શ્રી કૃષ્ણને તેણીએ કહ્યું કે મહા બલવાન સૈન્યની સાથે 'રૂકિમ અને શિશુપાલ' આવી રહ્યા છે. તેઓ મહા-બલીષ્ટ છે, જ્યારે આપતો ફક્ત બે જણાજ છો, માટે મારૂં હૃદય કંપે છે. શ્રીકૃષ્ણે હસીને કહ્યું કે ભદ્રે ! ગભરાઈશ નહી. શું ક્ષત્રિયો કદાપિ ડરતા હશે ખરા કે ? મારી સામે યુદ્ધમાં આ બન્ને જણા તથા તેમના સૈન્યની કીંમત કાંઈ જ નથી ! તારે મારૂં બલ જોવું હોય તો તું જોઈ લે એમ કહીને બાણ દ્વારા એ સૈન્યો ઉપર મારો ચલાવ્યો, જ્યારે બીજી બાજુ બલરામે યુદ્ધને ચાલુ રાખી, શ્રીકૃષ્ણને દ્વારિકા નગરી પહોંચી જવા માટે કહ્યું.

તે વારે રૂકિમણીની વિનંતિથી શ્રીકૃષ્ણે બલરામને કહ્યું કે કોઈ પણ સંજોગોમાં રૂકિમરાજાના પ્રાણ બચાવી લેજો, કૃષ્ણના ગયા બાદ બલરામ પવનવેગ નામના રથ ઉપર બેસીને મુશલના ઘાતથી શત્રુ સૈન્યને મારવા લાગ્યા, લાખો સૈનિકો અને રૂકિમ રાજાની સેનાઓ સહિત યુદ્ધના મેદાનમાંથી શિશુપાલ ભાગી ગયો.

મદમત્ત રૂકિમ એકલો અજય યોદ્ધાની જેમ યુદ્ધના મેદાનમાં ઉભો રહી કહેવા લાગ્યો કે હે ગોવાળ ? આ મારૂં બાણ તારૂં માથું કાપી નાખશે, બલરામે શ્રીકૃષ્ણના શબ્દોને યાદ કરી, મુશલ છોડી બાણ વડે તેના ઘોડાને

મારી નાખ્યો, રથને તોડી નાખ્યો, કવચને છેદી નાખ્યું. ક્ષુરપ્ર નામના શસ્ત્રથી તેના માથાના વાળ કાપી નાખ્યા.

હસતા હસતા બલરામ બોલ્યા કે હે રૂકિમ ! તું મારા બંધુ પત્નીનો ભાઈ છે. માટે જ તને જીવતો છોડવાનો છે. તું મારી કૃપાથી નગરમાં જઈને આનંદથી વૈભવ વિલાસ પૂર્વક રહેજે. લજ્જાળુ બનેલો રૂકિમ રાજા કુંડિનપુરને છોડી ભોજકર નામનું નગર વસાવીને રહેવા લાગ્યો.

રૂકિમણી સહિત દ્વારિકા નગરીમાં પ્રવેશ કરતી વખતે શ્રી કૃષ્ણે કહ્યું કે હે પ્રિયે ! દેવોથી નવસર્જન પામેલી આ દ્વારિકા નગરી છે. અનેક ઉદ્યાનો, જલક્રીડાના સરોવરો, વાવ, કુવા, નદી અને પર્વતોથી મનોહર અને રમણીય એવી આ નગરી છે, ત્યારે રૂકિમણીએ કહ્યું કે હે સ્વામિન્ ! આપ તો મને કેદીની જેમ એકલી લઈ આવ્યા છો.

માટે આપ મને ઘણો પરિવાર લાવી અન્તઃપુરમાં લઈ જાઓ, નહિતર લોકો મારી મશ્કરી કરશે, કેમકે આપની અન્ય પત્નીઓ પોતાના પિતાના ત્યાંથી ઘણું દ્રવ્ય તથા સંપત્તિ લઈને આવેલ છે. તેથી તે બધી મદોન્મત્ત હશે.

તે વારે શ્રી કૃષ્ણે કહ્યું કે "તે લોકોથી પણ તને અધિક અલંકારાદિ સંપત્તિવાળી બનાવીશ" શ્રી કૃષ્ણે

રૂકિમણીને સત્યભામાના મહેલની બાજુના મહેલમાં વૈભવ પૂર્ણ રાખી, રાત્રિના ગાંધર્વ વિધિથી લગ્ન કર્યાં. ભમરો જેમ પુષ્પની ઉપર આકર્ષાઈને વિલાસ મગ્ન બને છે તેમ તૃષ્ણાતુર કૃષ્ણ, રૂકિમણીની સાથે ક્રીડા રત બન્યા, દંડધારી રક્ષકોથી રૂકિમણીના ઘરમાં કોઈ પણ માણસનો પ્રવેશ ન થાય તેની તકેદારી કરાવીને પ્રાતઃકાલમાં પોતાના સ્થાને ગયા. અત્યંત ક્રોધાયમાન બનેલી સત્યભામાએ કહ્યું કે "આપની પ્રાણપ્રિયા તો મને બતાવો."

કૃષ્ણે જાણે સાંભળ્યું જ નથી તેમ માનીને મૌન રહ્યા, ત્યારબાદ ઉદ્યાનમાં લક્ષ્મી ગૃહમાં પ્રાચિન લક્ષ્મી દેવીની મૂર્તિને ઉઠાવી, ચિત્રકારો દ્વારા રૂકિમણીની મૂર્તિ તૈયાર કરાવી, સ્થાપના કરાવી, રૂકિમણીને કહ્યું કે તારે બીજી રાણીઓની સાથે નિર્નિમેષ બનીને રહેવું.

ત્યારબાદ પોતાના મહેલમાં પાછા જતી વખતે શ્રી કૃષ્ણને સત્યભામાએ પૂછ્યું કે હે ધૂર્ત ! તમે તમારી વલ્લભાને ક્યાં રાખી છે તે સ્પષ્ટ કહોને ? શ્રી કૃષ્ણે કહ્યું કે તેણીને લક્ષ્મી ગૃહમાં રાખી છે. તરત જ સત્યભામા અન્તઃપુરની સ્ત્રીઓ સહિત લક્ષ્મી ભવનમાં ગઈ, ત્યાં અત્યંત સ્વરૂપવાન રૂકિમણીને સાક્ષાત્ લક્ષ્મી માનીને તે બધી આશ્ચર્ય અનુભવવા લાગી.

અરે ! લક્ષ્મી દેવતાનું સ્વરૂપ કેટલું બધું સુંદર છે. ચિત્રકારની કલા પણ કેટલી અદ્ભૂત છે ! આ પ્રમાણે લક્ષ્મીદેવીની સ્તુતિ કરીને તેના ચરણોમાં પોતાનું મસ્તક

મૂકીને સત્યભામાએ વિનંતિ કરીકે, શ્રી કૃષ્ણની નવીન પત્નીના રૂપને જીતી શકે તેવું રૂપ મને પ્રાપ્ત થાવ.

મારા મનનો મનોરથ પૂર્ણ થશે ત્યારે આપની પૂજા હું કરીશ, આ પ્રમાણે કહીને ફરીથી પૂછ્યું કે આપની પ્રાણપ્રિયા ક્યાં છે? શ્રીકૃષ્ણ, સત્યભામા તથા અન્ય સ્ત્રીઓ સહિત લક્ષ્મીગૃહમાં આવ્યા, ત્યાં ઉઠીને રૂકિમણીએ કહ્યું કે આપ સર્વેમાં હું પ્રથમ નમસ્કાર કોને કરૂં! શ્રીકૃષ્ણે સત્યભામા તરફ સંકેત કર્યો, તે વારે સત્યભામાએ કહ્યું કે મને પ્રથમ વંદના ન કરશો, કારણ કે મેં ભૂલથી પહેલાં જ તેને વંદના કરી છે. ત્યારે હસીને શ્રીકૃષ્ણે કહ્યું કે બહેનને વંદના કરવામાં દોષ શું છે? અંતરથી વ્યથાને અનુભવતી સત્યભામા ત્યાંથી ચાલી ગઈ, કંસરિપુ શ્રીકૃષ્ણે સત્યભામાદિ બધી અન્તઃપુરની સ્ત્રીઓ કરતાં અધિકલક્ષ્મી તથા વૈભવ આપીને રૂકિમણીને પ્રસન્ન કરી.

નારદજી બીજે દિવસે દ્વારિકામાં આવ્યા, શ્રીકૃષ્ણે અભ્યર્થના કરીને આદરપૂર્વક પૂછ્યું કે 'આપે ક્યાંય નવીનતા જોઈ છે કે, " ત્યારે નારદજીએ કહ્યું કે અત્યંત કુતુહલ પૂર્ણ વૈતાઢ્ય પર્વત ઉપર જામ્બવાન્ નામે એક પ્રસિદ્ધ ખેચરેન્દ્ર છે. તેને શિવચન્દ્રા નામે પટરાણી છે. તેઓને જાંબુવતી નામે પૂત્રી છે, જેના સૌંદર્યથી હારીને અપ્સરાઓ સ્વર્ગમાં ચાલી ગઈ છે. તેણી મરાલીની જેમ

દરરોજ ગંગામાં જલક્રીડા કરવા જાય છે. આશ્ચર્યરૂપ તેને જોઈને હું અહીઆં આવ્યો છું.

નારદજીની વાત સાંભળી શ્રીકૃષ્ણ સેના સહિત ગંગાની પાસે આવ્યાં, ત્યાં ક્રીડા કરતી જાંબુવતીને જોઈ મનમાં વિચાર કર્યો કે આ તો પોતાના મૂખ ચન્દ્રની ચન્દ્રિકા વડે સમસ્ત જગતને સફેદ બનાવી રહી છે. નારદજીએ જે પ્રમાણે વર્ણન કર્યું હતું તે પ્રમાણે જ છે. શ્રી નારદજી બ્રહ્મજ્ઞાની હોવા છતાં પણ સ્ત્રી પરીક્ષામાં અત્યંત કુશલ છે. જાંબુવતીને લઈને ચાલતા કૃષ્ણને જોઈ તેની સખીઓએ કોલાહલ મચાવી મૂકયો, તે સાંભળીને શસ્ત્રસહિત યોદ્ધાઓની સાથે જાંબુવાન્ આવ્યો. અનાધૃષ્ટિએ તેને જીતી લીધો, અને શ્રી કૃષ્ણને સમર્પિત કર્યો. જાંબુવાને શ્રીકૃષ્ણની સાથે પોતાની પૂત્રી જાંબુવતીના લગ્ન કર્યા. રૂકિમણીના ભવનની પાસે જ રહેવા માટે મહેલ આપ્યો, રૂકિમણીની જેમજ તેને પણ બધી સામગ્રીઓ આપી, તે બન્નેમાં ખુબ જ પ્રેમ ઉત્પન્ન થયો.

એક દિવસ સિંહલાધીશ શ્લક્ષ્ણરોમાથી તરછોડાયેલા એકદૂતે આવી શ્રીકૃષ્ણને કહ્યું કે સિંહલેન્દ્ર આપની આજ્ઞા માનવા તૈયાર નથી, તેને એક અત્યંત સુલક્ષણા અને સૌંદર્યવાળી લક્ષ્મણા નામે પૂત્રી છે. તેણી સપ્ત સમુદ્રનું સ્નાન કરવા અહીં આવી છે. સેનાપતિ દ્રૂમસેન તેનો રક્ષક છે. વાત સાંભળીને તરત જ કૃષ્ણ, સેના સહિત

ત્યાં આવ્યા, સેનાપતિને મારી, પહેલાંની જેમ જ તેણીની સાથે લગ્ન કર્યા. દ્વારિકા નગરીમાં લાવી જાંબુવતીના મહેલની પાસે જ તેણીને મહેલમાં રાખી, તેને પણ તમામ સામગ્રીથી પરિપૂર્ણ બનાવી.

સૌરાષ્ટ્રનો શ્રી રાષ્ટ્રવર્ધન નામનો ભૂપતિ જક્ખુરી નામે નગરમાં રહેતો હતો, તેને વિનયા નામે રાણી હતી, નમૂચિ નામે પુત્ર હતો, તેણે દિવ્ય શસ્ત્રાસ્ત્રની પ્રાપ્તિ, સિદ્ધિ દ્વારાએ કરી હતી તેથી તે ખુબ જ ગર્વિષ્ઠ હતો, શ્રીકૃષ્ણે પોતાની આજ્ઞાનું પાલન કરવા માટે દૂતને મોકલ્યો, પણ ગર્વિષ્ઠ નમુચિએ શ્રીકૃષ્ણની આજ્ઞા માનવાની 'ના' કહી, અનાયાસે એકદા અત્યંત સુંદર અને લાવણ્યમય સુસિમા નામની પોતાની બહેનને સાથે લઈ પ્રભાત તીર્થમાં સ્નાન કરવા માટે આવ્યો, સેના સહિત ત્યાં રહ્યાં.

દૂતોદ્વારા શ્રીકૃષ્ણને નમુચિના સમાચાર મલ્યા, શ્રી કૃષ્ણે ત્યાં આવી, નમુચિને મારી, સુસિમાને દ્વારિકામાં લાવી તેની સાથે લગ્ન કર્યા, લક્ષ્મણાના મહેલની બાજુમાં મહેલમાં રાખી, વસ્ત્રાલંકાર, તથા પરિવાર આપી તેને પ્રસન્ન કરી, રાષ્ટ્રવર્ધન રાજાએ પણ શ્રીકૃષ્ણને ઘણા હાથી ઘોડા આદિ આપ્યા અને પોતાની પુત્રીને માટે અલંકારાદિ ઉપકરણો મોકલાવ્યા.

શ્રીકૃષ્ણે વીતભયનગરના મેરૂરાજાની ગૌરી નામની પુત્રીની સાથે લગ્ન કરી, સુસિમાના બાજુના મહેલમાં રાખી, બલરામ સહિત શ્રીકૃષ્ણ અરિષ્ટપુરના હિરણ્યરાજાની પુત્રી

પદ્માવતીના સ્વયંવરમાં ગયા, રોહિણી સહોદર તે રાજાએ અતિહર્ષથી વીર શિરોમણી બન્ને ભાઈઓનો સત્કાર કર્યો, નમિનાથ પ્રભુના તિર્થમાં પિતાજીએ દીક્ષા લેતી વખતે પોતાની કન્યાઓને બલભદ્રને આપવાનો વિચાર કર્યો હતો.

બલભદ્રે રેવતી, રામા, સીતા, બંધુમતી, આદિ તે કન્યાઓની સાથે લગ્ન કર્યા, બધા રાજાઓના દેખતાં શ્રીકૃષ્ણે પદ્માવતીનું હરણ કર્યું. શ્રીકૃષ્ણને તે બધા રાજાઓ સાથે યુદ્ધમાં ઉતરવું પડયું. રાજાઓને હરાવી, પદ્માવતીની સાથે બન્ને ભાઈઓ દ્વારિકામાં આવ્યા શ્રીકૃષ્ણે ગૌરીના નિવાસસ્થાનની બાજુમાં જ એક મોટા મહેલમાં પદ્માવતીને રાખી.

ગાન્ધારદેશમાં પુષ્કલાવતી નામની નગરીમાં ચારૂદત્ત નામના રાજા હતા, તેમને નગ્નજિત નામે પુત્ર હતો, સુભગાઓમાં સીમા, ગાન્ધારી વિગેરે તેને બહેનો હતી. પિતાજીના મૃત્યુ પછી દુશ્મનોએ તેનું રાજ્ય લઈ લીધું.

નગ્નજિતે શ્રીકૃષ્ણનું શરણ સ્વીકાર્યું. શ્રીકૃષ્ણે તેના વિરોધીઓને મારી, ચારૂદત્ત ( નગ્નજીત )ને રાજ્ય પાછું સુપ્રત કર્યું. ચારૂદત્તે પોતાની પુત્રી સાથે શ્રીકૃષ્ણના લગ્ન કર્યા, શ્રીકૃષ્ણે તેણીને પણ દ્વારિકા નગરીમાં લાવી પદ્માવતીના સમીપના મહેલમાં રાખી, ઈન્દ્રની જેમ શ્રીકૃષ્ણને આઠ પટરાણીઓ થઈ.

એક વખતે અતિમુક્તમુનિ રૂકિમણીના ત્યાં આવ્યા, મુનિને જોઈ ચતુર સત્યભામા પણ ત્યાં આવી, રૂકિમણીએ

પૂછયું કે મને પુત્ર થશે કે નહી. તે સાંભળી મુનિએ કહ્યું કે શ્રીકૃષ્ણના જેવો જ તને પુત્ર થશે, આ પ્રમાણે કહીને ચારણમુનિ ચાલ્યા ગયા, સત્યભામાએ રૂકિમણીને કહ્યું કે મુનીશ્વરે મારા માટે પુત્રની વાત કરી, ત્યારે રૂકિમણી બોલી કે તારા માટે નહિ પણ મારા માટે વાત કરી છે.

આ પ્રમાણે વિવાદ કરતી તે બન્ને શ્રીકૃષ્ણની પાસે આવી, તે વખતે સત્યભામાએ સભામાં આવેલા પોતાના ભાઈ દુર્યોધનને જોઈને કહ્યું કે 'મારા પુત્રના લગ્ન તારી પુત્રી સાથે કરજે' રૂકિમણીએ પણ તે જ પ્રમાણે કહ્યું. ત્યારે દૂર્યોધને કહ્યું કે તમારા બન્નેમાંથી જેને પ્રથમ પુત્ર થશે તેને મારી પુત્રી પરણાવીશ, સત્યભામાએ કહ્યું કે જેનો પૂત્ર પ્રથમ પરણે તે વખતે બીજીએ સભા સમક્ષ માથાના વાળ કાપીને આપવા, તે શરતમાં બલરામ, શ્રીકૃષ્ણ અને દુર્યોધનને સાક્ષી રાખી તે બન્ને પોતપોતાના સ્થાને ચાલી ગઈ.

રૂકિમણીએ રાત્રિના પાછલા પહોરમાં પોતાને સ્વપ્નમાં વિમાનમાં બેઠેલી જોઈ, તે વખતે મહાશુક્ર નામના દેવલોકમાંથી મહર્દ્ધિક દેવ ચ્યવીને રૂકિમણીની કુક્ષિમાં ઉત્પન્ન થયો, તેણીએ સવારમાં શ્રીકૃષ્ણને સ્વપ્નની વાત કરી, ત્યારે શ્રીકૃષ્ણે પણ સ્વપ્નનું ફળ કહ્યું, કે જગતમાં વીરોને પણ જીતે એવો વીર પૂત્ર તને પ્રાપ્ત થશે.

સત્યભામાની દાસીએ આ વૃત્તાંતને સાંભળી સત્ય-

ભામાને કહ્યું. સત્યભામાએ પણ સ્વપ્નની કલ્પના કરીને શ્રીકૃષ્ણને કહ્યુ' કે મેં રાત્રિના પાછળના ભાગમાં સ્વપ્નને વિષે હાથી જોયો છે, શ્રીકૃષ્ણે કલ્પિત જાણી તેણીને ક્રોધ ન થાય તે માટે તને ભાવીમાં સુંદર પૂત્ર રત્નની પ્રાપ્તિ થશે, ભાગ્યવશાત્ તેણી ગર્ભવતી થઈ, રૂકિમણી તથા સત્યભામાના ઉદરની વૃદ્ધિ થવા લાગી.

એક દિવસ રૂકિમણીની દાસીએ શ્રીકૃષ્ણને આવી વધામણી આપી કે હે દેવ! શ્રી રૂકિમણી દેવીએ આપની દેહ અને કાંતિને ક્ષોભ પમાડનાર સુવર્ણસમાન કાંતિમાન પૂત્રને જન્મ આપ્યો છે, તે વાત સાંભળી ઈર્ષ્યા અને ભયથી કંપતી સત્યભામા દુઃખી બની, મહેલમાં આવવા માટે પાછી વળી, મહેલમાં આવતાની સાથે જ તેણે ભાનુક નામના પૂત્રને જન્મ આપ્યો, શ્રીકૃષ્ણ આનંદિત બની રૂકિમણીના મહેલમાં આવ્યા.

રત્નપીઠ ઉપર બેસીને સુવર્ણ કાન્તિસમાન પૂત્રને મંગાવી જોવા લાગ્યા, શ્રીકૃષ્ણે હર્ષોલ્લાસ પૂર્વક પૂત્રનું નામ પ્રદ્યુમ્ન રાખ્યું. જ્યોતિષ્કદેવ ધૂમકેતુએ રૂકિમણીનું રૂપ ધારણ કરી પ્રદ્યુમ્નનું હરણ કર્યું. તે દેવે બાલકને વૈતાઢય પર્વત ઉપરના સુંદર રમણોદ્યાનમાં લાવી ટંકશિલા ઉપર મૂકયો, અને દેવે વિચાર્યું કે આવી રીતે આ બાળકને રાખવાથી તેને મૃત્યુનું દુઃખ પડશે નહી. અને ભૂખથી તરસથી, મરી પણ જશે, બાલક પણ દીર્ઘ આયુષ્યવાન્ હોવાથી કોમલ ઘાસવાળી ભૂમિ ઉપર પડયો.

પ્રાતઃકાળે અગ્નિજ્વાલા નગરથી નીકળીને પોતાના નગરમાં જતાં કાલસંવર નામના વિદ્યાધરનું વિમાન સ્ખલિત થયું. નીચે ઉતરીને જોયું તો બાલસૂર્યના સમાન તેજસ્વી દિવ્યમૂર્તિ બાળકને જોયો, તે બાળકને પોતાના નગર મેઘકુટમાં લઈ જઈને પોતાની પત્ની કનકમાલાને સુપ્રત કર્યો, અને લોકમાં પ્રચાર કર્યો કે મારી પત્ની ગુઢ ગર્ભને ધારણ કરતી હતી, તેણીએ હમણાં પૂત્રને જન્મ આપ્યો છે. અને અમારા કુલની પરંપરા અવિચ્છિન્ન રાખી છે. વળી આ વાતને સત્ય જણાવવા માટે પોતાની પત્નીને પ્રસૂતિ ગૃહમાં મોકલાવી આપી, કાલસંવર વિદ્યાધરે ઉત્તમ દિવસે પૂત્રનો જન્મોત્સવ કરી, તેજથી દિશાઓને પ્રદ્યોતિત કરનાર પૂત્રનું નામ પ્રદ્યુમ્ન રાખ્યું.

રૂકિમણીએ આવી શ્રીકૃષ્ણને પૂછ્યું કે પૂત્ર કયાં છે? ત્યારે શ્રીકૃષ્ણે કહ્યું કે હમણાં જ તું મારા હાથમાંથી આવીને લઈ ગઈ છે. તેણી વિહ્વલ બની ગઈ, શ્રીકૃષ્ણે ઉંચે સ્વરે કહ્યું કે કોઈ શત્રુએ કપટથી મારા પૂત્રનું હરણ કર્યું છે. બલરામ સહિત શ્રીકૃષ્ણે યદુઓની સાથે દરેક જગ્યાએ તપાસ કરી, પરંતુ પૂત્રનો કયાંય મેળ ખાધો નહી. પૂત્રના વિરહમાં શ્રીકૃષ્ણ અત્યંત દુઃખી બન્યા, આખી દ્વારિકા નગરીમાં દુઃખદ સમાચાર પહોંચી ગયા.

એક દિવસ નારદજી આકાશમાંથી ઉતરીને શ્રીકૃષ્ણની સભામાં આવ્યા, બધાને ઉદાસ જોઈ કારણ પૂછ્યું. ત્યારે શ્રીકૃષ્ણે સઘળી હકીકત કહી સંભળાવી, આપને ખબર

હોય તો આપ મને જરૂર બતાવવાની કૃપા કરો, નારદજીએ કહ્યું કે અતિમૂક્ત મુનિના મોક્ષે ગયા બાદ ભરતક્ષેત્રમાં કોઈ કેવળજ્ઞાની રહ્યા નથી, માટે હું પૂર્વ વિદેહમાં શ્રી સીમંધર સ્વામિને પૂછી આપને સમાચાર આપું છું.

બલરામ, કૃષ્ણ તથા બીજા દશાર્હોએ નારદજીની પૂજા કરી, નારદજી ત્યાંથી નીકળી ઝડપથી સીમંધર સ્વામિની પાસે આવ્યા, સમવસરણમાં બેઠેલા જિનેશ્વર પ્રભુને નમસ્કાર કરીને પૂછયું કે હે પ્રભુ! શ્રીકૃષ્ણ તથા રૂકિમણીના પૂત્રનું હરણ કોણે કર્યું છે? અને તે પૂત્ર હમણાં કયાં છે? પ્રભુએ ધૂમકેતુના પૂર્વભવ સંબન્ધી વેર બતાવીને કહ્યું કે શ્રીકૃષ્ણનો પૂત્ર વિદ્યાધરના ત્યાં આનન્દ પૂર્વક મોટો થાય છે. ત્યારે નારદજીએ પૂછયું કે હે સ્વામિ! ધૂમકેતુની સાથે પૂર્વ જન્મમાં તેણીને વેર કેમ થયું? ત્યારે પ્રભુએ કહ્યું કે:

જંબુદ્વિપના ભરતક્ષેત્રમાં મગધદેશના અલંકાર રૂપ મનોહર મનોરમ્ય ઉદ્યાનોથી અત્યંત સુંદર 'શાલીગ્રામ' નામે ગામ છે, ત્યાંના લોકોથી પૂજીત સુમન નામે એક યક્ષ રહેતો હતો, એક વખત નન્દીવર્ધનસૂરિ નામે આચાર્ય મહારાજ ત્યાં આવીને રહ્યા, સોમદેવ અને અગ્નિલાથી ઉત્પન્ન થયેલા, વેદવેદાન્તને જાણવાવાળા, અગ્નિભૂતિ તથા વાયુભૂતિ નામના બે પૂત્રો વાદ કરવા માટે આવ્યા, સૂરીશ્વરના 'સત્ય' નામના શિષ્યે તે બન્નેને કહ્યું કે કઈ ગતિમાંથી આવીને આ મનુષ્ય ગતિ પ્રાપ્ત કરી છે? આપની

પાસે જ્ઞાન હોય તો મારા પ્રશ્નનો જવાબ આપો, તે બન્નેએ મૌનને ધારણ કર્યું. મુનિએ તેમનો પૂર્વભવ કહેવા માંડ્યો.

આ ગામની બહાર વનમાં અત્યંત માંસ લોલુપ્ત શિયાળ હતા. ખેતરમાં કામ કરનારા ખેડુતોએ ચામડાની વાધર ખેતરમાં મૂકી હતી, રાતના વરસાદ થયો, ભૂખ્યા એવા તમો બન્ને તે ચામડાની વાધર ખાઈ ગયા, અધિક આહાર લેવાથી મરીને આપ બન્ને સોમદેવના પૂત્ર તરીકે ઉત્પન્ન થયા, સવારના ખેડૂતે આવીને જોયું તો ચામડાની વાધર ખાઈ જવામાં આવી હતી, ત્યાંથી તે ઘેર આવ્યો.

થોડા દિવસ પછી તે ખેડુત મરીને પોતાની પૂત્રવધુના ઉદરથી પૂત્ર તરીકે જન્મ્યો, તેને જાતિસ્મરણજ્ઞાન થવાથી વિચાર્યું કે પૂત્રવધુને માતા કેમ કહેવાય ! વળી પૂત્રને પિતા કેમ કહેવાય ! માટે જાણી જોઈને મુંગો રહેવા લાગ્યો, તમે વિશ્વાસની ખાતર તે ખેડુતને બોલાવો, તે ખેડુતના આવ્યા બાદ મુનિએ તેને કહ્યું કે 'તું સંકોચ છોડીને તારો પૂર્વ ભવ બતાવ' સંસારમાં તો પિતાપૂત્ર, પૂત્રપિતા એવો ક્રમ ચાલતો જ રહે છે.

મુનિની વાત સાંભળી તે ખેડુતે બધાની સાક્ષીએ આશ્ચર્ય ચકિત બનીને પોતાના પૂર્વભવની બધી વાતો કહી દીધી, તેના પૂર્વ ભવની વાતો સાંભળી ઘણા લોકોએ દીક્ષા ગ્રહણ કરી, તે બન્ને બ્રાહ્મણપુત્રો લજ્જિત બનીને ઘેર ગયા, મુનિની ઉપર ક્રોધ આવવાથી તે બન્ને જણા તલવાર

લઈને મારવાની ઈચ્છાથી રાતના મુનિની પાસે આવ્યા, પરંતુ સુમન યક્ષે તેઓને સ્થંભિત બનાવી દીધા.

પ્રાતઃકાલમાં તે બન્નેને નગરજનોએ તથા સોમદેવ અને અગ્નિલાએ રડતા જોયા, તે બધાની સામે પ્રગટ થઈને યક્ષે કહ્યું કે મુનિની હત્યા માટે આ બન્ને આવેલા હતા, તે બન્નેને મેં સ્થંભિત કરીને રાખ્યા છે. જો તેઓ સાધુના શિષ્ય બની જાય તો તેઓને છુટા કરૂં, નહિતર તેમને છોડીશ નહી. ત્યારે તે બન્નેએ કહ્યું કે અમો મુનિધર્મનું પાલન નહિ કરી શકીએ.

પરંતુ શ્રાવક ધર્મનું પાલન કરીશું અને શ્રાવકપણામાં મુનિના શિષ્ય બનીને રહીશું. આ પ્રમાણે કહેવાથી તે બન્નેને યક્ષે છોડી દીધા, ત્યારથી મુનિના પાસેથી જિનેશ્વર પ્રણિત શ્રાવક ધર્મને અંગિકાર કરી, અભિમાન રહિત રહેવા લાગ્યા, યક્ષના કહેવાથી પણ મિથ્યાત્વી અગ્નિલા અને સોમદેવે શ્રાવક ધર્મ અંગિકાર ન કર્યો. તે બન્ને ભાઈઓ શ્રાવક ધર્મનું આરાધન કરી મરીને છ પલ્યોપમના આયુ-ષ્યવાળા પહેલા દેવલોકમાં દેવ તરીકે ઉત્પન્ન થયા.

ત્યાંથી ચ્યવીને ગજપુર નગરમાં અર્હદ્દાસ શ્રેષ્ઠિના પૂત્ર પણે ઉત્પન્ન થયા, તેઓના નામ પૂર્ણભદ્ર અને માણિભદ્ર રાખવામાં આવ્યા હતા, અર્હદ્દાસે જ્ઞાની મહેન્દ્ર મુનિ-ની પાસે દીક્ષા ગ્રહણ કરી. મુનિને વંદન કરવા માટે જતા પૂર્ણભદ્ર અને માણિભદ્રને, ચાંડાલ અને કુત્રીને જોઈ અત્યંત

આનંદ આવ્યો, મહર્ષિને નમસ્કાર કરી તે બન્નેના તરફ પોતાને સ્નેહ કેમ ઉત્પન્ન થયો, તેનું કારણ પૂછયું, મુનિએ કહ્યું કે શાલિગ્રામમાં જ્યારે તમે બે ભાઈઓ બ્રાહ્મણ કુલમાં જન્મેલા હતા, ત્યારે સોમદેવ અને અગ્નિલા તમારા માતા પિતા હતા, સોમદેવ મરીને ભરતક્ષેત્રના શંખપુર નગરમાં પરસ્ત્રી લંપટ જિતશત્રુ નામે રાજા થયો, અગ્નિલા મરીને સોમભૂતિ બ્રાહ્મણની રૂક્મિણી નામે પત્ની થઈ, અત્યંત રૂપશાલિની રૂક્મિણીને એક દિવસ કોઇ એક કામાતુર રાજાએ તેને પકડીને પોતાના અન્તઃપુરમાં રાખી.

તેણીના વિરહાગ્નિમાં મસ્ત તેનો પ્રિય પતિ સોમભૂતિ દુઃખી બનીને રહેતો હતો, હજાર વર્ષ સુધી રૂક્મિણીની સાથે રતિ ક્રીડા કરીને તે રાજા મરીને ત્રણ પલ્યોપમના આયુષ્યનો બંધ કરી નરકગતિમાં ઉત્પન્ન થયો, ત્યાંથી નીકળીને મૃગ થયો, વાઘથી મરાયો, ત્યારબાદ માયાવી વણિક પૂત્ર તરીકે ઉત્પન્ન થયો, પછીથી હાથી થયો, કર્મ-લાઘવથી જાતિસ્મરણ જ્ઞાન પ્રાપ્ત કરી તેણે અનશન કર્યું. અઢારમા દિવસે સૌધર્મ દેવલોકમાં ત્રણ પલ્યોપમવાળો દેવ થયો, ત્યાંથી ચ્યવીને હમણાં ચાંડાલ તરીકે ઉત્પન્ન થયો છે.

રૂક્મિણી ભવભ્રમણ કરતી કુત્રી તરીકે ઉત્પન્ન થઇ છે. પૂર્વ સંબંધના યોગે તે બંને ઉપર તમોને પ્રેમ ઉત્પન્ન થયો છે. બંને ભાઈઓએ માતાપિતાના ભાવોને સાંભળી ચાંડાલ અને કુત્રીને બોધ આપી, જાતિસ્મરણજ્ઞાન પ્રાપ્ત

કરાવ્યું. ત્યારબાદ ચાંડાલ અનશન કરીને નંદીશ્વર દ્વીપમાં દેવ તરીકે ઉત્પન્ન થયો, કુત્રી પણ અનશન કરીને સમાધિ પૂર્વક મરીને શંખપુર નગરમાં સુદર્શના નામે રાજપુત્રી થઈ, અર્હદ્દાસના પુત્રોએ ફરીથી મુનીશ્વરને કુત્રી તથા ચાંડાલની ગતિ બાબતનો પ્રશ્ન કર્યો.

મુનીશ્વરે કહ્યું અને તે બન્ને ભાઈઓથી પ્રબોધિત બની તે રાજપૂત્રી સંયમ લઈ સમાધિ પૂર્વક મરીને દેવલોકમાં ગઈ. પૂર્ણભદ્ર અને માણિભદ્ર પણ મરીને પ્રથમ દેવલોકમાં સામાનિક દેવ તરીકે ઉત્પન્ન થયા, ત્યાંથી ચ્યવીને હસ્તિનાપુરમાં વિશ્વક્સેન રાજાના પૂત્ર રૂપે, મધુ અને કૈટભ નામથી પ્રસિદ્ધ થયા, નંદીશ્વરથી તે દેવ-ચ્યવીને બટપુર નગરમાં કનકપ્રભ રાજા થયો.

સુદર્શના પણ સ્વર્ગથી ચ્યવીને ભવભ્રમણ કરતી, કનકપ્રભરાજાની ચન્દ્રાભા નામે રાણી થઈ. રાજાએ મધુ અને કૈટભને રાજ્ય અને યુવરાજ પદ આપી સંયમ લીધો, કાળ-ધર્મ પામીને દેવલોક ગયા, પલ્લિપતિના કપટથી ભીમ રાજાએ તે બન્નેના રાજ્ય ઉપર ચઢાઈ કરી, તેને મારવા માટે જ્યારે મધુરાજાએ પ્રયાણ કર્યું ત્યારે વટપુરનગરમાં કનકપ્રભ રાજાએ તેનું બહુમાન કર્યું.

મધ્યાહ્ન સમયે ચન્દ્રાભા જ્યારે તેને નમસ્કાર કરીને અન્તઃપુરમાં જવા લાગી તે વખતે કામાન્ધ બનીને મધુએ તેણીને પકડવાની ઈચ્છા કરી, પરંતુ મન્ત્રિના રોકવાથી તેણે તરત જ આગળ કુચ કરી, ભીમને જીતી જ્યારે મધુ

રાજા વટપુર આવ્યા ત્યારે પણ કનકપ્રભ રાજાએ તેનું બહુમાન કર્યું. કનકપ્રભ રાજા પાસે ચન્દ્રાભાની માગણી કરી. કનકપ્રભે ના કહી, તે વારે મધુ તેણીને બલાત્કારથી હસ્તિનાપુર લઈ ગયો, ચંદ્રાભાના વિરહથી તે મૂર્ચ્છિત અને વ્યાકુલ બન્યો, કનકપ્રભ નામ હોવા છતાં પણ શરીરથી નિષ્પ્રભ બની ગયો.

એક દિવસે વાર્તાલાપના પ્રસંગે ચંદ્રાભાએ પરસ્ત્રી-ગમનની પ્રશંસા કરી, મધુરાજા બોલ્યો કે પરદારાગમન તો અતિશય નિંદનિય છે. દંડનીય છે. ફરીથી ચંદ્રાભાએ કહ્યું કે મહારાજ પરદારાગમનીક પૂજનીક હોય છે, તેમાં આપ શ્રીમાન એક દૃષ્ટાંતરૂપ છો. સાંભળીને મધુરાજા લજ્જિત બન્યા, તેમનું માથુ નીચુ નમી પડયું. આ બાજુ કનકપ્રભ પોતાના બાળકો સહિત 'રાજપથ' ઉપર ભમી રહ્યો હતો, રડતી ચંદ્રાભાએ મધુને કહ્યું કે જુઓ તો ખરા કે મારા વિરહમાં વ્યાકુલ કોણ ફરી રહ્યું છે.

જોતાંની સાથે જ મધુના ચિત્તમાં વૈરાગ્ય પ્રાપ્ત થયો, પશ્ચાતાપ કરતા મધુરાજાએ પોતાના ભાઈના પૂત્રને રાજ્યગાદી સુપ્રત કરી. પોતાના ભાઈ કૈટભની સાથે વિમલ-વાહન ગુરૂની પાસે સંયમ લીધો, હજ્જારો વર્ષ સુધી તપસ્યા કરી, દ્વાદશાંગીનો અભ્યાસ કરી, સાધુ વૈયાવચ્ચને કરતાં, સમાધિપૂર્વક કાળ ધર્મ પામીને સાતમા દેવલોકમાં સામાનિકદેવ થયો.

કનકપ્રભ પણ ત્રણ હજાર વર્ષ સુધી ભૂખ અને

તરસથી વ્યાકુલ બનીને મધુની ઉપર વેરનો બદલો લેવાની ભાવનાથી મરી ગયો અને ધૂમકેતુ નામે જ્યોતિષ ચક્રમાં દેવ થયો, ત્યાં પણ મધુ નહિ જોવાથી, ચ્યવીને ફરીથી મનુષ્ય યોનિમાં જન્મ લીધો, તપથી કાયાને ક્ષીણ કરી મરીને વૈમાનિક દેવ થયો, ત્યાં પણ મધુ નહી જોવાથી દુઃખી થયો, ત્યાંથી ચ્યવીને ભવભ્રમણ કરીને અકામ નિર્જરાથી મરીને જ્યોતિષ્કમાં ધૂમકેતુ નામે દેવ થયો, તે વખતે દેવલોકમાંથી ચ્યવીને રૂકિમણીના ઉદરમાં આવ્યો, આ પ્રમાણે પૂર્વના વેરની પરંપરાથી ધૂમકેતુએ પ્રદ્યુમ્નનું હરણ કરી, શિલા ઉપર છોડી મૂકયો છે. પૂર્વના પુણ્યથી તે રક્ષણ કરાયેલો છે. ત્યાંથી ખેચરને અર્પિત કરાયેલ છે. સોલ વર્ષ પછી તે માતાને મળશે, ફરીથી નારદજીએ પૂછયું કે સોલ વર્ષ સુધી ન મલવાનું કારણ શું છે?

શ્રી સીમંધર સ્વામિએ કહ્યું કે જંબુદ્વિપના ભરત ક્ષેત્રમાં મગધ નામે દેશ છે. તેમાં લક્ષ્મીગ્રામ નામના એક ગામમાં સોમદત્ત નામે એક બ્રાહ્મણ હતો. લક્ષ્મીવતી નામે તેને સ્ત્રી હતી, એક દિવસે ઉપવનમાં જઈ ને કંકુથી રંગેલા હાથ વડે મોરના ઇંડાને લાલ કરી નાખ્યા, ‘આ મારા ઇંડા નથી’ એમ સમજીને તેની માતા મોરલીએ સોલઘડી સુધી તેને સેવ્યા નહી. વરસાદના પાણીથી રંગ જતો રહ્યો, ત્યારે મોરલીએ તે ઇંડા પોતાના છે તેમ સમજીને સેવ્યા, ફરીથી લક્ષ્મીવતી વનમાં લઈ, મનોહર મયુરને જોઈ તે મયુરને મયુરી પાસેથી બળજબરીથી લઇ ગઇ, પોતાના

બચ્ચાના વિયોગે તે મોરલી રોતી હતી, લક્ષ્મીવતીએ તે મોરના બચ્ચાને શિક્ષણ આપી હોંશિયાર બનાવ્યું.

મયુરીનો કલ્પાંત અને તેને દુઃખી જોઈને લોકોએ આવી લક્ષ્મીવતીને કહ્યું કે તે ભયંકર દુઃખી થાય છે. માટે તું મોરના બચ્ચાને મૂકી દે, લક્ષ્મીવતીના અંતરમાં દયા આવી અને મોરના બચ્ચાંને તેની માતા પાસે જઈને મૂકી આવી. સોલ મહીના સુધી મોરલીને પુત્રનો વિયોગ સહન કરવો પડ્યો, તે પાપથી બ્રાહ્મણીએ સોલ વર્ષ સુધી પુત્ર વિયોગ કરાવનાર નિકાચિત કર્મ બાંધ્યું,

એક દિવસ તે લક્ષ્મીવતી દર્પણમાં પોતાનું સ્વરૂપ જોતી હતી. એટલામાં સમાધિગુપ્ત નામના એક મુનિ તેણીના ઘેર આવ્યા, તેણીનો પતિ તેણીને આહાર આપવાનું કહી કામ માટે બહાર ગયો, તેણીએ સાધુને તિરસ્કાર કરી બહાર કાઢી મૂકયા અને દરવાજો બંધ કરી દીધો, સાધુ નિન્દાના પાપથી કોઢ રોગ નીકળ્યો, સાતમા દિવસે ભયંકર દુઃખને ભોગવતી તેણી અગ્નિમાં પડીને બળી ગઈ, અનુક્રમે ભુંડણ, ગધેડી અને કુત્રી થઈ, અગ્નિમાં પડીને મરી ગયેલી કુત્રી ભરૂચમાં દુર્ગન્ધ અને દુર્ભાગ્યના ઉદયથી કાણા નામની માછીમારની દીકરી તરીકે ઉત્પન્ન થઈ, માતા પિતાએ તેણીનો ત્યાગ કર્યો, યૌવનાવસ્થામાં તેણી નર્મદા નદીમાં નાવ ચલાવીને પોતાની આજીવિકા પ્રાપ્ત કરતી હતી, ભવિતવ્યતાના યોગથી એક દિવસ સન્ધ્યા સમયે નર્મદાના કીનારા ઉપર કાયોત્સર્ગમાં લીન તેજ સમાધિગુપ્ત મુનિને જોયા.

આ ભયાનક ઠંડીમાં રાત્રિના ઠંડીથી મુનિ પીડા ન પામે એવો વિચાર કરીને ઘાસ વડે તે મુનિના શરીરને ઢાંકી દીધું, સવારના તેણીએ મુનિને વંદના કરી, મુનીશ્વરે તેણીને ધર્મ સંભળાવ્યો, 'આપને મેં ક્યાંય જોયા છે.' આ પ્રમાણે કહેવાથી મુનિએ તેને પૂર્વ ભવોની વાત કહી સંભળાવી, તેણીને જાતિ સ્મરણજ્ઞાનની પ્રાપ્તિ થઈ, પોતાના આત્માની અને પોતે પૂર્વ ભવમાં કરેલા દુષ્કૃત્યોની નિંદા કરતી, મુનીશ્વરની ક્ષમાયાચના કરવા લાગી, મુનિએ તેણીને શ્રાવિકા બનાવી, મુનિના વચનથી 'નાયલ' નામના એક શ્રાવકે તેણીને આશ્રય આપ્યો.

જિનાર્ચાપૂર્વક એકાન્તર ઉપવાસોથી બાર વર્ષ વીતાવ્યા, એક મહીનાનું સંયમ સ્વીકારી સમાધિપૂર્વક મરીને પંચાવન પલ્યોપમના આયુષ્યવાળી અચ્યુતેન્દ્રની મુખ્ય દેવી તરીકે ઉત્પન્ન થઈ, ત્યાંથી ચ્યવીને તે કૃષ્ણની પટ્ટરાણી રૂકિમણી તરીકે હાલમાં છે. તપોગ્નિથી તેણીએ કર્મમલને બાળ્યાં, પરંતુ મયુરીપુત્ર વિરહથી બાંધેલું નિકાચીત કર્મ હમણાં ઉદયમાં આવ્યું છે. તેથી તેણીને સોલ વર્ષ સુધી પુત્રનો વિરહ સહન કરવો પડશે.

આ વાતને સાંભળી તીર્થંકરને નમસ્કાર કરી નારદજી વ્યોમ માર્ગે વૈતાઢ્ય પર્વત ઉપર આવ્યા, પુત્ર જન્મ થવાથી કાલસંવરની પ્રશંસા કરી, કાલસંવરે પણ શ્રી નારદજીની પૂજા કરી, પ્રસન્નતાથી પ્રદ્યુમ્નને બતાવ્યો, નારદજી એ પણ રૂકિમણીની આકૃતિથી મલતા તે પુત્રને જોઈ

મનમાં વિશ્વાસ કરતા નારદજી ખેચરની રજા લઈને દ્વારિકા નગરીમાં આવ્યા. દશાર્હોની સામે રૂકિમણી પુત્રના સમાચાર કહ્યા, અને લક્ષ્મીવતીના ભવથી માંડીને શ્રી સીમંધર સ્વામિથી વર્ણવાયેલા ભવોનુ વૃત્તાંત રૂકિમણીને કહી બતાવ્યું. રૂકિમણીદેવીએ નારદજીને નમસ્કાર કર્યા, તીર્થંકરની વાણીથી સોલ વર્ષ બાદ પુત્ર પ્રાપ્તિનો નિશ્ચય કરીને રૂકિમણી સહિત કૃષ્ણ સુખપૂર્વક રહેવા લાગ્યા.

શ્રી ઋષભ સ્વામિના કુરૂ નામના પુત્ર થયા હતા, જેમનો દેશ કુરૂક્ષેત્રના નામથી પ્રસિદ્ધ થયો, તેમના પુત્ર હસ્તિના નામથી હસ્તિનાપુર સ્થાપિત થયું. તેમની પરંપરામાં અનન્તવીર્ય, કૃતવીર્ય થયા, તેમાં સૂભૂમ ચક્રવર્તિ થયા, તેમની પરંપરામાં અનેક રાજાઓ થયા, તેમાં શાન્તનુ નામના એક રાજા અત્યંત પ્રસિદ્ધ હતા. તેમને ગંગા અને સત્યવતી નામની બે રાણીઓ હતી, ગંગાનો પુત્ર ભિષ્મ થયો, જેનું બીજું નામ ગાંગેય હતું. સત્યવતીને ચિત્રાંગજ અને ચિત્રવીર્ય નામે બે પુત્રો થયા, અંબા, અંબિકા અને અંબાલિકા નામે ચિત્રવીર્યને ત્રણ સ્ત્રીઓ હતી.

ત્રણેથી અનુક્રમે ધૃતરાષ્ટ્ર, પાંડુ અને વિદુર નામના ત્રણ પુત્રો થયા, ધૃતરાષ્ટ્ર ઉપર રાજ્ય કારભાર સુપ્રત કર્યો, કારણ કે પાંડુ રાજા મૃગયા રમવામાં તલ્લીન હતા, ધૃતરાષ્ટ્રે ગાન્ધારેશ શબલપુત્ર તથા શકુનિની ગાન્ધારી આદિ આઠ બ્હેનોની સાથે લગ્ન કર્યા, તેમાં ધૃતરાષ્ટ્રને દૂર્યોધનાદિ સૌ પુત્રો થયા, કુંતી નામની પત્નીથી પાંડુરાજાને

યુધિષ્ઠિર, ભીમ અને અર્જુન નામે ત્રણ પુત્રો થયા, જ્યારે બીજી માદ્રી નામની પત્નીથી નકુલ અને સહદેવ નામના બે મહારથી પુત્રો ઉત્પન્ન થયા, શંકરના પાંચ મુખોની જેમ પાંચ પાંડુ પુત્રો શોભતા હતા. કામદેવના પાંચ બાણુની જેમ યુધિષ્ઠિરાદિ પાંડુ રાજાના પાંચે પુત્રો માનવ, ખેચર, શૂરા સેન્દ્રોથી પણ જીતાય તેવા નહોતા, રૂપ, વિદ્યા, શૌર્ય, વીર્ય, ધૈર્ય, વિનમ્ર અને વિનયાદિ ગુણોથી પરસ્પરસ્પર્ધા કરનારા હતા, લોકોમાં ચારે તરફ પાંડવોની યશકીર્તિ ફેલાવા લાગી હતી.

એક દિવસ શ્રી કામ્પિલ્ય પુરાધીશ દ્રુપદ રાજાએ દૂત દ્વારા પાંડુ રાજાને વિનંતિ કરી કે સદ્‌ગુણોથી અલંકૃત દ્રૌપદીના ભાવી સ્વયંવરમાં દશાર્હ બલરામ અને કૃષ્ણ, દમદન્ત, સુયોધન, શિશુપાલ, રૂકિમ, કર્ણ આદિ અનેક રાજાઓ કાંપિલ્ય દેશમાં પધારવાના છે. માટે આપ પણ આપના પાંચે પુત્રો સહિત પધારીને સ્વયંવર મંડપને શોભાવો, ત્યારબાદ પાંડુ રાજા પણ પોતાના પાંચ પુત્રો સહિત અનેક રાજાઓ કાંપિલ્યપુરમાં આવ્યા, મંડપમાં આવી વિમાનોની જેમ ઉંચા આસન ઉપર બીરાજમાન થયા.

સ્નાન અને વિલેપન કરીને દિવ્યમાળા, વસ્ત્રો અને અલંકારોથી વિભૂષિત ગૃહમંદિરમાં શ્રી જિનેશ્વરની પૂજા કરીને સખીઓ સહિત ત્રણે લોકની સ્ત્રીઓના મુખચંદ્રને જીતવાવાળી ન હોય ! તે પ્રમાણે પોતાના મુખચંદ્રને ધારણ કરતી, કંકણના અવાજોથી, દેવાંગનાઓને, ઝાંઝરના અવાજથી

નાગકન્યાઓને, માલાના અવાજથી માનવીઓને જીતતી, દ્રૌપદી સભા મંડપમાં આવી, વેત્રિણીથી નામ લઈને બતાવાતા રાજાઓને છોડી પાંડવોની પાસે આવી.

તેણીએ તે સમયે મલ્લિમુકુલની સમાન નિર્મલ પોતાના કટાક્ષોથી ક્ષણવારમાં તેમના પ્રત્યેનો લોકોત્તર અનુરાગ પ્રગટ કર્યો, તેણીએ વરમાલાથી પાંચે પાંડવોને વિભૂષિત કર્યા, બધા રાજાઓ આશ્ચર્ય અનુભવવા લાગ્યા, એક બીજાનું મુખ જોવા લાગ્યા, એટલામાં ચારણમુનિ ત્યાં પધાર્યા, દ્રૌપદીને પાંચ પતિ કેમ ? આ પ્રમાણે રાજાઓના પૂછવાથી તેઓએ બતાવ્યું કે પૂર્વ ભવમાં કરેલા કર્મોના પરિણામથી તેને પાંચ પતિની પ્રાપ્તિ થઈ છે. કર્મને રોકવાની તાકાત કોની છે ?

ચમ્પા નગરીમાં ત્રણ વેદોની સમાન તેજસ્વી સોમદેવ અને સોમભૂતિ તથા સોમદત્ત નામના ત્રણ સહોદર ભાઈઓ હતા, તેમને અનુક્રમે નાગશ્રી, ભૂતશ્રી, અને યજ્ઞશ્રી નામે ત્રણેને ત્રણ પત્નીઓ હતી, લોકોએ નિશ્ચય કર્યો કે આપણે જુદા જુદા રહીએ છીએ તો પણ વારા ફરતી આપણે બધાએ દરેક ઘેર ભોજન કરવું.

એક દિવસ સોમદેવના ઘરમાં ભોજનનો વારો આવવાથી નાગશ્રીએ પોતે અત્યંત રસાસ્વાદવાળું સુંદર ભોજન તૈયાર કર્યું. અનેક પ્રકારના શાકને બનાવતી નાગશ્રીએ ભૂલથી કડવી તુંબડીનું શાક બનાવ્યું. રસાસ્વાદની પરીક્ષા કરવા માટે તેણીએ થોડુક શાક મોંમા મુકયું ત્યારે તેણીને

અતિ કડવું લાગવાથી ઘણો પશ્ચાતાપ થયો. તે શાકને છૂપાવી જુદું મૂકી દીધું. તેણીએ પોતાના ત્યાં આવેલા પોતાના દીયર સહિત સઘળા પરિવારને સ્વાદિષ્ટ ભોજન કરાવ્યું.

ભાગ્યવશાત્ સોમદેવ વિગેરે જમીને ગયા બાદ ધર્મ ઘોષસૂરિના શિષ્ય ધર્મરૂચિ નામના મુનિ માસખમણના પારણા નિમિત્તે નાગશ્રીના ઘેર વહોરવા આવ્યા, નાગશ્રીએ કડવી તુંબડીનું શાક વહેરાવ્યું. અને મનમાં આનંદ માન્યો, મુનિ ત્યાંથી નીકળીને ગુરૂ મહારાજની પાસે આવ્યા, ગુરૂ મહારાજે સુંઘીને કહ્યું કે આહાર વાપરવા યોગ્ય નથી, માટે તેને પરઠવીને બીજો શુદ્ધાહાર લાવી પારણું કરો.

ગુરૂમહારાજની આજ્ઞાથી મુનિ બહારની સ્થંડિલ ભૂમિ ઉપર ગયા, ત્યાં તે શાકનું ટીપું પડવાથી કીડીઓ એકત્રિત થઈ અને મરવા લાગી, ત્યારે વિચાર્યું કે જરા જેટલા ટીંપાથી આટલી બધી કીડીઓ મરી ગઈ, તો આ બધું પરઠવીશ તો કેટલી બધી કીડીઓ મરી જશે, તેના કરતાં મારા એકનું મૃત્યુ વધારે સારૂં છે.

આ પ્રમાણે વિચારીને મુનિએ પોતે જ તે આહાર વાપર્યો, નમસ્કાર મહામંત્રનું ધ્યાન ધરતા મરીને તે મુનીશ્વર સર્વાર્થ સિદ્ધ વિમાનમાં અહમિન્દ્ર તરીકે ઉત્પન્ન થયા, ધર્મરૂચિ અણગારને વધારે સમય કેમ ગયો ? તે જાણવા માટે બીજા મુનિઓને આચાર્ય ભગવંતે તપાસ કરવા માટે મોકલ્યા, સ્થંડિલ ભૂમિમાં મુનિને મૃત્યુ પામેલા

જોઈને મુનિઓ ધર્મધ્વજ લઈ સ્થાનમાં આવી ગુરૂમહારાજને જોયેલી હકીકત કહી સંભળાવી, ગુરૂ મહારાજે અવધિજ્ઞાનથી જાણીને નાગશ્રીની દુષ્ટતા, તથા ધર્મરૂચિ અણગારની સદ્ગતિનો વૃત્તાંત સાધુઓને કહ્યો, સાધુ–સાધ્વીઓએ સોમદેવાદિ પરિવારને મુનિ હત્યાના સમાચાર કહ્યા.

આખા નગરમાં સમાચાર ફેલાઈ ગયા અને હાહાકાર મચી ગયો, અરે પાપિણી! તેં આ પાપ કેમ કર્યું? ચંડાલની માફક તું અસ્પૃશ્ય છે? તારૂં નામ લેવામાં પણ મહા પાપ છે. આ પ્રમાણે કહેતા સોમદેવાદિ પરિવારે નાગશ્રીને ઘરમાંથી કાઢી મૂકી.

નિરાશ્રિત બનેલી નાગશ્રી રંકની જેમ અત્યંત દુઃખીત બની, જ્યાં ત્યાં રખડવા લાગી, મહા પાપ રૂપ ઝાડના સાક્ષાત્ ફલરૂપ શ્વાસ, કુષ્ઠાદિ સોલ રોગથી નરકનું દુઃખ ભોગવવા લાગી, કુંભીપાકાદિ નરકની વેદનાથી પણ અત્યંત તીવ્ર વેદનાને સહન કરતી મરીને છઠ્ઠી નરકે ગઈ.

ત્યાંથી નીકળીને માછીમારપણે ઉત્પન્ન થઈ, ફરીથી સાતમી નારકીમાં ગઈ, આ પ્રમાણે સાતે નારકીમાં બે બે વખત ઉત્પન્ન થઈને સ્થાવર અને ત્રસગતિમાં ઉત્પન્ન થઈને મધ્યમ ગુણોથી મનુષ્યનું આયુષ્ય બાંધ્યું. આ ચંપાનગરીમાં સાગરદત્ત શેઠની સુભદ્રા નામની પત્નીની કુક્ષિએ સુકુમાલિકા નામે પૂત્રી રૂપે ઉત્પન્ન થઈ, તે જ

નગરમાં જિનદત્ત નામના સાર્થપતિની સુભદ્રા નામની પત્નીની કુક્ષિએ ગુણસાગર નામે પૂત્ર થયો હતો.

એક દિવસે જિનદત્તે મહેલની ઉપર કન્દુક ક્રીડા કરતી મૃગાક્ષી સુકુમાલિકાને જોઈ, આ અમારા પૂત્રને માટે યોગ્ય જ છે. આ પ્રમાણે આપ્તજનોની સાથે વિચાર કરી સાગરદત્તની પાસે સુકુમાલિકાની માગણી કરી.

તે વારે શેઠે કહ્યું કે મને મારા પ્રાણ કરતાં તે અધિક પ્રિય છે. મને બીજું કોઈ સંતાન નહિ હોવાથી તેણીના વિના એક ક્ષણ પણ જીવી શકાય નહીં. આપનો પૂત્ર ઘર જમાઈ રહેવા તૈયાર થાય તો મારી સંપત્તિ સહિત મારી પૂત્રી આપું. સાર્થપતિએ કહ્યું કે 'વિચાર કરીને કહીશ' તે પ્રમાણે કહીને તે સાર્થવાહ પોતાના ઘેર આવ્યો, અને પૂત્રને પુછયું. તેણે મૌનદ્વારા વાતને માન્યતા આપી, સાર્થવાહે પોતાના પુત્રની વાત માન્ય કરી, શ્રેષ્ઠિ પાસે આવી પોતાના પૂત્રને ઘરજમાઈ તરીકે રહેવાનો સ્વીકાર કર્યો, બન્ને શ્રીમંતોએ ધામધૂમ પૂર્વક સાગર અને સુકુમાલિકાના લગ્નનો મહોત્સવ ઉજવ્યો.

રાત્રિના બન્ને શૈયા ઉપર બેઠા હતા, ત્યારે પૂર્વકર્મના દુર્ભાગ્યના ઉદયથી સુકુમાલિકાના શરીરનો સ્પર્શ સાગરને માટે દાવાનલ, વડવાનલ, વિદ્યુત્ અને ઉલ્કાના દુઃખ કરતાં પણ અધિક દુઃખદાયક લાગ્યો, ગુણસાગર એક ક્ષણ રહીને તેણીને છોડી પોતાના ઘેર આવ્યો, સુકુમાલિકા જ્યારે જાગી ત્યારે પોતાના પતિને નહિ

જોવાથી અત્યંત દુઃખી થઈ, અને જેમ તેમ રાત્રી પસાર કરી, પ્રાતઃકાળમાં પતિ–પત્ની માટે દાતણ પાણી લઈને સુભદ્રાએ મોકલાવેલી દાસીએ એકલી સુકુમાલિકાને રડતી જોઈ, તેણીએ આવી સુભદ્રાને વાત કરી, સુભદ્રાએ શ્રેષ્ઠિને વાત કરી, શ્રેષ્ઠિએ જઈને સાર્થવાહને ઠપકો આપ્યો.

એકાંતમાં જિનદત્તે પૂત્રને પૂછ્યું કે આદરપૂર્વક ગ્રહણ કરેલી સુકુમાલિકાનો તેં ત્યાગ તેમ કર્યો, વત્સ ! તું શ્રેષ્ઠિને ત્યાં જા, કેમકે તેં તેણીનો મારી સામે અને મેં સજ્જનોની સામે સ્વીકાર કર્યો છે. ગુણસાગરે કહ્યું કે પિતાજી ! હું અગ્નિમાં આનંદથી પ્રવેશ કરી શકુ છું.

પરંતુ અગ્નિથી પણ અધિક ભયંકર સ્પર્શ શ્રેષ્ઠિ-પૂત્રીનો સહન નથી કરી શકતો, દીવાલની પાછળથી શ્રેષ્ઠિએ બધી વાત સાંભળી, જમાઈની આશા છોડીને ઘેર આવી પૂત્રીને કહ્યું કે હે પૂત્રી ! સાર્થેશ પૂત્ર તારાથી વિરક્ત છે. હું તારા માટે બીજો પતિ શોધી લાવીશ, તું દુઃખ લગાડીશ નહિ, શ્રેષ્ઠિએ પોતાના માણસો દ્વારા પૂત્રીને માટે યોગ્ય વરની તપાસ કરાવી, ભાગ્યવશાત્ એક દિવસ મહેલના ઉપર બેઠેલા શેઠે જીર્ણવસ્ત્ર ધારણ કરેલા, મોઢા ઉપર માખીઓ બણબણતી હતી, એવા એક ભિક્ષુકને જોયો, શેઠે તેને બોલાવી, સ્નાન કરાવી, ચંદનનો લેપ કરાવી, ભોજન કરાવી કહ્યું કે વત્સ ! હું તને મારી પુત્રી આપું છું. તું તેની સાથે દેવની જેમ અભિલાષિત ક્રીડા કર, તે સાંભળી આનંદિત બનેલો ભિક્ષુક રાત્રીએ

વાસગૃહમાં રેશમી ચાદરવાળા, ચંપાના પુષ્પોથી મહેંકી રહેલા પલંગ ઉપર જઈને બેઠો.

શ્રેષ્ઠિ પૂત્રી સુકુમાલિકાએ જેવો પોતાનો હાથ અડકાડયો ત્યાં જ ભિખારીનું અંગ બળવા લાગ્યું. મનમાં વિચાર કરવા લાગ્યો કે નામથી સુકુમાલિકા છે પણ સ્પર્શથી અંગને આગ લગાડનારી છે. માટે આને ધિક્કાર છે. થોડા સમય માટે પણ આનો સ્પર્શ કરીશ તો અગ્નિમાં ઘીની જેમ વિલીન થઈ જઈશ, આ પ્રમાણે વિચારીને ભિખારી ત્યાંથી ભાગ્યો. કે જેને પહેરગીર પણ પકડી શકયો નહી. વિલાપ કરતી પૂત્રીને પિતાએ પૂર્વ કર્મનો દોષ બતાવીને સાન્ત્વન આપ્યું, હીંમત આપી, દાન, ધ્યાન અને તપનું આરાધન કરી, ઘરમાં રહી કર્મોનો ક્ષય કરવાનું કહ્યું. એ પ્રમાણે સમય પસાર થવા લાગ્યો, એક વખત આર્યા ગોવાલિકા આહાર લેવા માટે આવી, તેણે ધર્મ શ્રવણ કરાવ્યો. વૈરાગ્ય વાસિત સુકુમાલિકાએ તેની પાસે દીક્ષા ગ્રહણ કરી. છઠ્ઠ, અઠ્ઠમાદિ તપની આરાધના કરતી વિચારવા લાગી કે સૂર્ય સામે દ્રષ્ટિ કરીને એક દિવસ ગુરૂણીને પૂછ્યું કે હું આ ઉદ્યાનમાં આતાપના કરીશ.

તેણીને નિષેધ કરવા છતાં એકલી સુકુમાલિકાએ ઉદ્યાનભૂમિમાં આતાપના શરૂ કરી, ત્યાં અનેક પુરૂષોથી સેવાતી દેવદત્તા નામની વેશ્યાને આવેલી જોઈ સુકુમાલિકા સાધ્વીએ નિયાણું કર્યું કે 'તપના પ્રભાવથી દેવદત્તાની જેમ મને પણ પાંચપતિની પ્રાપ્તિ થાવ' અંગ, વસ્ત્ર,

શૌચાદિ, સ્નાનનો નિષેધ હોવા છતાં પણ સમુદાયથી એકલી પડીને ઉપાશ્રયમાં એકલી સ્વચ્છન્દપણે રહેવા લાગી, મરીને નવપલ્યોપમ આયુષ્યવાળી સૌધર્મ દેવલોકમાં દેવી તરીકે ઉત્પન્ન થઈ.

ત્યાંથી ચ્યવીને દ્રુપદ રાજાની પૂત્રી દ્રૌપદી તરીકે ઉત્પન્ન થઈ. પૂર્વે કરેલા નિયાણાનાં યોગે તેણે પાંચ પતિની સાથે લગ્ન કર્યા છે. તેમાં આશ્ચર્ય કાંઈ જ નથી, જેવું કર્મ બાંધવામાં આવેલું હોય, તેવું ફલ ભોગવવામાં આવે. સૌથી મોટા (યુધિષ્ઠિર)માં પતિ શ્વસુરભાવ અને નાના (સહદેવ) માં પતિ દિયરભાવ અને મધ્યમ ત્રણ (ભીમ, અર્જુન અને નકુળ) માં પતિ દિયર અને શ્વસુર ભાવનું નિરૂપણ કરતી, મન, વચન અને કાયાની શુદ્ધિવાળી સતી ચુડામણી બનશે, ચારણ મુનિ કહીને આકાશ માર્ગે ચાલ્યા ગયા.

તે વખતે સાધુ, સાધુ, શબ્દ થવા લાગ્યા, કૃષ્ણાદિ રાજાઓએ પણ 'સાધુ' શબ્દની પુનઃઘોષણા કરી, તે બધા રાજાઓ સહિત નગરમાં આવી ઉત્સાહ પૂર્વક પાંડવોએ દ્રૌપદી સાથે લગ્ન કર્યા, પાંડુરાજાએ દશાર્હો સહિત શ્રી કૃષ્ણ તથા બીજા રાજાઓને આમન્ત્રિત કરીને પોતાના નગરમાં તેઓનો સત્કાર કર્યો, બધા રાજાઓમાં પણ શ્રી કૃષ્ણ તથા બલરામનો અત્યુત્તમ સત્કાર કરી, સર્વે રાજાઓને વિદાયગિરિ આપી, અનુક્રમે યુધિષ્ઠિરને રાજ્યગાદી ઉપર બેસાડી ઘણા સમય બાદ પાંડુ રાજા અવસાન પામ્યા.

પોતાના બન્ને પૂત્રો નકુલ અને સહદેવ 'કુંતી' ને સુપ્રત કરી, માદ્રી પણ મૃત્યુ પામી, યુધિષ્ઠિર રાજાએ નીતિપૂર્વક રાજ્ય કરવા માંડ્યું. ભીમાદિ ચારે ભાઈઓએ તેમની આજ્ઞાનું પાલન કર્યું. રાજ્ય લોભી ધૃતરાષ્ટ્ર પૂત્ર દૂર્યોધનાદિ કૌરવોએ પાંડવોનું અપમાન કરવાની શરૂઆત કરી, અંતરમાં દુષ્ટ ભાવનાને ધારણ કરતાં કૌરવો બહારથી સરળતાનો દેખાવ કરતા હતા.

મન્ત્રિઓને પોતાના પક્ષમાં લઈને પાંડવોને જુગારમાં પ્રવૃત કર્યા, જુગારથી નલરાજાની વિષમ સ્થિતિને જાણવા છતાં પણ દુષ્કર્મના પ્રભાવથી જુગારમાં પ્રવૃત પાંડવોને હરાવ્યા. પાંડવોએ સપ્તાંગ રાજ્યને દાવમાં મૂક્યું. તેમાં પણ પાંડવો હાર્યા, અંતે દ્રૌપદીને પણ દાવમાં મૂકી, દ્રૌપદીને પણ હારી ગયા, ભાગ્યની ગતિ વિચિત્ર છે.

સભામાં સર્વે રાજાઓની સામે દૂર્યોધને શ્રીમતી દ્રૌપદીના માથાના વાળ પકડીને ખેંચી, એટલું જ નહીં પણ વસ્ત્રની ગાઠ છોડીને સભામાં નગ્ન કરવાની દુષ્ટ ભાવનાથી વસ્ત્ર ખેંચવાની દુર્યોધને શરૂઆત કરી, સત્યનિષ્ઠ રાજા યુધિષ્ઠિરે આ બધું જ સહન કર્યું. પણ દુર્યોધનની દુષ્ટ પ્રવૃત્તિ જે દ્રૌપદીને ભરસભામાં નગ્નાવસ્થા પ્રાપ્ત કરાવવાની હતી તે ભીમાદિ ચાર ભાઈનો સહન ન કરી શક્યા.

ઘણા રાજાઓએ શ્રીદ્રૌપદીને છોડી દેવા માટે દૂર્યોધનને સમજાવ્યો, પણ દૂર્યોધન સમજ્યો નહિ ત્યારે

એકાએક ભીમનું હૃદય ક્રોધથી બળવા લાગ્યું. આંખો લાલ બની ગઈ, ગદા લઈને દુર્યોધનને મારવા માટે દોડયો, ત્યારે ભીમથી ડરીને તે ભાગી ગયો, દુર્યોધને રાજ્યને પોતાના તાબામાં લીધું. દૂત દ્વારા પાંડવોને કહેવડાવ્યું કે 'જુગારમાં હારી ગયા છો માટે તમો અમારા રાજ્યમાંથી ચાલ્યા જાવ' દૂતની વાણી સાંભળીને ભીમાદિ પાંડવોએ દુર્યોધનને મારવાનો વિચાર કર્યો.

પરંતુ યુધિષ્ઠિરે અસત્યની આચરણા નહિ કરવા માટે પોતાના ભાઈઓને સમજાવ્યા, ધૃતરાષ્ટના પૂત્રોથી અપમાનિત થયેલા પાંડવો પોતાની માતા તથા પત્ની સહિત જંગલમાં ફરવા લાગ્યા, દશાર્હોની બ્હેન કુંતી અનેક પ્રકારે પોતાના પૂત્રોને સમજાવી દ્વારિકામાં લઈ આવી, દિવ્યાસ્ત્રોથી સુસજ્જ પાંડવોને પણ ભાગ્યના વશે મામાના ઘેર રહેવું પડયું. કુંતી સૌથો પ્રથમ સમુદ્રવિજયના મહેલમાં આવી.

તે વારે સમુદ્રવિજય રાજા પોતાના ભાઈઓ સાથે રાજસભામાં બેઠા હતા, સમુદ્ર રાજાએ તથા ભાઈઓએ કુન્તીને પુત્રો સહિત આદર સત્કાર પૂર્વક આસન ઉપર બેસાડયા, અંજલિબદ્ધ પ્રણામ કરીને સ્નેહથી ગળગળા બનીને કહ્યું કે આપના આશિર્વાદ મારા કાનને પવિત્ર કરે છે. આપ લોકોને ઘણા દિવસ બાદ જોવાથી મારા ચિત્તમાં હર્ષ ઉભરાય છે.

પરંતુ આપના શરીરની મલિનતા તથા ભાણેજનું

પાદપાગમન વિગેરે જોઈને મારા ચિત્તમાં દુ:ખ પણ થાય છે કુંતીએ પતિ મૃત્યુથી માંડીને પોતાના પૂત્રો સહિત દ્વારિકા આવવા સુધીનો વૃત્તાંત કહી બતાવ્યો, મારા પૂત્રો આવતા નહોતા છતાં તેઓને સમજાવી અહીંઆ લઈ આવી છુ; દશાર્હોએ કહ્યું કે રાક્ષસ જેવા દૂર્યોધનાદિથી બચીને અમારા ભાગ્યોદયથી આપ સર્વે અહીં આવી ગયા છો, આ બધા અમારા માટે પૂજ્ય છે તમો બધા આનંદથી અહીંઆ રહેજો.

કુન્તીએ પણ કહ્યું કે આપ સર્વેના સૌજન્ય તથા બળદેવ અને શ્રી કૃષ્ણના લોકોત્તર ચરિત્રને સાંભળી જોવાની ઈચ્છાથી આવી છું; ત્યારબાદ કુન્તી પાંચે પૂત્રો સહિત કૃષ્ણની સભામાં આવી, કૃષ્ણ અને બલરામે ઉઠીને આગળ આવી કુન્તીને નમસ્કાર કર્યા, બલરામ અને કૃષ્ણે પાંડ-વોની સાથે નાના મોટાનો વિવેક રાખી. પરસ્પર નમસ્કાર અને આલિંગન કરી યથોચિત આસન ઉપર બેઠા, શ્રીકૃષ્ણે કહ્યું કે આપ સર્વે આપના પોતાના ઘેર આવ્યા છો, કારણ કે યદુઓને માટે અને પાંડવો માટે સંપત્તિ સરખી અને એક જ છે. યુધિષ્ઠિરે પણ શ્રીકૃષ્ણના ગુણોનું સમયોચિત વર્ણન કર્યું; અને કહ્યું કે આપને પ્રાપ્ત કરી હમે લોકો વિશ્વમાં અધિક બલવાન છીએ.

શ્રી કૃષ્ણે દ્વારિકામાં પાંડવોને રહેવા માટે અલગ અલગ મહેલો આપ્યા, દશાર્હો અનુક્રમે પોતાની કન્યા લક્ષ્મીવતી, વેગવતી, સુભદ્રા, વિજયા અને રતિ પાંચે

પાંડવોને આપી, પાંડવો પોતાના રાજ્ય કાલ કરતાં પણ વિશેષ આનંદથી લક્ષ્મીનો ઉપભોગ કરતા રહેવા લાગ્યા.

યુવાવસ્થામાં અત્યંત મનોહર સકલ કલાવિંદ, પૂર્ણ ચન્દ્રના સમાન પ્રદ્યુમ્નને જોઈ તેની પાલકમાતા જેણી કાલ-સંવરની પત્ની હતી તે કનકમાલા ભોગની ઇચ્છા કરવા લાગી, તે મનમાં વિચાર કરવા લાગી કે આવું અદ્‌ભૂત રૂપસૌંદર્ય, દેવેદેવન્દ્ર કે મનુષ્ય અથવા વિદ્યાધરોમાં મલવું મુશ્કેલ છે. ભાગ્યથી આ રત્ન આપણા પાસે છે માટે તેનો ઉપભોગ કરવામાં જ જીવનની સફલતા છે.

એક દિવસ એકાન્તમાં પ્રદ્યુમ્નની સામે પોતાના મહાત્મ્યને બતાવતી તેને કહેવા લાગી કે વૈતાઢ્ય પર્વતની ઉત્તર શ્રેણીમાં અગ્નિ પુરાધીશ નિષધરાજની હું પુત્રી છું; મારા ભાઈનું નામ નૈષેધિ છે. પિતાજીએ મને ગૌરી તથા પ્રજ્ઞપ્તિ નામની બે મહાવિદ્યાઓ આપી કાલસંવરની સાથે મારા લગ્ન કર્યા છે. મારા બલ ઉપર કાલસંવર અન્ય રાજાઓને તૃણ સમાન તુચ્છ સમજતો સુખપૂર્વક પોતાના જીવનને વ્યતિત કરી રહ્યો છે. તે સ્વપ્નમાં પણ અન્ય સ્ત્રીને ઈચ્છતો નથી.

આ પ્રમાણે તેનો મારી ઉપર અગાધ પ્રેમ છે. છતાં પણ હું આપની પાસે ભોગની પ્રાર્થના કરૂં છું તેને ધિક્કારી આપ મારૂં અપમાન નહી કરો, પ્રદ્યુમ્ને તેણીની વાત સાંભળીને 'શાન્તં પાપં' આ પ્રમાણે કહીને મધુર શબ્દોથી કહ્યું કે આપનું કહેવું ઠીક નથી, કેમકે આપ

મારી માતા છો, હું આપનો પુત્ર છું; માટે અનુચિત કાર્યનું પરિણામ હંમેશા સુખદ નહિ પણ દુઃખદ આવે છે.

આ સાંભળી તેણીએ પૂર્વ વૃતાન્ત કહીને જણાવ્યું કે હું તારી માતા નથી, અને તું મારો પુત્ર પણ નથી, ફરીથી ઉપભોગની પ્રાર્થના કરવા લાગી. પ્રદ્યુમ્ને કહ્યું કે મને તારા પુત્રોનો તથા તારા સ્વામિનો ડર (બીક) લાગે છે. ત્યારે કનકમાલાએ ગૌરી તથા પ્રજ્ઞપ્તિ નામની બે વિદ્યાઓ આપીને કહ્યું કે હવે તું નિર્ભય બનીને મારી ઈચ્છા પૂર્ણ કર.

પ્રદ્યુમ્ન ફરીથી બહાનું કાઢીને કહેવા લાગ્યો કે પહેલાં તું મારી માતા હતી, પણ હવે તો તું મારી ગુરૂણી બની ગઈ છે. માટે હવે તો ખાસ કરીને કોઈપણ પાપ કર્મને માટે તારે મને કહેવું નહી જોઈએ, આ પ્રમાણે કહીને કૃષ્ણપૂત્ર તેણીને છોડી નગરની બહાર કલમ્બુકા નામની વાવના કિનારે વિષાદ પૂર્ણ બનીને સમય પસાર કરવા લાગ્યો, એટલામાં કનકમાલા પોતાના નખ વડે શરીરને ખણતી આંખોમાંથી પાણી પાડતી, મોટેથી રડતી, બૂમો પાડતી હતી, તેનો શોર બકોર સાંભળીને તેનો પૂત્ર દોડતો આવ્યો.

આ પ્રમાણે શરીર સ્થિતિનું માતાને કારણ પૂછયું. તેણીએ કહ્યું કે તારા પિતાએ જે દુરાત્મા પૂત્રનું પાલન કર્યું છે તે યૌવનોન્માદમાં આવી મારા ઉપર કામી બની ગયો છે. મેં તેને ના કહી એટલે તેણે મારા ઉપર હુમલો

કર્યો, તે સાંભળી ક્રોધમાં આવીને પ્રદ્યુમ્નને મારવા માટે દોડયા.

જેવી રીતે એક સર્પ અનેક દેડકાઓને મારે છે તેમ પ્રદ્યુમ્ને તેને મારી નાખ્યા, પૂત્રોનું મૃત્યુ સાંભળીને ક્રોધાન્વિત કાલસંવર પ્રદ્યુમ્નને મારવા આવ્યો, વિદ્યાબળથી પ્રદ્યુમ્ને તેને જીતી લીધો, અને આદિથી અંત સુધીનો કનકમાલાનો વૃત્તાંત કહી સંભળાવ્યો, મિથ્યાભિમાન છોડીને કાલસંવરે પ્રદ્યુમ્નની પૂજા કરી, એટલામાં નારદજી આવ્યા, પ્રદ્યુમ્ને તેમની પૂજા કરી સત્કાર કર્યો, તેને પોતાનો સમસ્ત વૃત્તાંત કહી સંભળાવ્યો, નારદજીએ પણ સીમન્ધર સ્વામિના વચનનો અને તેની માતા રૂકિમણીની કથાનો ઉલ્લેખ કર્યો.

શ્રીકૃષ્ણ અને સત્યભામા જેણી તારી અપર માતા છે તે બન્નેની સામે તારી માતા પ્રતિજ્ઞા કરી ચૂકેલી છે કે જેના પુત્રના લગ્ન પ્રથમ થશે, ' તે બીજીના વાળ કાપી નાખે ' હમણાં સત્યભામાના પુત્ર ભાનુકના લગ્ન થશે, અને સત્યભામા તારી માતાના વાળ કાપી લેશે, તારા જેવા પુત્રની હયાતિમાં માતાના વાળ કપાય તેના કરતાં મૃત્યુની વધારે પસંદગી કરશે, જે પોતાની માતાને સંકટથી પણ ન બચાવી શકે તેનાથી તો ચંચા પુરૂષનો (ઘાસનો) વધાર સારો છે.

તે સાંભળીને પ્રજ્ઞપ્તિ વિદ્યાના બળથી વિમાન ઉપર બેસીને નારદજી સાથે દ્વારકા તરફ તરફ પ્રદ્યુમ્ને પ્રયાણ કર્યું. વિમાનમાંથી દૂર દેખાતી દ્વારકા તરફ નિર્દેશ કરતા

નારદજીએ કહ્યું કે આ રત્ન અને સુવર્ણમય નગરી દેવે-ન્દ્રોથી તારા પિતાને માટે બનાવવામાં આવી છે. દેવો પણ તારા પિતાના બળથી ભયભીત બનીને રહે છે. જો તેમ ન હોય તો દેવતાઓ અમરાવતીથી પણ અદ્ભૂત આ નગરી બનાવીને ભેટના રૂપમાં આપેજ નહી.

નગર સમીપ આવીને વિમાનમાંથી ઉતરીને પ્રદ્યુમ્ને કહ્યું કે હે પૂજ્ય ! પિતાજીને મારો ચમત્કાર બતાવીને હું જ્યાં સુધી પાછો ફરૂં નહી, ત્યાં સુધી આપ અહીં રોકાજો, આ પ્રમાણે કહીને પ્રદ્યુમ્ન આગળ ચાલ્યો, ત્યાં સત્યભામાના પુત્ર ભાનુકના લગ્નની જાનને જતી જોઈ, ભાનુકની સાથે જે કન્યાનું લગ્ન થવાનું હતું. તે કન્યાનું હરણ કરી પ્રદ્યુમ્ને શ્રી નારદજી પાસે લાવી તે કન્યાને મૂકી, નારદજીએ તે કન્યાને આશ્વાસન આપતાં કહ્યું કે હે બાળા ! તું ડરીશ નહી. તને લઈ આવનાર કૃષ્ણપુત્ર પ્રદ્યુમ્ન છે. તેણે ભાનુકના વિવાહ માટે ઉદ્યાનમાં રાખેલા ફળો, પશુઓના માટે એકત્રિત કરવામાં આવેલું ઘાસ, વિગેરે વિદ્યાબલથી નષ્ટ માટે કરી નાખ્યું. વળી અગસ્ત્ય મુનિની જેમ સરોવર, કુવા, વાવ, તલાવ અને નદીઓના પાણીને સુકવી નાખ્યું. નગ-રમાં હાહાકાર મચી ગયો.

ત્યારબાદ અશ્વવિક્રય કરનાર સોદાગર બનીને નગરમાં ગયો, નગરમાં જઈને ઘોડા ફેરવવા લાગ્યો, ભાનુકે ઘોડાની માંગણી કરી, ત્યાં તેને કહ્યું કે તમે પોતે જ તેની પરીક્ષા કરીને ગ્રહણ કરો કે પાછળથી મારા ઉપર દોષારોપણ ન

રહે, તે સાંભળીને બીજા લોકોએ ઘોડા ઉપર બેસીને ઘોડાની ચાલની પરીક્ષા કરી, ભાનુક પોતે ઘોડા ઉપર બેસીને ઘોડાને દોડાવવા જાય છે ત્યાં માયાકલ્પિત ઘોડાએ ભાનુકને જમીન ઉપર પછાડયો, ભાનુકની સ્થિતિ જોઈને બધા લોકો હસવા લાગ્યા, લજ્જાળુ બનેલો ભાનુક અને લોકો હસતા હસતા શ્રીકૃષ્ણની સભામાં ગયા.

ફરીથી બ્રાહ્મણ વેશમાં પ્રદ્યુમ્ને દ્વારકાપુરીમાં પ્રવેશ કર્યો. વેદપાઠ ભણતો નગરમાં ભમતો હતો, તેણે સત્યભામાની દાસી કુબ્જિકાને જોઈ, તેને પોતાના વિદ્યાબળથી સુંદર બનાવી દીધી, તેણીએ પૂછ્યું કે આપ ક્યાં જઈ રહ્યા છો? પ્રદ્યુમ્ને કહ્યું કે ‘ જ્યાં ભોજન મલશે ત્યાં જઈશ ’ ત્યારે દાસીએ કહ્યું કે આપ સત્યભામાના ત્યાં ચાલો, ત્યાં આપને ઈચ્છા મુજબ મોદકનું ભોજન આપીશ, દાસીના આમંત્રણનો સ્વીકાર કર્યો.

દાસી તેને લઈને તોરણદ્વાર પાસે ઉભો રાખી, તેણી સત્યભામાની પાસે ગઈ, સત્યભામાએ કહ્યું કે દાસી! તું કોણ છે? તેણીએ કહ્યું કે હું કુબ્જિકા છું; સત્યભામાએ કહ્યું કે તું કેવી રીતે સીધી થઈ ગઈ? તેણીએ તોરણ-દ્વાર ઉપર રહેલા બ્રાહ્મણનું નામ આપ્યું. સત્યભામાએ બ્રાહ્મણની દિવ્ય શક્તિથી પ્રભાવિત બનીને બ્રાહ્મણને બોલાવ્યો, આશિર્વાદ આપી માયાવી બ્રાહ્મણ આસન ઉપર બેઠો, સત્યભામાએ કહ્યું કે આપનો પ્રભાવ અવર્ણનીય છે. માટે આપ મને રૂક્મિણીથી અધિક સ્વરૂપવાન સુંદરી બનાવી દો.

બ્રાહ્મણે કહ્યું કે આપના જેવી સ્વરૂપવંતી સ્ત્રી મેં ક્યાંય જોઈ નથી, માટે આપ સૌન્દર્યની યાચના ન કરો, સત્યભામાએ કહ્યું કે આપના વિનયપૂર્વકના વચનોનો હું આદર કરૂં છું. પણ આપની વિદ્યાદ્વારા મને અદ્‌ભૂત રૂપવંતી બનાવવા કૃપા કરો, ત્યારે બ્રાહ્મણે કહ્યું કે પ્રથમ આપને કદરૂપા બનવું પડશે, તેણીએ બ્રાહ્મણની વાતનો સ્વીકાર કર્યો, અને કહ્યું કે પ્રથમ હું શું કરૂં ? તે વારે બ્રાહ્મણે કહ્યું કે માથાના વાળ કપાવીને આખા શરીરે કાળી મેશ લગાડવી અને શીવેલા જીર્ણ વસ્ત્રોને પહેરવાથી જ આપ અનુપમ સૌદર્યવંત બની શકશો. સત્યભામાએ બ્રાહ્મણના કહેવા મુજબ બધું જ કર્યું.

ત્યારબાદ બ્રાહ્મણે કહ્યું કે ભદ્રે ! હું ઘણો જ ભૂખ્યો છું. માટે મને મારી વિદ્યા સ્ફુરતી નથી, સત્યભામાએ આવેશમાં આવીને રસોયાઓને કહ્યું કે આ બ્રહ્મદેવને તાકીદે શ્રેષ્ઠ ભોજન કરાવો, તે વારે બ્રાહ્મણે કહ્યું કે જ્યાં સુધી હું ભોજન કરીને પાછો આવું નહિ ત્યાં સુધી આપશ્રી કુલદેવતાની સામે 'રૂડુવડુ' 'રૂડુવડુ' આ પ્રમાણે મન્ત્રનો જાપ કરો, તેણીએ તે પ્રમાણે કરવા માંડયું. બ્રાહ્મણે ભોજન કરતા પોતાની વિદ્યાશક્તિથી તમામ રસોઈ ખલાસ કરી, સત્યભામાથી ગભરાતી રસોયણ બાઈઓએ પાણી લાવીને આપ્યું. ભોજનથી નિવૃત્ત થવાનો સંકેત કર્યો, ત્યારે બ્રાહ્મણે કહ્યું કે હું હજુ પણ ભૂખ્યો જ છું; માટે જ્યાં મારા ઉદરની તૃપ્તિ થશે ત્યાં જઈશ.

આ પ્રમાણે કહીને માયાવી બ્રાહ્મણ ચાલ્યો ગયો, બ્રાહ્મણત્વ છોડીને તે બાલસાધુનું રૂપ ધારણ કરી, રૂકિમણીના ઘેર ગયો, રૂકિમણીએ દૂરથી સાધુને જોઈ આનંદિત બની, મુનિરાજ મહેલમાં પધાર્યા, રૂકિમણી આસન લેવા માટે ગઈ ત્યાં તો બાલમુનિ શ્રીકૃષ્ણના સિંહાસન ઉપર બેઠા. સિંહાસન ઉપર બાલ સાધુને બેઠેલા જોઈ રૂકિમણી આશ્ચર્યચકિત બનીને બોલી, હે બાલપંડિત ! કૃષ્ણ અને કૃષ્ણપુત્ર સિવાય આ આસન ઉપર કોઈ બેસી શકતું નથી. બાલસાધુએ કહ્યું કે મારા પ્રભાવને તમો જાણતા નથી, રૂકિમણીએ કહ્યું કે આપ અહીં શા માટે પધાર્યા છો ?

હે શ્રાવિકા ? મેં જન્મીને આજ સુધી એટલે સોલ વર્ષ સુધીના ઉપવાસ કર્યા છે. તપમાં મને એટલી બધી રૂચિ હતી કે મેં હજુ સુધી માતાનું સ્તનપાન પણ કર્યું નથી. અહીં પારણા નિમિત્તે આવ્યો છું; માટે યોગ્ય આહાર તું આપ, આ પ્રમાણે કહેવા છતાં પણ મોહથી કાંઇ જ ન જાણતી હોય તેમ રૂકિમણીએ કહ્યું કે સોલ વર્ષ સુધીના ઉપવાસ આજસુધી ક્યાંય સાંભળવામાં આવ્યા નથી, આગમમાં પણ એક વર્ષથી વધારે તપ ક્યાંય જોવામાં આવતો નથી.

માટે આપ જે કહી રહ્યા છો તે યથાર્થ લાગતું નથી, સાધુએ કહ્યું કે આવી વ્યર્થ વાતોને છોડી દઈ, કાંઈ પણ આપવું હોય તો આપ, નહિતર હું સત્યભામાને ઘેર જાઉં છું; રૂકિમણીએ કહ્યું કે ઉદ્વેગના કારણે મેં આજે

રસોઈ બનાવી નથી, ત્યારે સાધુએ ઉદ્વેગનું કારણ પૂછયું. તે વારે તેણીએ પુત્રવિયોગથી દુઃખી બનીને અત્યાર સુધી પુત્રને મેળવવાની આશાથી કુલદેવતાની આરાધનામાં હતી, આશા પૂર્ણ નહી થવાથી મસ્તકનું બલિદાન આપવાની ઇચ્છાથી શસ્ત્રને ગરદન ઉપર મૂકયું.

ત્યાં દેવીએ કહ્યું કે હે વત્સે! આ પ્રમાણે સાહસ કરીશ નહી. તારા આંગણામાં જ્યારે રસાળવૃક્ષ અકાલે ફળશે, ત્યારે તારો પુત્ર તને મળશે, પરંતુ રસાળ વૃક્ષ પણ પુષ્પિત થયું.

પરંતુ મારા હિનભાગ્યોદયે પુત્ર રૂપી પુષ્પની પ્રાપ્તિ ન થઈ, ભોજનને દુર્જન, વસ્ત્રને વિષ, ભૂષણને દૂષણ માનીને બેઠી છું; હે બાળપંડિત! આપ બતાવો કે મારા પુત્રનો મેળાપ કયારે થશે! આપ તો સર્વજ્ઞ પુત્ર છો, સાધુએ કહ્યું કે ખાલી હાથે હોરાનું ફલ પૂછવું નિષ્ફલ છે. ત્યારે રૂકિમણીએ પૂછયું કે આપ જ કહો કે આપને શું આપું? નિષ્ફલ વાતો કરવી તે ખોટું છે. પારણાના માટે મને સરસ પ્રવાહી પાન કરવા માટે આપો કે જેનાથી સ્વસ્થ બનીને પુત્રાગમનનું મુહૂર્ત બતાવી શકું.

રૂકિમણી ઘરમાં પીવા યોગ્ય વસ્તુને શોધવા લાગી, પીવા યોગ્ય કોઈ વસ્તુ ન જોવામાં આવતાં ચિન્તાતુર બની ત્યારે સાધુએ કહ્યું કે હવે ભૂખની પીડાથી હું અહીં રોકાઈ શકું તેમ નથી, પીવાયોગ્ય વસ્તુ ન હોય તો મને મોદક આપો, કે જેનાથી પારણું કરૂં, અને ક્ષુધાને મટાડી

શકું. રૂકિમણીએ કહ્યું કે મોદક તમને પચી નહિ શકે, માટે આપને નહી આપું.

કારણકે મને હત્યાનું પાપ લાગવાનો ભય લાગે છે. સાધુએ કહ્યું કે બળવાનને માટે બધું જ પથ્ય હોય છે. એ શું તમને ખબર નથી? બીજી વાત તો તે છે કે તપના પ્રભાવથી હું બધું જ પચાવી શકું છું; અર્થી દોષને જોતો નથી. એ નિયમાનુસાર રૂકિમણીએ બાલયોગીને એક પછી એક મોદક આપ્યા, બધા મોદક ખાઇ ગયા પછી રૂકિમ· ણીએ વિસ્મિત બનીને કહ્યું કે હે સાધો! આપ પણ કૃષ્ણની સમાન બલવાન છો.

આટલું બધું બનવા છતાં રૂકિમણી પોતાના પુત્રને ઓળખી ન શકી, દુર્ભાગ્ય કહો કે સ્ત્રીઓની બુદ્ધિની મંદતા કહો.

મન્ત્ર જાપમાં લીન બનેલી સત્યભામાને દાસ પુરૂષોએ આવીને કહ્યું કે ઉદ્યાનમાં ફળ નષ્ટ થઈ ગયા છે. ઘાસ નષ્ટ થયું છે. સર્વત્ર પાણી પણ સુકાઈ ગયું છે. ભાનુક ઘોડા ઉપરથી પડી ગયો છે.

સત્યભામા આશ્ચર્યચકિત બનીને બોલી કે બ્રાહ્મણ કયાં ગયો?

દાસીઓએ બ્રાહ્મણના કૃત્યો કહી સંભળાવ્યા, તેણી વાળના માટે ખૂબ જ દુઃખી થઈ, ક્રોધમાં આવેલી તેણીએ હાથમાં પેટી લઈને દાસીને કહ્યું કે હમણાં રૂકિમણી પાસે જઈને માથાના વાળની માગણી કર, અને લઈ આવ.

દાસીએ જઈને રૂકિમણી પાસે માથાના વાળની માગણી કરી, તે સાંભળીને સાધુએ ક્રોધિત બની તે દાસીઓના માથાના વાળથી પેટી ભરીને પાછી મોકલાવી આપી.

સત્યભામાના પૂછવાથી દાસીઓએ કહ્યું કે આપ મુંડિત થયા છો અને અમને પણ આપે મુંડન કરાવવા માટે જ મોકલ્યા, તેણે અમારા વાળનું મુંડન કરી વાળથી પેટી ભરી આપી છે, ત્યારે સત્યભામા ક્રોધમાં આવીને બોલી કે રૂકિમણીના વાળને લાવવા માટે હજામને મોકલાવી આપો, પરંતુ મહર્ષિએ વિદ્યા બળથી તે હજામને મુંડી નાખ્યો, માથુ મુંડાયેલ હજામને જોઈ ક્રોધિત બનેલી સત્યભામાએ શ્રીકૃષ્ણને કહ્યું કે આપશ્રી જામીન થયા હતા તો હવે રૂકિમણીના માથાના વાળ કાપીને લાવી આપો, અથવા અહીંઆ બોલાવીને તેનું મુંડન કરાવો.

શ્રીકૃષ્ણે કહ્યું કે તું પોતે જ માથું મુંડાવીને બેઠી છે, માટે તેંજ વાદવિવાદનો અને શરતનો ભંગ કર્યો છે. તે વારે સત્યભામાએ કહ્યું કે હે પ્રિયે ! અત્યારે મશ્કરીનો વખત નથી, શ્રીકૃષ્ણે બલરામને રૂકિમણીના ઘેર મોકલ્યા, બાલસાધુ પ્રદ્યુમ્ન સાધુરૂપ બદલીને કૃષ્ણના રૂપમાં બેઠા હતા, શ્રીકૃષ્ણને જોઈ બલરામ શરમાઈ ગયા, પાછા આવ્યા.

પાછા આવીને જુએ છે તો સત્યભામાના ત્યાં પણ કૃષ્ણને જોયા, તે વારે બલરામે ક્રોધમાં આવીને કહ્યું કે હે કૃષ્ણ ! હું તારો નોકર નથી, કે સેવક નથી, શા માટે તું મને નાહક ખોટા ધક્કા ખવરાવે છે ? મને તું મોકલે

છે. ત્યાં જાઉં તે પહેલાં જ તું તારી સ્ત્રીની પાસે આવી જાય છે. હું પાછો આવ્યો ત્યાં તો તું અહીંઆ મારી આગળ આવીને બેઠો છે. શ્રીકૃષ્ણે સૌગંદ ખાઈને કહ્યું કે હું આ સ્થાનમાંથી ઉઠ્યો પણ નથી, વળી બલરામના પગ પકડીને શ્રીકૃષ્ણે ફરીથી વિશ્વાસ પમાડયો, આપ લોકો બધા જ કપટી છો, આ પ્રમાણે કહીને સત્યભામા પોતાના ઘેર ચાલી ગઈ, શ્રીકૃષ્ણ પણ તેને શાંત કરવા અને વિશ્વાસ પમાડવા સત્યભામાના ઘેર આવ્યા.

નારદજીએ આવીને કહ્યું કે હે રૂકિમણી ! આજ તારો પુત્ર પ્રદ્યુમ્ન છે. પ્રદ્યુમ્ન પોતાનું મૂળ સ્વરૂપ પ્રગટ કરીને માતાના પગમાં નમ્યો. રૂકિમણી હર્ષિત બનીને માંગલિક ગીતો ગાવા લાગી.

પ્રદ્યુમ્ને માતાજીને કહ્યું કે હે માતાજી ! મારે મારા પિતાજીને કૌતુક બતાવવાનું છે. તે જ્યાં સુધી ન બતાવું ત્યાં સુધી તમારે મારા માટેની કોઈ પણ વાત કોઈ ને કરવી નહી, રૂકિમણીએ તે વાતનો સ્વીકાર કર્યો.

વિદ્યાશક્તિથી પ્રદ્યુમ્ને રૂકિમણીને રથમાં બેસાડી પ્રસ્થાન કર્યું. સિંહની કેશવાળીની જેમ શ્રી કૃષ્ણની પ્રાણપ્રિયાને તેમના જીવતાં જ હું લઈ જાઉં છું; જો શક્તિ હોય તો બચાવવા માટે આવે, આ પ્રમાણે બોલીને દ્વારિકાના લોકોને ગભરાવતો પ્રદ્યુમ્ન નગરની બહાર નીકળ્યો, શ્રી કૃષ્ણ સેના સહિત તેની પાછળ ગયા, વિદ્યાબલથી પ્રદ્યુમ્ને સેનાને

પરાજિત કરી, કૃષ્ણને પણ નિઃશસ્ત્ર બનાવ્યા, શ્રી કૃષ્ણ વિષાદ કરવા લાગ્યા, ત્યાં જમણી આંખ ફરકવા લાગી.

શ્રી કૃષ્ણ બલરામને કહેવા જાય છે. ત્યાં તો આકાશમાંથી નારદજી આવીને શ્રી કૃષ્ણની સામે ઊભા રહ્યા, વધાઈ આપીને કહ્યું કે આ તો તમારો પુત્ર પ્રદ્યુમ્ન છે. વિદ્યાઓના બળથી કૌતુક કરે છે. હે વિશ્વવિજેતા વીર ! આપના પુત્ર સિવાય બીજો કોણ આપની વલ્લભાનું હરણ કરી શકે? પુત્રથી પરાજયને પ્રાપ્ત કરવો તે વિશિષ્ટ પુણ્યનું ફલ છે. આમ સમજીને શ્રી કૃષ્ણ અત્યંત ખુશી થયા, રૂકિમણી સહિત પુત્રને લઈ દ્વારિકા આવ્યા.

પ્રદ્યુમ્નના આગમનનો મહોત્સવ મહેલોમાં ચાલતો હતો, તે વખતે દૂર્યોધને ઉઠી શ્રી કૃષ્ણને વિનંતિ કરી કે મારી પુત્રી અને આપની પુત્રવધુ જેનું કોઈએ અપહરણ કરેલું છે. તેની આપ શોધ કરો કે જેનાથી ભાનુકના લગ્ન થાય, શ્રી કૃષ્ણે કહ્યું કે હું સર્વજ્ઞ નથી, મારો તરતનો જન્મેલો પુત્ર કોઈ ઉપાડી ગયું ત્યારે પણ તેની શોધ ન કરી શકયો, તો પછી તમારી પુત્રીની શોધ તો કયાંથી કરી શકું. એટલામાં વિદ્યાના બળથી પ્રદ્યુમ્ને દૂર્યોધનની પુત્રી અથવા ભાનુકની પત્નીને લાવી શ્રી કૃષ્ણ પાસે મૂકી, ત્યારબાદ ભાનુકની સાથે તેણીના લગ્ન થયા, પ્રદ્યુમ્નની ઇચ્છા નહિ હોવા છતાં પણ શ્રી કૃષ્ણે ઘણી ખેચર કન્યાઓ સાથે પ્રદ્યુમ્નના લગ્ન કર્યા. રૂકિમણી અને શ્રી કૃષ્ણે પ્રદ્યુમ્ન સહિત નારદજીનો સત્કાર કરી, નારદજીને વિદાય કર્યા.

પ્રદ્યુમ્નની સ્ફૂર્તિ, કીર્તિ, અને શૂરવીરતાથી દુઃખી બનેલી સત્યભામા રિસાઈને જુદા ઘરમાં રહેવા ચાલી ગઈ, શ્રી કૃષ્ણે ખુબ જ પ્રયત્નોથી તેને મનાવી ત્યારે તેણીએ કહ્યું પ્રદ્યુમ્નના કરતાં પણ અત્યંત ગુણવાળો પુત્ર મને જોઈએ, શ્રી કૃષ્ણે અઠ્ઠમનો તપ કરી આરાધના કરી. નૈગમેષિદેવને કહ્યું કે પ્રદ્યુમ્નથી અત્યંત ગુણવાળો તેજસ્વી પુત્ર સત્યભામાને આપો, તે દેવે શ્રી કૃષ્ણને એક હાર આપ્યો અને કહ્યું.

આ હાર સહિત જેની સાથે આપ ક્રીડા કરશો તેને પ્રદ્યુમ્નથી અત્યંત તેજસ્વી, ગુણવંત પૂત્ર રત્નની પ્રાપ્તિ થશે, દેવ અંતર્ધ્યાન થઈ ગયો. શ્રી કૃષ્ણે પ્રસન્ન થઈને સત્યભામાને તે હાર આપ્યો, પ્રજ્ઞપ્તિ વિદ્યાથી હારનો મહિમા જાણી પ્રદ્યુમ્ને રૂકિમણીને કહ્યું કે તમને મારા જેવો બીજો પૂત્ર જોઈએ છે?

ત્યારે માતાએ કહ્યું કે મને તારા એકથી સંતોષ છે. જો તારી શકિતની વાત હોય તો જાંબવતિ મારી શોકય હોવા છતાં પણ મારી સાથે બ્હેનની જેમજ વર્તે છે. માટે તેને તારા જેવો પૂત્ર પ્રાપ્ત થાય તેમ મારી ઈચ્છા છે. શ્રી પ્રદ્યુમ્ને જામ્બુવતીને બોલાવી તેને વિદ્યાબલથી સત્યભામાની આકૃતિ બનાવી દીધી, રૂકિમણીએ તેણીને સંધ્યા સમયે સત્યભામાના ઘેર મોકલી, શ્રી કૃષ્ણે તેણીને હાર આપી, તેની સાથે ક્રીડા કરી.

તે જ વખતે શુક્રનામના દેવલોકમાંથી ચ્યવીને કૈદતી દેવનો જીવ જામ્બુવતિના ઉદરમાં ઉત્પન્ન થયો, જામ્બુવતીએ સ્વપ્નમાં સિંહ જોયો, જામ્બવતી ખુશી થતી પોતાના ઘેર ગઈ, ત્યારબાદ સત્યભામાને જોઈ શ્રીકૃષ્ણને ચિન્તા ઉત્પન્ન થઈ, કે સ્ત્રીઓને ભોગની તૃપ્તિ થતી જ નથી, જેનાથી તેણી ફરીથી આવી છે? કે કોઈએ તેનું રૂપ ધારણ કરીને મને છેતર્યો છે?

પરંતુ સત્યભામાને કાંઈ પણ કીધા સિવાય શ્રી કૃષ્ણે તેણીની સાથે ભોગ ક્રીડા ભોગવી, પ્રદ્યુમ્ને પિતાના ચિત્તમાં ક્ષોભ કરવાવાળી ભેરી વગાડી, સેવકો વડે પ્રદ્યુમ્નનું આ કામ છે. એમ જાણીને શ્રીકૃષ્ણે વિચાર્યું કે સપત્ની કરતાં સપત્નીી પૂત્ર વધારે દુઃખદાયી છે. શ્રી કૃષ્ણે બીજે દિવસે જામ્બુવતીને રૂકિમણીના ઘેર સાપેક્ષ ભાવથી જોઈ ત્યારે જામ્બુવતીએ કહ્યું કે હે પ્રિયે! હું તો તેની તેજ છું; તો પછી આપ મારા સામું વિશિષ્ઠ દ્રષ્ટિથી શું જુઓ છે?

શ્રી કૃષ્ણે કહ્યું કે આ 'હાર તને કોણે આપ્યો છે' જામ્બુવતીએ કહ્યું કે સ્વામિનાથ! આપે જ મને આપેલ છે. આપ કેમ ભૂલી જાવ છો? તેણીએ સિંહના સ્વપ્નની વાત કરી, શ્રી કૃષ્ણે કહ્યું કે તને પ્રદ્યુમ્નના જેવો સર્વ કલા નિધિ, પૂત્ર થશે, પૂર્ણ સમયે જામ્બુવતીએ પૂત્રને જન્મ આપ્યો, શ્રી કૃષ્ણે તેનું નામ શામ્બકુમાર રાખ્યું.

શામ્બના જન્મની સાથે જ સારથિના ત્યાં જયસેન

તથા સુબુદ્ધિ નામના પૂત્રોની ઉત્પત્તિ થઈ, સત્યભામાના પૂત્રનું નામ 'ભીરૂ' રાખ્યું. શ્રીકૃષ્ણને અન્ય પત્નીઓથી અતુલ પરાક્રમી પૂત્રોની પ્રાપ્તિ થઈ, મંત્રી અને સારથિના પૂત્રોની સાથે રમત રમતો શામ્બ મોટો થવા લાગ્યો, સકલ કલાઓમાં પારંગત શામ્બ પૂર્વ જન્મના સંબંધથી પ્રદ્યુમ્નનો અતિપ્રિય મિત્ર બન્યો.

રૂકિમણીએ પોતાના મોટાભાઈ રૂકિમની પૂત્રી માટે માંગણી કરવા દૂતને મોકલાવ્યો, ત્યાં જઈને 'રૂકિમ' રાજાને કહ્યું કે પ્રથમ વિધાતાએ કૃષ્ણ અને રૂકિમણીનો ઉચિત સંબંધ કર્યો હતો, હવે આપશ્રી પ્રદ્યુમ્નની સાથે વૈદભીંનો યોગ્ય સંબંધ કરો, પૂર્વ વેરને યાદ કરતા રૂકિમએ કહ્યું કે મારી કન્યા હું ચાંડાલને આપીશ, પરંતુ શ્રીકૃષ્ણના કુલમાં મારી કન્યા આપીશ નહી. રૂકિમની પાસેથી નીકળીને રૂકિમણી પાસે આવી દૂતે બનેલી હકીકત કહી સંભળાવી, રૂકિમણી ખિન્ન થઈ, માતાને દુઃખી બનેલી જોઈ પ્રદ્યુમ્ને પૂછયું કે હે માતા ! ખેદ શા માટે કરો છો. ખેદનું કારણ શું છે ?

તેવારે પુત્રને રૂકિમણીએ બધી વાત કહી બતાવી, પ્રદ્યુમ્ને કહ્યું કે હે માતા ! આપનો ભાઈ શાન્તિથી કાર્યને પતાવે તેમ નથી, હું તેની પુત્રીની સાથે લગ્ન કરીને પછી જોઈ લઈશ, આપ શાંતિથી અહીં રહેજો, આ પ્રમાણે કહીને પ્રદ્યુમ્ન શામ્બની સાથે ઉડીને ભોજકટ નગરમાં ગયો,

ચાંડાલનું રૂપ ધારણ કરી, કિન્નરોના સ્વરથી મધુર સ્વરે ગીતો ગાતો હતો, તેણે નગરના લોકોનું ચિત્ત હરણ કર્યું. નગરજનોએ આવી રાજાને વાત કરી, રાજાએ તે બન્નેને મહેલમાં બોલાવ્યા, વળી વૈદર્ભીને પોતાની ગોદમાં બેસાડી ગીતો સંભળાવ્યાં, રૂકિમએ સંતુષ્ટ થઈને ખુબ જ ઈનામ આપ્યું અને પૂછયું કે તમે બન્ને જણા કયાંથી આવો છો ?

તેઓએ કહ્યું કે હમે સ્વર્ગથી દ્વારિકામાં આવ્યા હતા, તે નગરી ઈન્દ્રના આદેશથી દેવતાઓએ બનાવેલી છે. ખુશ થઈને વૈદર્ભીએ પૂછયું કે તમે લોકોએ રૂકિમણીના અને કૃષ્ણના પુત્ર પ્રદ્યુમ્નને જોયો છે ? ત્યારે શાંબે કહ્યું કે રૂપ સંપત્તિથી પ્રદ્યુમ્ન વિશ્વૈકવીર, સકલ કલાપાત્ર, પ્રદ્યુમ્નને કોણ ન ઓળખે ? સાંભળીને વૈદર્ભી પ્રદ્યુમ્ન પ્રત્યે અનુરાગવાળી બની ગઈ.

એક દિવસ એક હાથી તોફાને ચઢયો, તે શત્રુના સૈનિકની જેમ નગરના ઘરો, દુકાનોને તોડતો ગામમાં હાહાકાર વર્તાવવા લાગ્યો, શૂરવીર સામંતો પણ તેને શાંત પાડી શકયા નહી, દુઃખી બનેલા રૂકિમ રાજાએ પટહથી ઘોષણા કરાવી કે જે કોઈ આ હાથીને શાંત પાડી આલાન સ્થંભે બાંધશે તેને તેની ઈચ્છા મુજબ બધું જ આપીશ, તે બન્ને ચાંડાલો અમૃતસમાન મધુર ગીતોને ગાવા લાગ્યા, તેનાથી તેને શાંત પાડી વશ કર્યો. તેની ઉપર બેસીને નગરજનો સમક્ષ હસ્તિશાળામાં લાવી આલાન સ્થંભે બાંધ્યો, તે બન્નેને બોલાવી રાજાએ તે બન્નેને ઈચ્છા

મુજબ માગવાનું કહ્યું. તેઓએ વિદર્ભીની માંગણી કરી. રૂકિમએ ક્રોધમાં આવી તે બન્નેને નગરમાંથી કાઢી મૂકયા.

પ્રદ્યુમ્ન રાતના વ્યોમ માર્ગે વૈદર્ભીની પાસે આવ્યો, વિદ્યા દ્વારા તેના પરિવારને અવસ્વાપિની નિદ્રા આપી, વૈદર્ભીને ઉપાડી, રૂકિમણીના કલ્પિત પત્ર આપ્યો. તેણીએ તે પત્ર વાંચીને કહ્યું કે તને શું જોઈએ, ત્યારે પ્રદ્યુમ્ને કહ્યું કે 'મને તું જોઈએ છે' હું તેજ પ્રદ્યુમ્ન છું કે જેના માટે મારી માતાએ તારી માંગણી કરી હતી, તેણીએ તેનું વચન માની લીધું. વિદ્યાબલથી અગ્નિ પ્રગટ કરીને અગ્નિ સમક્ષ તેની સાથે પ્રદ્યુમ્ને લગ્ન કર્યા.

ત્યાં રાત્રિ રહીને પ્રાતઃકાલમાં શામ્બની પાસે પ્રદ્યુમ્ન આવ્યો, રાત્રી જાગરણ હોવાથી વૈદર્ભી સુતી હતી, ધાવમાતાએ જોયું અને માતાપિતાને વિવાહ ચિહ્નો બતાવ્યા, માતાપિતાના પૂછવાથી કરીને તેણીએ મૌન ધારણ કર્યું. ક્રોધમાં આવીને રૂકિમએ નગરની બહાર રહેલા ચાંડાલોને તે કન્યા આપી દીધી, વિદર્ભીને લઈ તે બન્ને જણા નગરની બહાર ચાલ્યા ગયા, ત્યારબાદ રૂકિમને ખુબ જ પશ્ચાત્તાપ થયો અને પોતાના ક્રોધની નિંદા કરી, હે પુત્રી! ક્રોધ મને ચંડાલ બનાવ્યો, અને મેં તને ચાંડાલને આપી. પવિત્ર એવી રૂકિમણીના પુત્રને ન આપતાં મેં તારા માટે અકાર્ય કર્યું છે.

રાજા પશ્ચાતાપ કરવા લાગ્યો, એટલામાં તુર્ય મંગલનો

અવાજ સાંભળ્યો, ' હું શોકાતુર છું અને આ મંગલ-ધ્વનિ શા માટે ' એ પ્રમાણે સેવકને પૂછવાથી તે લોકોએ કહ્યું કે નગરની બહાર દેવ વિમાનની જેમ મોટા મહેલમાં શચીની સમાન વૈદર્ભિની સાથે ઈન્દ્રની જેમ પ્રદ્યુમ્ન છે. હે રાજન્! આપ ખેદ ન કરશો, ખુશી થઈને રૂકિમ રાજાએ તેઓને મહેલમાં લાવી ખૂબ જ આદરસત્કાર કર્યો, રૂકિમ રાજાની આજ્ઞા લઈ તે લોકો વૈદર્ભિની સાથે દ્વારિકામાં આવ્યા, રૂકિમણીને પ્રણામ કરી આનન્દપૂર્વક રહેવા લાગ્યા.

હેમાંગદ રાજાની સુહિરણ્યા નામની પુત્રીની સાથે શાંબના લગ્ન થયા, શામ્બ સત્યભામાના પુત્ર ' ભીરૂ ' ને ખૂબ જ હેરાન કરતો હતો. સત્યભામાએ શ્રીકૃષ્ણની પાસે ફરીઆદ કરી, શ્રીકૃષ્ણે ક્રોધમાં આવીને શાંબને કાઢી મૂકયો, જે વખતે શાંબ જતો હતો તે વખતે પ્રદ્યુમ્ને શાબને પ્રજ્ઞપ્તિ વિદ્યા આપી.

પ્રદ્યુમ્ન પણ દરરોજ 'ભીરૂ ' ને મારતો હતો, એક દિવસ ક્રોધમાં આવીને સત્યભામાએ કહ્યું કે તું પણ શાંબની જેમજ કેમ ચાલ્યો જતો નથી ? પ્રદ્યુમ્ને કહ્યું કે કયાં જાઉં ? તેણીએ કહ્યું કે શ્મશાનમાં જા, પ્રદ્યુમ્ને કહ્યું કે કયારે આવું ? જ્યારે હું શાંબને મારા હાથથી પકડીને લાવું ત્યારે પ્રદ્યુમ્ન શ્મશાનમાં ચાલ્યો ગયો, ત્યાં તેને શાંબનો ભેટો થયો, તેઓએ નગરજનો પાસેથી અગ્નિદાહ માટે વધારે પૈસા લઈને મુડદા બાળવા દેવાની પરવાનગી આપવા માંડી.

સત્યભામા 'ભીરૂ'ને માટે નવાણું કન્યાઓને એકત્રિત

કરી એકની પસંદગી કરવા લાગી, પ્રદ્યુમ્ને વિદ્યાના બળથી સત્યભામાની વાત જાણી લીધી, તેણે સેનાની કલ્પના કરી, પોતે સ્વયં જિતશત્રુ રાજા બન્યો, શાંબે તેની પૂત્રીનું રૂપ ધારણ કર્યું. 'ભીરૂ'ની ધાવ માતાએ તે કન્યાને જોઈ સત્ય-ભામાને કહ્યું, સત્યભામાએ એક માણસને મોકલાવી તે કન્યાની માંગણી કરી, ત્યારે તેણે કહ્યું કે સત્યભામા પોતાના હાથે તે કન્યાનો નગર પ્રવેશ કરાવે તો હું તે કન્યા તેને આપવા તૈયાર છું.

વળી બીજી એક મારી શર્ત એ છે કે મારી કન્યા-નો હાથ ભીરૂના હાથ ઉપર રહેવો જોઈએ, તે પુરૂષે આવી સત્યભામાને વાત કરી, સત્યભામાએ તે વાતનો સ્વી-કાર કર્યો, તેણી જિતશત્રુ રાજાની પાસે આવી. શાંબે પ્રજ્ઞપ્તિ વિદ્યાને કહ્યું કે 'સત્યભામા અને તેના આત્મિય મને સ્ત્રીરૂપે જુએ' બાકીના બધા પુરૂષ રૂપે જુએ.

ત્યારબાદ કન્યાકૃતિ શાંબને સત્યભામાએ પોતાના હાથ વડે પકડી નગરમાં પ્રવેશ કરાવ્યો, નાગરિકોએ કહ્યું કે ઘણી વિચિત્ર વાત છે કે ભિરૂના લગ્નમાં સત્યભામા શાંબને મનાવી પોતાના હાથથી પકડી સ્વયં લઈ આવી, શાંબે પોતાનો હાથ ભિરૂના હાથની ઉપર મૂકી જમણા હાથે નવાણું કન્યાઓના હાથને પકડીને ખેંચ્યા, ભાગ્ય-વશાત્ તે કન્યાઓને શાંબને પોતાનો પતિ પ્રાપ્ત કર્યાનો અત્યંત સંતોષ થયો, ત્યાં આવેલા ભીરૂને શાંબકુમારે ભગાડી મૂક્યો, તેણે આવી પોતાની માતા સત્યભામાને વાત કરી, વિશ્વાસ નહી આવવાથી સત્યભામા પોતે જ ત્યાં આવી.

શાંબકુમારે હસીને સત્યભામાને પ્રણામ કર્યા, શાંબે કહ્યું કે માતાજી! તમે જ મને તમારા હાથથી લાવીને કન્યાઓની સાથે મારા લગ્ન કરાવ્યા છે, નગરજનો સાક્ષી છે, સત્યભામાએ લોકોને પૂછયું, બધાએ શાંબકુમારની વાતનો સ્વીકાર કર્યો.

સત્યભામા શાંબકુમારને ખરાબ શબ્દો કહીને ક્રોધથી પોતાના ઘેર ચાલી ગઈ. જાંબુવતીએ ઉત્સવ કર્યો, કટુભાષી શાંબકુમારે એક દિવસ વસુદેવને કહ્યું કે તાત! આપે પરદેશી બનીને ઘણી સ્ત્રીઓની સાથે લગ્ન કર્યા, જ્યારે હું તો ઘરમાં રહીને સૌ કન્યાઓની સાથે પરણ્યો, માટે આપમાં અને મારામાં ઘણો તફાવત છે, ત્યારે વસુદેવે ક્રોધાવેશમાં આવીને કહ્યું કે હે કૂપમંડુક! તું તારી સ્તુતિ કરે છે?

પિતથી નિરાશ્રિત બનીને શ્મશાનમાં રહેતો હતો, અને કપટથી સ્ત્રીના હાથનું આલંબન લઈને ફરીથી ઘેર આવ્યો છે. તારૂં તો કોઈ નામ લેવા પણ તૈયાર નથી. મારા કુલમાં તું કલંકિત પાકયો છે, મારા ભાઈઓથી અપમાનિત થઈને હું વીરની જેમ ઘેરથી નિકળી ગયો, અને પૃથ્વી ઉપર ખેચરની સમાન વિચરી હજારો સ્ત્રીઓની સાથે પરણ્યો.

પ્રસંગોપાત ભાઈઓનું મિલન થવાથી અને તેમના તરફથી સન્માનિત બનીને ઘેર આવ્યો છું; શાંબ પોતાનો અપરાધ સ્વીકારી અને પિતામહના પગ પકડીને સ્તુતિ કરવા લાગ્યો, વસુદેવે ખુશી થઈ તેને ક્ષમા આપી, શાંબકુમાર પોતાના મહેલમાં આવી, પોતાની સ્ત્રીઓ સાથે આનંદ પૂર્વક રહેવા લાગ્યો.

॥ અમમસ્વામિનો નવમો સર્ગ સંપૂર્ણ ॥

## સર્ગ દશમો.

યવનદ્વીપથી વહાણમાર્ગે વ્યાપારિઓ દ્વારિકા નગરીમાં આવી વહેપાર કરવા લાગ્યા, અને ઘણો નફો પ્રાપ્ત કરતા હતા. એકદા વિશેષ નફો મેળવવાની લાલસાથી તેઓ રાજગૃહ નગરમાં ગયા, અગ્રગણ્ય નાગરિકો તેને જીવયશાની પાસે લાવ્યા, જીવયશાએ લાખલાખ સોનામહોરોની કિંમતવાળી રત્ન કંબલોને અર્ધા અર્ધા લાખમાં માંગી ત્યારે તે વહેપારીઓ ચિડાઈને બોલ્યા કે હાય ! અમે લોકો દ્વારિકા નગરી છોડીને અહીંઆ 'ના' આવ્યા હોત તો વધારે સારૂં થાત, ત્યાં અમને એકએક કંબલની લાખ લાખ સોનામહોરો મલતી હતી.

પરંતુ અધિક ધનના લોભથી અહીંઆં આવ્યા, અને અમોને નુકશાન થયું. જીવયશાએ પૂછયું કે દ્વારિકા નગરી કયાં છે ? અને ત્યાં કોણ રાજા રાજ્ય કરે છે ? કમ્બલના વ્યાપારીઓએ કહ્યું કે રત્નાકરદેવે આપેલી જગ્યામાં દેવતાઓથી રચાયેલી દ્વારિકામાં દેવકી અને વસુદેવના પૂત્ર શ્રીકૃષ્ણ રાજા છે. શ્રીકૃષ્ણનું નામ સાંભળતાની સાથે જ જીવયશા રાક્ષસીની જેમ માથું કૂટવા લાગી, પોતાની સખીઓને પણ રડાવવા લાગી, પુત્રિ ! તું શા માટે રડે છે ?

આ પ્રમાણે જરાસંઘે જ્યારે પૂછયું ત્યારે જીવયશાએ કહ્યું કે હે પિતાજી ! કંસનો દુશ્મન હજુ પણ જીવતો

દ્વારિકામાં રાજ્ય કરે છે. હવે તો હું અગ્નિમાં પ્રવેશ કરીને મરી જઈશ, જરાસન્ધ અગ્નિનું નામ સાંભળી ક્રોધાગ્નિમાં બળવા લાગ્યો, પુત્રીને આશ્વાસન આપતા તેણે કહ્યું કે કંસના દુશ્મનની સ્ત્રીઓને અગ્નિમાં હું બાળીશ, 'તું શાંત થા' ચિંતા કરીશ નહી, ત્યારબાદ મંત્રીઓએ ના કહેવા છતાં પણ જરાસન્ધે મોટેથી (ભંભા) રણુશીંગુ વગડાવ્યું. અતુલ પરાક્રમી, અદ્ભૂત સાહસિક, સહદેવાદિ પૂત્રો યુદ્ધના માટે તૈયાર થઈ ગયા.

દુશ્મનના કાળસમાન શિશુપાલ, કૌરવનાયક દૂર્યોધન, તથા બીજા અનેક કૃષ્ણના વિરોધી રાજાઓ પોતાના સૈન્ય સહિત જરાસન્ધની પાસે રાજગૃહ નગરમાં આવ્યા, ગજેન્દ્ર જેવી રીતે વિન્ધ્યાચલને ઘેરી લે છે તેવી રીતે બધા રાજાઓ રાજગૃહમાં આવી જરાસંઘની ફરતા વિંટાઈ ગયા, જરાસંઘનો રત્નજડિત મુકૂટ અપશુકન કરતો હોય તેમ નીચે પડી ગયો, ગળામાંથી મૂક્તાહાર ટુટીને તેના મોતી જમીન ઉપર પડી ગયા.

કાળને પોકારતી છીંક આવી, પગ પણ સ્થિર રહેતા નહોતા, તેનું ડાબુ અંગ ફરકવા લાગ્યું. હાથીઓએ મળમૂત્ર કરીને અમંગલનું સૂચન કર્યું. પવન પણ પ્રતિકુલ થયો, નગરમાં, ઉપર આકાશમાં ગીધના ટોળા ફરવા લાગ્યા, આ પ્રમાણે અનેક પ્રકારના અમંગલને જાણવા છતાં, પણ જરાસંઘે અહંકારમાં પ્રયાણ કર્યું.

પોતાના પરાક્રમથી અહંકારી બનેલા જનસંઘે પશ્ચિમ

સમુદ્રની તરફ સૈન્ય સહિત પ્રયાણ કર્યું. તેના પ્રયાણ વખતે સૈન્યોના પગથી ઉડતી ધૂળ વડે પૃથ્વી તેમજ આકાશ તેજહીન બની ગયા હતા.

કલેશ અને મશ્કરી જેઓને અત્યંત પ્રિય છે તેવા નારદજીએ દ્વારિકામાં આવી જરાસન્ધના પ્રયાણનો વૃત્તાંત કહી સંભળાવ્યો, શત્રુરૂપ દાવાગ્નિને બુઝાવવા માટે વાદલ-રૂપ કૃષ્ણે પણ પ્રયાણ માટે નગરમાં રણશીંગા ફુંકાવ્યા, શક્રેંદ્રના હુકમથી હરિણગમેષીદેવ સુઘોષા ઘંટા વગાડે છે અને ઘંટાનો અવાજ સાંભળી તમામ દેવતાઓ ઈન્દ્રની પાસે એકત્રિત થાય છે, તેમ દ્વારિકામાં રણશિંગાનો અવાજ સાંભળીને યાદવો, તથા બીજા રાજાઓ શ્રી કૃષ્ણની પાસે આવી ગયા.

સમુદ્રવિજય પણ પોતાની સેના, બીજા રાજાઓ, પોતાના પૂત્રો સહિત શ્રી કૃષ્ણને આવીને મલ્યા, હાથી સમાન યુદ્ધખોર માનસવાળા આઠ પૂત્રો સહિત, શત્રુને ક્ષુબ્ધ કરનાર અક્ષોભ્ય પણ આવી ગયો, પવનની સમાન બળવાન પાંચ પૂત્રો સહિત તિમિત પણ આવ્યો, મહા-બલવાન છ પૂત્રો સહિત સાગર રાજા આવ્યો, યુદ્ધમાં વિજય પ્રાપ્ત કરવાવાળા સાત પૂત્રો સહિત અચલ રાજા પણ આવ્યો.

એ પ્રમાણે પોતપોતાના પૂત્રો સહિત ધરણ, પુરણ, અને અભિચન્દ્ર, પણ આવી પહોંચ્યા, સહસ્રાધિક પત્ની-ઓના પુત્રો સહિત, શક્તિથી દેવેન્દ્ર સમાન વસુદેવ પણ

આવી પહોંચ્યા, બલરામ અને શ્રી કૃષ્ણના પૂત્રો પણ આવ્યા, વિદ્યાબલ અને બાહુબલથી યુક્ત પ્રદ્યુમ્ન અને શાંબ બધામાં તેજસ્વી દેખાતા હતા, ધરાદિ પૂત્રો સહિત ઉગ્રસેન રાજા, પોતાની સેના સહિત, શાન્ત્વનનો પૂત્ર મહાસેનાદિ, પાંચ પાંડવો વિગેરે દ્વારિકામાં આવી પહોંચ્યા.

જરાસંઘના આશ્રિત રાજાઓ સિવાયના તમામ રાજાઓ, ખેચરો, વિદ્યાધરો, વિગેરે આવીને શ્રી કૃષ્ણના સૈન્યમાં ભળી ગયા, બ્રાહ્મણો દ્વારા ઉચ્ચારાતા વેદોના શ્લોકોથી કાનને અને હૃદયને પવિત્ર કરતા, વૃદ્ધાસ્રીઓના આશિર્વાદને ગ્રહણ કરતા, સુન્દર શુકનોથી અલંકૃત બનીને, મંગલ વાદ્યોના ધ્વનિને સાંભળતા, દારૂક સારથિથી અલંકૃત ગરૂડધ્વજ રથ ઉપર બેસીને ક્રોષ્ટુકીએ આપેલા મુહૂર્ત અનુસાર યદુવંશી રાજાઓ સહિત, પૂર્વોત્તર દિશા તરફ પ્રયાણ કર્યું.

અનેક રાજાઓ તથા તેઓના સૈન્યોથી ભૂમંડલને કંપાયમાન કરતા, દ્વારિકાથી પીસ્તાલીશ યોજન ભૂમિ ઉપર શીની પલ્લી નામના ગામમાં શ્રી કૃષ્ણે સૈન્ય સહિત પડાવ નાખ્યો, જરાસંઘની સેના ચાર યોજન દૂર હતી, તે વખતે થોડા વિદ્યાધરોએ આવીને શ્રીસમુદ્રવિજયને કહ્યું કે અમે આપના ભાઈ વસુદેવના ગુણોથી પ્રભાવિત થયેલા વિદ્યાધરો છીએ, માટે આપને હિતકર વાતો કરવા માટે અમો અહીં આવ્યા છીએ.

જો કે અમો જાણીએ છીએ કે જેઓના સૈન્યમાં

જગત રક્ષા સમર્થ શ્રી નેમિ, બલરામ, શ્રી કૃષ્ણ, પ્રદ્યુમ્ન તથા શાંબ વિગેરે બલવાન કુમારો છે. તેઓને યુદ્ધમાં બીજા કોઈની સહાયતાની જરૂર નથી, તો પણ ભક્તિ તથા સૌજન્યને બતાવવા માટે આપની સેવામાં હાજર થયા છીએ, વૈતાઢ્ય પર્વત ઉપર જરાસંઘના મિત્રો કોઈક વિદ્યાધરો છે. તેઓને સજા કરવી યોગ્ય છે.

માટે આપ પ્રદ્યુમ્ન શાંબ અને વસુદેવને સેનાપતિ તરીકે આપવાની કૃપા કરો, જેનાથી હમો શત્રુઓના મિત્ર જે ખેચરો છે. તેમને મારવા માટે સમર્થ બનીએ. શ્રી કૃષ્ણની આજ્ઞાથી શ્રીસમુદ્રવિજયે વિદ્યાધરોની વિનંતિનો સ્વીકાર કર્યો, શ્રી નેમિકુમારે શ્રી વસુદેવને અસ્રદની નામની ઔષધી આપી.

હંસક નામના મંત્રીએ મગાધાધીશ જરાસંઘને એકાંતમાં કહ્યું કે રાજાઓ ક્ષત્રિય તેજના બલ ઉપર ટકી શકે છે. વળી વિદ્વાનોએ ત્રણ શક્તિઓની મધ્યમાં 'મંત્ર શક્તિનો પ્રધાનપદે સ્વિકાર કર્યો છે. તે મન્ત્રશક્તિ મંત્રીઓને આધિન હોય છે. માટે મંત્રીઓ રાજાઓને પણ વધારે સન્માનિત હોવા જોઈએ. ઉત્સાહ અને પ્રભુશક્તિથી સંપન્ન રાજાઓને પણ મન્ત્રનો આશ્રય લેવો જોઈએ, મંત્રીઓનો આશ્રય નહિ લેનાર રાજા મંત્રજ્ઞ હોવો જોઈએ.

પરંતુ આપે તો 'કંસ'ની જેમ મન્ત્રનો એકદમ ત્યાગ કર્યો છે. શત્રુઓના પ્રતાપ રૂપ અગ્નિમાં આપ કાષ્ટની સમાન શા માટે બળવાની ઈચ્છા રાખો છો,

મનના ખરાબ આવેગને રોકી, આપ આપની અને શત્રુની શક્તિનો વિચાર પ્રથમથી જ કરી લો, તે વધારે સારૂં છે. શ્રી કૃષ્ણે તથા બલરામે એકલા હાથે 'કંસ'ને બકરાની જેમ મારી નાખેલ છે. શ્રી કૃષ્ણની પાછળ પડેલા આપના પૂત્ર 'કાલ' કાલસર્પની જેમ દોડતા હતા, દેવીથી સાંભળીને યમરાજના અતિથિ બન્યા, દેવતાએ શ્રી કૃષ્ણને માટે નવિન દ્વારિકાનું નિર્માણ કર્યું છે.

એટલે હે રાજન્! દેવતાઓ પણ કૃષ્ણના પક્ષમાં જ રહેવાના. પુણ્યાધિક દેવોથી મનાતા શ્રી કૃષ્ણની સાથે આપે યુદ્ધ ન કરવામાં જ આપની મહત્તા છે. જેઓની આજ્ઞાને ઈન્દ્રો સેવકની જેમ શિરોમાન્ય કરે છે. તે નેમિકુમારની સહાયતાથી શ્રીકૃષ્ણ પોતાના પક્ષમાં ભૂજંગ સમાન છે. વળી શ્રીકૃષ્ણના પિતા વાસુદેવના પરાક્રમનો પરિચય તો આપને રોહિણીના સ્વયંવર વખતે થઈ ચૂકેલો છે. જુગારમાં પણ આપને વાસુદેવનો પરિચય સારી રીતે થયેલ છે.

પ્રદ્યુમ્ન તથા શાંબ આદિ અનેક તેઓના પૂત્રો છે. તેઓની વીરતા સામે ત્રણ લોકની વીરશ્રેણીનો નાશ થયો છે. સમુદ્રવિજયાદિ નવદશાર્હો તથા ઉગ્રસેનાદિ રાજા પણ તેમની સહાયતામાં આવેલા છે. યુધિષ્ઠિરાદિ પાંચ પાંડવો આપણી સેનાને મારવા માટે શક્તિવંત છે. દેશકાલની ગતિને સારી રીતે જાણનારાવાળા જ્યોતિષ ક્રોષ્ટુકી પણ તેઓના સારા માર્ગદર્શક છે. તે જ ક્રોષ્ટુકીએ જ જીવયશાને બન્નેની કુલનાશક કહી હતી, જેના ફલ

સ્વરૂપે દશાર્હોએ તેનો સ્વીકાર કર્યો નહી. અને તે જ કન્યા શ્રી કંસના મૃત્યુની કારણ બની, હમણાં પણ કોઈ પ્રકારના કારણ વિના યુદ્ધના માટેનું પ્રયાણ કરાવવાવાળી આપની પૂત્રી જીવયશા રાજ્યલક્ષ્મી, પ્રાણ, વંશ, એ બધાનો નાશ કરાવશે.

આપ અપશુકન, જ્યોતિષિ તથા મંત્રિઓનું પણ માનતા નથી માટે મને તો લાગે છે કે નિશ્ચય પુત્રીના બહાને આપનું જ આ કૃત્ય છે. આપની પાસે કોઈ આત્મિય મંત્રી નથી, કે જે આપને આવા અકાર્યથી પાછા વાળી શકે, આપ જ કહો કે જમાઈને માટે આવું ભયાનક દારૂણ યુદ્ધ કરવા કોણ તૈયાર થાય ! આપનું ભાગ્ય આપના ઉપર કોપાયમાન થયેલ છે.

પૂત્રવધના નિમિત્તથી આપના ભાગ્યે આપને રોકેલા, પણ અત્યારે ફરીથી આપ શ્રી કૃષ્ણની સાથે યુદ્ધ કરવા માટે આવ્યા છો, સહાય અને સંપત્તિથી પણ તેઓથી ન્યુન છો, કેમકે રૂકિમણીના હરણ વખતે બલરામની સાથે યુદ્ધ કરતી વખતે આપે શિશુપાલ તથા રૂકિમના બળને જોઈ લીધું છે, દૂર્યોધન અને શકુની સર્પ સમાન છિદ્રાન્વેષિત છે, વળી પોતાના ભાઈઓ સાથે દ્રોહ કરનારા છે. તેઓની ઉપર વિશ્વાસ કેમ મૂકી શકાય ? ફક્ત અંગાધિપતિ કર્ણ, વીરપુરૂષ અને વિશ્વાસ કરવા યોગ્ય છે. પરંતુ કૃષ્ણકુમાર તેને પણ ખંડખંડ કરી નાખશે, દેશકાલ પણ આપને અનુકુલ નથી.

કેમકે ગરમીની ઋતુમાં આપ સૌરાષ્ટ્ર પધાર્યા છો, આપનાથી ગરમી સહન પણ નહી શકે, જ્યારે શ્રી કૃષ્ણને માટે ઋતુ ખુબ જ અનુકુળ છે. આપની ઉપર આવવાવાળા સંકટનું નિવારણ દેખાતું નથી, મને આપની કાર્ય સિદ્ધિ માટે શંકા છે. માટે આપ અહીંથી જ પાછા વળો, જેમાં આપણું હિત છે. અથવા પાછા વળવામાં આપને લજ્જા આવતી હોય તો આપ યુદ્ધ બંધ કરવા માટેનું પગલું ભરો, એટલે શ્રી કૃષ્ણ પણ પાછા ફરશે.

રાજન્ ! આ પ્રમાણે કરવામાં જ આપનું કલ્યાણ છે. તે સિવાય આપનું ભલું મને દેખાતું નથી. મારી વાત આપને 'ન' ગમતી હોય તો, હું તેને દુર્ભાગ્ય માનું છું; મંત્રની વાત સાંભળીને જરાસંઘે ક્રોધમાં આવી હંસક મંત્રીને કહ્યું કે હે નીચ ! તું જેવી રીતે બોલે છે તેનાથી તો મને એમ લાગે છે કે તું દુશ્મનની કપટ જાળનો ભોગ બન્યો છે. શબ્દાડંબરથી સિંહ કોઈ દિવસ વાંદરાની જેમ યુદ્ધમાંથી ભાગે ખરો કે ? તને અને તારી ખરાબ વાતોને ધિક્કાર છે. તારી નજર સામે તું જોઈશ કે હું કૃષ્ણને ઉચકીને કયાંય ફેંકી દઈશ.

જરાસંઘના આંતરભાવને જાણી બીજા મંત્રિ ડિમ્બકે કહ્યું કે રાજન્ ! હમણાં યુદ્ધની પ્રવૃત્તિ આપને કીર્તિ આપવાવાળી છે. જ્યારે યુદ્ધથી નિવૃત્તિ આપના અપૂર્વ યશને કલંકિત કરનારી છે. હે દેવ ! હંસકની વાતને માનશો તો ત્રણ ખંડ ભરતક્ષેત્રને જીતી મેળવેલી તમામ

કીર્તિને હારી જશો, યુદ્ધમાં હાર જીત તો ભાગ્યાધીન છે. પરંતુ યશ ભાગ્યાધીન હોતો નથી.

યશ તો 'યાવચ્ચંદ્ર દિવાકરૌ' રહેવાવાળી વસ્તુ છે. હે દેવ ! આપના ચક્રરત્નની સમાન શત્રુઓથી અભેદ્ય ચક્રવ્યુહની રચના કરીને શત્રુઓના બળને હમે નષ્ટ કરી નાખીશું. ડિમ્ભક મંત્રીની વાતથી જરાસંઘને ખૂબ જ આનંદ થયો, હંસક મંત્રી તથા બીજા સેનાપતિઓની સહાયતાથી ચક્રવ્યુહની રચના કરાવી, જેના મધ્યભાગમાં એક હજાર રાજાઓ, અને પ્રત્યેક આરા (ગાડાના પૈડાની વચ્ચેના આડા લાકડાઓને આરા કહેવામાં આવે છે) ઉપર સો હાથી, બે હજાર રથ, પાંચસો ઘોડા, સોલ હજારનું લશ્કર, પાંચ હજાર રાજાઓથી વિંટળાઈને જરાસંઘ વચ્ચે રહ્યો.

તેમની પાછળ ગાંધાર સિંધુ રાજાઓની સેના, દક્ષિણ ભાગમાં ધૃતરાષ્ટ્રના સૌ પૂત્રોની સેના, ડાબી બાજુ મધ્ય પ્રદેશના રાજાની સેના, આગળના ભાગમાં ગણનાયક સેના સહિતં હતા, ચક્રવ્યુહના બહારના ભાગમાં અનેક પ્રકારની વ્યુહ રચના કરી હતી, પોતપોતાના સ્થાને મોટી મોટી સેના સહિત રાજાઓ ઉભા હતા, હિરણ્ય નામે સેનાપતિની સ્થાપના કરી, ગુપ્તચરોદ્વારા ચક્રવ્યુહની વાત જાણીને યાદવોએ પણ એક રાત્રીમાં ચક્રવ્યુહને પરાજિત કરવા માટે ગરૂડ વ્યુહની રચના કરી, તે વ્યુહમાં આગળના ભાગમાં અર્ધ કોટી કુમારોને રાખવામાં આવ્યા.

મહાબલવાન કૃષ્ણ મૂર્ધન્યસ્થાન ઉપર બિરાજમાન

થયા, વસુદેવના અક્રૂરાદિ બાર પુત્રો લાખો રથોથી યુક્ત બની શ્રી કૃષ્ણની પાછળ રક્ષક રૂપે રહ્યા, તેઓની પાછળ ઉગ્રસેન રાજા હતા, ઉગ્રસેનની પાછળ રક્ષક તરીકે તેમના ચાર પુત્રો હતા, તેઓની પાછળ પણ ધર, સારણ, ચન્દ્ર, દૂર્ધર, અને સત્યક હતા, વ્યુહના દક્ષિણ ભાગમાં પોતાના પુત્રો સહિત બધા ભાઈઓ હતા, પચીસ લાખ રથ સહિત બીજા રાજાઓ શ્રી સમુદ્રવિજયની પાછળના ભાગમાં હતા.

વ્યુહના વામ ભાગમાં બલદેવના પુત્ર હતા, તેમની પાછળ પાંચ પાંડવો હતા, પાંચ પાંડવોની પાછળ ધૃતરાષ્ટ્રને મારવાની ઈચ્છાવાળા પચીસ લાખ રથો સહિત ઘણા રાજાઓ હતા, તેમની પાછળ સિંહલ, કમ્બોજ, કેરલ, દ્રાવિડ આદિ દેશના રાજાઓ સૈન્ય સહિત હતા, આ પ્રમાણે જેને જોતાની સાથે જ દુશ્મનો ભાગી જાય એવો ગરૂડવ્યુહ તૈયાર કર્યો.

બન્ધુસ્નેહથી શ્રી નેમિકુમારને પણ ઉત્સુક જોઈને ઈન્દ્રે દિવ્યાસ્ત્રોથી સુસજ્જ પોતાનો રથ માતાલિ સારથિ સહિત મોકલાવી આપ્યો.

શ્રી સમુદ્રવિજયે શ્રીકૃષ્ણના મોટાભાઈ અનાધૃષ્ટિને સેનાપતિ પદ આપી તેનું યોગ્ય સન્માન કર્યું. શ્રીકૃષ્ણની સેનામાં ચારે તરફ 'જયજય ધ્વનિ થવા લાગ્યો' બ્રહ્માંડને પણ ફાડી નાખે તેવા અવાજથી શત્રુઓની સેના ભયભીત બની. બન્ને સેનાઓના વીર સૈનિકો પ્રલયકાળના મેઘસમાન

શસ્ત્રોનો વરસાદ વરસાવવા લાગ્યા. ઘોડાઓનો હણહણાટ, હાથીઓનો કેકારવ, રથના અવાજોથી આકાશપર્યંતની જગ્યા શબ્દમય બની ગઈ, બન્ને પક્ષના સેનાપતિઓના પ્રયાસથી બન્નેના વ્યુહ મજબુત અને અણભેદ્યા રહ્યા.

જરાસન્ધના અવાજને સાંભળી તેમના સૈનિકો ચિત્તાની જેમ આગળ વધી, ગરૂડવ્યુહના રક્ષક રાજાઓને સાથે લઈને 'શ્રી નેમિકુમાર' અર્જુન અને અનાધૃષ્ટિને લઈ ત્રણે જણા સાથે આગળ આવ્યા, શ્રી નેમિકુમારે સિંહનાદ, અનાધૃષ્ટિએ બલાહક, અર્જુને પોતાનો દેવદત્ત શંખો ફુંક્યા, જેના અવાજોથી શત્રુ સૈન્યના હૃદયો ફફડવા લાગ્યા, ત્રણે જણા બાણોનો વરસાદ વરસાવતા હતા, સંધિ ઉપર રહેલા રાજાઓને શ્રી નેમિકુમારે કાગડાની જેમ ઉડાડ્યા, ક્ષણવારમાં ચક્રવ્યુહને ત્રણ ભાગમાં કરી નાખ્યો.

જરાસન્ધના ચક્રવ્યુહને તોડી ત્રણે જણા માર્ગ કરતાં કરતાં આગળ વધ્યા, તેમની પાછળ હજારો રાજાઓ આગળ વધવા લાગ્યા, સામા પક્ષમાંથી દૂર્યોધન, રૌધિરિ, અને રૂકિમ, એ ત્રણે વીરો ઉપર બાણવર્ષા કરવા લાગ્યા, શ્રીકૃષ્ણના પક્ષના નેમિકુમારાદિ ત્રણેની સાથે જરાસન્ધના પક્ષના દૂર્યોધનાદિએ મલ્લ યુદ્ધ કરવા માંડ્યું. તેઓને મલ્લયુદ્ધ કરતાં જોઈ બન્ને સેનાના સૈનિકો પરસ્પર મલ્લ યુદ્ધ કરવા લાગ્યા, વીરપુરૂષો વિજયલક્ષ્મીને વરવા માટે યુદ્ધ કરી રહ્યા હતા, જ્યારે આકાશમાં દેવાંગનાઓ કલ્પતરૂના પુષ્પોની માળાઓ લઈને વીર પુરૂષોને વરવા માટે

ઉભી હતી, મહા નેમિકુમારે પોતાના પ્રચંડ બાણોથી રૂકિમના રથનો નાશ કર્યો, તેને શસ્ત્રવિહોણો બનાવી દીધો.

તેનું રક્ષણ કરવા માટે શત્રુન્તપાદિ રાજા દોડતા આવ્યા, મહાનેમિકુમારના બાણો દ્વારા, તેમના ધનુષ્ય બાણોનો છેદ કરવામાં આવ્યો, જ્યારે શત્રુન્તપરાજાએ મહાનેમિકુમારની ઉપર 'જ્વાલામાલા' નામની જટિલ શક્તિનો પ્રયોગ કર્યો, ભગવાન નેમિકુમારે તેની શક્તિને ફક્ત વજ્રથી હણી શકાય તેમ જાણી માતાલિ સારથિદ્વારા મહાનેમિકુમારે બાણમાં વજ્રનો સન્નિવેશ (સમાવેશ) કરાવી, તેનાથી આઘાત પામેલી શક્તિ અશક્ત બનીને જમીન ઉપર પડી ગઈ.

ત્યારબાદ મહાનેમિકુમારે શત્રુન્તપના રથ તથા શસ્ત્રાસ્ત્રને નષ્ટ કરી નાખી તેને અત્યંત નિરાધાર બનાવ્યો.

રૂકિમથી ઉત્સાહિત બનેલા શત્રુન્તપાદિ સાત વીર પુરૂષોએ બીજા રથોનો આશ્રય લઈ ફરીથી મહાનેમિકુમારની સાથે યુદ્ધનો આરંભ કર્યો. મહાનેમિકુમારે રૂકિમના વીસ ધનુષને કાપ્યા, અગ્નાસ્ત્રથી તેની ગદાને પણ બાળી નાખી, બલિન્દ્રથી આપવામાં આવેલ એક લાખ શત્રુનું છેદન કરવાવાળા રૂકિમ રાજાના બાણને શ્રી નેમિકુમારે માહેન્દ્ર બાણથી તે બાણને ભાંગી નાખ્યું. વળી મહાનેમિકુમારના વજ્ર બાણથી આઠ કુલ પર્વતોની જેવા તે રાજાઓ, પક્ષ બલવિનાના થઈ ગયા, ભાગવા લાગ્યા,

વેણુદારીએ પોતાના બાણના પ્રહારથી રૂકિમને ઘાયલ

કર્યો. ધનંજયે વીર વ્યાઘ્ર દૂર્યોધનની ઉપર તથા અનાધૃષ્ટિએ રૌધિરીની ઉપર બાણોનો વરસાદ વરસાવ્યો. સમુદ્રવિજયાદિ નવ દશાર્હોએ વિપક્ષી નવ રાજાઓને માર્યા. જરાસન્ધના વીર રાજપુત્રો ભાગીને સેનાપતિ હિરણ્યનાભના શરણે ગયા, બલરામના પુત્રોની સહાયતાથી ભયંકર, ભીમ અને અર્જુનવડે ધૃતરાષ્ટ્રના પુત્રોનો પરાભવ કરાયો. અર્જુને ગુરૂથી આદેશ અપાયેલા કલ્યાણમૂર્તિ બાણોથી ધૃતરાષ્ટ્રના સૈન્યને આંધળું બનાવ્યું. એટલામાં ક્ષત્રિયોચિત નિયમનો ત્યાગ કરી કાશીનરેશાદિ રાજાઓએ અર્જુનની ઉપર આક્રમણ કર્યું.

યુધિષ્ઠિરની સામે શલ્ય, ભીમની સામે દુઃશાસન, નકુલની સામે ઉલૂક, સહદેવની સામે શકુનિ, દુર્મર્ષણાદિ છ રાજાઓ સત્યકિસહિત દ્રૌપદીના પાંચ પુત્રોની સાથે, તથા અન્ય રાજાઓએ બલદેવના પુત્રોની સાથે યુદ્ધ કર્યું. અર્જુનના બાણોથી દૂર્યોધનનો રથ તથા કવચ કપાઈ ગયા. જેનાથી વિહ્વલ બનીને દૂર્યોધન શકુનીના રથ ઉપર ચઢી ગયો.

અર્જુને અપૂર્વ પ્રકારની બાણવૃષ્ટિ ધારાબંધ ચલાવી. જેનાથી કાશીશ્વરાદિ દશ રાજાઓને વિહ્વલ બનાવી દીધા. શલ્યના બાણથી યુધિષ્ઠિરના રથધ્વજને કપાતો જોઇ, અર્જુને પોતાના બાણોથી શલ્યના બન્ને હાથ સમાન ધનુષ્ય અને બાણને કાપી નાખ્યા, શલ્યે બીજા બાણો લઇને યુધિષ્ઠિર ઉપર બાણ વર્ષા ચલાવી, અને તેમને બાણવર્ષામાં ઢાંકી દીધા, યુધિષ્ઠિરે પણ શક્તિથી 'શલ્ય'ને મારી નાખ્યો,

શલ્યના મરવાથી તેની પાછળ રહેલા રાજાઓ પણ ભાગી ગયા, ભીમે કપટભર્યા જુગારની યાદ અપાવી, દુઃશાસનને મારી તેની છાતી ફાડી નાખી, સહદેવે ક્રોધથી શકુની ઉપર પ્રાણઘાતક બાણ છોડયું. તે પહેલાં જ તે બાણને દૂર્યોધને કાપી નાખ્યું. ક્રોધમાં આવી સહદેવે દૂર્યોધન ઉપર બાણ વર્ષા ચાલુ કરી, ચતુર દૂર્યોધને તે બાણોને કાપી નાખ્યા, અને સહદેવ ઉપર નાગાસ્ત્ર બાણનો ઉપયોગ કર્યો.

પરંતુ વચમાં જ સવ્યસાચીએ ગરૂડાસ્ત્રનો પ્રયોગ કરી નાગાસ્ત્રનો નાશ કર્યો, એટલામાં સહુદેવનું બાણ શકુનીનું માથું લઈને સમડીની જેમ ચાલી ગયું.

સૂર્ય સમાન તેજસ્વી નકુલે, ઉલુકને જર્જરિત બનાવી દીધો, દ્રૌપદીના પાંચ પુત્રોએ દુર્મર્ષણ આદિ રાજાઓને યુદ્ધ ભૂમિમાંથી ભગાડયા, દૂર્યોધને પણ કાશીશ્વરાદિ સેનાનાયકોની સહાયતાથી અર્જુનને મારવા માટે આક્રમણ શરૂ કર્યું. બલરામના પુત્રો રૂપ કિરણોથી કલિત ચન્દ્રમા સમાન અર્જુને દૂર્યોધનની સેનાને મુકુલિત મૂખવાળી કમલિનીની જેમ બનાવી દીધી, પછી કપિધ્વજ અર્જુને કૌરવ સેનાના પ્રદીપ જયદ્રથને ધ્વસ્ત કર્યો, એટલામાં વનના અગ્નિની જેમ કર્ણ રાજા જ્વાલાજ્વાલ જટિલ બાણોથી અર્જુનને બાળવા માટે પ્રજવલિત થયો.

બે જુગારીની માફક બાણો વડે લાંબા સમય સુધી રમવા લાગ્યા, જેમની રમતને જોવા માટે આકાશને ઝરૂખો બનાવીને બેઠા, અર્જુને 'નારાચ' નામનું બાણ ચલાવી કર્ણનો

વધ કર્યો, જેનાથી કૌરવ સેના શ્યામ પડી ગઈ, કર્ણના મરવાથી કરીને દુર્યોધન પોતાને નિર્જીવ માનવા લાગ્યો, અર્જુને દુર્યોધનાદિના જીવતાં પણ પોતાના વિજયને નિશ્ચિત માન્યો, તો પણ કલ્પાન્ત કાળના જેવા ભીમને મારવા માટે દુર્યોધન દોડ્યો, જાણે કે શરમને મારવા માટે કર્મ દોડવા લાગ્યું.

હો! હો! હા! હા! સિંહોની જેમ મોટા નાદને કરતાં કેશરી સિંહોની જેમ તે બન્નેએ ભયંકર યુદ્ધ કર્યું. કૌતુકપ્રિય દેવતાઓ એકીટસે જોવા લાગ્યા, જુગારનું વેર વાળવા માટે ભીમ વારંવાર જુગારને યાદ કરવા લાગ્યો, અને દુર્યોધનના શરીરને પીસવા લાગ્યો, દુર્યોધનને મરેલો જાણી કૌરવ સેનાએ હિરણ્યનાભ સેનાપતિનો આશ્રય કર્યો. પાંડવો સહિત યાદવોએ અનાધૃષ્ટિનો આશ્રય લઈ યુદ્ધ ચાલુ રાખ્યું. યદુઓની નિંદા કરતા હિરણ્યનાભને આવતો જોઈ અભિચન્દ્રે કહ્યું કે વાણીના વિલાસથી તારી શૂરવીરતા શું બતાવે છે ? તારી શૂરવીરતાને યુદ્ધમાં બતાવ, હિરણ્યનાભે પણ ક્રોધમાં આવી અભિચન્દ્રના ઉપર ખગાવલી બાણ છોડ્યું.

શ્રી અર્જુને પોતાના સ્વર્ણપક્ષ ખડ્ગથી કાપી નાખ્યું. અર્જુનની ઉપર પ્રહાર કરવાની તૈયારી કરતો જોઈ ભીમે હિરણ્યનાભને રથ ઉપરથી પછાડ્યો, ફરીથી હિરણ્યનાભે બીજા રથનો આશ્રય લીધો, અનાધૃષ્ટિની સેનાનો સંહાર કરવાની ઈચ્છાથી બાણવૃષ્ટિ શરૂ કરી, રૌદ્રદ્રષ્ટિ અનાધષ્ટિએ

ભીમાદિની સહાયતાથી ક્રોધાન્ધ હિરણ્યનાભને બાણોનો ઉત્તર બાણથી આપ્યો, એટલામાં હાથી ઉપર બેઠેલા કામરૂપેશ્વરે મહા નેમિકુમાર ઉપર આક્રમણ કર્યું. અને કહ્યું કે 'હું રૂકિમ નથી પણ તારો કાળ છું.'

આ પ્રમાણે કહીને પોતાના હાથીને આગળ ચલાવ્યો ત્યાં મહા નેમિકુમારે ચકાવામાં નાખી પોતાના ઘોડાને ફેરવ્યો, બાણોથી તેના હાથીને નીચે પછાડયો, જાણે કે વજ્રથી પર્વત પડયો, કૃષ્ણપક્ષને ઉજ્જવલ કરવાવાળા સત્યકિએ ભુરિશ્રવાને મારી નાખ્યો, પછી બન્ને સેનાપતિઓ વીરરસ અને રૌદ્રરસથી ભયંકર યુદ્ધ કરવા લાગ્યા, બન્ને વીરોએ રથથી ઉતરીને ખડ્ગથી યુદ્ધ કર્યું. જેમાં અનાધૃષ્ટિના ખડ્ગે હિરણ્યનાથના યશઃનો નાશ કર્યો.

એટલામાં સૂર્યે સ્નાન કરવા માટે પશ્ચિમ સમુદ્રને આશ્રય સ્થાન બનાવ્યું. બન્ને સેનાપતિ પોતપોતાના વ્યુહને વ્યવસ્થિત કરવા લાગ્યા, બન્ને પક્ષના શૂરવીરો ગજેન્દ્રોની જેમ ગર્જના કરવા લાગ્યા, હિરણ્યનાભના મૃત્યુના સમાચાર જાણી, જરાસંઘ ખુબ જ ચિંતાતુર અને દુઃખી બન્યો, તેણે શિશુપાલને પોતાની સેનાનો સેનાપતિ બનાવ્યો, ધરાને પ્રફુલ્લિત બનાવવા માટે સહસ્રરશ્મિ પોતાની પ્રભાને ભૂમંડલ ઉપર વિસ્તારવા લાગ્યા.

તે સમયે બન્ને પક્ષના વીર પુરૂષોએ યુદ્ધની શરૂઆત કરી, જરાસંઘ પોતાના મંત્રી હંસકને કૃષ્ણ વાસુદેવના પક્ષના શૂરવીરોનો પરિચય કરાવવાને માટે નામ સહિત

આંગળી વડે બતાવતો હતો, વિશેષે કરીને યાદવો અને પાંડવોનો દુશ્મન તરીકે પરિચય કરાવ્યો, જરાસંઘનો પુત્ર યુવરાજ યમરાજની જેમ ભયંકર યવન, યુદ્ધ કરવાને માટે તૈયાર થયો. તેણે પોતાની બાણ વર્ષાથી કૃષ્ણના સનિકોને ઘાયલ કર્યા.

એટલામાં બલરામના પુત્ર સારણે, પોતાના દિવ્ય બાણો વડે તેનો શિરચ્છેદ કર્યો, શ્રી કૃષ્ણના પક્ષમાં યવનના મૃત્યુથી અત્યંત હર્ષ થયો, આનંદની કીકીઆરીઓ થવા લાગી, જ્યારે જરાસંઘની છાવણીમાં બધા શોકાતુર અને ચિન્તિત બન્યા, પુત્રનો વધ સાંભળી જરાસંઘે ક્રોધાવેશમાં આવી પોતાના રથને બલરામ તથા કૃષ્ણની તરફ દોડાવ્યો, તેણે તિક્ષણ બાણોથી બલરામના આઠ પુત્રોને મારી નાખ્યા, કૃષ્ણની સેના ભાગવા લાગી.

શિશુપાલે હસીને કહ્યું કે આ કૃષ્ણનું ગોકુળ નથી પણ યુદ્ધનું મેદાન છે. શ્રી કૃષ્ણે કહ્યું કે કુંડિનપુરથી ભાગી ગયા બાદ તારી પ્રતિષ્ઠા કેટલી છે તે જગત જાણે છે. પછીથી તને ભાગવું પડે તેના કરતા પ્રથમ ભાગી છુટ તો તું જીવતો રહી શકીશ. કૃષ્ણની વાતોથી તેને મર્માઘાત થયો, શિશુપાલે શ્રી કૃષ્ણની ઉપર બાણ વર્ષા કરી, પરંતુ કૃષ્ણે દિવ્ય બાણો દ્વારા તેનો જવાબ આપ્યો, જેનાથી તેના ધનુષ્ય, કવચ, અને રથ ભાંગીને ભૂક્કો થઈ ગયા. શ્રી કૃષ્ણની કૃપાથી ફક્ત તે જીવતો રહી ગયો.

તો પણ શિશુપાલે શ્રી કૃષ્ણની સામે તલવાર વડે

યુદ્ધનો આરંભ કર્યો, વિજળીની જેમ પ્રલયકાળના દૂત સમાન તે તલવાર વડે શ્રી કૃષ્ણની સામે યુધ્ધે ચઢયો, શ્રી કૃષ્ણે પણ શિશુપાલને તલવારનો બદલો તલવારથી આપવાને. વિચાર કરી, તેના મુકુટને કાપી શિશુપાલનો વધ કર્યો, શિશુપાલના વધથી ક્રોધાતુર બનેલો જરાસંઘ પોતાના સામંતો તથા પુત્રો સહિત કૃષ્ણની સાથે યુદ્ધ કરવા માટે દોડયો.

જરાસંઘે યાદવોના નાયકને કહ્યું કે વ્યર્થ શા માટે મરો છો? આજે પણ તે ગોવાળ અમને સોંપી સુખપૂર્વક રાજ્યલક્ષ્મી શા માટે ભોગવવા તૈયાર થતા નથી? ભયંકર ક્રોધિત જરાસંઘની વીરતા સામે યદુસેના ભાગવા લાગી, જરાસંઘના અઠ્ઠાવીસ પુત્રો એક સાથે બલરામને મારવા માટે દોડયા. અગણોસિત્તેર પુત્રો શ્રી કૃષ્ણની સાથે યુદ્ધ કરવા લાગ્યા.

બલરામે હલ અને મુશલ વડે જરાસન્ધના પુત્રોને અનાજના દાણાની જેમ પીસી નાખ્યા, જરાસન્ધે અત્યંત ક્રોધમાં આવી, બલરામની ઉપર ગદાનો પ્રહાર કર્યો, જે પ્રહારથી બલરામ લોહીનું વમન કરતાં ધરણી ઉપર ઢળી પડયા, આવી વિષમ પરિસ્થિતિને જોઈ યાદવોમાં હાહાકાર મચી ગયો, ભાઈને દુઃખી જોઈ શ્રી કૃષ્ણે ક્રોધાવેશમાં જરાસન્ધના અગણોસિત્તેર પુત્રોને મારી નાખ્યા.

બલરામને મરેલા જાણી અને અર્જુનની ઉપેક્ષા કરતો જરાસન્ધ, જેમ કોઈ વાંદરો સિંહની સામે દોડે તેમ શ્રી

કૃષ્ણની સામે દોડયો, જરાસન્ઘે નારાચ બાણથી શ્રીકૃષ્ણને ઘેરી લીધા, સૂર્યના અસ્ત થવાથી ભૂમંડલ ઉપર અંધકાર છવાય છે તેમ શ્રી કૃષ્ણની સ્થિતિ જોઈને યાદવોની સેના અત્યંત વ્યાકુલ બની ગઈ, દશાર્હોના મૂખકમલ શ્યામ બની ગયા.

એટલામાં માતલિસારથીએ પ્રભુ નેમિનાથને પ્રાર્થના કરી કે હે ભગવાન્! આપ બધાનું રક્ષણ કરનાર છો, જરાસંઘની આપ ઉપેક્ષા કરીને યાદવોના કુલનો નાશ કરી રહ્યા છો, સર્વ સાધારણ હોવા છતાં પણ ચન્દ્રમા પોતાના કિરણોથી આત્મીય કુમુદોને વિકસ્વર કરે છે. કમલોને મુદ્રિત કરે છે. અત્યારે જરાસંઘની ઉપેક્ષા કરવાનો સમય નથી. યાદવો પ્રત્યેનો પ્રત્યુપકાર કરવાનો સમય પણ અત્યારે જ છે, માટે આપ હમણાં જ આપનો પ્રભાવ બતાવો, અરિષ્ટનેમિએ પોતાના નામને સાર્થક કરવા માટે ક્રોધ રહિત હોવા છતાં પણ ઈન્દ્ર પ્રદત્ત શંખને ફુંકયો.

જેનાથી શત્રુઓ ક્ષુબ્ધ બન્યા, નેમિકુમારે ઈન્દ્રધનુષને ખેંચી રાજાઓને ત્રાસ પમાડયો, લાખો રાજાઓના મુગટ કાપી નાખ્યા, ધનુષ્યને ભાગી નાખ્યા, તેમના છત્રોનો ભંગ કર્યો, ધ્વજાઓને કાપી નાખી, શત્રુ સેનાએ નેમિકુમાર ઉપર પ્રહાર કર્યા નહિ, પરંતુ નેમિકુમારની હાર થાય તેવું કરવા પણ તૈયાર નહોતા, પ્રતિવાસુદેવ વાસુદેવના હાથે જ મરે છે.

એ સ્થિતિને જાણતા નેમિકુમારે જરાસન્ઘને માર્યો નહી. આ પ્રમાણે મહા બળવાન શ્રી નેમિકુમારની સહાય-

તાથી યાદવોની સેના ફરીથી ઉત્સાહમાં આવી ગઈ, પોતાના પુત્રો અને શૂરવીરોને કૃષ્ણના હાથે મરતા જોઈને જરાસન્ધે શ્રી કૃષ્ણને કહ્યું કે હે ગોપાલ ! તું કપટથી કંસને મારીને મદોન્મત્ત કેમ બન્યો છે ? તું બોલ ! તેં કંસને કઈ કુક્ષીમાં રાખ્યા હતા, તે કુક્ષીને કાપી જીવયશાની પ્રતિજ્ઞા હું પૂર્ણ કરૂં, ત્યારે કૃષ્ણે હસીને કહ્યું કે જો તને યુદ્ધ કરવાની જ ઇચ્છા છે તો તું મારી તલવારની ધાર ઉપર તારા લોહીનો અભિષેક કરીને જીવયશાની પ્રતિજ્ઞા પૂર્ણ કરી શકે છે.

શ્રી કૃષ્ણની વાત સાંભળતાની સાથે ક્રોધિત જરાસન્ધે પ્રાણહર બાણોનો મારો ચલાવ્યો, શ્રી કૃષ્ણે પણ પોતાના બાણોથી તે બાણોને પરાજીત કર્યા, તે બન્ને વચ્ચેના તુમુલ યુદ્ધથી સિંહનાદ, ધનુર્ધ્વાન, રથર્ધ્વાનના અવાજોથી બ્રહ્માંડ ગાજી ઉઠયું. દેવલોકના દેવતાઓ પણ ભયભીત બન્યા, નારાચ બાણોથી અંધકાર છવાઈ ગયો.

બન્ને વચ્ચેનું યુદ્ધ કોઈ જોઈ શકતુ નહોતું પર્વતો કંપી ઉઠ્યા, જરાસન્ધે શ્રી કૃષ્ણન સેના ઉપર અગ્નાસ્ત્ર ફેકયું. જેનાથી પોતાની સેનાને બળતી જોઈ શ્રી કૃષ્ણે મેઘાસ્ત્રનો પ્રયોગ કર્યો, તે વારે જરાસન્ધની સેના પાણીમાં ડુબવા લાગી, જરાસન્ધે પવનાસ્ત્ર ફેકયું. તેના જવાબમાં શ્રીકૃષ્ણે વાતાશન મહૌષધ,નો પ્રયોગ કર્યો, જરાસન્ધે ગરૂડાસ્ત્ર ફેકયું. ત્યારે શ્રીકૃષ્ણે 'માર્તંડ લંગીત'નો પ્રયોગ કર્યો, જરાસન્ધે સૂર્યાસ્ત્ર ફેકયું તો શ્રી કૃષ્ણે પ્રતિકાર માટે રાહવીયાસ્ત્રનો પ્રયોગ કર્યો, જયારે જરાસન્ધની પાસે કોઈપણ

દિવ્યાસ્ત્ર ન રહ્યું ત્યારે પોતાના શત્રુને મારવા માટે ક્રોધાવેશમાં આવી પોતાના ચક્રને છોડયું, તે વખતે સમસ્ત માનવજાત, દેવતાઓ ઈત્યાદિ બધા જ વ્યાકુળ બન્યા, બધા યાદવો ઈષ્ટદેવનું સ્મરણ કરવા લાગ્યા.

જરાસન્ધે ફેંકેલા ચક્રથી શ્રી કૃષ્ણનું મૂખારવિંદ વધારે તેજસ્વી દેખાવા લાગ્યું. શ્રી કૃષ્ણના માથાનો વધ કરવા માટે ફેંકવામાં આવેલું ચક્ર જરાસન્ધે શ્રી કૃષ્ણના હાથમાં સુસ્થિર જોયું. દેવોએ હર્ષમાં આવી પુષ્પવૃષ્ટિ કરી. શ્રી કૃષ્ણ નવમા વાસુદેવ છે. આ પ્રમાણે દેવોએ ઘોષણા કરી.

શ્રી કૃષ્ણે જરાસંધને કહ્યું કે શું ! 'આ પણ મારી માયા છે ? રાજન્ ! મારા ચરણ કમલના ભ્રમર બનીને હજુ પણ :તમે તમારી રાજ્યલક્ષ્મીનો ઉપભોગ કરો, જરાસંઘે કહ્યું કે આ ચક્ર હાથમાં આવવાથી આટલો બધો મદ શા માટે કરે છે ? આ ચક્રનો વિશ્વાસ કરવા યોગ્ય નથી, મારાથી સેવાયેલ આ ચક્ર કોઈ દિવસ મારા હૃદયનું ભેદન કરી શકે તેમ નથી.

મારા શબ્દો ઉપર તને વિશ્વાસ ન હોય તો તે ચક્ર તું મારી ઉપર ચલાવ, જરાસંઘની વાત સાંભળીને શ્રી કૃષ્ણે જ્વાલાજટલ ચક્રને છોડયું. તે ચક્રે જરાસંઘનો વધ કર્યો, બધાજ પ્રતિવાસુદેવ પોતાના જ ચક્રથી વાસુદેવના હાથે મરાય છે. ભાગ્યતેજ નબળુ પડવાથી પૂત્ર પણ શત્રુની ગરજ સારે છે. તો પછી ચક્રની તો વાત જ શું કરવી ?

દેવોએ શ્રી કૃષ્ણની ઉપર પુષ્પવૃષ્ટિ કરી, જરાસંઘના પક્ષવાળા રાજાઓ શ્રી નેમિકુમારના શરણે આવ્યા, શ્રી નેમિકુમારના આદેશથી શ્રી કૃષ્ણે તે રાજાઓનો સ્વીકાર કર્યો, જરાસંઘના 'પૂત્ર' સહદેવે સમુદ્રવિજયની આજ્ઞાનો સ્વીકાર કર્યો, તેને મગધની રાજગાદી ઉપર બેસાડયો.

જરાસંઘના સ્થાન ઉપર પોતાના જયસ્થંભ સમાન સમુદ્રવિજયના પૂત્ર શ્રી નેમિકુમારને સ્થાપિત કર્યા, હિરણ્યનાભના પૂત્ર 'રૂકમનાભ'ને કૌશલા નાયક બનાવ્યા, મથુરાના રાજ્ય ઉપર શ્રી કૃષ્ણે ઉગ્રસેનના પૂત્ર 'ધર'ને સ્થાપિત કર્યો, શ્રી કૃષ્ણે પોતાના સ્વજનોના, તથા સહેદેવે જરાસંઘાદિનો સંસ્કાર તથા પ્રેત કાર્ય કર્યા, પિતા અને પતિના સંહારનું કારણ જીવયશા અગ્નિમાં બળીને મરી ગઈ, શ્રી નેમિકુમારથી સત્કાર પામેલો 'માતાલિ, ઈન્દ્રનો રથ લઈને સ્વર્ગમાં ગયો.

શ્રી કૃષ્ણે બધા રાજાઓને પોતાના સ્થાને વિદાય કર્યા, વૈતાઢય પર્વત ઉપર નિલકંઠાદિ ખેચરોની સાથે વસુદેવ જ્યારે યુદ્ધ કરી રહ્યા હતા, ત્યારે એકાએક ઘોષણા સાંભળી. જરાસંઘના મૃત્યુનો નિશ્ચય કરી, બધા ખેચર વસુદેવના આધિન થયા, વિદ્યાધરેન્દ્ર 'મંદવેગે પોતાની બ્હેન તથા' ત્રિપથર્ષભે, પોતાની પૂત્રી પ્રદ્યુમ્નની સાથે પરણાવી, વળી દેવર્ષભ અને આયુપથ રાજાએ પોતાની કન્યાઓ શાંબકુમારને આપી, બીજે દિવસે પ્રાતઃકાલમાં પ્રદ્યુમ્ન તથા શાંબકુમારની સાથે વસુદેવે આવી શ્રી કૃષ્ણને

અભિનંદન આપ્યા, ખેચરોએ પોતાના સ્વામિ તરીકે શ્રી કૃષ્ણને સ્વીકાર્યા.

શ્રી કૃષ્ણે સિનપલ્લી સ્થાનમાં આનંદ પત્તન નામના નગરની સ્થાપના કરી, બધા ખેચર અને ભૂચર રાજાઓની સાથે અર્ધ ભરતને પોતાના સ્વાધિન કરી શ્રી કૃષ્ણ મગધ ભૂમિમાં ગયા.

ત્યાં એક યોજન લાંબી પહોળી દેવોથી રક્ષાયેલી કોટી શિલા નામની શિલાને ડાબા હાથે શ્રી કૃષ્ણે ઉઠાવી, એ પ્રમાણે સોલ હજાર રાજાની સાથે શ્રીકૃષ્ણ દ્વારિકામાં આવ્યા, હર્ષોલ્લાસથી નગરની સ્ત્રીઓએ આરતી ઉતારી, અમર ખેચર અને નરેશ્વરોએ ઘણા ઉત્સાહથી શ્રી કૃષ્ણનો અર્ધ ચક્રી અભિષેક કર્યો, શ્રી કૃષ્ણે દેવો, વિદ્યાધરો તથા પાંડવોનો સત્કાર કરી વિદાય કર્યા, વનમાલા, મણિ, ખડ્ગ શંખ, ચક્ર, ગદા, ધનુષ, એ સાત રત્ન ઉત્પન્ન થયા, આઠ હજાર યક્ષો શ્રી કૃષ્ણના અંગરક્ષક બન્યા, બધા યાદવોએ શ્રી કૃષ્ણના ચરણકમલની સેવા કરી.

॥ અમમસ્વામિ ચરિત્રનો દશમો સર્ગ સમાપ્ત ॥

## સર્ગ અગીયારમો

શ્રીકૃષ્ણની કૃપાથી દ્રૌપદીની સાથે પાંડવો બંને પ્રકારના વિલાસો ભોગવતા હતા, એક દિવસ કલેશપ્રિય નારદજી દ્રૌપદીના નિવાસસ્થાને આવ્યા, દ્રૌપદીએ અવજ્ઞાથી નારદજીની પૂજા કરી નહી. આ અનાર્યાને કોઈપણ પ્રકારે દુઃખી કરૂં. આ પ્રમાણે વિચારીને નારદજી ત્યાંથી નીકળી ગયા, આ ભરતક્ષેત્રમાં શ્રીકૃષ્ણની બીકથી તેણીને કોઈ દુઃખી કરવા માટે તૈયાર પણ નહી થાય, આ પ્રમાણે વિચારીને કલહપ્રિય નારદજી ધાતકી ખંડના ભરતક્ષેત્રમાં કપિલ નામના વાસુદેવના મંડલિક સ્ત્રીલંપટ પદ્મરાજાને અપરકંકા નગરીમાં જોયો.

તેણે નારદજીનો અપૂર્વ ભકિતપૂર્વક સત્કાર કર્યો, પોતાના અંતઃપુરમાં લઈ જઈને પોતાની પ્રિયતમાઓને બતાવીને કહ્યું કે આપે આવી સુંદર સ્ત્રીઓ બીજે કયાંય જોઈ છે? નારદજીએ હસીને કહ્યું કે તારા સિવાય તારી સ્ત્રીઓના રૂપના ગુણ ગાય પણ કોણ? તું તો કુવાના દેડકા જેવો છે.

જંબુદ્વીપના ભરતક્ષેત્રમાં હસ્તિનાપુર નગરને વિષે પાંડવોની પત્ની અત્યંત રૂપ શાલિની, અદ્ભૂત કાંતિવાળી છે. જેના રૂપનું ઘડતર કરતી વખતે બ્રહ્માએ તેમાંથી વધેલા રૂપના કણીઆઓથી અપ્સરાઓને બનાવી છે. વળી અપ્સરા-

ઓથી દ્રૌપદીનું રૂપ સહન ન થવાથી સ્વર્ગમાં ચાલી ગઈ છે. નારદજી દ્રૌપદીની સ્તુતિ કરવા લાગ્યા, હે પદ્મ! તને તારી સ્ત્રીઓના રૂપની સ્તુતિ કરતા શરમ પણ નથી આવતી?

આ પ્રમાણે વાત કરી નારદજીએ દ્રૌપદી પ્રત્યે પદ્મને અનુરાગ જગાડી પોતે ત્યાંથી નીકળી ગયા, ત્રણ અક્ષરોની વિદ્યાશક્તિની જેમ દ્રૌપદીના ધ્યાનમાં પદ્મરાજા રહેવા લાગ્યો, અધેલોકમાં રહેલા, પોતાના પૂર્વભવના મિત્રનું સ્મરણ કર્યું. સેવકની જેમ તે દેવ પદ્મની સામે આવીને ઉભો રહ્યો, રાજાએ કહ્યું કે હે દેવ! હસ્તિનાપુરથી દ્રૌપદીને લાવી મારા ચિત્તને પ્રસન્ન કર, તે વારે દેવે કહ્યું કે હે રાજન્! દુર્વિદ્યાની જેમ તે દ્રૌપદીમાં આપને ભ્રમ જાગ્યો છે. જેનાથી તમારૂં ખરાબ થશે. કેમકે તેણી પાંડવો સિવાય કોઈની ઉપર દૃષ્ટિપાત કરતી નથી.

આપની આજ્ઞાથી હું તેને લાવી આપને સમર્પિત કરૂં છું. પરંતુ આપ આફતમાં આવી જશો, આ પ્રમાણે પદ્મને કહી તે દેવ ચાલી ગયો, હસ્તિનાપુરમાં જઈને તે દેવે રાજભવનમાં પ્રવેશ કરી પાંડવોની ઉપર અવસ્વાપિની નિદ્રાનો પ્રયોગ કર્યો, ને દ્રૌપદીનું હરણ કર્યું. તે દેવે પાછા આવી પદ્મરાજાને દ્રૌપદી સમર્પિત કરી, વિચિત્ર વાત તો તે છે કે દેવો પણ વચનથી બંધાઈ અનુચિત કાર્ય કરી નાખે છે.

પ્રાતઃકાલે પદ્મિનીની જેમ દ્રૌપદી જાગ્રત થઈ. મનમાં ને મનમાં ઘણી ચિંતા કરવા લાગી, યોગિનીની જેમ

ધ્યાનાવસ્થિત રોગિણીની જેમ અસ્વસ્થ, મૃગલીની જેમ ચંચલ નેત્રવાળી, તેણીને જોઈ પદ્મનાભે કહ્યું કે હે ભદ્રે! તું તારા અમંગલની શંકા કરીશ નહી. નારદજીના મુખથી તારા રૂપનું વર્ણન સાંભળીને દૈવી શક્તિથી તને અહીંઆં લાવવામાં આવી છે. તું અનેક પ્રકારના ભોગોને ભોગવી બન્ને પ્રકારે દેવી બન.

આ ધાતકી ખંડમાં અમરકંકા નામે નગરી છે. પદ્મનાભ નામનો આ નગરીનો હું રાજા છું; હું તારો ભાવી પતિ બનવાનો છું; હે સૌભાગ્યશાલિની! હવે તું પાંડવો ઉપરથી તારો કૃત્રિમ પ્રેમ ઉઠાવી લે અને મારામાં અનુરાગિણી બન. 'દ્રૌપદી' નારદજીના ભાવને સમજી ગઈ, વિચારવા લાગી કે શ્રીકૃષ્ણની સહાયતાથી પાંડવો જરૂર રક્ષા કરશે, ભોગ તો દરેક ભવમાં પ્રાપ્ત થયા છે. પરંતુ શિયલનું રક્ષણ મોટા પુણ્યે કરીને જ થાય છે.

આ મૂર્ખને મધુર વચનો દ્વારા રાગાન્ધ બનાવી વિશ્વાસ પમાડું, આ પ્રમાણે વિચાર કરીને દ્રૌપદીએ કહ્યું કે જો એક માસની અંદર હસ્તિનાપુરથી કોઈ નહી આવે તો હું આપને પતિ તરીકે સ્વીકારીશ, ત્યારે પદ્મનાભે કહ્યું કે હે કુલીનકાન્તે! જંબુદ્વીપમાંથી અહીંઆં કોઈ પક્ષી પણ આવી શકતું નથી, તો પછી મનુષ્ય તો ક્યાંથી આવે! આ પ્રમાણે વિચાર કરીને પદ્મનાભે દ્રૌપદીની વાતનો સ્વીકાર કર્યો. સતી ચૂડામણી દ્રૌપદીએ પણ અભિ-

ગ્રહ કર્યો કે પાંડવોનું મુખ જોયા સિવાય એક મહિના સુધી અન્નને ગ્રહણ કરીશ નહિ.

અહીંઆ પાંડુપુત્રોએ પ્રાતઃકાલે દ્રૌપદીને જોઈ નહી. પર્વત, ઉદ્યાન, નદી, સરોવર, વાવ, મહેલના ખંડેખંડમાં તપાસ કરી, પરંતુ દ્રૌપદીનો ક્યાંય પત્તો લાગ્યો નહી. ક્યાંયથી તેના સમાચાર પણ મલ્યા નહી. નિરૂપાય બનીને પાંડવોએ શ્રીકૃષ્ણની પાસે આવી તમામ હકીકત કહી સંભળાવી, તેઓ વિચારમાં પડ્યા; તે વારે પોતાના હાથે થએલા અનર્થનું પરિણામ જાણવાની તીવ્ર જીજ્ઞાસાવાળા નારદજી ત્યાં આવ્યા.

આદર સત્કારપૂર્વક શ્રીકૃષ્ણે નારદજીને દ્રૌપદી માટે પૂછ્યું ત્યારે નારદજીએ કહ્યું કે મેં તેણીને ધાતકીખંડના અમરકંકાના રાજા પદ્મનાભને ત્યાં જોઈ હતી, આ પ્રમાણે કહીને નારદજી ચાલ્યા ગયા, શ્રીકૃષ્ણે પાંડવોને કહ્યું કે દ્રૌપદીએ કરેલા નારદજીના અનાદરથી ક્રોધી નારદજીએ આ કૃત્ય કર્યું છે. આપ દુઃખી ન થતા, મારે માટે તે કાર્ય મુશ્કેલ નથી, પાંડવોને આશ્વાસન આપી, સેનાને સુસજ્જિત કરીને શ્રીકૃષ્ણ દક્ષિણ સમુદ્રના તટે આવેલા વરદામ તીર્થક્ષેત્રમાં આવ્યા, ત્યાં આવી શ્રીકૃષ્ણે સમુદ્રની દુસ્તરતાનું વર્ણન કર્યું.

પાંડવો સમુદ્રના ભરતી ઓટ રૂપી ઉછળતા મોજાં-ઓનો અટ્ટહાસ સાંભળી ગભરાઈ ગયા, ડરી ગયા, પાણીની અંદર તેઓએ ઇન્દ્રના વજ્રની બીકથી પર્વતો જેવા મોટા

જલ હસ્તિઓને જોયા, સમુદ્રની સ્થિતિ જોઈને પાંડવોએ કહ્યું કે પ્રલયકાળ જેવા મોજાંથી ભયંકર સમુદ્ર દેવોને પણ ઉલ્લંઘન કરવો મુશ્કેલ છે. તો પછી મનુષ્યો શું કરી શકે ? આપ ચિન્તા ન કરશો.

આ પ્રમાણે પાંડવોને કહી શ્રીકૃષ્ણે સમુદ્ર તીરે સ્થિર બનીને સુસ્થિત દેવનું ધ્યાન ધર્યું. તે દેવ પ્રત્યક્ષ થયો, અને બોલ્યો હે દેવ ! આપના તપથી, ધ્યાનથી હું પ્રસન્ન છું. આપ આદેશ આપો કે આપનું શું કાર્ય કરૂં ? શ્રીકૃષ્ણે કહ્યું કે ધાતકી ખંડવાસી પદ્મનાભ રાજાએ. પાંડવો જે મારા ભાઈઓ છે. તેમની પત્નીનું હરણ કર્યું છે. હે સમુદ્રેશ ! તમે એવા પ્રકારનો પ્રબંધ કરો કે જેનાથી અમો જલ્દી ત્યાં પહોંચી શકીએ, અને તેણીને લઈ અમે જલ્દી પાછા આવીએ, સુસ્થિતદેવે કહ્યું કે જેવી રીતે કોઈ દેવ દ્રૌપદીનું હરણ કરીને પદ્મનાભને સુપ્રત કરી આવ્યો છે, તેવી રીતે હું પણ ત્યાંથી દ્રૌપદીને લાવી આપને સમર્પિત કરૂં ? અથવા સૈન્ય સહિત પદ્મનાભને સમુદ્રમાં ડુબાડી પાંચાલીને લઈ આવું ?

શ્રીકૃષ્ણે કહ્યું કે તે ઉચિત નથી પરંતુ પાંડવોની સાથે ત્યાં જવા માટે પાણીથી છ રથને જવા માટે રસ્તો કરી આપો, જેથી અમો ત્યાં જઈને તેને જીતી દ્રૌપદીને લઈ અહીં અમે આવીએ, વીરપુરૂષોનો આ ક્રમ છે. સુસ્થિત દેવે તે પ્રમાણે માર્ગ કરી આપ્યો, શ્રીકૃષ્ણ પાંડવો સહિત ક્ષણમાં સમુદ્ર પાર કરી ગયા, અપરકંકાનગરીની

બહાર રોકાયા, પોતાના સારથિ દારૂકને દૂત બનાવી શ્રી-કૃષ્ણે પદ્મનાભની પાસે મોકલાવ્યો.

તેણે ત્યાં જઈ રાજાના પાદપીઠ ઉપર પોતાના પગને મૂકી, ભ્રકુટી ચઢાવી ભાલાથી લેખને સમર્પિત કર્યો, અને કહ્યું કે ભરતક્ષેત્રના હસ્તિનાપુરથી શ્રી વાસુદેવના ભાઈઓ પાડવોની પત્ની શ્રીમતિ દ્રૌપદીનું દેવની સહાયતાથી અપ-હરણ કરાવ્યું છે. તેણીને આપ જલ્દીથી પાછી સમર્પણ કરો, કેમકે જેઓને અહીં આવવા માટે રત્નાકરે માર્ગ આપ્યો છે. એવા શ્રીકૃષ્ણ પાંડવો સહિત દ્રૌપદીને લેવા માટે પધાર્યા છે. તમને રાજ્ય અને જીવન જીવવાની ઈચ્છા હોય તો જલ્દીથી દ્રૌપદીને સુપ્રત કરો, તમે કુલવ્રત, ક્ષત્રિવટ, શિષ્ટવ્રતને, એક સાથે જ ખતમ કરી નાખ્યા છે, પદ્મનાભે કહ્યું કે પક્ષીની જેમ સમુદ્ર પાર કરીને અહીંઆ આવવામાં તારા સ્વામિની વીરતા નથી.

મારા સૈન્ય સાગરમાં પાંડવો સહિત તારા સ્વામિ પાણીમાં જેમ સાકર ઓગળી જાય તેમ ઓગળી જવાના છે. તું તારા સ્વામિને જઈને કહેજે કે જો તમે તમારૂં ભલું ઈચ્છતા હો તો જેવા આવ્યા છો તેવા તમે પાછા જાવ, અથવા મરવાની ઈચ્છા હોય તો યુદ્ધ કરવા આવવું હોય ત્યારે આવજો, દૂતે આવી શ્રી કૃષ્ણને વૃત્તાંત કહી બતાવ્યો, પદ્મનાભ પણ સેનાઓને તૈયાર કરી યુદ્ધ-ભૂમિમાં આવી પહોંચ્યો.

અસંખ્ય હાથી ઘોડા યુક્ત પ્રચંડ સૈન્ય સહિત

પદ્મનાભને જોઈ શ્રી કૃષ્ણે પાંડવોને પૂછ્યું કે હે વીર કુંજર ! આપ સ્વયં પદ્મનાભને મારવા તૈયાર છો કે હું તેને મારૂં ? પાંડવોએ કહ્યું કે હે શ્રી કૃષ્ણ ! આ કાર્ય કરવાને માટે અધિકારી હમે છીએ, માટે આપની સહાય-તાથી અમે તે કાર્ય પૂર્ણ કરીશું. આ જગત ઉપર આજે પદ્મનાભનો નાશ થશે, કે હમારો નાશ થશે. બન્નેમાંથી એકનો વિનાશ જરૂર થશે.

આ પ્રમાણે પ્રતિજ્ઞા કરીને પાંડવોએ પદ્મનાભની સામે યુદ્ધની શરૂઆત કરી, પદ્મનાભથી ફેંકાતા દિવ્યાસ્ત્રો વડે પાંડવો જર્જરિત બની ગયા, ભાગીને શ્રી કૃષ્ણની પાસે આવી કહેવા લાગ્યા કે હે દેવ ! આ પદ્મનાભ તો દેવતાઓની સહાયતાથી અત્યંત મદોન્મત્ત છે આપનાથી વધ થઈ શકે તેમ છે.

શ્રી કૃષ્ણે કહ્યું કે આપ જ્યારે પ્રતિજ્ઞા ગ્રહણ કરીને જતા હતા, ત્યારે જ હું પણ જાણતો હતો કે પદ્મનાભને જીતવો આપના માટે ખુબ જ મુશ્કેલ છે. હવે તમે જરા પણ ચિન્તા કરતા નહી. અને નિશ્ચિંત થઈને જો જો કે પદ્મનાભને હું કેવી રીત જીતું છું. આજે હું પૃથ્વીનાથ છું 'પદ્મ નથી' આ પ્રમાણે બોલીને શ્રી કૃષ્ણવાસુદેવ યુદ્ધ કરવા ચાલ્યા, તેઓએ પોતાનો દિવ્ય શંખ ફુંક્યો, સિંહની ગર્જનાથી હાથીઓ નિર્બળ બની જાય તેમ શંખનો અવાજ સાંભળીને પદ્મનાભની ત્રણ ભાગની તાકાત ખલાસ થઈ ગઈ.

શ્રી કૃષ્ણના ધનુષ્યના ટંકારનો અવાજ સાંભળી બીજી ત્રણ ભાગની તાકાત ખલાસ થઈ ગઈ, શક્તિનો નાશ થવાથી પદ્મનાભે ત્યાંથી ભાગી દૂર જઈને પોતાની લબ્ધિઓથી વૈક્રિય શરીર બનાવ્યું. શ્રી કૃષ્ણે પણ નરસિંહ રૂપ ધારણ કર્યું તે વખતે શ્યામ શરીરવાળા, રૌદ્ર રસવાળા શ્રી કૃષ્ણે ભયંકર સ્વરૂપ ધારણ કર્યું હતું. પોતાની પ્રચંડ શક્તિથી અમરકંકા નગરીનો નાશ કરવાની શરૂઆત કરી, નગરનો નાશ થતો જોઈને પદ્મનાભ ચિંન્તિત બન્યો, તેણે કરૂણ શબ્દોથી શ્રી કૃષ્ણને કહ્યું કે મદોન્મત્ત હાથીઓ જેમ કમલનો નાશ કરે છે તેમ આપ શા માટે નગરીનો નાશ કરો છો? શ્રીકૃષ્ણે રોષમાં આવીને કહ્યું કે તેં તારી અજ્ઞાનતાથી શ્રીમતી દ્રૌપદીનું હરણ કર્યું છે. વળી દૂતની વાણીની અવહેલના કરી છે.

હજુ પણ શ્રીમતી દ્રૌપદીને પાછા સુપ્રત કરી તારૂં કલ્યાણ કર, સીતાને પાછા નહિ આપવાથી રાવણે પોતાના પ્રાણ ગુમાવ્યા, રાજ્ય અને કુલનો નાશ કર્યો, અનુચિત કાર્યનુ ખરાબ ફલ કોણ નથી ભોગવતું? સાંભળીને પદ્મનાભ ભયભીત બની ગયો, દ્રૌપદીના શરણમાં જઈ તેણીને કહ્યું કે હે દેવિ! તું મારી માતા છે. માટે નરસિંહથી મને બચાવ, દ્રૌપદીએ કહ્યું કે તું સ્ત્રી રૂપ ધારણ કરી મને આગળ રાખી, નરસિંહની પાસે જાય તો તારો પ્રાણ બચી શકે, પદ્મનાભે દ્રૌપદીના કહ્યા મુજબ કર્યું.

તેણે સ્ત્રીના રૂપમાં શ્રી કૃષ્ણની પાસે જઈને નમસ્કાર

કરી, શ્રીમતી દ્રૌપદીને સમર્પિત કરીને કહ્યું કે હે ભગવન્! મેં અજ્ઞાનતાથી અથવા અહંકારથી આપના બંધુપત્નીનું અપહરણ કર્યું. અખંડ શિયલવંત, મહાસતીને આપ ગ્રહણ કરીને મને મુક્ત કરો, શ્રી કૃષ્ણે પણ પદ્મનાભને અભયદાન આપી આશ્વાસન આપ્યું. અને અમર કંકામાં પોતાના કીર્તિસ્થંભને સ્થાપિત કરી, પાંડુ પુત્રોને દ્રૌપદી સુપ્રત કરી. તેઓની સાથે સમુદ્ર ઓળંગી દ્વારિકા આવ્યા.

તે જ દ્વીપમાં પૂર્ણભદ્ર નામના ચમ્પકોદ્યાનમાં વિહાર કરતાં કરતાં શ્રી મુનિસુવ્રત સ્વામિ આવ્યા, તે દ્વીપના કપિલ વાસુદેવે સભામાં તેમને પ્રશ્ન પૂછયો કે હે ભગવન્! આ શંખધ્વનિ કયાંથી આવે છે. તે વારે મુનિસુવ્રત સ્વામિએ કહ્યું કે જંબુદ્વીપના ભરતક્ષેત્રના વાસુદેવ શ્રી કૃષ્ણના શંખનો ધ્વનિ છે. કપિલ વાસુદેવે ફરીથી પૂછયું કે હે પ્રભુ! બે સિંહ એક જ ગુફામાં રહી શકે છે? તે વારે મુનિસુવ્રત સ્વામિએ કૃષ્ણના આગમનનું કારણ સંપૂર્ણ કહી સંભળાવ્યું.

ફરીથી કપિલ વાસુદેવે પૂછયું કે હે પ્રભુ! જંબુદ્વીપના અર્ધભરતેશ્વર શ્રી કૃષ્ણનું હું અતિથ્ય કરૂં? ત્યારે મુનિસુવ્રતસ્વામિએ કહ્યું કે એક તીર્થંકર બીજા તીર્થંકરને, એક ચક્રવર્તિ બીજા ચક્રવર્તિને, એક વાસુદેવ બીજા વાસુદેવને મલતા નથી, એવો નિયમ છે. તીર્થંકર ભગવાનની વાણી સાંભળીને પણ કપિલ વાસુદેવ કૃષ્ણવાસુદેવને જોવા માટે અત્યંત આતુર બનીને ચાલ્યા, શ્રી કૃષ્ણના ગમન માર્ગની અનુસાર રથ લઈને કપિલવાસુદેવ સમુદ્ર કિનારે આવ્યા.

શ્રી કપિલ વાસુદેવે, શ્રી કૃષ્ણવાસુદેવને સમુદ્રની મધ્યમાં જતા જોયા, કપિલવાસુદેવે મોટેથી બૂમ પાડી કે હે વાસુદેવ ! હું ધાતકીખંડના ભરતક્ષેત્રનો વાસુદેવ આપના દર્શન કરવા માટે આવ્યો છું; આપ અવશ્ય પાછા પધારો, એ પ્રમાણે શંખ વગાડીને સૂચના કરી, શ્રી કૃષ્ણે પણ પોતાનો શંખ વગાડીને કપિલવાસુદેવને કહ્યું.કે આપે શ્રેષ્ઠ મૈત્રી બતાવી છે પરંતુ હું ખુબ જ દૂર નીકળી ગયેલો છું; માટે પાછો ફરી શકુ તેમ નથી.

તેમની વાણી સાંભળીને શ્રીકૃષ્ણને બહુ દૂર જાણી, કપિલ વાસુદેવ પાછા આવ્યા, અમરકંકામાં જઈને પદ્મનાભને પૂછયું. તેણે પોતાના અપરાધને ન બતાવતાં, કપિલ વાસુદેવને કહ્યું કે જંબુદ્વીપના વાસુદેવે અહીંઆ આવી મને જીતી લીધો છે. તેમાં આપની તેજોહાની થઈ છે. કપિલવાસુદેવે ક્રોધમાં આવી તેને નગરની બહાર કાઢી મૂકયો, અને તેના રાજ્ય ઉપર તેના પુત્રને બેસાડયો.

શ્રીકૃષ્ણે સમુદ્ર પાર કરીને પાંડવોને કહ્યું કે હું સુસ્થિત દેવને મલીને આવું છું; ત્યાં સુધી આપ સર્વે ગંગા નદીની સામે પાર જાવ, બાસઠ યોજન વિસ્તારવાળી ગંગા નદીની પાણીની ધારાઓને પાંડવો નાવવડે પાર કરી ગયા, પાંડવોએ ગંગાના સામા કિનારે પહોંચી આપસ આપસમાં વિચાર કર્યો કે આજ શ્રી કૃષ્ણ વાસુદેવ નાવ વિના ગંગાના સામે કિનારેથી અહીં આવે તો તેમનામાં

રહેલા બળની ખબર પડે, એ પ્રમાણે વિચાર કરીને પાંડવોએ નાવને પોતાના કિનારે રાખી મૂકી અને શ્રી કૃષ્ણ વાસુદેવ ઉપર કૃતઘ્નતા બતાવી.

શ્રી કૃષ્ણવાસુદેવ સુસ્થિતદેવને મલીને જ્યારે ગંગા કિનારે આવ્યા ત્યારે નાવ નહીં દેખાવાથી એક હાથમાં ઘોડા સહિત રથને પકડી બીજા હાથથી તરવા લાગ્યા, જ્યારે ગંગાનદીની મધ્યમાં આવ્યા ત્યારે તેઓએ વિચાર્યું કે પાંડવો કેટલા બધા બળવાન છે કે જેઓ વગર નાવે અગાધ જલથી ભરપુર ગંગા નદીને તરી ગયા, આ પ્રમાણે મનમાં જ વિચાર કરતા શ્રી કૃષ્ણ વાસુદેવે પાંડવોના બળની પ્રશંસા કરી, શ્રી કૃષ્ણ વાસુદેવ ગંગા પાર કરીને પાંડવોની પાસે આવ્યા ત્યારે પાંડવોને પૂછયું કે તમો કેવી રીતે આવ્યા ? પાંડવોએ કહ્યું કે હમો નાવમાં બેસીને કષ્ટ વિના આ કિનારે આવી ગયા છીએ.

ત્યારે શ્રી કૃષ્ણવાસુદેવે કહ્યું કે આપલોકોએ નાવ સામા કિનારે કેમ ના મોકલી ? ત્યારે પાંડવોએ કહ્યું કે દેવ ! આપના બળની પરીક્ષાના માટે હમે સામા કિનારે નાવ મોકલી નહોતી, આપત્તિ જ્યારે નજદીક આવે છે ત્યારે માણસની બુદ્ધિ પણ વિપરીત થઈ જાય છે. આપ લોકોને મારૂં બળ જોવું છે ? શું તમે સમુદ્ર પાર કરતી વખતે અને પદ્મનાભની સાથેના યુદ્ધમાં મારા બળને જોયું નથી ? મનુષ્યમાત્રનો સ્વભાવ છે કે વિદ્યા પ્રાપ્ત કર્યા

પછી ગુરૂનો, ધન પ્રાપ્ત કર્યા પછી શેઠનો, અને સ્રીનો પણ સ્વભાવ છે કે પૂત્ર પ્રાપ્તિ પછી પતિ ઉપર દ્વેષ કરે છે. એ પ્રમાણે હે પાંડવો તમે પણ મારા બળને જોવાની ઈચ્છા રાખો છો તો જોઈ લો કે કૃષ્ણનું બળ કેટલું છે. આ પ્રમાણે કહેતા શ્રી કૃષ્ણ વાસુદેવે પાંડવોને માર્યા, તથા લોહ દંડથી તેમના રથના ચૂરેચૂરા કરી નાખ્યા, ત્યાં જ રથમર્દન નામનું શહેર વસાવ્યું.

તમો લોકો મારી આજ્ઞાવાળી જગ્યામાં રહેતા નહિ, આ પ્રમાણે કહી શ્રી કૃષ્ણ પોતાની છાવણીમાં ગયા, ત્યાંથી સૈન્યસહિત નવીન તોરણવાળી દ્વારિકા નગરીમાં આવ્યા.

પાંડુ પૂત્ર પાંડવોએ પોતાના નગરમાં જઈ માતાને વાત કહી, કુન્તી પણ દ્વારિકામાં આવી, રડતાં રડતાં શ્રી કૃષ્ણને કહેવા લાગી કે હવે મારા પૂત્રો કયાં જઈને રહેશે, તમારાથી કાઢી મૂકાયેલા મારા પૂત્રો માટે કયાંય સ્થાન નથી, અર્ધ ભરતમાં તમારી આજ્ઞા હોવાથી તેમાં તેઓ આદેશ વિના રહી શકે તેમ નથી, તમારી બીકથી ભરતાર્ધની બહાર પણ કોઈ સ્થાન આપે તેમ નથી, માટે હે બન્ધુ વત્સ ! તમે તમારા ભાઈઓને ક્ષમા આપો ? શ્રી કૃષ્ણ વાસુદેવે પણ અશ્રુપાત કરતાં કહ્યું કે મારા ભાઈઓનો દોષ કાંઈ જ નથી, ભાગ્યનો દોષ સમજવાનો કે તેમના અંતરમાં મારા બળને જોવાની ઈચ્છા પ્રગટ થઈ, અમૃતથી કોઈ દિવસ વિષ પ્રગટ ન થઈ શકે, દક્ષિણ સમુદ્રના કિનારા ઉપર પાંડુદેશમાં નવીન મથુરા નગરી

વસાવી તેમને રહેવાનું કહો, શ્રી કૃષ્ણે હસ્તિનાપુરના રાજ્ય ઉપર અભિમન્યુના પૂત્ર અને પોતાની બેન સુભદ્રાના પૂત્ર પરીક્ષિતનો રાજ્યાભિષેક કર્યો.

ધનસેને શ્રી ઉગ્રસેનના પૂત્ર નભસેનને પોતાની પૂત્રી કમલામેલા આપવાનો નિશ્ચય કર્યો, નારદજી ફરતાં ફરતાં નભસેનના ઘેર પધાર્યા, વિવાહની તૈયારીમાં રહેલા નભસેને તેમનો આદર સત્કાર ભૂલથી કર્યો નહી. તેથી તેનું ખરાબ ચિંતવતા નારદજી બલરામના પૌત્ર અને શામ્બાદિના અત્યંત પ્રિય નૈષધિસાગરચન્દ્રના આવાસે ગયા, તેણે નારદજીનું અભ્યુત્થાનાદિ કરીને પૂજા કરી, તેના દ્વારા પૂછવાથી નારદજીએ કહ્યું કે ધનસેનની પૂત્રી તારા માટે યોગ્ય છે. તે હમણાં જ નભસેનને આપવાની છે.

આટલું કહીને નારદજી અન્ય સ્થાને ચાલ્યા ગયા, સાગરચન્દ્રનો અનુરાગ કમલામેલા પ્રત્યે વધવા લાગ્યો, તેનું ધ્યાન ધરતા સાગરચંદ્રે જગતના સુખોને તુચ્છ માન્યા, નારદજી કમલામેલાના ઘેર ગયા, તેણીએ નારદજીનો સત્કાર કરી, કૌતુક પૂછ્યું. ત્યારે નારદજીએ કહ્યું કે આ નગરમાં વિચિત્ર કૌતુક મેં જોયું છે, તે તું સાંભળ, કુરૂપોમાં સર્વોપરી નભસેન પ્રસિદ્ધ છે. સ્વરૂપમાં સર્વ શ્રેષ્ઠ સાગરચન્દ્ર સર્વ પ્રથમ છે. સાંભળીને નભસેનથી વિરક્ત બની તેણીનું ચિત્ત સાગરચન્દ્રમાં અનુરાગવાળુ બન્યું, તેણીના અનુરાગનું વર્ણન નારદજીએ સાગરચન્દ્રને કર્યું.

સાગરચન્દ્રને કમલામેલાના વિરહજ્વરથી જર્જરિત જાણી તેની માતા અને અન્યકુમારો ચિત્તમાં ખેદ કરવા લાગ્યા, કમલામેલાનું ધ્યાન ધરતા સાગરચન્દ્રની પાછળ આવી શાંબકુમારે તેની આંખો બંધ કરી, સાગરચંદ્રે કહ્યું કે કમલામેલા હશે કે શું ? શામ્બકુમારે કહ્યું કે હું કમલામેલા છું; હે પિતાજી ! આપજ કમલામેલાને મેળવી આપી તે વાતને સત્ય કરી બતાવો, હું આપની પાસેથી તે સિવાય કાંઈ જ માંગતો નથી, શાંબકુમારે બધા કુમારોને મદિરા પીવડાવી, નભસેનના વિવાહ દિનમાં કુમારોને સાથે લઈ ઉદ્યાનમાં મૂકામ કર્યો.

સુરંગ દ્વારા કમલામેલાને ઉદ્યાનમાં લાવી ગંગા સમાન નિર્મલ અને પવિત્ર કમલામેલાની સાથે સાગરચંદ્રના લગ્ન કરાવ્યા, ઘરના માણસોએ, ઘરમાં તથા નગરમાં તે કન્યાને જ્યારે જોઈ નહી ત્યારે તપાસ કરતાં કરતાં તેઓ ઉદ્યાનમાં આવ્યા, શાંબકુમારે પ્રજ્ઞપ્તિ વિદ્યાના બળથી બધા કુમારોને વિદ્યાધર બનાવી દીધા, તે વિદ્યાધરોની વચમાં તે કન્યાને જોઈ, તેમની પાસેથી કન્યાને લઈ જવામાં અસમર્થ હોવાથી તેઓએ શ્રી કૃષ્ણને જઈને વાત કરી, વાત સાંભળી શ્રી કૃષ્ણ પણ ત્યાં આવ્યા, તેઓએ વિદ્યાધરોને યુદ્ધને માટે આહ્વાન કર્યું.

શાંબકુમારે પોતાનું રૂપ પ્રગટ કરી કમલામેલાની સાથે સાગરચંદ્રને લાવી, શ્રી કૃષ્ણને પ્રણામ કરાવ્યા, શ્રી કૃષ્ણ ખિન્ન થયા, અને બોલ્યા કે તમે લોકોએ આ શું

કર્યું ? આવું તમારાથી કેમ થાય, હોય ! જે બનવાનું હતું તે બની ગયું. નભસેનને શ્રી કૃષ્ણે શાંત પાડ્યો, ત્યારથી નભસેન સાગરચંદ્ર ઉપર બદલો લેવા માટે અસમર્થ હોવા છતાં પણ સમયની રાહ જોતો હતો.

વૈદર્ભિ પ્રિયાથી પ્રદ્યુમ્નને અનિરૂદ્ધ નામે સુલક્ષણ, શાસ્ત્રનિષ્ણાત, સદ્‌ગુણાલંકૃત પુત્રરત્નની પ્રાપ્તિ થઈ, યુવાવસ્થાએ પહોંચેલા અનિરૂદ્ધને જોઈ વિદ્યાધરોના ઘરની સ્ત્રીઓ પણ મોહિત થવા લાગી.

શુભનિવાસ નગરમાં વિદ્યાધરાધિપ 'બાણ' ને અનેક ગુણોથી ઉજ્જવલ ઉષા નામની કન્યા, ઉત્પન્ન થઈ, વિધાતાએ સાક્ષાત્ ઉર્વશી રૂપ તેણીને બનાવી હતી, દિક્કુમારિકાના જેવી તે કન્યાએ પોતાના અનુરૂપ પતિને પ્રાપ્ત કરવાની ઈચ્છાથી ગૌરીની આરાધના કરી. તેણીના તપથી પ્રસન્ન થઈને ગૌરીએ વરદાન આપ્યું કે 'રૂપથી કામદેવને લજ્જિત કરનાર શ્રી કૃષ્ણના પૌત્ર અનિરૂદ્ધની સાથે તારૂં લગ્ન થશે, તે પ્રમાણે વરદાન આપ્યું.'

બાણરાજાએ ગૌરીના પતિ શંકરની આરાધના કરીને યુદ્ધમાં કોઈ પણ વડે પરાજય ન થવાય તેવું વરદાન મેળવ્યું. કાલી રૂપ ધારણ કરી, ગૌરીએ ક્રોધાવેશમાં શંકરને કહ્યું કે મેં તેની પૂત્રીને અનિરૂદ્ધની સાથે લગ્ન થવા માટેનું વરદાન આપેલું છે. તો પછી આપે 'બાણ' ને અજયતાનું વરદાન શા માટે આપ્યું, ભયભીત બનેલા

શંકરજીએ 'બાણ'ને કહ્યું કે સ્ત્રીકાર્ય સિવાય બીજા બધાં જ કાર્યમાં તું અપરાજિત રહી શકીશ.

પણ સ્ત્રીકાર્યમાં તું પરાજિત બનીશ, આપની મહેરબાની, એમ કહીને 'બાણ' પણ હર્ષિત થયો, મૂર્ખ અને લોભી માણસ પોતાના હિતાહિતનો વિચાર કરતો નથી, સ્ત્રી શિરોરત્ન 'ઉષા'ની યાચના ઘણા ખેચરેન્દ્રો તથા નરેન્દ્રોએ કરી, પરંતુ 'બાણે' કોઈને પસંદ કર્યા નહિ, ઉષાએ પ્રસન્ન થઈને પોતાની સખી વિદ્યાધરીને મોકલી અનિરૂદ્ધને દ્વારિકાથી બોલાવ્યા, અનિરૂદ્ધે 'ઉષા' ને કુમારી જાણી સ્પર્શ પણ ન કર્યો, તેના ભાવને જાણીને તેની સખી ચન્દ્રલેખાએ ઉષાની સાથે અનિરૂદ્ધના ગાન્ધર્વ લગ્ન કર્યા.

અનિરૂદ્ધ ઉષાને લઈને દ્વારિકા આવ્યા, કોઈ પણ માણસ ઉષા હરણની અથવા ઉષાની ચોરી કરી છે તેવું આળ ન મૂકે માટે' અનિરૂદ્ધે આકાશમાંથી મોટા સ્વર વડે ઘોષણા કરી, તે સાંભળી 'બાણ' સૈન્ય સહિત ક્રોધથી દોડયો, ઉષાના મૂખથી તત્કાલ વિદ્યાઓને શીખી સમર્થ એવા અનિરૂદ્ધે 'બાણ'ની સામે યુદ્ધ કર્યું. પરંતુ ખેચરેન્દ્રે અનિરૂદ્ધને નાગપાશથી બાંધ્યો, પ્રજ્ઞપ્તિ વિદ્યાના બળથી ત્યાંના સમાચારના શ્રી કૃષ્ણને ખબર પડયા, પ્રદ્યુમ્ન અને શાંબકુમારને સાથે લઈ શ્રી કૃષ્ણવાસુદેવ આવ્યા, ગરૂડાસ્ત્રથી નાગપાશને કાપી નાખ્યો, શંકરના વરદાનથી, વિદ્યાના બલથી, ભૂજાના બળથી, મદોન્મત્ત બનેલા 'બાણે' શ્રી કૃષ્ણ વાસુદેવને કહ્યું કે હે નીચ! તને ખબર નથી કે

હું શંકરના વરદાનથી અજય છું; બીજાની કન્યાની ચોરી કરી છે.

હે નિર્લજ્જ ! તારૂં સ્વરૂપ જોઈને તારા પૂત્રો તથા પૌત્રો પણ બીજાની કન્યાઓની ચોરી કરવા લાગ્યા છે. શ્રી કૃષ્ણે કહ્યું કે ઠગારાની જેમ શું બોલે છે ? કન્યા તો બીજાને આપવાની હોય છે. તો પછી તે કન્યા પોતાની જાતે મનપસંદ પતિને ગ્રહણ કરે તેમાં તને શું વાંધો છે. કન્યાનો બદલો લેવાના ઈરાદાથી તું યુદ્ધ કરવા માટે ઉદ્ધત થઈ હાથી ઉપર બેસીને આવ્યો છે. વિદ્વાનોએ પણ પોતાના પગને જોવા જોઈએ, શંકરના બલથી હે મૂર્ખ ! તું જગતની અવહેલના શા માટે કરે છે ? હમણાં જ હું તને શિક્ષા આપું છું. તને જો કોઈ પણ બચાવે તો હું શંકરના વરદાનને સત્ય માનીશ.

સાંભળીને 'આસન્ન મૃત્યુ' બાણ, શંકરજીની તે વાણીને (સ્ત્રી કાર્યમાં તું અજીત નથી) ભૂલી યુદ્ધ કરવા માટે નિકળ્યો, 'બાણે' ધનુષ્ય ખેંચી બાણોનો વરસાદ વરસાવ્યો, પરંતુ શ્રી કૃષ્ણ વાસુદેવે, પ્રતિવાદી જેવી રીતે વાદીના શબ્દોનું ખંડન કરે છે તેવી રીતે તેના બાણોનું ખંડન કર્યું. 'બાણ' યુદ્ધ કરતો જ રહ્યો, ધીરે ધીરે તેના આયુધો ખલાસ થઈ ગયા, વિદ્યાઓ પણ નષ્ટ થઈ ગઈ, કૃષ્ણ વાસુદેવે તેને નીચે નાખી દીધો, ચક્રવડે તેના શરીરના ખંડ ખંડ ટુકડા કરી નાખ્યા, ઉષા સહિત અનિરૂદ્ધને લઈ શ્રી કૃષ્ણ દ્વારિકામાં આવ્યા.

॥ અમમસ્વામિ ચરિત્રનો અગ્યારમો સર્ગ સમાપ્ત ॥

# સર્ગ બારમો.

ત્યારબાદ અન્તઃપુરની સુંદર સ્ત્રીઓની સાથે ઉદ્યાનોમાં, સરોવરોમાં, પરિવાર સહિત રમણીય સ્થાનોમાં, રામ, કૃષ્ણ અને તેમના પુત્રો તથા પૌત્રોને વિલાસ કરતા જોઈ શ્રી સમુદ્રવિજય રાજા તથા શિવાદેવીએ પ્રેમાતુર બની કોમળ વચનોથી શ્રી નેમિનાથને કહ્યું કે હે વત્સ ! પૂર્ણ ચન્દ્રની સમાન કલાઓથી સંપૂર્ણ તને જોઈ અમારા અંતરમાં આનંદ થાય છે. પરંતુ તું ચંદ્રની કૌમુદિની જેમ સ્ત્રીઓનો શિકાર કરીને અમારા હર્ષને કેમ વધારતો નથી ? તારી કૌમાર્યાવસ્થા જોઈને અમારા ચિત્તમાં અનેક પ્રકારે ચિન્તા થાય છે.

ત્રણ જ્ઞાનોથી યુક્ત એવા શ્રી નેમિનાથે કહ્યું કે તમો તમારા હૃદયમાં કોઈ પણ પ્રકારનું દુઃખ લગાડશો નહી. મારા યોગ્ય જો કોઈપણ સ્ત્રી મને લાગશે ત્યારે હું જરૂરથી તેનો સ્વીકાર કરીશ, અયોગ્ય કન્યાઓનો સ્વીકાર કરી હું મારા જીવનને દુઃખી કરવા ઈચ્છતો નથી, તોપણ માતા પિતાની ઉત્કૃષ્ટ ઉત્કંઠા જોઈને શ્રી નેમિનાથે તેઓને શાંત પાડ્યા.

આ બાજુ યશોમતીનો જીવ અપરાજિતથી ચ્યવીને ઉગ્રસેનની પત્ની ધારિણીની પુત્રીરૂપે ઉત્પન્ન થઈ, માતા પિતાએ બાલિકાનું નામ 'રાજીમતી' રાખ્યું. સર્વાંગ સુંદર

તે કન્યા કલ્પવલ્લીની જેમ સુખપૂર્વક મોટી થવા લાગી, બાલ્યાવસ્થાને છોડી તેણી યૌવનાવસ્થાને પ્રાપ્ત કરી ચૂકી, જેના અંગોને જોવા માત્રમાં જ ઈચ્છા તૃપ્ત થઈ જાય, તેવી લાવણ્યમય તેણી હતી, તેના નેત્રો જોઈ લોકો હરણના નેત્રોને ભૂલી જતા હતા, તેણીના વૃક્ષઃસ્થલ પણ સુશોભિત નિધાનના કુંભોથી પણ ઉચ્ચસ્થલના જેવા દેખાતા હતા, સખીઓની સાથે પરસ્પર વિવાહાદિ ક્રીડાઓને કરતી દિવસો પસાર કરવા લાગી.

શ્રી નેમિકુમાર બીજા રાજકુમારોની સાથે ક્રીડા કરતા કૌતુક વશ બની એક દિવસ શ્રીકૃષ્ણની આયુધશાળામાં ગયા, ત્યાં ચક્ર, સારંગધનુષ્ય, ગદા, શંખ, નન્દકાદિ દિવ્યાસ્ત્રોને જોઈ પોતાના મિત્રની જેમજ શંખને ઉપાડવાની ઈચ્છા કરી, શસ્ત્રાગારના રક્ષકે અંજલી જોડીને કહ્યું કે હે દેવ! આ પંચજન્ય શંખ શ્રીકૃષ્ણ વિના કોઈપણ મનુષ્ય ઉપાડી શકતો નથી, તોપછી વગાડવાની તો વાત શી કરવી, હે કુમાર! આપ તો ખૂબ જ સુકુમાર છો, આપ ઉંમરમાં પણ નાના છો, માટે આપશ્રી આ શંખને ઉપાડવાનું કાર્ય કરતા નહી. શ્રીનેમિએ સાંભળીને અંતરમાં હસતાં હસતાં સફેદ કમલ જેવા શંખને હાથમાં લઈ, પોતાના મુખની પાસે લાવી તે શંખને ફુંક્યો, બ્રહ્માના આઠે કાનોને બ્હેરા બનાવતા, દશે દિશાઓને ગજાવતા, હાથીઓને વ્યાકુલ બનાવતા, બ્રહ્માંડમાં શંખનો અવાજ ફેલાઈ ગયો, શંખના અવાજથી ભૂમિ કંપાયમાન થઈ ગઈ. ગજેન્દ્રોની જેમ પર્વતો કંપાયમાન થયા.

મારા પુત્ર શંખને જગત્પતિએ ઉઠાવીને ચુંબન કર્યું છે. તેમ સમજી સમુદ્ર પણ પોતાના મોજાઓને ઉછાળતો હસવા લાગ્યો, દ્વારિકાપુરીના સિમાડે સમુદ્રના તરંગો નાચવા લાગ્યા, શ્રીકૃષ્ણ અને બલદેવના કાનમાં પણ શંખનો અવાજ ગુંજવા લાગ્યો. નગરજનો આશ્ચર્ય અનુભવવા લાગ્યા, શ્રીકૃષ્ણનું ચિત્ત વિહ્વલ બન્યું. તેમના મનમાં અનેક પ્રકારના તર્કવિતર્ક થવા લાગ્યા, શું બીજા દ્વીપમાંથી કોઈ વાસુદેવ આવ્યા હશે? અથવા તો ઈન્દ્ર તો નહિ આવ્યો હોય ને?

કેમકે આવો શંખધ્વનિ તો મેં કોઈ દિવસ સાંભળ્યો નથી, આ પ્રમાણે શ્રીકૃષ્ણ ચિંતા કરતા હતા ત્યાં તો શસ્ત્રાગારના રક્ષકોએ આવીને કહ્યું કે હે સ્વામિન્! બીજા દ્વીપના વાસુદેવ અહીં આવી શકતા નથી, ઈન્દ્ર તો આપના બલથી ત્રાસીને સ્વર્ગમાં શાંતિપૂર્વક જઈને રહ્યા છે, મહા બલવાનના સ્થાનમાં જ મહા બલવાન ઉત્પન્ન થઈ શકે છે એ પ્રમાણે શ્રી નેમિકુમારે પંચજન્ય શંખ વગાડયો છે, અને આ અવાજ પણ તેનો છે. સાંભળીને ચિત્તમાં વિસ્મય પામેલા અને હર્ષાવેશમાં આવેલા શ્રીકૃષ્ણને રક્ષકોની વાત ઉપર વિશ્વાસ ન આવ્યો.

શ્રી નેમિકુમારની પાસે જવા માટે કૃષ્ણ તૈયાર થયા, ત્યાં તો શ્રી નેમિકુમાર દોડતા આવ્યા, શ્રીકૃષ્ણે આદરભાવથી તેમને આસન ઉપર બેસાડીને પૂછયું કે હે બંધુશિરોમણી! હમણાં જ પ્રલયકાળના વરસાદની જેમ ગર્જના

કરનો પંચજન્ય શંખ આપે ફુંક્યો છે? 'નેમિકુમારે પ્રત્યુત્તરમાં કહ્યું કે 'હા' મેં વગાડ્યો છે.' શ્રીકૃષ્ણ તેમને વિશ્વમાં સર્વાધિક બલવાન જાણતા હતા છતાં પણ ફરીથી કહ્યું કે મારા શિવાય આ શંખ બીજા કોઈ વગાડી શકે તેમ નથી.

આપશ્રી બાહુયુદ્ધ દ્વારા પણ કાંઈક કૌતુક બતાવો, શ્રીકૃષ્ણના કહેવાથી નેમિકુમારે કહ્યું કે આપણા માટે પરસ્પર બાહુયુદ્ધ કરવું ઉચિત નથી. પણ હાથને લાંબો કરી વાળવાની ક્રીડા કરીને બલાબલની પરીક્ષા કરીએ, સાંભળીને શ્રીકૃષ્ણે વજ્રના સમાન પોતાના હાથને લાંબો કર્યો, શ્રી નેમિકુમારે પોતાના ડાબા હાથ વડે તે હાથને વલયાકારે વાળી નાખ્યો, ત્યારબાદ શ્રી નેમિનાથે પોતાનો હાથ લાંબો કર્યો શ્રીકૃષ્ણે તે હાથને વાળવા માટે ખૂબ જ મહેનત કરી, પરંતુ પોતે જ વૃક્ષની ડાળ ઉપર જેમ વાનર લબડે છે તેમ શ્રી નેમિનાથના હાથને વાળી શકયા નહી. પણ લબડી ગયા, અને પોતાના 'હરિ' નામને સાર્થક બનાવ્યું. શ્રીકૃષ્ણ પોતાની લઘુતાને છુપાવતા સ્નેહથી શ્રી નેમિકુમારને ભેટી પડયા, પોતે બલરામની પાસે જઈ એકાન્તમાં કહ્યું કે શ્રી નેમિકુમારની બલાબ્ધિ પાસે ચક્રી, વાસુદેવ અને શક્રેન્દ્રનું બલ પણ તરણા સમાન છે.

તો પછી સંપૂર્ણ ભરતક્ષેત્રને સાધી એક છત્રરાજ્ય પ્રાપ્ત કેમ ન કરે, શ્રી બલરામે હસીને કહ્યું કે તેમના

બળ ઉપર તો આપણું રાજ્ય નિર્ભય છે. જો તેઓએ લાખો રાજાઓને યુદ્ધમાં રોકી ન રાખ્યા હોત તો જરાસંઘની સાથેના યુદ્ધમાં તમારો વિજય થવો મુશ્કેલ બનત. હે કૃષ્ણ! તેઓને રાજ્યની સ્પૃહા નથી, તોપણ લોકોત્તર બલથી શ્રીકૃષ્ણના ચિત્તમાં ચિંતા થતી હતી, દેવતાઓએ શ્રીકૃષ્ણને સમજાવ્યા, કે મોટાઓને પણ મોહ હોય છે. અને તે મોહ દરેકને વિહ્વલ બનાવે છે.

પૂર્વે થઈ ગયેલા નમિનાથ પ્રભુએ કહ્યું હતું કે મારા પછી કુમારાવસ્થામાં વ્રતને ગ્રહણ કરનાર નેમિનાથ નામે તીર્થંકર થશે, દેવતાઓની વાણી સાંભળીને શ્રીકૃષ્ણના મનમાં આનંદ થયો, બલરામને વિદાય કરી શ્રીકૃષ્ણ અંતઃપુરમાં આવ્યા. ત્યાં શ્રી નેમિકુમારને પોતાની પાસે બોલાવી એક આસન ઉપર બેસાડયા, વિધિપૂર્વક સ્નાન વિલેપન અને દિવ્ય ભોજન કરાવ્યું. શ્રીકૃષ્ણે અંતઃપુરના કંચુકીઓને કહ્યું કે શ્રી નેમિકુમારને અંતઃપુરમાં આવતા જતા કોઈએ રોકવા નહી વળી નિર્વિકાર હોવા છતાં પણ શ્રી નેમિકુમાર નિર્વિકારપણે અંતઃપુરમાં ક્રીડાઓ કરવા લાગ્યા.

વસંત ઋતુનું ધરતી ઉપર આગમન થયું. શ્રી નેમિકુમાર સહિત શ્રીકૃષ્ણ પોતાના અંતઃપુરને સાથે લઈ શ્રી રૈવતોદ્યાનમાં આવ્યા, ત્યાં સાક્ષાત્ ધનુર્ધારી શ્રીકામદેવના સુવર્ણ ભાલા જેવી દેખાતી તેઓએ આંબાની મંજરીઓ જોઈ. વિકસિત અને સુગંધિત પુષ્પોના અગ્ર ભાગ ઉપર બેઠેલા

ભમરાઓને ગુંજારવ કરતા જોયા, આકાશમાં વિહરતી દેવીઓની જેમ ઝુલા ઉપર બેઠેલી સ્ત્રીઓ દેખાતી હતી, કમલાક્ષીઓના સંગીતના અધ્યયનની જેમ પશુઓના અવાજો સંભળાતા હતા, ઉપવનમાં પંચમ રાગમય આલાપનો સંગમ થયો હતો.

થોડાક લોકો વિણા વગાડતા હતા, તો કોઈક નાચતા હતા, થોડાક લોકો મદિરાપાન કરીને મસ્ત બની નાચતા હતા, કંઈક માણસો ઝુલા ઉપર બેસીને ઝુલતા હતા, શ્રી કૃષ્ણે અંતઃપુરની સ્ત્રીઓને પુષ્પગુચ્છ તૈયાર કરવાની આજ્ઞા આપીને કહ્યું કે શ્રી નેમિકુમારના ચિત્તમાં કોઈપણ પ્રકારે કામભાવ ઉત્પન્ન કરો. વસંતઋતુએ પણ કામદેવને પાંચ બાણો આપેલા જ હોય છે. માટે શ્રી કૃષ્ણની રાણીઓએ પોતાની તમામ શક્તિઓનો ઉપયોગ કર્યો, જાણે કે સ્વર્ગથી દેવાંગનાઓ આવેલી ન હોય ! તેવી રીતે શ્રીકૃષ્ણની સ્ત્રીઓ પુષ્પોને લેતી જાય અને શ્રી નેમિકુમારની અનેક પ્રકારની મશ્કરીઓ કરતી જતી હતી.

કોઈએ નેમિકુમારમાં રાગને ઉત્પન્ન કરવા માટે ઔષધીરૂપ આંબાની મંજરીઓ આપી. કોઈએ કામદેવની સુવર્ણ શૃંખલા સમાન ચંપાના પુષ્પોની માળા ગુંથીને પહેરાવી, પરંતુ શ્રી નેમિકુમાર બીજી વસન્ત ઋતુની જેમ શુદ્ધ હૃદયરૂપ પુષ્પોના આભુષણોને ગ્રહણ કરી શોભતા હતા, કોઈ વૃદ્ધાએ તેમની ઉપર પુષ્પનો ગુચ્છ નાંખી ચુંબન કર્યું.

પરંતુ પ્રભુને નિર્વિકાર જોઈને તેણી લજ્જાળુ બની ગઈ, કોઈક સ્ત્રીએ નેમિકુમારને પોતાની પાસે રાખી પોતાના શોકને દૂર કર્યો, કોઈક સ્ત્રીએ બકુલના પુષ્પને પોતાના મુખથી ચુંબન કરી, પ્રભુ નેમિનાથને કામદેવની દુર્જયતા બતાવી, કોઈક સ્ત્રીએ પોતાની વિદ્યાના બળવડે અશોક વૃક્ષને લાત મારી પુષ્પિત બનાવ્યું. કોઈએ વળી વિદ્યા બળે કટાક્ષ કરી તિલક અને પોતાના નેત્રના કટાક્ષોથી વૃક્ષને પુષ્પાચ્છાદિત બનાવ્યું.

વળી પ્રભુને સંકેતથી જણાવ્યું કે વૃક્ષો પણ સ્ત્રીના કટાક્ષોથી નવપલ્લવિત બને છે અને સ્ત્રીઓના કટાક્ષોને ઈચ્છે છે. શ્રી નેમિકુમારના કામને ઉત્તેજિત કરવા માટે કોઈક સ્ત્રીએ ગીતોદ્વારા પત્થરને પીગળાવ્યો, ઝુલા ઉપર બેસીને કોઈક સ્ત્રી એવી રીતે ઝુલતી કે જેથી નેમિકુમારના શરીરને કમ્પાવતી હતી, ઉપવનમાં આવેલી તમામ સ્ત્રીઓ જુદા જુદા પ્રકારે શ્રી નેમિકુમારને ક્ષોભ પમાડવા માટે ક્રીડાઓ કરવા લાગી પણ તળાવમાં રહેલા કમળપત્રની જેમ પ્રભુ નિર્લિપ્ત હતા.

શ્રીકૃષ્ણ પોતાની સ્ત્રીઓને નિષ્ફલ થયેલી જોઈને અત્યંત દુઃખી થયા, પોતાનાથી ચુંટાયેલા પુષ્પોની માળા ગુંથી શ્રીકૃષ્ણે નેમિકુમારના ગળામાં નાખી, વળી પ્રભુને પુષ્પોવડે આખા અંગે વિભુષિત કરવા માટે અને સ્ત્રીઓના પ્રત્યે અનુરાગ ઉત્પન્ન કરવા માટે પોતાની સત્યભામાદિ આઠ પટ્ટરાણીઓને શ્રીકૃષ્ણે આજ્ઞા આપી.

સત્યભામાએ હાથને ઉંચો કરી નેમિકુમારના મસ્તક ઊપર પુષ્પગુચ્છ મૂકયો. મલ્લિ પુષ્પોવડે રૂકિમણીએ નેમિકુમારને કેશગુંથન કર્યું. પોતાની નાડીના બંધને ઢીલી કરી જાંબુવતીએ તેમના મસ્તક ઊપર સુવર્ણ કમલની રચના પુષ્પોવડે કરી, લક્ષ્મણાએ પ્રભુના મુખને ચુંબન કરી આકાશના જેવા વિશાળ ભાલપ્રદેશમાં ચન્દ્રોજ્જવલ તિલક બનાવ્યું. સુસિમાએ તેમને રાગાંધ બનાવવા માટે કાનમાં પુષ્પોના કુંડલો પહેરાવ્યા.

ગૌરીએ તેમના કપોલ સ્થાન ઉપર જાણે કે મકર ધ્વજનું રાજ્ય પ્રાપ્ત કરવાની ઈચ્છા ન હોય તેમ મકર પત્રની રચના કરી, પદ્‌માવતીએ શ્રી નેમિકુમારને ગળામાં સુવર્ણ કમળની રચનાનો હાર પહેરાવ્યો, ગાન્ધારીએ અત્યંત હર્ષથી પ્રભુના બન્ને હાથોમાં પુષ્પરચિત વલયો પહેરાવ્યા, આ પ્રમાણે નેમિકુમાર પોતાની ભાભીઓ દ્વારા થયેલા વિ-લાસોથી પણ વિચલિત થયા નહી. કેમકે તેમનું ચિત્ત વજ્રથી પણ અધિક કઠોર હતું. વળી તેઓ સ્વભાવથી જ શાંત હતા, શ્રીકૃષ્ણના આદેશથી બીજી સ્ત્રીઓને શ્રીનેમિકુમારના ચિત્તને કામાંધ બનાવવાનો ઘણો પ્રયત્ન કર્યો, તે વખતે સૂર્યે પણ પશ્ચિમ સમુદ્રમાં પ્રવેશ કર્યો. બીજે દિવસે પણ તે સ્ત્રીઓએ અનેક પ્રકારની ક્રીડાઓ કરી.

જલક્રીડામાં કોઈ રમણીએ પ્રભુને કહ્યું કે આપ આપના હાથથી આ સુવર્ણ કલશને પકડી લતાની જેમ મારા ઉપર નાખો, તેણીની ઈચ્છા પ્રભુના શરીરના સ્પર્શની

હતી. વરસાદની ધારાઓથી સિંચાઈને કદમ્બવૃક્ષ પ્રફુલ્લિત થાય છે તેવી રીતે કમલિનીઓએ પાણીના સિંચનથી શ્રી નેમિકુમારના હૃદયને પ્રફુલ્લિત કરવાનો પ્રયાસ કર્યો, પણ શ્રી નેમિકુમાર પહાડ સમાન કઠીણ રહ્યા, કારણ કે તેમનું હૃદય તે કમલિનીઓ ભેદી ન શકી, એટલું જ નહીં પણ તેમના એક રૂંવાટાને પણ કાળ સ્પર્શી શકયો નહી.

શ્રી કૃષ્ણના પ્રેમની ખાતર તે બધી સ્ત્રીઓને જલક્રીડાઓમાં ખુબ જ રમાડી, આ પ્રમાણે તેમની ક્રીડાઓથી પ્રસન્ન થયેલા શ્રીકૃષ્ણ ઘણો વખત જલક્રીડા કરીને બહાર કિનારે પોતાના પત્નીની તથા અન્ય સ્ત્રીઓની સાથે આવી ગયા, શ્રી નેમિનાથ શ્રી કૃષ્ણની વલ્લભાઓની સાથે તાલીવનમાં પધાર્યા, રજતમય સિંહાસન ઉપર બેસાડીને રૂકિમણીએ પોતાના ઉત્તર વસ્ત્રથી શરીરને લુછયું. અને મધુરવાણીથી કહ્યું કે શરીરની શોભામાં તથા બળમાં આપે આપના ભાઈને જીતી લીધા છે. તો પછી અનેક સ્ત્રીઓની સાથે લગ્ન કરીને તમે તેમના અન્તઃપુરને પણ શા માટે જીતી લેતા નથી.

આપના આ સુંદર રૂપ અને યૌવનને સ્ત્રીનો હાથ ગ્રહણ કર્યા સિવાય જંગલમાં ઉત્પન્ન થયેલ રત્નની જેમ વ્યર્થ કેમ ફેંકી દેવા તૈયાર થયા છો? પહેલાં પણ સર્વે જિનેશ્વરો સ્ત્રીવાળા અને બધાનું રક્ષણ કરવાવાળા હતા, આપ તો બન્ને બાજુથી પરાજિત થયેલાની જેમ મુગ્ધ બનીને જોયા જ કરો છો, આપના જ કુલમાં મુનિસુવ્રત સ્વામિએ ભોગોનો ઉપભોગ કરીને, વ્રત ગ્રહણ કરેલ હતું.

તો આપે પણ કુલાચારનું પાલન કરીને જ જિનાચારનું પાલન કરવું જોઈએ, ત્યાર બાદ શ્રી કૃષ્ણની બધી સ્ત્રીઓએ નેમિકુમારના પગ પકડીને લગ્ન કરવાનો અત્યંત આગ્રહ કર્યો.

અત્યંત ઉત્કંઠિત શ્રી કૃષ્ણે યાદવોની સાથે આવી પ્રિયવચનોથી તેમનો હાથ પકડીને વિવાહને માટે શ્રી નેમિકુમારને પ્રાથના કરી, ઘણા દિવસની માતા પિતાની ઈચ્છાને પૂર્ણ કરો, અને લતાની જેમ મારી રાજ્યલક્ષ્મીને ફળવાળી બનાવો, બધા ભાઈઓ તથા તેમની સ્ત્રીઓ આગ્રહ કરી રહી છે. ત્યારે તેમની વાતનો નિષેધ કરવાથી મારી જડતા જાહેર થશે, અત્યારે તો ફક્ત વિવાહની વાત છે ને? માટે વાણીથી તેમની વાતને માનવી અત્યંત આવશ્યક છે.

પછીથી કોઈ પણ બહાનું કાઢીને લગ્નની વાતનો તિરસ્કાર કરી શકાશે, એમ માનીને વિવાહની વાતનો સ્વીકાર કર્યો, વિવાહની વધામણી આપનાર સેવકોને સમુદ્રવિજય તથા શિવાદેવીએ પોતે પહેરેલા તમામ અલંકારો ઉતારીને આપી દીધા, પ્રિયા સહિત અત્યંત આનંદમાં આવી શ્રી પ્રભુના લુંછણા લીધાં, વરસાદ આવવાથી બધા જ દ્વારિકામાં પાછા આવી ગયા.

શ્રી નેમિકુમારના માટે કન્યાની શોધ કરવા લાગ્યા, તે વારે શ્રી કૃષ્ણને સત્યભામાએ કહ્યું કે મારીબેન રાજીમતી સર્વથા તેમના માટે યોગ્ય છે, શ્રી કૃષ્ણે સત્યભામાની વાતને માન્ય કરી, તેઓ બલરામની સાથે ઉગ્રસેનને ત્યાં આવ્યા.

ઉગ્રસેન રાજાએ ઉઠીને આદરમાન આપી શ્રી કૃષ્ણ તથા બલરામનો સત્કાર કર્યો, આસન ઉપર બેસાડી ઉગ્રસેન રાજા હાથ જોડીને તેમની વાત સાંભળવા સામા ઉભા રહ્યા, શ્રી કૃષ્ણ વાસુદેવે નેમિકુમારને માટે રાજીમતીની માંગણી કરી, તમારે તમારી વસ્તુને માટે માંગણી શા માટે કરવાની હોય ? આ પ્રમાણે કહીને ઉગ્રસેન રાજાએ શ્રી કૃષ્ણની વાત મંજુર કરી. તેઓનો સત્કાર કરી, ઉગ્રસેન રાજાએ વિદાયગિરિ આપી.

સમુદ્રવિજય રાજા પાસે બલરામ તથા શ્રી કૃષ્ણે આવીને હર્ષપૂર્વક નેમિકુમારના વિવાહની વાત કરી, તેઓએ પ્રસન્ન થઈને કહ્યું કે હે વત્સ ! પિતા, પિતૃવ્ય, તથા ભાઈઓની તરફ તારા જેવો બીજા કોઈને પ્રેમ નથી, સમુદ્રવિજય તથા કૃષ્ણે સેવકને મોકલાવી નિમિત્તક ક્રૌષ્ટુકીને બોલાવી કહ્યું કે હમણાં દક્ષિણાયન હોવાથી લગ્ન થાય નહી. પણ શ્રી નેમિકુમારના લગ્નને માટે નજીકમાં નજીક આવતા શુભ દિવસને આપ બતાવો, તે તો વિવાહની વાતનો સ્વીકાર કરતો જ નહોતો, પણ શ્રી કૃષ્ણની પ્રેરણાથી આ જ તેઓએ કોઈ પણ પ્રકારે વિવાહની વાતનો સ્વીકાર કર્યો છે. ક્રૌષ્ટુકીએ શ્રાવણ સુદ છઠનો દિવસ બતાવ્યો.

ઉગ્રસેન તથા સમુદ્રવિજય શ્રીનેમિકુમારના લગ્નકાર્યમાં રત બન્યા, શ્રૃંગારધારી તોરણોથી સુશોભિત રત્નમંડપ બનાવવામાં આવ્યો, દરેક ઘર ઉપર મકરધ્વજ તથા કાંકિણી નાદથી સમસ્ત દ્વારિકાનગરી નૃત્યાંગનાની જેમ શોભવા

લાગી, લગ્નનો દિવસ નજીક આવવાથી શિવાદેવી વિગેરે યદુકુલની રાજરાણીઓએ શ્રી નેમિકુમારને સિંહાસન ઉપર બેસાડી, સ્નાનાદિ કરાવ્યું. શ્રી કૃષ્ણ તથા બલરામે શ્રી નેમિકુમારના હાથમાં મંગલસૂત્ર બાંધ્યું. ઉગ્રસેન રાજાના ઘેર જઈને શ્રી કૃષ્ણે રાજીમતીને પણ અધિવાસિત કરી પાછા પોતાના ઘેર આવ્યા, અને રાત્રિ વ્યતિત કરી.

શું નેમિકુમાર મારા ભાવી પતિ થશે ? આ ચિન્તાથી રાજીમતીનું મન મુંઝાવા લાગ્યું. સખીઓએ તેને હિંમત આપી, કૃશાંગી હોવા છતાં પણ ચંપાના ફુલ સમાન ગૌરાંગી રાજીમતીએ અદ્‌ભૂત શૃંગારની રચના કરી કે જેનાથી કામદેવ પણ ધનુષ્યને છોડી રાજીમતીની સ્પૃહા કરવા લાગ્યો, ચકોરાક્ષી રાજીમતી મહેલના ગવાક્ષમાંથી વારંવાર જોવા લાગી, તેણીનું ચિત્ત શ્રી નેમિકુમારને જોવા માટે અત્યંત અધીર હતું. વાદળાના અંગમાં રમતી વિજળીને જેમ આનંદ થાય છે તેમ શ્રી નેમિકુમારના અંગમાં રમવાની ઈચ્છા રાખતી, રાજીમતી અત્યંત અધીરી બનેલી પદ્મિનીની જેમ નેમિકુમારની સાથે લગ્ન કરવા માટે રાત્રીને જેમતેમ વીતાવતી હતી.

સૂર્યોદય થાય બાદ શ્રીકૃષ્ણ પોતાના મહેલમાંથી આવીને શ્રી નેમિકુમારને લગ્નના માટે શણગારવા લાગ્યા, ગોશિર્ષ ચન્દનાદિના લેપથી કાયા સુગંધિત બની ગઈ હતી, શ્રી નેમિકુમારની આરાધના ન કરતા હોય તેવી રીતે અલંકારો, વસ્ત્ર અને પુષ્પો યથાસ્થાને અલંકૃત થઈને બેઠા

હતા, આ પ્રમાણે શૃંગારથી સજ્જ બનેલા નેમિકુમારના મસ્તક ઉપર સફેદ છત્ર તથા બન્ને તરફ ચામરો વિંઝાતા હતા, સફેદ ઘોડાથી યુક્ત રથ ઉપર બેસીને શ્રી નેમિકુમાર પરણવા ચાલ્યા, વાજિંત્રોના નાદથી આકાશ પણ ગુંજી ઉઠયું.

મોટી અને કિંમતી પાલખીઓમાં બેસીને આગળ ચાલતી યદુઓની સ્ત્રીઓ મંગલ ગીતો ગાતી હતી, બંને બાજુ રાજાઓની આગળ રાજકુમારો ચાલતા હતા, પાછળ દશાર્હ, શ્રીકૃષ્ણ, બલરામાદિ યદુગણોથી પરિવરિત શ્રી નેમિકુમાર પરણવા ચાલ્યા, આ પ્રમાણે નેમિકુમાર ઉગ્રસેનના મહેલથી થોડે દૂર હતા, તે વખતે વરસાદની ગર્જનાથી આનંદને પ્રાપ્ત કરતી મોરલીની જેમ વાજીંત્રોના નાદ સાંભળી રાજીમતીને તેની સખીઓ ઝરૂખામાં લઈ આવી.

જેવી રીતે દેવાંગનાઓ વિમાનને શોભાવે છે તેવી રીતે નગરની સ્ત્રીઓ નેમિકુમારના લાવણ્યામૃતને જોવા માટે બારીઓ પાસે આવીને શોભાવતી હતી, વિવાહને માટે આવતા નેમિકુમારને જોઈ, રાજીમતી વિચારવા લાગી કે આવા સુંદર વરની સાથે મારા લગ્ન થશે, તે પણ મારા ભાગ્યની વૃદ્ધિ છે. જમણું અંગ અને નેત્ર ફરકવાથી મનમાં તથા શરીરમાં ચિન્તા થવા લાગી, કે “ શ્રી નેમિકુમારની સાથે લગ્ન થવા દુર્લભ છે. ”

આવો મનમાં નિશ્ચય કરીને રાજીમતી રોવા લાગી, સખિઓએ રાજીમતીને કહ્યું કે હે દેવી ! આનંદના વખતે

તું રડે છે શા માટે ? જ્યારે તેણીએ કારણ કહ્યું ત્યારે જલ્દીથી શાંતિ મંગલ કર્યું. અનેક જીવોના કરૂણ સ્વરોને સાંભળી શ્રી નેમિકુમારે સારથિને કહ્યું કે હે સારથિ આ શું છે ? સારથિએ કહ્યું કે હે દેવ ! આપના લગ્ન નિમિત્તે ભોજનમાં રાંધવા માટે ઉગ્રસેન રાજાએ મંગાવેલા જલચર, તથા ખેચર જીવો છે. રક્ષકોથી બંધાયેલા છે. વળી કસાઈઓથી કપાવાના છે. પોતાના રક્ષણને માટે મોટેથી બુમો પાડે છે, રડે છે. દરેકને પ્રાણભય એ સર્વેથી મોટો ભય છે.

તે વખતે શ્રી નેમિકુમારે કહ્યું કે રથને તે બંધનમાં પડેલા પશુઓ પાસે લઈ લે, સારથિએ પણ રથને તે બાજુ લીધો, જેવી રીતે પૂત્ર પિતાને પ્રાર્થના કરે છે તેવી રીતે નેમિનાથને પોતાના રક્ષણની પ્રાર્થના દીનમૂખવાળા બંધન પ્રાપ્ત પ્રાણીઓએ પોતાની ભાષામાં કરી, કરૂણારૂપ વનના કંદરૂપ ભગવાન નેમિકુમારે સારથિને આદેશ આપી, તે બધા પ્રાણીઓને બન્ધન મુકત કરાવ્યા, તે પ્રાણીઓ પોતપોતાના સ્થાને ચાલ્યા ગયા બાદ શ્રી નેમિનાથે પોતાના રથને પોતાના મહેલ તરફ ફેરવાવ્યો.

તે વારે પ્રભુના માતા પિતા, શ્રી બલરામ, શ્રી કૃષ્ણાદિ આપ્તજનો પોતપોતાના રથને છોડી શ્રી નેમિનાથ પ્રભુના રથ પાસે આવ્યા, આંખોમાંથી આંસુને વહાવતા, માતા-પિતાએ કહ્યું કે હે પૂત્ર ! અત્યારે હમારા મનોરથ રૂપી રથને તોડવો તારા માટે ઠીક નથી, દૂધમાં મીઠાની જેમ, મંગલમાં અમંગલ કરીને, નંદન હોવા છતાં કંદન શા

માટે કરાવે છે? તે વારે નેમિકુમારે કહ્યું કે આપ લોકો વગર વિચારે મારી નિન્દા શા માટે કરો છો, કોઈ દિવસ પૂત્ર આપવાવાળો હોતો જ નથી.

કારણ કે શાસ્ત્રમાં તો પૂત્રને સર્વથી મોટો અને મહાન શત્રુ માનવામાં આવેલ છે. શાસ્ત્રમાં કહ્યુ છે કે ઉત્પન્ન થતાની સાથે જ સ્ત્રી સંબંધી સુખથી વંચિત કરે છે. ધનને ગ્રહણ કરે છે. પ્રવાસ કરતી વખતે પ્રાણને હરે છે. માટે પૂત્ર સમાન કોઈ મોટો શત્રુ નથી, અથવા તે પણ આપને જોઈએ છે તો મહાનેમિ આદિ પૂત્રોથી આપ સર્વેએ આનંદ માનવો જોઈએ, હું તો સંયમ લક્ષ્મીથી આપને આનંદ આપવાવાળો છું; નેમિકુમારની વાત સાંભળી અન્ય યાદવોની સાથે માતા પિતા મૂચ્છિંત બનીને પૃથ્વી ઉપર ઢળી પડયા.

શ્રી કૃષ્ણે ચંદનાદિ શીતોપચારથી તેઓને આશ્વાસન આપ્યું. શ્રી કૃષ્ણે નેમિકુમારને કહ્યું કે ભાઈ! જે પ્રમાણે આપે ગરીબ પ્રાણીઓ ઉપર દયા બતાવી તેવી રીતે અત્યંત દુઃખી એવા માતા પિતા ઉપર કૃપા કેમ નથી કરતા, મદનરૂપી વાઘથી વધ થયેલી રાજીમતી રૂપ મૃગલીની ઉપેક્ષા કરીને પશુઓની ઉપર દયા બતાવવાથી આપની દયા ક્રૂરતાથી ભરેલી છે. મારાથી અથવા બલરામથી કદાચ આપને વૈરાગ્યનું કારણ મલ્યું હોય તો આપ આ રાજ્યનો સ્વીકાર કરીને એમને ક્ષમા આપો, હું આપનો સેવક બનીને રહીશ.

નેમિકુમારે કહ્યું કે ભાઈ કૃષ્ણ ! તમારો આગ્રહ યોગ્ય છે. માતાપિતાને, કન્યાને અને તમને લોકોને હું બંધનથી મૂક્ત કરીશ, તે માટે તો મેં ચારિત્ર રાજાને મારો મિત્ર બનાવવાનું નક્કી કરેલ છે. પરમાર્થ કરવામાં હું સુખી છું; એમ કહીને માતા પિતા, ભાઈ, કુટુંબીઓ તથા અન્ય યદુઓને રોતા મૂકી પ્રભુએ સારથિને રથના ઘોડાઓને ચલાવવાનો હુકમ કર્યો, પછી બધા ઘેર આવ્યા.

તે વખતે પ્રભુનો દીક્ષા અવસર જાણી લોકાંતિક દેવોએ આવી પ્રભુને વિનંતિ કરી કે હે નાથ ! આપ તીર્થની પ્રવર્તના કરો.

ઈન્દ્રની આજ્ઞાથી તિર્યંગ્જૃંભકદેવોએ લોકોના દાટેલા, બીનવારસી, ધનને લાવી પ્રભુની પાસે મૂકયું. પ્રભુએ લોકોના દારિદ્રને ચુરવાવાળું વાર્ષિક દાન આપવા માંડયું, જગત તારક, સૂર્ય સમાન તેજસ્વી, ચંદ્રમા સમાન શિતલ, લોકોત્તર પ્રિય નેમિનાથને બીજી દિશામાં જતા જોઈને રાજીમતી મૂર્ચ્છિત બની જમીન ઉપર ઢળી પડી, સારસિકાની સમાન સખીઓ શિતલ જલનો છંટકાવ કરીને તેણીને શુદ્ધિમાં લાવી. જયારે તેણી શુદ્ધિમાં આવીને ઉઠી ત્યારે તેણીના ગ્રિષ્મઋતુના સૂર્યસમાન દુઃસહ નિશ્વાસોથી દ્વારિકાની ભૂમિ પણ ત્રાસી ગઈ.

રાજીમતી ઉંચા સ્વરે વિલાપ કરવા લાગી, તેણીએ સખીઓને કહ્યું કે જુઓ મારા રત્નવલયોએ પણ મારા પ્રાણપ્રિયનું અનુકરણ કર્યું છે. ( ફુટી ગયા છે) અધિક

કહેવાથી શું ? મારા પ્રાણ પણ મારા પ્રિયતમનું જ અનુકરણ કરશે. હે દૈવ ! જો તેં મારા ભાગ્યમાં નેમિકુમારને મારા પતિ બનાવ્યા નહી તો પછી અહીં સુધી તેઓને લાવ્યું શા માટે ? હે ભાગ્ય ! તારી વક્તા તો જગતમાં પ્રખ્યાત છે. હે નેમિ પ્રભુ ! મારી સાથે આપને લગ્ન નહોતા કરવા તો પછી વિવાહ કરવા માટે 'હા' શા માટે કીધી ! આમ મારા ઘેર આવ્યા જ શા માટે ? જો આવ્યા તો પછી પાછા શા માટે ગયા ? પશુઓને આપે શા માટે છોડાવ્યા ?

જો પશુઓને કરૂણાથી આપ છોડાવો છો તો પછી હું અબળા કરૂણાભાજન નથી ? જરૂર હું કરૂણારૂપ છું ? જો આપને સ્ત્રી હત્યાના પાપનો ભય ન હોય તો મારા હ્રદયમાં વિદ્યમાન એવા આપ આપનું રક્ષણ કરો, મને કલંકથી બચાવો. રાગવતી સંધ્યાને સૂર્ય જેમ છોડી દે છે એવી રીતે અનુરાગવાળી મને છોડી સ્ત્રીઓમાંથી ચંચળતાને દૂર કરી, તમે પોતે જ મને ગ્રહણ કરી છે.

હું અનુમાન કરૂં છું કે પૂર્વ ભવમાં આપે મારા સિવાય ક્રીડાઓ કરી નથી. ભોજન પણ કર્યું નથી, સુતા પણ નથી, અને તપ પણ નથી કર્યું. પરંતુ હમણાં આપ વજ્રથી પણ અધિક કઠોર અને પવનથી પણ અધિક નિષ્ઠુર બની ગયા છો, એટલે લાગે છે કે પૂર્વ કર્મોનો ક્ષય થઈ ગયો છે. સખીઓએ કહ્યું કે દેવી ! આપ તેમનું નામ પણ ન લેશો, કેમકે નિર્બળ હોવાથી વ્રત લેવાની ઈચ્છા

રાખે છે. બીજી સખિઓએ કહ્યું કે લગ્ન કર્યા સિવાય તેમણે આપનો ત્યાગ કર્યો છે. અમને એમ લાગે છે કે તેઓ બીજી કોઈ કન્યાની સાથે લગ્ન કરશે.

મહાસતી રાજીમતીએ પોતાની સખિઓને ક્રોધમાં આવી કહ્યું કે તમે બધી અહીંથી ચાલી જાવ, મારી સામે આવું કેમ બોલો છો ? વિધાતાએ તમને ચતુરાઈ આપી છે. પણ વિવેક વગરની તમને બધીને રાખી છે. વિવાહની ઈચ્છાથી નહીં તો પણ વાણીથી મારો આદર કરેલ છે. મેં તો મન અને વચનથી તેમનો આદર કરેલો છે, તેઓએ મારા હાથને ગ્રહણ કર્યો નથી. તો પણ મેં તો તેમને હૃદયથી ગ્રહણ કરેલા છે. માટે નેમિકુમાર સિવાય કોઈપણ રાજપૂત્ર મારા (પતિ) રક્ષક નહીં બની શકે, એ પ્રમાણે પ્રતિજ્ઞા કરીને તેણીએ ધ્યાન મુદ્રા ધારણ કરી, રાજીમતીની પ્રતિજ્ઞાને પ્રભુએ લોકો દ્વારા તથા પોતાના ત્રણ જ્ઞાન દ્વારા જાણીને પણ પોતાની નિર્મળતાને સ્થિર કરી, કારણકે સ્વયં તત્વજ્ઞાની છે.

આ પ્રમાણે નેમિકુમારે સુવર્ણવૃષ્ટિથી અને સમુદ્રવિજયાદિએ અશ્રુવૃષ્ટિથી જમીનને સીંચી, તે વખતે નેમિકુમારના ભાવને જાણી ઈન્દ્રોના આસન કંપાયમાન થયા, ઈન્દ્રોએ પ્રભુની પાસે આવી, તીર્થોદકથી પ્રભુને સ્નાન કરાવ્યું, ઈન્દ્રથી બનાવવામાં આવેલી અને હજારો રાજાઓથી ઉપાડવામાં આવેલી ઉત્તરકુરૂ નામની પાલખીમાં પ્રભુ પૂર્વ સન્મુખ મૂખ રાખીને સિંહાસન ઉપર બેઠા,

ઈન્દ્રે છત્ર અને ચામર લીધા હતા, માતા–પિતાદિ સંબંધી, બલરામ, શ્રીકૃષ્ણ તેમની પાછળ ચાલવા લાગ્યા, હજારો બંદીજનો તેમની સ્તુતિ કરતા હતા.

પોતાની કીર્તિને ફેલાવતા પ્રભુ પોતાના મહેલથી નીકળ્યા, પોતાના ઘરની પાસેથી જ સંયમશ્રીને ગ્રહણ કરવા જતા નેમિકુમારને જોઈ, શોકથી રાજીમતી મૂર્ચ્છિત બની ગઈ, તેની સખી ચારૂમતીએ પાલખીની આગળ આવી પ્રભુને ઓલંભા આપ્યા કે હે નાથ! આપની અનન્ય રાગિણી, વિરહાતુર અને અનાથ જાણીને પણ રાજીમતીને છોડી છે, તે યોગ્ય નથી, શું ભોજરાજ ઉગ્રસેનની પૂત્રી રાજીમતી તે પશુઓથી પણ મંદ ભાગ્યવાળી છે? જેણીની આપે ઘણી મોટી ઉપેક્ષા કરી છે. હૃદયમાં અને વાણીમાં અપૂર્વ પ્રકારની કુટિલતાને ધારણ કરવાવાળા આપે અંતઃ કુટિલ શંખને પણ તે માટે જ જીત્યો છે.

આપે ભરતક્ષેત્રના લોકોને સુવર્ણ મુદ્રાઓ આપી, પરંતુ દૃષ્ટિ માત્રથી પણ આપે તેની સામે જોયું પણ નથી. આપને કાંઈપણ કહેવું નકામું છે. કેમકે આમે શરીરથી પણ વિરાગ છે. પણ સ્નેહથી વિરાગ નથી, ચારૂલતાના ઓલંભાને સાંભળીને પણ પ્રભુ મૌન રહ્યા.

રાજીમતીને તેની માતાએ જલનું સિંચન અને કેળના પાનથી પવન નાખી, શ્રીખંડ લેપથી સ્વસ્થતા પ્રાપ્ત કરાવી, ઉપાલંભ આપીને પાછી આવેલી સખીએ તેણીને કહ્યું કે અત્યંત નિસ્નેહ વ્યક્તિને માટે આત્માને વ્યર્થ દુઃખી કરી

રહી છે. મારી વાતોથી પત્થર પણ પાણી થઈ જાય છે. પરંતુ તેઓએ નિષ્ઠુરતાથી મૌન ધારણ કર્યું છે. તે વારે વ્રતશ્રી, જ્ઞાનશ્રી અને મુક્તિશ્રીના તરફ સ્પૃહાને કરવાવાળા નેમિકુમાર ત્યાંથી ચાલી નીકળ્યા.

રાજીમતીએ કહ્યું કે હે સખી ! તું તેમને દોષ આપીશ નહી. તેઓએ મૌન દ્વારા સ્વીકૃતી આપી છે. હું તેમની કુલિન પ્રિયા છું. જેમની આરાધના અને સેવા કરી બંને તરફથી પતિવ્રતા બનીને શરીરથી ભિન્ન રહેવા છતાં અભિન્ન વલ્લભા બનીને રહીશ.

ત્યારબાદ ભગવાન રૈવતક પર્વતના સહસ્રામ્રવનમાં ઉદ્યાનમાં આવ્યા, શિબિકામાંથી ઉતરીને પોતાના વસ્ત્રાલંકાર શ્રીકૃષ્ણને આપી, પોતાના ખભા ઉપર ઈન્દ્રે આપેલા દેવદૂષ્યને ધારણ કરી, શ્રાવણ સુદ છઠને દિવસે પૂર્વાહ્ન વખતે ત્રણસો વર્ષની ઉંમરે પ્રભુએ કેશનો લોચ કર્યો, તે વખતે પ્રભુને છટ્ઠનો તપ હતો.

પ્રભુના કેશને ઈન્દ્રે પોતાના વસ્ત્રમાં લીધા, અને ક્ષીર સમુદ્રમાં પ્રવાહિત કર્યા, પ્રભુએ સામાયિક ગ્રહણ કર્યું, તે વખતે પ્રભુને મનઃ પર્યાય નામનું ચોથું જ્ઞાન ઉત્પન્ન થયું. તે વખતે ક્ષણવારને માટે નારકીના જીવોને સુખની પ્રાપ્તિ થઈ, પ્રભુની સાથે સંવિગ્ન થઈને એક હજાર રાજાઓએ દીક્ષા ગ્રહણ કરી. નેમિનાથજી પ્રભુને નમસ્કાર કરીને કૃષ્ણાદિ યદુગણ દ્વારિકામાં આવ્યા.

ઈન્દ્રો નંદીશ્વર ઉપર અષ્ટાહ્નિકા મહોત્સવ કરીને,

પોતાના સ્થાને ગયા, તે દિવસ પ્રભુ ત્યાં રહીને બીજે દિવસે વજ્રમાં ગયા, વરદત્ત બ્રાહ્મણના ઘેર પાયસ (દૂધ)નું પારણું કર્યું. પંચદિવ્ય પ્રગટ થયા, બ્રાહ્મણે રત્નપીઠ બનાવી પ્રભુના ચરણોની સ્થાપના કરી, મુકિતની અભિલાષાથી તે નિત્ય પૂજા કરવા લાગ્યો, ભગવાન અપ્રતિબદ્ધ ચિત્તથી વાયુની સમાન જગતમાં વિચરવા લાગ્યા.

ત્યારબાદ પ્રભુના નાનાભાઈ રથનેમિ દરરોજ રાજીમતીને ત્યાં જવા લાગ્યા, તેના સ્તનને જોઈ રથનેમિના મનમાં ક્ષોભ થયો, દરરોજ રથનેમિ રાજીમતીના માટે અવનવી વસ્તુઓ ભેટ આપવા માટે લઈ જવા લાગ્યા, રથનેમિના આંતરભાવને નહિ જાણતી રાજીમતી નવીન વસ્તુઓનો નિષેધ કરતી નહોતી, રાજીમતી એમજ માનવા લાગી કે પોતાના મોટાભાઈના સ્નેહથી જ અહીં આવે છે. એક દિવસ એકાન્તમાં રથનેમિએ રાજીમતી પાસે લગ્ન કરવાની વાત મૂકી, કહ્યું કે નેમિકુમાર મૂર્ખ હતા, તારો તેમના ઉપર પ્રેમ હોવા છતાં પણ તેમણે તારો ત્યાગ કર્યો.

તેં તેમની પાસે અનેક વખત પ્રાર્થના કરી છતાં નિરસ નેમિકુમારે તારા ઉપર પ્રેમ ન બતાવ્યો, હું તો તને નમસ્કાર પૂર્વક હાથ જોડીને તારી પાસે પ્રાર્થના કરૂં છું; રાજીમતીએ રથનેમિને ખૂબ જ સમજાવ્યા, પરંતુ જ્યારે તે સમજ્યા નહી ત્યારે એક દિવસ રાજીમતીએ દૂધ પીને ઉલટી કરીને કહ્યું કે આપ આ દૂધને પી જાવ, ત્યારે રથનેમિકુમારે કહ્યું કે હું કુતરો નથી, રાજીમતીએ

કહ્યું કે તો પછી નેમિકુમારથી પાછી વળેલી એવી મારા ઉપર શા માટે અનુરાગ ધરાવો છો ? ત્યારબાદ આશા રહિત બનીને રથનેમિ પોતાના ઘેર ગયા.

રાજીમતી પ્રભુનું સ્મરણ કરી દિવસો પસાર કરવા લાગી, પ્રભુ ચોપન દિવસ છદ્મસ્થાવસ્થામાં રહ્યા, ત્યાર-બાદ રૈવતક પર્વત ઉપર સહસ્રામ્રવનોદ્યાનમાં આવ્યા, અઠ્ઠમતપથી યુકત વેતસ ઝાડ નીચે પ્રતિમા સ્થાપન કરીને શુકલ ધ્યાનમાં આરૂઢ થયા, આશ્વિન મહિનાની અમાવા-સ્યાના મધ્યાહ્ન સમયે ઘાતી કર્મોનો ક્ષય થવાથી, પ્રભુને કોઈથી વ્યાઘાત ન પામે તેવું કેવલજ્ઞાન અને કેવળદર્શન પ્રાપ્ત થયું. તે વખતે દેવોં સહિત બધા ઈન્દ્રો આવ્યા, વાયુકુમારે એક યોજન ભૂમિને સ્વચ્છ બનાવી, મેઘકુમારે સુગંધિત જલનો છંટકાવ કર્યો, દેવોએ સુંદર સમવસરણની રચના કરી.

'નમો તિર્થાય, કહી પ્રભુ, દેવનિર્મિત પૂર્વાભિમૂખ રત્ન સિંહાસન ઉપર આરૂઢ થયા, અન્ય ત્રણ દિશામાં સિંહાસન ઉપર ભગવાનના પ્રતિબિંબ સ્થાપિત કર્યા.

વનપાલકોએ શ્રી નેમિનાથ પ્રભુના કેવલોત્સવના સમા-ચાર દ્વારિકામાં આપ્યા, વનપાલકોને બાર કરોડ સોનૈયા આપ્યા, દશાર્હો, માતાપિતા વિગેરે અન્તઃપુરની સ્ત્રીઓ સહિત કુમારો તથા સેનાથી યુકત બનીને શ્રીકૃષ્ણે ત્યાં આવી પટ્ટ હસ્તિ ઉપરથી ઉતરીને હર્ષપૂર્વક અભિગમથી સમવસરણમાં પ્રવેશ કર્યો. ત્રીજા ગઢના ઉત્તર દ્વારથી

જઈને પ્રદક્ષિણા દઈને શ્રીકૃષ્ણે ભાવસ્તવથી નેમિનાથની વંદના કરી, પ્રભુએ સર્વ ભાષામય દેશના આપી, દેશના સાંભળીને વરદત્ત રાજાએ સંસારથી વિરકત બની સર્વ ભાવથી ધર્મારૂઢ હોવાની ઇચ્છા કરી.

શ્રીકૃષ્ણે પ્રાંજલી બની પ્રભુને પૂછ્યું કે રાજીમતીને આપના પ્રત્યે અત્યંત અનુરાગ હોવાનું કારણ શું ? પ્રભુએ ધન, ધનવતીના ભવથી લઈને આઠે ભવ સુધીના સંબંધો બતાવ્યા, પ્રાણી ઉત્તમ કે અધમ તેના પોતાના કર્મથી જ બને છે તે કર્મોનો ક્ષય થવાથી હું રાજીમતીથી મુક્ત થયો છું; અત્યંત વૈરાગ્ય ઉત્પન્ન થવાથી વરદત્ત રાજાએ બે હજાર રાજાઓ સહિત પ્રવ્રજ્યા ગ્રહણ કરી, ધનદેવ અને ધનદત્ત જે પૂર્વભવમાં ભાઈઓ હતા, અપરાજિતના ભવમાં જે વિમલબોધ મંત્રી હતા તે ત્રણે જણ પ્રભુની સાથે ભવભ્રમણ કરીને રાજા બન્યા હતા, પ્રસંગોપાત પ્રભુનો વૃત્તાંત સાંભળી તે ત્રણે જણા પ્રભુની પાસે આવ્યા, તેઓએ પ્રભુની પાસે દીક્ષા લીધી, તે ત્રણે જણ સહિત વરદત્તાદિ અગીયાર ગણધરોની રચના કરી, દેવતાઓએ ઉત્સવ કર્યો, અનેક રાજકુમારિકાઓ સહિત યક્ષિણી રાજપૂત્રીને પ્રભુએ દીક્ષા આપી, સાધ્વી સમુદાયમાં તેણીને મહત્તરા પદે સ્થાપિત કરી, દશાર્હો, ઉગ્રસેન સહિત પ્રદ્યુમ્નાદિની સાથે બલરામે શ્રાદ્ધ ધર્મનો સ્વીકાર કર્યો, શ્રીકૃષ્ણે સમ્યક્ત્વને ગ્રહણ કર્યું.

શિવાદેવી, દેવકી, રોહિણી, રૂકિમણી સહિત અન્ય

યદુસ્ત્રીઓએ શ્રાવિકા ધર્મનો સ્વીકાર કર્યો, આ પ્રમાણે પ્રભુએ ચતુર્વિધ સંઘની સ્થાપના કરી, પ્રથમ પોરસીમાં પ્રભુએ દેશના આપી, બીજી પોરસીમાં વરદત્ત ગણધરે દેશના આપી, ત્યારબાદ ઈન્દ્રો તથા કૃષ્ણાદિ રાજાઓ પ્રભુને વંદન કરી પોતપોતાના સ્થાને ગયા, પ્રભુના શાસન રક્ષક તરીકે ગોમેધ નામે યક્ષ, શાસન રક્ષિકા તરીકે અંબિકા ઉત્પન્ન થયા, દેવતાઓ સહિત તે બન્ને તથા ચોત્રિશ અતિશયોથી સમૃદ્ધ પ્રભુ ત્યાં જ વર્ષાકાલ તથા શરદઋતુ વિતાવીને ભદ્રિલપુર પધાર્યા.

**॥ ઇતિ અમમસ્વામી ચરિત્રનો**
**બારમો સર્ગ સમાપ્ત ॥**

## સર્ગ તેરમો

આ બાજુ ભદ્રિલપુર નગરમાં પ્રથમ દેવકીજીની કુક્ષિને વિષે ઉત્પન્ન થયેલા અને નૈગમેષિ દેવથી અપાયેલા સુલસા તથા નાગના છ પૂત્રો હતા, માતા પિતાએ તેઓને બાવીસ, બાવીસ કન્યાઓની સાથે પરણાવ્યા, તે બધાજ કામદેવના શાસનમાં લુપ્ત બની ગયા. અનેક પ્રકારના ભોગ સુખમાં આસક્ત બન્યા, જેનાથી સંપૂર્ણપણે કામદેવનું રાજ્ય દરેક જગ્યાએ વ્યાપિ ગયું હતું. શ્રી નેમિનાથ ભગવાનને કેવળજ્ઞાન પ્રાપ્ત થયું જાણીને સમવસરણમાં આવ્યા, પ્રભુના ઉપદેશથી પ્રતિબોધ પામી હર્ષથી દીક્ષા ગ્રહણ કરી, તેઓ વિદ્યાભ્યાસ કરીને થોડાજ વખતમાં દ્વાદશાંગીના જ્ઞાતા બન્યા.

પ્રભુની સાથે વિહાર કરતાં કરતાં એકદા દ્વારિકામાં પધાર્યા, સહસ્ત્રાગ્રવનથી આગળ તે છએ જણ બે-બેની ત્રણ ટુકડીમાં પારણા માટે વહોરવા દ્વારિકામાં શ્રી દેવકીજીના ઘેર પધાર્યા, શ્રી કૃષ્ણની જ આકૃતિવાળા બે સાધુઓને આવેલા જાણી, દેવકીજી અત્યંત પ્રસન્ન થયા, મોદકનો આહાર વહોરાવ્યો, ફરીથી બીજા બે તેમના જેવા જ સાધુઓ આવ્યા, તેમને પણ દેવકીજીએ હર્ષથી મોદકનો આહાર વહોરાવ્યો, વળી તેમના જેવા જ બીજા બે સાધુઓ આવ્યા, તેમને નમસ્કાર કરી અંજલિબદ્ધ,

હાથ જોડીને મૃદુવાણી વડે દેવકીજીએ પૂછ્યું કે હે મહામુનિ! શું આપ બન્ને દિશા ભૂલી ગયા છો? અથવા મારો મતિભ્રમ છે? શું આ નગરમાં મુનિઓને આહાર મલતો નથી?

ત્યારે બન્ને સાધુઓએ કહ્યું કે હે શ્રાવિકા! અમોને કે તમોને કોઈને પણ દિશાભ્રમ થયેલો નથી, તેમજ બીજો કોઈ પણ ભ્રમ નથી, અમે છ સહોદર ભાઈઓ દીક્ષિતાવસ્થામાં છીએ, અને બે-બેની જોડીમાં અહીઆં આવ્યા છીએ, શ્રી દેવકીજીએ વિચાર્યું કે કૃષ્ણના જેવા આ પણ મારા પૂત્રો તો ન હોય! કારણ કે અતિમુક્ત મુનિએ કહ્યું હતું કે તારા બધા જ પુત્રો જીવિત છે. શરીરની ચેષ્ટાઓથી ઓળખતી પણ હૃદયથી નિર્ણય કરવાને માટે બીજા દિવસે જઈને તેણીએ પ્રભુને પૂછ્યું.

તે વારે પ્રભુએ કહ્યું કે છએ તમારા જ પૂત્રો છે. ફરીથી તેમનો જીવન વૃત્તાંત દેવકીજીને કહી બતાવ્યો, દેવકીજીએ છ જણને નમસ્કાર કર્યો, તે વારે દેવકીજીએ કહ્યું કે મને દુઃખ થાય છે કે મારા એક પણ પૂત્રનું હું બાલ્યાવસ્થામાં પાલન કરી શકી નથી. પ્રભુએ કહ્યું કે દેવકીજી! તમે પૂર્વભવમાં તમારી શોકચના સાત રત્નોની ચોરી કરી હતી, તેણીના ખુબ રૂદનથી તમે એકજ પાછું આપ્યું. તે બાંધેલા કર્મોનું ફળ તમોએ ભોગવ્યું છે. તમે વિષાદ શા માટે કરો છો? દેવકીજી પોતાના પૂર્વ કર્મની નિન્દા કરતા ઘેર ગયા, પુત્ર જન્મની આકાંક્ષામાં ખિન્ન

થતી દિવસો પસાર કરવા લાગી, એટલામાં દેવકીજીને પ્રણામ કરવા માટે શ્રી કૃષ્ણ પધાર્યા, માતાને દુઃખી જોઈ કારણ પુછયું ત્યારે દેવકીજીએ કહ્યું કે તારૂં પાલન 'નન્દ' ના ઘેર થયું. તારા 'છ' મોટાભાઈઓનું પાલન 'નાગ' ને ત્યાં થયું, હું અભાગિણી છું કે સાત સાત સંતાનો હોવા છતાં હું કોઈનું બાળપણમાં પાલન કરી શકી નથી.

જગતની સ્ત્રીઓમાં હું નિન્દિત થઈને દિવસો પસાર કરૂં છું. માટે હે વત્સ ! મને એક પૂત્રની ખાસ ઈચ્છા છે. શ્રી કૃષ્ણે પૂત્રના માટે માતાને આશ્વાસન આપ્યું, ઘેર જઈને શ્રી કૃષ્ણે અઠ્ઠમ તપ કરીને. નૈગમેષિ દેવની આરાધના કરી, ખુશ થયેલા દેવે કહ્યું કે આપની માતાને પૂત્ર થશે, પણ યૌવનાવસ્થામાં જ દીક્ષા ગ્રહણ કરશે.

કોઈ દેવ દેવલોકમાંથી ચ્યવીને દેવકીજીની કુક્ષિમાં ઉત્પન્ન થયો, દેવકીજીએ સ્વપ્નમાં હાથીને જોયો, પૂર્ણ સમયે પૂત્ર રત્નને જન્મ આપ્યો, પૂત્રનું નામ 'ગજ-સુકુમાર' રાખ્યું. દેવકીજીએ દેવ તુલ્ય તેનું પાલન કર્યું. ભાઈઓ તથા માતાને અત્યંત પ્રીતિપાત્ર એવા 'ગજ-સુકુમાર યૌવનાવસ્થામાં આવી ગયા, દ્રુમરાજની પૂત્રી પ્રભાવતીની સાથે તથા સોમશર્માની ક્ષત્રિકા નામની સ્ત્રીની કુક્ષીએ ઉત્પન્ન થયેલી 'સોમા' નામની પુત્રીની સાથે ગજસુકુમારના લગ્ન થયા, એક દિવસ પ્રભુ નેમિનાથના સમવસરણમાં ધર્મદેશના સાંભળી પોતાની બન્ને પત્નીઓ સહિત દીક્ષા ગ્રહણ કરી. તે સમાચાર સાંભળી સમસ્ત

યદુકુળ દુઃખી થયું. કલ્પાંત કરવા લાગ્યું. 'ગજસુકુમારે' સન્ધ્યા સમયે પ્રભુની આજ્ઞા લઈને શ્મશાનમાં પ્રતિમા ગ્રહણ કરી, દૈવયોગે તેમના સસરા સોમશર્માએ મુનિને જોયા, તેનાથી ક્રોધમાં આવી માથા ઉપર માટીની પાળ બાંધી તેમાં અગ્નિભર્યો, મુનિના ચિત્તમાં જરા પણ ક્રોધનો સંચાર પણ ન થયો, અને ચિન્ત્વન કરતાં કરતાં શુકલ ધ્યાનથી કેવળજ્ઞાન પ્રાપ્ત કરી મોક્ષગામી બન્યા.

પોતાના પ્રીતિપાત્ર બંધુને જોવા માટે અધિરા શ્રી કૃષ્ણ પ્રાતઃકાલે ઊઠીને રથમાં બેસી પ્રભુના દર્શન કરવા માટે ચાલ્યા, નગરની બહાર ગયા બાદ એક બ્રાહ્મણને દેવાલય માટે ઇંટો માથે ઉચકતો જોયો. બ્રાહ્મણ ઉપર દયા આવી, શ્રી કૃષ્ણ પ્રભુની પાસે આવ્યા, પ્રભુને વંદન કરી 'ગજસુકુમાર' ક્યાં છે ? ત્યારે પ્રભુએ કહ્યું કે સોમશર્માની પ્રવૃત્તિથી તે મુક્તિગામી બન્યા છે, પ્રભુના વચનોનું શ્રવણ કરતાંની સાથે કૃષ્ણ મૂચ્છિર્ત બન્યા, સભાનાવસ્થામાં આવ્યા બાદ શ્રી કૃષ્ણે પુછ્યું કે હું તે બધું તથા ઘાતી બ્રાહ્મણને કેવી રીતે ઓળખી શકીશ ! તે વારે પ્રભુએ કહ્યું કે તમે તે બ્રાહ્મણ ઉપર ક્રોધ કરશો નહીં. તેમની સહાયતાથી તે મુક્ત બન્યા છે. તમને તમારી નગરીમાં પ્રવેશ કરતા જોઈને જે પોતાનું મસ્તક ફોડીને મરે, તેને તમો બંધુઘાતી માનજો, રડતાં રડતાં શ્રીકૃષ્ણે ગજસુકુમાર મુનિનો અગ્નિ સંસ્કાર કર્યો, અને નગરમાં પ્રવેશ કરતી વખતે સોમશર્માને માથું ફાડીને મરેલો

જોયો, ગિધોને બલીરૂપમાં શ્રી કૃષ્ણે સોમશર્માનું શરીર સુપ્રત કર્યું. ગજસુકુમારના દુઃખથી પ્રાપ્ત થયેલા સંવેગથી ઘણા યદુઓએ સંયમ લીધો, વસુદેવ સિવાય નવ દશાર્હો, શિવાદેવી, રાજીમતીએ પણ પ્રભુ પાસે દીક્ષા લીધી.

રાજીમતીની સાથે શ્રી કૃષ્ણના પ્રાણ બચાવનારી 'નન્દ' પૂત્રી એકનાસા સહિત ઘણી યદુસ્ત્રીઓએ દીક્ષા લીધી, પ્રભુના સાત ભાઈઓ તથા શ્રી કૃષ્ણના ઘણા પૂત્ર, પૂત્રીઓએ પણ દીક્ષા લીધી, કૃષ્ણવાસુદેવે પોતે કન્યા વિવાહના પચ્ચક્ખાણ કર્યા, દેવકીજી, કનકવતી, અને રોહિણી સિવાય વસુદેવની બધી સ્ત્રીઓએ પ્રભુની પાસે દીક્ષા લીધી, વૈરાગ્યથી કનકવતીને ઘરમાં જ કેવળજ્ઞાનની પ્રાપ્તિ થઈ, પ્રભુની પાસે દીક્ષા લઈને તેણીએ મુક્તિશ્રીને પોતાની સખી બનાવી, કમલામેલાના પતિ નૈષેધિ અને બલરામના પૌત્ર સાગરચન્દ્રે પણ શ્રાવકવ્રતને અંગિકાર કર્યું. અનશનાદિ વ્રત લઈને દેવલોકે ગયા.

એક દિવસ ઈન્દ્રે સભામાં કૃષ્ણની પ્રશંસા કરતાં કહ્યું કે શ્રી કૃષ્ણ કોઈ દિવસ નીચ પ્રકારનું યુદ્ધ કરે નહી, બીજાના ગુણોનું જ હંમેશા સ્મરણ કરે છે. બીજાના દોષોને જોતા પણ નથી. ઈન્દ્રના કથનમાં શ્રદ્ધા નહી રાખનાર કોઈ દેવે શ્રી કૃષ્ણના જવાના રસ્તા ઉપર નગરની બહાર ભયંકર દુર્ગંધથી ભરપુર કાળારંગના મરેલા કુતરાને રસ્તામાં મૂક્યો. શ્રી કૃષ્ણે તે કુતરાને જોઈ કહ્યું કે તેના દાંત કેવા સરસ છે કે જે તારાની જેમ સુંદર શોભે છે.

દેવે કૃષ્ણનું રૂપ ધારણ કરી, અશ્વરત્નની ચોરી કરી, તે વખતે શ્રી કૃષ્ણે કહ્યું કે ઉભો રહે? કયાં જાય છે? ઘોડાને છોડી દે નહીતર માર્યો જઈશ.

ત્યારે દેવે કહ્યું કે મને જીતી અશ્વને લઈ જઈ શકો છો. શ્રી કૃષ્ણે કહ્યું કે જો તારી યુદ્ધ કરવાની ઈચ્છા હોય તો રથને ગ્રહણ કર! ત્યારે તે દેવે કહ્યું કે મલ્લ યુદ્ધ કરવા ઈચ્છું છું; શ્રી કૃષ્ણે મલ્લયુદ્ધનો નિષેધ બતાવ્યો, તે દેવે પ્રસન્ન થઈને શબ્દથી જ છ મહિના સુધી રોગને દૂર કરનારી દિવ્ય ચન્દન રચિત ભેરી આપી, દેવના ગયા પછી શ્રી કૃષ્ણે ભેરી વગાડી, જેનાથી પહેલાના રોગોનું નિવારણ થયું. છ મહીના સુધી નવા રોગ ઉત્પન્ન ન થયા, ભેરીની પ્રખ્યાતીથી બીજા દેશના લોકો પણ આવવા લાગ્યા, લાખ સોના મહોર આપી પોતાના રોગને મટાડવા લાગ્યા.

આવી રીતે ભેરીની શક્તિ નષ્ટ થઈ ગઈ, એક વખત નગરીમાં રોગ ફેલાયો, શ્રી કૃષ્ણે ભેરી વગાડી, પરંતુ તેની અસર થઈ નહી, શ્રી કૃષ્ણે અઠમતપની આરાધના કરી, ફરીથી તે દેવ પાસેથી નવી ભેરી પ્રાપ્ત કરી, અને નગરમાં રોગની શાન્તિ કરી, શ્રી કૃષ્ણે આજ્ઞા આપી, બે વૈદ્યોને તૈયાર કર્યા, જેમના નામ 'ધન્વંતરિ' અને વૈતરણિ પ્રસિદ્ધ થયા. તે બન્નેમાં વૈતરણિ ભવ્યાત્મા હતો, ચિકિત્સા સારી કરતા હતા, અને પોતાનું ઔષધ પણ આપતા હતા, ધન્વંતરિ સાધુઓને દુષિત ઔષધ બતાવતા

હતા, જ્યારે સાધુઓ કહેતા હતા કે આ ઔષધ અમને ખપતું નથી, ત્યારે કહેતો હતો કે હમે તીર્થંકરોથી આયુર્વેદ ભણ્યા નથી, આપ લોકો મને કોઇ દિવસ ઔષધ માટે પૂછશો નહી. તે બન્ને નગરમાં જ રહેતા હતા, એકદા શ્રીકૃષ્ણે પ્રભુની પાસે જઇને તેમની ગતિ માટે પૂછયું.

પ્રભુએ કહ્યું કે ધન્વંતરિ મરીને સાતમી નારકે અપ્રતિષ્ઠાન નરકાવાસમાં ઉત્પન્ન થશે, ત્યાં તેત્રીસ સાગરોપમની ઉત્કૃષ્ટ સ્થિતિ ભોગવશે, જ્યારે વૈતરણી વૈદ્ય મરીને વિંધ્યાચલની અટવીમાં ઘણા વાનરોનો અધિપતિ થશે, એક દિવસ પોતાના સમુદાયથી છુટા પડી ગયેલા એક તપસ્વી મુનિના પગમાં વાગવાથી ચાલવામાં અસમર્થ જાણી મનમાં કાંઈક દયાભાવને લાવી જાતિસ્મરણ જ્ઞાન પ્રાપ્ત કરશે.

મુનિને સામે જોઈ વૈદ્યકનું પણ સ્મરણ કરશે, છલંગ મારી વિન્ધ્યાચલાટવીમાં જઈને વિશલ્યા અને રોહિણી નામની બે લતાઓને લાવશે, દાંતવડે ચાવીને ઘા ઉપર મૂકશે, જ્યારે બીજીથી ઘાને રૂઝાવશે, અને આંસુથી જમીન ઉપર લખીને બતાવશે કે હું દ્વારિકામાં વૈતરણી વૈદ્ય હતો, આર્તધ્યાનથી મરીને વાનર થયો છું. મુનિ તેને સમતા ધર્મનો ઉપદેશ આપશે, તે મરીને સહસ્રાર દેવલોકમાં દેવ થશે, આ પ્રમાણે સામ્ય મહાત્મ્યને સાંભળી પ્રભુની સ્તુતિ કરી, વંદન કરીને પોતાના નગરમાં આવ્યા, પ્રભુ પણ ત્યાંથી અન્યત્ર વિહાર કરી ગયા.

એક સમય વર્ષાઋતુમાં દ્વારિકામાં આવીને પ્રભુ રહ્યા,

ચાતક પક્ષી જેવી રીતે મેઘથી તૃપ્ત થાય તેમ કૃષ્ણ વાસુદેવ પ્રભુના આગમનથી તૃપ્ત થયા અને ઉપાસના કરવા લાગ્યા, એક વાર પ્રભુને શ્રી કૃષ્ણે પૂછ્યું કે સાધુઓ ચાતુર્માસમાં વિહાર કેમ નહી કરતાં હોય ? ત્યારે પ્રભુએ મધુર વાણીથી કહ્યું કે વર્ષાઋતુમાં પૃથ્વી જીવોથી વ્યાકુલ હોય છે. માટે તેમના પ્રાણુના રક્ષણુને માટે સાધુઓ વર્ષાઋતુમાં વિહાર કરતા નથી, તે વારે કૃષ્ણે કહ્યું કે હે પ્રભુ ! સેના સહિત મારા ગમનાગમનથી પણ જીવઘાત થતો હશે, માટે હું પણ ચાતુર્માસમાં મારા ઘરની બહાર જઈશ નહી, પ્રભુ પાસેથી અભિગ્રહને ધારણ કરી શ્રી કૃષ્ણ પોતાના ઘેર આવ્યા, દ્વારપાલોને પણ હુકમ આપ્યો કે વર્ષાકાલમાં નગરમાં કોઈને આવવા દેશો નહી.

નગરમાં વીરક નામનો એક માણસ શ્રી કૃષ્ણનો પરમ ભક્ત હતો, તેમના દર્શન પૂજન કર્યા વિના તે ભોજન કરતો ન હોતો, અંદર પ્રવેશ કરવાનો આદેશ નહી હોવાથી દ્વાર ઉપર જ શ્રી કૃષ્ણની ઉદ્દીષ્ટ પૂજા કરીને ચાલ્યો જતો હતો, ઘનઘોર વાદળમાંથી જેમ સૂર્ય બહાર આવે અને પૃથ્વીતલને આનંદ આપે છે તેમ વર્ષાઋતુની પૂર્ણાહૂતી પછી શ્રી કૃષ્ણ બહાર નીકળ્યા, ત્યારે ઘણા રાજાઓ અને વીરક પણ આવેલો હતો, હે વીરક ? તું કેમ દુર્બળ બન્યો છે ? આ પ્રમાણે વીરકને શ્રી કૃષ્ણે પૂછ્યું. ત્યારે દ્વારપાલોએ તેની અનુપમ ભક્તિનું વર્ણન કર્યું. શ્રી કૃષ્ણ વીરકને સાથે લઈ પ્રભુને વંદન કરવા ગયા, પ્રભુના મૂખથી સાધુ ધર્મનું

શ્રવણ કરીને શ્રી કૃષ્ણે કહ્યું કે હું પ્રવ્રજ્યા લેવા માટે અસમર્થ છું; તો પણ એક નિયમ કરૂં છું કે જે કોઈ પ્રવ્રજ્યા ગ્રહણ કરશે તેને રોકીશ નહી. અને અનુમોદન આપીશ, ઉત્સવ કરીશ, અભિગ્રહ લઈને શ્રી કૃષ્ણ નગરીમાં આવ્યા, નમસ્કાર કરવા આવેલી પોતાની પુત્રીઓને કહ્યું કે તમે રાણી બનવાની ઇચ્છા રાખો છો કે દાસી બનવાની? હે તાત! અમે અવશ્ય રાણી બનીશું. આ પ્રમાણે બોલનારી પુત્રીઓને શ્રી કૃષ્ણે પ્રભુની પાસે તેમને લઈ જઈ દીક્ષા અપાવી, પરંતુ પોતાની માતાના કહેવાથી કેતુમતી નામની પુત્રીએ દાસી બનવાનું પસંદ કર્યું. શ્રી કૃષ્ણે ઘણા પ્રકારે ભવભ્રમણની વાતો સમજાવી, પરંતુ તેણીએ માન્યું જ નહી.

કેતુમંજરીની સાથે વીરકની ઇચ્છા ન હોવા છતાં લગ્ન કરાવ્યાં, વીરકે પણ તેને ઘેર લઈ જઈને રાણીની જેમ મણિ શય્યા ઉપર વિરાજિત કરી, અને સ્વયં દાસની જેમ રહેવા લાગ્યો, એક દિવસ શ્રી કૃષ્ણે વીરકને પૂછ્યું કે કેતુમંજરી ઘરમાં કામ કરે છે કે નહિ? ત્યારે વીરકે કહ્યું કે હે નાથ? હું તો તેનો સેવક છું; શ્રી કૃષ્ણે વીરકને ખુબ જ ધમકાવીને કહ્યું કે તું તેની પાસે કામ નહી કરાવે તો તને જેલમાં પુરીશ, તે પણ શ્રી કૃષ્ણના આશયને સમજી ગયો. વીરક ઘેર ગયો, કેતુમંજરીને કહ્યું કે ઉઠ, પાણી ગરમ કર, આ તારા બાપનું ઘર નથી.

તેણીએ ક્રોધમાં આવી કહ્યું કે હે વીરક! તું તારી

જાતને ઓળખતો નથી ? સાંભળી વીરકે તેણીને ખુબ જ મારી, ત્યાંથી રડતી કૃષ્ણના ઘેર આવીને બનેલી હકીકત કહી, તે વારે શ્રી કૃષ્ણે કહ્યું કે તેં રાણી ન બનતાં દાસી બનવાનું કેમ સ્વીકાર્યું ? તેણીએ કહ્યું કે હે તાત ! હમણાં પણ કૃપા કરીને મને રાણી બનાવો. શ્રી કૃષ્ણે કહ્યું કે હવે હું શું કરૂં ! તું તો વીરકને આધીન છે. જ્યારે કનકમંજરીએ ખુબ જ આગ્રહ કર્યો ત્યારે શ્રી કૃષ્ણે વીરક પાસેથી છોડાવી શ્રી નેમિનાથ પ્રભુની પાસે દીક્ષા અપાવી.

એક દિવસ શ્રી નેમિનાથની પાસે શ્રી કૃષ્ણે બધા સાધુઓને વંદના કરી, કૃષ્ણના કહેવાથી વીરકે પણ બધાને વન્દન કર્યું. હે પ્રભુ મેં ત્રણસોને સાઠ યુદ્ધો કર્યાં છે. ખુબ જ ક્લાન્ત થયો છું. માટે હું મુનિઓની વંદના કરીને શ્રાન્ત થયો છું. ત્યારે પ્રભુએ કહ્યું કે તમોએ સાધુ વંદન કરીને સાતમી નારકથી ઉધ્ધૃત બની ક્ષાયિક સમ્યકત્વ, તીર્થંકર નામ કર્મને પ્રાપ્ત કર્યું છે. કૃષ્ણે કહ્યું કે હે નાથ ! તો હું ફરીથી મુનિ વંદન કરીને વાલુકાયુ નષ્ટ કરૂં. પ્રભુએ કહ્યું કે દ્રવ્ય વન્દન વાલુકાયુ નષ્ટ કરવામાં સમર્થ બની શકતું નથી. ભાવવંદનથી જ કાર્ય થઈ શકે છે, ફરીથી શ્રી કૃષ્ણે વીરકની બાબતમાં પૂછ્યું ત્યારે પ્રભુએ કહ્યું કે તમારા કહેવાથી કરેલું વંદન કાયકલેશને માટે જ થાય છે. અને તેને પણ કાયકલેશ કરનારૂં થયું છે. પ્રભુને પ્રણામ કરી તેમના વચનોની ભાવના ભાવતા શ્રી કૃષ્ણ સપરિવાર દ્વારિકામાં આવ્યા.

ઢંઢણા નામની પોતાની પત્નીથી ઉત્પન્ન થયેલા ઢંઢણ નામના પુત્રને અનેક રાજ કન્યાઓની સાથે પરણાવ્યા, એક દિવસ પ્રભુ પાસેથી ધર્મ શ્રવણ કરી, વિરકત બનેલા ઢંઢણકુમારે પ્રભુની પાસે દીક્ષા ગ્રહણ કરી, શ્રી કૃષ્ણે મોટો મહોત્સવ કર્યો. પ્રભુની સાથે વિહાર કરતા ઢંઢણ મુનિ દ્વારિકામાં પધાર્યા, તે વખતે તેમને અંતરાય કર્મોનો ઉદય થવાથી તેમને કોઈપણ જગ્યાએથી આહાર મલ્યો નહી. વળી તેમના અશુભોદયથી કરીને લબ્ધિવાળા સાધુઓને પણ આહાર લાભ મળતો નહોતો. સાધુઓએ પૂછયું કે ભગવન્! આપના શિષ્ય અને કૃષ્ણના પુત્ર હોવા છતાં અને ભ્રમણ કરવા છતાં પણ ઢંઢણમુનિને આહાર કેમ મલતો નથી?

ત્યારે પ્રભુએ કહ્યું કે મગધ દેશમાં ધાન્ય આપવાના અધિકારી તરીકે પારાશર નામનો બ્રાહ્મણ હતો, મજુરો પાસેથી કામ કરાવીને તેમની મજુરી આપતો પણ નહોતો, જેનાથી લોકો બહુ દુઃખી થયા, આ પ્રમાણેની નિર્દયતાથી બાંધેલું કર્મ, કૃષ્ણના પુત્ર તરીકે જન્મ લીધા બાદ પણ તેને ભીક્ષા મલતી નથી, પ્રભુની વાણી સાંભળી ઢંઢણ સાધુએ અભિગ્રહ કર્યો કે બીજાની લબ્ધિ દ્વારા પ્રાપ્ત થયેલો આહાર મારે લેવો નહી.

અલાભ નામના પરિષહને સહન કરતા મુનિએ ઘણો વખત વ્યતિત કર્યો, એક દિવસ પ્રભુને વંદન કરી, ઢંઢણ મુનિએ દ્વારિકામાં પ્રવેશ કર્યો, તેમને જોઈ શ્રી કૃષ્ણે હાથી

ઉપરથી ઉતરીને વંદન કર્યું. એક શ્રેષ્ઠિએ મુનિને વંદના કરતા શ્રી કૃષ્ણને જોયા, તે શેઠ મુનિને પોતાના ઘેર લઈ ગયો, મોદકનો આહાર આપ્યો, આહાર લઈને મુનિ પ્રભુની પાસે આવ્યા, હે પ્રભુ! મારા લાભાન્તરાય કર્મનો ક્ષય થયો હશે કે? પ્રભુએ કહ્યું કે ના, તમારા લાભાન્તરાય કર્મનો નાશ થયો નથી, કૃષ્ણ તમોને વંદન કરતા હતા તે જોઈને શ્રેષ્ઠિએ તમોને આહાર આપ્યો છે. માટે આ આહાર કૃષ્ણના પ્રભાવથી મળેલો છે. મુનિએ તે મોદકોને પરઠવી, અનશન આદર્યું. અનુક્રમે શુભધ્યાનથી તેઓને કેવલજ્ઞાનની પ્રાપ્તિ થઈ.

પ્રભુએ વિહારથી દ્વારિકાને અનેક વખતે વિભૂષિત કરી, ત્યાંથી વિહાર કરીને નાનાપ્રકારની ગુફાઓ, સુવર્ણમય શિખરો, હંસ કદમ્બાદિ નાનાપક્ષિઓથી વિભૂષિત સરોવરથી સુશોભિત રૈવતક (ગિરનાર) પર્વત ઉપર આવ્યા, અકસ્માત્ વરસાદ થયો, પ્રભુ એ ગુફામાં સમોસર્યા, પ્રભુને નમસ્કાર કરી, સાધ્વી રાજીમતી નગરમાં જતા હતા, વરસાદના કારણથી પાછા વળી રથનેમિવાળી ગુફામાં કોઈ નથી તેમ જાણીને ગયાં, પોતાના ભીંજેલા વસ્ત્રો શરીર ઉપરથી કાઢીને સુકાવ્યાં, તેણીને નગ્નાવસ્થામાં જોઈને રથનેમિના હૃદયમાં કામાગ્નિ પ્રદીપ્ત થયો, તેણે અત્યંત કરૂણ સ્વરે રાજીમતીને કહ્યું કે હું કામજવરની પીડાથી મરી રહ્યો છું.

તું તારા બન્ને બાહુમાં મને પકડી બચાવવાની કૃપા

કર, રાજીમતી રથનેમિને અવાજ ઉપરથી ઓળખી ગઈ, તેણીએ વસ્ત્રોવડે પોતાના શરીરને ઢાંકી દીધું. અને મધુર વાણીથી કહ્યું કે તમે કામવીરથી ગભરાઓ છો, તો પછી પ્રભુથી આપવામાં આવેલી નવ પ્રકારની બાહ્યગુપ્તિથી તમારૂં રક્ષણ કેમ નથી કરતા ? તમો સમુદ્રવિજયના પુત્ર છો ? પ્રભુના નાના ભાઈ છો ? તમે એક ભિક્ષુણી પ્રત્યે આટલા રાગાંધ કેમ છો ?

હું ભોજરાજ ઉગ્રસેનની પુત્રી છું; અને પ્રભુ નેમિનામની શિષ્યા છું, તારો પ્રભાવ અહીંઆ સફલ થવાનો નથી, સાધુ વેશને ગ્રહણ કર્યા પછી શા માટે ભોગની પ્રાર્થના ? સાધ્વીના શિયલનો વિનાશ, દેવદ્રવ્યનો ઉપભોગ, મુનિનો વધ, શાસન દ્વેષ તેને આગમમાં મુલાગ્નિ કહ્યો છે. રાજીમતીના વચનોથી રથનેમિનું વિષયેચ્છારૂપ ઝેર ઉતરી ગયું, પ્રભુની પાસે આલોચના લઈને યોગમાં પ્રવૃત્ત થયા, તીવ્ર તપોગ્નિમાં આત્માને સુવર્ણની જેમ તપાવી એક વર્ષના તપના અંતે કેવલજ્ઞાનની પ્રાપ્તિ કરી.

એક દિવસ કૃષ્ણે પ્રભુને વંદન કરી, પોતાના પુત્રોને કહ્યું કે કાલે સવારે મારો જે કોઈ પુત્ર સર્વેથી પહેલો જઇ પ્રભુને વંદન કરશે તેને મારો ઘોડો આપીશ, સાંભળીને 'શાંબ' ઘેર જઈને વિધિપૂર્વક સૂઇ ગયો, બ્રાહ્મમુહૂર્તમાં ઊઠીને રૈવતાચલ તરફ મુખ કરી શ્રીનેમિનાથ પ્રભુને વંદન કર્યું. ભાવસ્તુતિ કરી. અને કાવ્ય પુષ્પોથી પ્રભુની પૂજા કરી. પાલક તો રાતના છેલ્લા પહોરમાં ઉઠીને

વેગવાન્ ઘોડા ઉપર બેસીને 'અભવ્ય' હોવાથી મનમાં જ પ્રભુની નિન્દા કરતો ગિરનાર પર્વત ઉપર ગયો, પ્રભુને વંદન કર્યું.

બાળક પાલકે પ્રાતઃકાલમાં શ્રીકૃષ્ણની પાસે ઘોડાની માગણી કરી. પ્રભુને પ્રથમ જેણે વંદન કર્યું હશે, તેને હું પ્રભુને પૂછયા પછી જ ઘોડો આપીશ, પ્રભુએ કહ્યું કે પાલકે અશ્વના લોભથી અને શાંબકુમારે ભાવથી વંદન કર્યું છે. શ્રીકૃષ્ણે બન્નેની પરિણતી માટે પૂછયું, ત્યારે પ્રભુએ કહ્યું કે પાલક 'અભવ્ય' છે શાંબકુમાર ભવ્ય છે. શ્રીકૃષ્ણે શાંબને ઘોડો આપ્યો, પાલક પ્રભુનો નિન્દક માની નગરમાંથી શ્રીકૃષ્ણે કાઢી મૂકયો, શામ્બને ભવ્ય જાણી તેને મંડલાધીશની પદવીથી વિભૂષિત કર્યો.

## ॥ ઇતિ તેરમો સર્ગ સમાપ્ત ॥

## સર્ગ ચૌદમો.

અનેક દેશોમાં ભગવાન સૂર્યની સમાન વિહાર કરતા કરતા દેવોથી પરિવરેલા રૈવતક પર્વત પર પધાર્યા, દેવોથી નિયુક્ત લોકોએ આવી શ્રીકૃષ્ણને જિનાગમનની વધામણી આપી, શ્રીકૃષ્ણે પ્રસન્ન થઈને તે વધામણી આપનારાઓને પ્રીતિદાન આપ્યું. નગરમાં પડહ વજડાવ્યો, ઉત્સવ ઉજવવાની આજ્ઞા કરાવી. શ્રીકૃષ્ણ સ્નાન કરીને દિવ્યાંગ રાગ, વસ્ત્રાલંકારોથી સુસજ્જિત બની કૃષ્ણ વાસુદેવ પ્રભુને વંદના કરવા માટે રૈવતક પર્વત ઉપર આવ્યા, ત્યાં આવી ભક્તિ પૂર્વક નેમિનાથ પ્રભુને નમસ્કાર કરી શ્રીકૃષ્ણે વિનયપૂર્વક પ્રભુને પૂછ્યું:– કયા કારણથી અથવા કાળવશાત્ આ મહાપુરી દ્વારિકાનો, યદુઓનો, અને મારો નાશ થશે ?

તે વારે પ્રભુએ કહ્યું કે યમુના દ્વીપથી પારાશર નામે એક તાપસ કોઈ કારણથી શૌર્યપુરની સરહદમાં આવ્યો, તેને કામાંધ બની એક નીચ કુલની કન્યાનું સેવન કર્યું. તે દ્વારા તે કન્યાના ઉદરથી શમી, દમી, બ્રહ્મચારી, દ્વિપાયન નામે પુત્ર થયો, તે તાપસ બની યદુઓના હૃદયસમાન આ વનમાં વાસ કરશે, મદોન્મત્ત શામ્બાદિ કુમારોથી મરાશે, તે ક્રોધિત બની યદુકુલ સહિત દ્વારિકાને બાળી નાખશે, અને તારા ભાઈ જરાકુમારથી તારૂં મૃત્યુ થશે,

'જે કુલાન્તક છે' આવું જાણીને મલીન અભિપ્રાયવાળા યદુઓએ ભાઈ હોવા છતાં પણ જરાકુમારનો તિરસ્કાર કર્યો.

હું વસુદેવનો પુત્ર બની શા માટે ઘાતક બનું ? હું અહીંથી ચાલી જાઉં તો કૃષ્ણનું સર્વથા કલ્યાણ થાય, આ પ્રમાણે વિચારી પ્રભુને નમસ્કાર કરી બે બાણોસહિત ધનુષ્યને લઈ ત્યાંથી નીકળી તાપસની જેમ જંગલમાં ચાલ્યો ગયો, દ્વૈપાયન પણ લોકોના મુખથી ભગવાન નેમિનાથના વચનથી સર્વ સંહારમાં પોતાને કારણ માની તે કલંકથી બચવા માટે જંગલમાં ગયા.

શ્રી કૃષ્ણ પણ પ્રભુને નમસ્કાર કરી જલ્દીથી દ્વારિકામાં પધાર્યા, મદિરાને અનર્થનું કારણ જાણી મદિરાનો નિષેધ કરાવ્યો, શ્રીકૃષ્ણની આજ્ઞાથી લોકોએ નજીકમાં આવેલા પર્વતમાં કાદમ્બરી નામની ગુફામાં વર્તમાન શિલાકુંડમાં મદિરાને ફેંકી દીધી, સિદ્ધાર્થ સારથિએ મૃત્યુના ભયથી બલરામની આજ્ઞાથી વ્રતગ્રહણ કર્યું. અને કહ્યું કે 'જો હું દેવતા બનીશ તો આપનો ઉપકાર કરીશ' ગુરૂની સાથે છ મહીના સુધી વિહાર કરી તીવ્ર તપને તપતા સમાધિપૂર્વક કાલધર્મ પામી દેવલોકમાં દેવતાપણે ઉત્પન્ન થયા.

શીલાકુંડમાં લોકોથી ફેંકાયેલી મદિરા એક દિવસ શાંબનો કોઈ અનુચર ગ્રિષ્મ ઋતુની ગરમીમાં ફરતો ફરતો ઘણો તૃષાતુર થયો હતો. તે શિલાકુંડ પાસે આવ્યો, ભાગ્યવશ તેણે અતિ સ્વાદિષ્ટ મદિરાપાન કર્યું.

ખુશી થયેલો અનુચર મદિરાને ચામડાના પાત્રમાં ભરી દ્વારિકામાં આવ્યો, અને શામ્બકુમારને તે મદિરા ભેટ આપી. મદિરા પાન કરીને આનંદમાં મગ્ન બનેલા શાંબ-કુમારે તેને પૂછ્યું કે આ પીણું તને કયાંથી મલ્યું છે? તેણે તેજ શિલાકુંડનું નામ આપ્યું. બીજે દિવસે દુર્દમ કુમારોની સાથે શાંબકુમાર ત્યાં ગયો, કાદમ્બરી ગુફામાં રહીને અત્યંત અદ્ભૂત મદિરાપાન કર્યું. અને અમન્દાનન્દમાં મસ્ત બન્યા. કુસુમિત વનમાં મિત્રો, ભાઈઓ, વિગેરેની સાથે આનંદ કરતા તેઓએ નોકરો દ્વારા સ્ત્રીઓને પણ મંગાવી, તેમની સાથે મદિરા રસાસ્વાદમાં સંરક્ત બની ગયા, નાના દ્રવ્યથી સંસ્કારિત રમ્ય જીર્ણ તે મદિરાથી તે બધા યુવાનો ક્ષણ માત્રમાં મદાન્ધ ગજેન્દ્રકુમારની સમાન અત્યંત ઉન્માદી બની ગયા.

ભાગ્યવશાત્ ચાલીને આગળ ગયા, ત્યાં ધ્યાનાસ્થિત દ્વિપાયન મુનિને જોઈ શામ્બકુમારે બીજા કુમારોને કહ્યું કે આ મુનિ આપણી નગરીનો અને સમસ્ત યદુકુલનો નાશ કરશે, માટે શત્રુસમાન તે મુનિને મારી નાખો. જેનાથી આપણા કુલનો નાશ ન કરી શકે. મુષ્ટિપ્રહારોથી કુમારોએ તે મુનિને મારી મૃતપ્રાયઃ કરી નીચે ફેંકી દીધા, તે બધા ખુશી થઈને પોતપોતાના ઘેર ગયા, દૂતો દ્વારા જ્યારે શ્રીકૃષ્ણને ખબર પડી ત્યારે ખિન્ન બનીને બલરામની સાથે શિલાકુંડની પાસે આવી ક્રોધથી અરૂણાક્ષ મુનિને જોઈ, સમયોચિત કોમલવાણીથી કહ્યું કે હે મુનિવર ! અજ્ઞાનથી

હમારા કુમારોએ આપને હમણાં અસહ્નીય પીડા પહોંચાડી છે. તોપણ આ તેમના તે અપરાધને ક્ષમા કરશો.

અનેક પ્રકારની વિનંતિ કરવા છતાં પણ મુનિનો ક્રોધ શાંત ન થયો, દ્વિપાયન ઋષિએ કહ્યું કે તમે બે ભાઈઓ સિવાય સમસ્ત નગરને સળગાવી નાખવાનું મેં નિયાણું કરેલું છે. માટે હવે આપનું કહેનું બધું વ્યર્થ છે. શ્રીકૃષ્ણ ફરીથી મુનિને વિનંતિ કરવા તૈયાર થયા, પરંતુ બલરામે મુનિના મુખારવિંદને ક્રોધાતુર જોઈને વિનંતિ કરવાની 'ના' કહી. અને બંને ભાઈઓ દ્વારિકામાં ચાલ્યા ગયા. નગરમાં આવી તેઓએ ઉદ્ઘોષણા કરાવી કે દ્વિપાયન મુનિથી થનારા ઉપદ્રવથી બચવાના માટે લોકોએ ધર્મની આરાધના કરવી, તે વખતે ભગવાન નેમિનાથ ગિરનાર પર્વત ઉપર સમોસર્યા, શ્રીકૃષ્ણે આવી તેમની ધર્મમય દેશનાનું શ્રવણ કર્યું.

સંસારમાં જે કાંઈ છે. તે બધું દાભની ઉપર રહેલા પાણીની જેમ, સમુદ્રના તરંગોની જેમ અતિ ચંચળ છે. એવું જાણવા છતાં શાશ્વત સુખની પ્રાપ્તિ કરાવનાર ધર્મોપાર્જન કરવામાં લોકો કેમ તત્પર નથી થતા? પ્રભુની દેશનાથી વિરક્ત બની પ્રદ્યુમ્ન, શાંબ, નિષધ, ઉલ્મુક, સારણાદિ કુમારો તથા રૂકિમણી, સત્યભામાદિ કૃષ્ણની આઠ મહારાણીઓએ દીક્ષા અંગીકાર કરી, તે સિવાય ઘણા યદુવંશી સ્ત્રીપુરૂષોએ પણ સંયમ લઈને પોતાના જીવનને સફલ બનાવ્યું.

શ્રીકૃષ્ણના પૂછવાથી જિનેશ્વર ભગવંતે કહ્યું કે અત્યારથી માંડી બારમા વરસે દ્વૈપાયન તમારી નગરીને બાળી નાખશે. પ્રથમ દીક્ષા ગ્રહણ કરવાવાળા' સમુદ્રવિજયાદિની પ્રશંસા કરતાં પ્રભુએ રાજ્યલોભથી દીક્ષા નહીં લેનારાઓની ખૂબ જ નિન્દા કરી. અને કહ્યું કે તમો બધા અધોગામી થશો. ત્યારે તમે પણ વાલુકાપ્રભા નારકીને વિષે ઉત્પન્ન થશો. શ્રીકૃષ્ણને ચિંતાતુર જોઈને પ્રભુએ કહ્યું કે તમે ખેદ ન કરશો, ત્યાંથી નીકળીને આવતી ઉત્સર્પિણીમાં ભરત ક્ષેત્રના પુણ્ડ્ર દેશમાં શતદ્વારપુરમાં સંમતિ નામે રાજાની ભદ્રા રાણીની કુક્ષીને વિષે ઉત્પન્ન થઈ 'અમમ' નામના બારમા તીર્થંકર થવાના છો. બલરામ મરીને બ્રહ્મ દેવલોકમાં દેવ તરીકે ઉત્પન્ન થશે, ત્યાંથી ચ્યવીને તમારા તીર્થમાં જ તે મોક્ષે જશે, સાંભળીને આનંદિત બની પ્રભુને નમસ્કાર કરીને શ્રીકૃષ્ણ દ્વારિકામાં આવ્યા, શ્રીકૃષ્ણની આજ્ઞાથી લોકો ધર્મમાં તત્પર બન્યા, દ્વૈપાયન મરીને ભુવનપતિ નિકાયમાં અગ્નિકુમાર તરીકે ઉત્પન્ન થયા, પૂર્વભવના વેરનું સ્મરણ કરીને દ્વારિકાને સળગાવવા માટે ત્યાં આવ્યા, લોકોને ધર્મમાં ઉદ્યમવંતા જોઈ અગ્યાર વર્ષ સુધી અગ્નિકુમાર દ્વારિકાને બાળી શક્યો નહી.

ત્યારે લોકોએ વિચાર કર્યો કે આપણા તપથી આપણે દ્વૈપાયનને જીતી લીધો છે. એટલે યાદવો માંસ, મદિરા, ભક્ષ્યાભક્ષ્ય, આગમ્યાગમનાદિમાં નિર્ભયતાપૂર્વક આસક્ત બન્યા, દ્વૈપાયન મુનિને પણ માર્ગ મલી ગયો. જીનેશ્વરની

વાણી અન્યથા થવાવાળી નહોતી, એકાએક ઉલ્કાપાત, તારાવૃષ્ટિ, ગૃહયુદ્ધ, લોહીનો વરસાદ, સૂર્યના કિરણોમાંથી અંગારવૃષ્ટિ, ચંદ્રસૂર્યનું અકાળે ગ્રહણ, કેતુદર્શન, નિર્ઘાત વિગેરે થવા લાગ્યું. ધરતીકંપ વારંવાર થવા લાગ્યા, રોકવા છતાં પણ ઘણા જનાવરો નગરમાં આવી આવીને વિચિત્ર શબ્દો બોલવા લાગ્યા, ચિત્રોમાં રહેલા દશ્યો પણ હસવા લાગ્યા, દેવપ્રતિમાઓમાં પરસેવાના બિંદુઓ આવવા લાગ્યા.

એ પ્રમાણે અનેક પ્રકારના ઉપદ્રવો થવા લાગ્યા, પિશાચ, શાકિની, ભૂત, વૈતાલાદિને સાથે લઈને દ્વૈપાયન દેવનગરમાં ફરી ફરીને લોકોને બીવરાવવા લાગ્યો, નગરના લોકો સ્વપ્નમાં લાલ માળા પહેરીને ઉંટ ઉપર પોતાને બેઠેલા જોવા લાગ્યા, વળી પોતાને સ્વપ્નમાં ભેંસ ઉપર બેસીને દક્ષિણ દિશામાં જતા જોયા, બલરામ તથા શ્રીકૃષ્ણના હલ અને ચક્ર ભાંગી ગયા. દુષ્ટ અગ્નિકુમારે સંવર્તવાયુનો સંચાર કર્યો, નગરને આગ લગાડી, જે લોકો નગરમાંથી ભાગી જવા લાગ્યા, તેમને પણ ઉછાળીને પાછા અગ્નિમાં ફેંકવા લાગ્યા, આ અગ્નિનો પ્રભાવ પણ વિચિત્ર હતો, કે જેમાં બધા જ વળગી રહ્યા હતા, ફક્ત દ્વૈપાયન હસતો હતો, માતા પિતાને વિહ્વળ જોઈને બલરામ તથા કૃષ્ણ ખુબજ દુઃખી થયા, તેઓને રથમાં બેસાડી. નગરની બહાર લઈ જવાનો પ્રયાસ કર્યો, પરંતુ રથના પૈડા જમીનમાં ફસી ગયા, બલરામ તથા શ્રી કૃષ્ણે પોતાની તમામ શક્તિથી રથને બહાર કાઢવાનો પ્રયાસ કર્યો, તો

પણ રથના પૈડાં બહાર ન નીકળતા તે પૈડાં ભાંગી ગયા, બીજા રથ ઉપર બેસાડી લઈ જવાનો પ્રયાસ કર્યો, ત્યારે તે દુષ્ટ દ્વૈપાયને નગરના દરવાજા બંધ કરી નાખ્યા હતા, બલરામે પગની લાત મારી દરવાજો તોડી નાખ્યો, રથ આગળ ચલાવ્યો, પરંતુ અસુરના પ્રભાવથી રથ ચાલ્યો નહીં. સામે ઉભેલા અસુરે બલરામ તથા કૃષ્ણને હસતાં હસતાં કહ્યું કે તમે લોકો શા માટે મોહમાં પડો છો, આપ બન્ને સિવાય આ 'દાહ'માંથી કોઈ પણ જીવતું બચી શકે તેમ નથી. તેમ મેં તમને પહેલેથી જ કહેલું છે.

વસુદેવાદિએ બલરામ તથા કૃષ્ણને નગર છોડી બહાર ચાલ્યા જવા માટે સમજાવ્યા ત્યારે તે બન્નેએ તમને બધાને છોડી દીધા, વસુદેવાદિ લોકોએ મનમાં જ ભગવાન નેમિનાથનું શરણું સ્વીકાર્યું. પંચ મંગલનું સ્મરણ કરવા લાગ્યા, એટલામાં તે અસુરે અગ્નિ લાવી તેઓની ઉપર નાંખ્યો, દ્વૈપાયનના અગ્નિની હજારો જ્વાળામાં લોકો બળવા લાગ્યા, નગર નગરજનો, પશુઓ, પંખીઓ, વિગેરે બળીને રાખ થઈ ગયા અને તેનો ઢગલો થઈ ગયો, તે રાખના પર્વત તરીકે જગતમાં પ્રસિદ્ધ થયો, આંખોમાંથી આંસુ વહાવતા શ્રી કૃષ્ણે બલરામને પ્રભુના કહેલાં વચનો કહી સંભળાવ્યા, અને કહ્યું કે જેવી રીતે કુલભંગ, દેશભંગ, આદિ સત્ય થયા તેવી જ રીતે આગળ પણ આપણા લોકોને દુઃખી થવાનું સત્ય જ થશે.'

માટે હે તાત! આ અગ્નિમાં ઝંપલાવીને આપણે

મરી જવું વધારે સારૂં છે. રાજ્ય, ધન, ભાઈ, કુટુંબીઓ, વિગેરેનો નાશ થયા પછી સજ્જનોને મૃત્યુ અથવા તપ સિવાય બીજો કોઈ જ માર્ગ રહેતો નથી, બલરામે શ્રી કૃષ્ણને ખુબ જ આશ્વાસન આપ્યું. અને કહ્યું કે ચંદ્રમા ક્ષીણ થઈને વધે છે. માટે ચિન્તા કરવાની વિચારણા મૂકી, ફરીથી પાંડવોની સહાયતાથી લક્ષ્મીને પ્રાપ્ત કરવાનો પ્રયત્ન કરીએ, શ્રી કૃષ્ણે કહ્યું કે મેં પાંડવોનો અપકાર કરેલો છે. માટે તેમની પાસેથી સહાયતા લેવી તે આપણા માટે પાપ છે.

બલરામે શ્રી કૃષ્ણને સમજાવીને કહ્યું કે આપણે પાંડવોને અનેક વખતે બચાવેલા છે. માટે મને વિશ્વાસ છે કે તેમની પાસે જવાથી તે અવશ્ય આપણને મદદ અને સત્કાર કરશે, કૃષ્ણ અને બલરામ મથુરા તરફ ચાલ્યા.

હસ્તિકલ્પપુરની પાસે પહોંચ્યા ત્યારે શ્રી કૃષ્ણને ભૂખ અને તરસથી પીડાતા જાણી બલરામ શ્રી કૃષ્ણને નગરની બહારના ઉદ્યાનમાં બેસાડી, નગરમાં ભોજન સામગ્રી લાવવા માટે ગયા.

નગરનો અચ્છંદન્ત રાજા દૂર્યોધનનો મિત્ર હતો, તે સેનાને સજ્જ કરી બલરામને મારવા માટે આવ્યો, નગરના દરવાજા બંધ કર્યા, બલરામે ભોજન સામગ્રી તથા મદિરાને ફેંકી એક સ્થંભને ઉપાડી કૃષ્ણને સાવધાન કરવા માટે એક મોટી હસ્તિ ગર્જના કરી, શ્રીકૃષ્ણે પગની લાત મારી અર્ગલા સહિત દરવાજો તોડી નાખ્યો,બલરામે સ્થંભવડે શત્રુ સેનાનો

સંહાર કર્યો, સેનાનો નાશ થવાથી અચ્છદન્ત ભગ્નદન્ત હાથીની જેમતેમના શરણે આવ્યો,તેને જીવિતદાન આપી કૃષ્ણ બલરામની સાથે ભોજન કરી દક્ષિણદિશા તરફ ચાલી કૌશામળ વનમાં આવ્યા, ગીષ્મઋતુ હોવાથી શ્રી કૃષ્ણને અત્યંત તરસ લાગી, ચાલવા માટે અશક્ત બન્યા, બલરામે કહ્યું કે હું કયાંકથી ઠંડુ પાણી લઈ ને આવું છું; કૃષ્ણ જાનુ ઉપર પગને રાખી પિતામ્બર ઓઢીને સૂઈ ગયા.

બલરામે જતી વખતે શ્રી કૃષ્ણને કહ્યું કે હે વત્સ ! જરા હોંશિઆરીથી રહેજે, કારણ કે વનમાં દુષ્ટજીવ રહે છે. વળી બલરામે વન દેવતાઓને પ્રાર્થના કરી કે હું મારા ભાઈને છોડીને જઈ રહ્યો છું. આપ લોકો તેમની રક્ષા કરજો, બલરામના ગયા પછી ધનુર્ધારી જરાકુમારે શિકારના માટે વનમાં ફરતાં ફરતાં ઝાડની નીચે સુતેલા કૃષ્ણને મૃત માનીને બાણ માર્યું. બાણ વાગતાની સાથે શ્રી કૃષ્ણ ઉઠ્યા, કે કયા ક્ષત્રિત્રાધમે સુતેલા એવા મારા ઉપર માર્યું મેં તો કોઈ દિવસ શત્રુને ઓળખ્યા વિના પ્રહાર પણ કર્યો નથી, માટે તું ક્ષત્રિય હોય તો તારા કુલનું નામ બતાવ ! શિકારીએ કહ્યું કે હું યદુવંશનો છું; વસુદેવનો પુત્ર છું; મારૂં નામ જરાકુમાર છે.

નેમિનાથના વચનને સાંભળી શ્રી કૃષ્ણના રક્ષણને માટે હું બાર વર્ષથી જંગલમાં રહું છું; અહીંઆ મનુષ્ય જાતિના દર્શન પણ થતા નથી, તમે કોણ છો ? ત્યારે શ્રી કૃષ્ણે કહ્યું કે જેના રક્ષણને માટે તું જંગલમાં ચાલી આવ્યો તે

જ તને દુઃખી કરનાર તારો ભાઈ કૃષ્ણ છે. અવાજથી કૃષ્ણને ઓળખી જરાકુમાર મૂર્છિત બન્યો. જ્યારે જરાકુમાર શુદ્ધિમાં આવ્યો ત્યારે રોવા લાગ્યો. શ્રી કૃષ્ણે જરાકુમારને બધો વૃત્તાંત કહી સંભળાવ્યો, અને કહ્યું કે મારા અહીં આવવાથી પણ જે થવાનું હતું તે થયું છે.

હું માનું છું કે શ્રી જિનવાણી કોઈ દિવસ મિથ્યા થતી જ નથી, જરાકુમારે કહ્યું કે શ્રી વસુદેવના પુત્રોમાં હું એક જ નીચ પાકયો છું કે મારા હાથે આટલા મોટા કુલનો દ્રોહ થયો છે. મારા પાપથી પૃથ્વી ફાટે તો હું સમાઈ જવા તૈયાર છું; શ્રી કૃષ્ણે આંસું સારતા કહ્યું કે હે વત્સ! દુઃખી થવાથી કાંઈ જ વળવાનું નથી, ભવિતવ્યતાને કોઈ ટાળી શકયું નથી, મારૂં મૃત્યુ તારા હાથે જ થવાનું હતું. અને થયું છે. તેમાં ઉદ્વેગ કરીશ નહી. મારા સિવાય બલરામ જીવી શકશે નહી. માટે યદુકુલમાં બીજરૂપે તું એક જ જીવિત છે. યદુવંશની વૃદ્ધિના માટે તું અહીંથી ભાગીજા, નહિતર બલરામ મારા પ્રત્યેના સ્નેહની ખાતર તને મારી નાખશે

તું અહીંથી પાંડવોની પાસે ચાલ્યો જા, તે તને સહાયતા કરશે, મારા સમાચાર તું તેમને આપજે, ઓળખાણને માટે શ્રીકૃષ્ણે કૌસ્તુભમણી કાઢીને જરાકુમારને આપ્યો, મત્યુ વખતે પણ મોટાઓને પોતાના વંશવૃદ્ધિની ચિંતા હોય છે, શ્રીકૃષ્ણના વારંવાર કહેવાથી જરાકુમાર તેમના પગમાંથી બાણને કાઢી તેમના કહ્યા મુજબ ત્યાંથી

ચાલ્યો ગયો, કૃષ્ણ પણ હાથ જોડીને મસ્તક ઉપર હાથને સ્થાપિત કરી, પંચ પરમેષ્ઠિનું સ્મરણ કરવા રૂપ ભગવાન નેમિનાથનું ધ્યાન ધરી, આલોચના, વ્રતોચ્ચાર ક્ષમાપના, પાપગર્હણા કરીને ભકિતથી શ્રીનેમિ, વરદત્તાદિ, પ્રદ્યુમ્નાદિ, રાજીમતી, રૂકિમણી આદિની પ્રશંસા કરતા અને પોતાના આત્માની નિન્દા કરતાં શુદ્ધ ધ્યાનમાં આરૂઢ બની કર્મરાજાની ઘાત, આર્ત, શોક, તૃષ્ણા, વ્યથા, આદિ સેનાઓથી બોધ મંત્રીને નષ્ટ કરી નાખ્યા, વિહ્વલ બનીને શ્રીકૃષ્ણ ચિન્તન કરવા લાગ્યા કે આજ સુધી દેવતાઓ પણ મારો પરાજય કરી શકયા નથી, પરંતુ દ્વૈપાયનથી પ્રથમવાર આવી ખરાબ દશા પ્રાપ્ત થઇ, માટે કોઈપણ પ્રકારે તેને દંડ આપીશ. આ પ્રમાણે અંત સમયે રૌદ્રધ્યાનમાં મરીને શ્રીકૃષ્ણ ત્રીજી નારકીને વિષે દ્વારિકાની જેમજ વાલુકા પ્રભામાં ઉત્પન્ન થયા.

**ઈતિ શ્રી અમમસ્વામી ચરિત્ર**
**ચૌદમો સર્ગ સંપૂર્ણ.**

# સર્ગ પંદરમો

બલરામ જ્યારે કમલપત્રમાં પાણી લઈને કૃષ્ણની પાસે આવતા હતા, ત્યારે રસ્તામાં અનેક પ્રકારના અપશુકનો થવા લાગ્યા, કૃષ્ણની પાસે આવીને જોયું તો તે સૂતેલા હતા, તેથી બલરામે વિચાર્યું કે થાક લાગવાથી સૂઈ ગયા છે. માટે તેને ઉઠાડવા નથી. ઘણીવાર પછી શ્રી કૃષ્ણને ઉઠાડવાનો પ્રયત્ન કર્યો. ત્યાં લોહીથી ભીંજાએલા પિતાંબર ઉપર તેમની નજર ગઈ. અને જાણ્યું કે શ્રી કૃષ્ણ ઘણી વખત પહેલાં જ મરી ગયા છે. બલરામ મૂર્ચ્છિત થયા, ત્યારબાદ વનમાં વનચરોને ક્ષોભ કરવાવાળો સિંહનાદ કર્યો. અને કહ્યું કે ક્ષત્રિયાધમ કાર્ય કરીને સૂતેલા મારા ભાઈને મારનાર કોણ છે ?

આ પ્રમાણે ક્રોધિત બલરામ આમ તેમ જંગલમાં રખડીને શ્રી કૃષ્ણની પાસે પાછા આવ્યા, મડદાંની ઉપર માથું મૂકી કરૂણ સ્વરે આક્રંદ કરવા લાગ્યા, હે પ્રીતિસુધાના સમુદ્ર ! હે મારા જીવિતેશ્વર ! હે બન્ધુ ! તારા સિવાય મારાથી જીવી શકાય તેમ નથી, તું બોલતો કેમ નથી ? મેં તો બાલ્યાકાળથી તારૂં કાંઈ પણ અનુચિત કર્યું નથી. તો પછી મૌન ધારણ કરીને શા માટે સુતો છે ? પાણી લાવવામાં વાર લાગવાથી તને ક્રોધ થયો છે. હું તારી માફી માગું છું; અનેક પ્રકારે આલાપ વિલાપ

કરતા બલરામે આખી રાત પસાર કરી, હે વત્સ ! રાત વીતી ગઈ છે. પ્રાતઃકાલ થઈ ગયો છે. સૂર્યનારાયણ પણ પૂર્વ દિશામાંથી બહાર આવ્યા છે. હવે તો તું ઉઠ, તારૂં કૃત્ય કરવા તો તૈયાર થા.

આ પ્રમાણે કહેવા છતાં શ્રીકૃષ્ણ ન ઉઠવાથી બલરામે ગાઢ સ્નેહના બંધન યોગે શ્રીકૃષ્ણના મૃતકને ઉઠાવી ખભા ઉપર મૂકયું, જાણે કે બાલ્યાવસ્થાની રમત કરવા લાગ્યા, વનદેવીઓને સંબોધન કરવા લાગ્યા કે હે વનદેવીઓ ! શાકિની પણ થાપણ રૂપમાં મૂકેલી વસ્તુઓનો સ્વીકાર નથી કરતી તો તમે આ શું કર્યું ? આ પ્રમાણે બોલતા બલરામ એક સ્થાનથી બીજે સ્થાને ફરવા લાગ્યા, એક તો કૃષ્ણના શરીરમાંથી કોઈપણ પ્રકારની ગન્ધ આવતી નહોતી, વળી બલરામમાં મોહની પ્રબળતા હતી કે જેથી કૃષ્ણના મૃતકને જીવંત માની દરરોજ સ્નાન, પૂજન કરતા અને ઉપાડતા હતા.

આ પ્રમાણે બલરામ કૃષ્ણના મૃતકને છ મહિના સુધી ખભા ઉપર રાખીને રખડયા, સિદ્ધાર્થદેવે અવધિજ્ઞનના બળથી બલરામને અત્યંત દુઃખી જાણી બલરામને દૃષ્ટાંતોથી પ્રતિબોધ કરવાને માટે પૃથ્વી ઉપર પોતે આવ્યો, બલરામે ફરતાં ફરતાં એક વ્યક્તિને પહાડ ઉપરથી પડેલા અને ચુરેચુરા થઈ ગયેલા રથને મરામત કરતો જોયો. તેને વ્યવસ્થિત કરવાનો શા માટે પ્રયત્ન કરે છે ? આ પ્રમાણે બલરામે તે માણસને કહ્યું. ત્યારે તે માણસે કહ્યું કે અનેક

યુદ્ધોમાં વિજય પ્રાપ્ત કરીને સૂતી વખતે શાંતિથી મરેલા તમારા ભાઈ જો જીવતા થાય, તો મારો રથ પણ શા માટે વ્યવસ્થિત ન થાય? બલરામ આગળ ચાલ્યા, ત્યાં એક વ્યક્તિ પત્થર ઉપર કમલ ઉગાડવાનો પ્રયત્ન કરતી હતી, તેને જોઈ બલરામે કહ્યું કે મૂર્ખ !

પત્થર ઉપર કમલ ઉગે ખરૂં કે ? ત્યારે તેણે કહ્યું કે તમારો ભાઈ જીવતો થાય છે. તો પછી પત્થર ઉપર કમલ પણ ઉગે છે બલરામ આગળ ચાલ્યા તો એક માણસને બળી ગયેલા ઝાડને પાણી પાતો જોયો, તે વારે તે બોલ્યા કે મૂર્ખ ! બળી ગયેલું ઝાડ ફરીથી કેવી રીતે પલ્લવિત થઈ શકે ? ત્યારે તે માણસે હસીને કહ્યું કે જો તારો ભાઈ જીવતો થાય તો આ ઝાડ પણ પલ્લવિત કેમ ન થઈ શકે ? ત્યારબાદ બલરામ આગળ ચાલ્યા ત્યારે એક માણસ મરેલી ગાયને ઘાસ ખવરાવતો હતો, બલરામ તે જોઈને હસીને બોલ્યા કે હે મૂર્ખ ? તું આ શું કરે છે ? મરેલી ગાય કેવી રીતે ઘાસ ખાઈ શકે ?

ત્યારે તે માણસે કહ્યું કે તમારા ખભે રહેલા તમારા ભાઈ જીવતા થાય તો મરેલી ગાય પણ ઘાસ ખાઈ શકે છે. સાંભળીને બલરામના મનમાં વિચાર આવ્યો કે શું સત્ય છે કે મારો ભાઈ મરી ગયો છે ? કેમકે બધા એક મતે તેના મૃત્યુની વાત કરે છે. બલરામને પ્રતિબોધ થયેલા જાણી સિદ્ધાર્થદેવ પોતાનું મૂળ રૂપ ધારણ કરીને બોલ્યો કે ભાઈ હું તે જ સિદ્ધાર્થ છું કે આપની આજ્ઞા લઈને

દીક્ષિત થયો હતો, આપને દુઃખી જાણી પ્રતિબોધ કરવા માટે આપની પાસે આવ્યો છું; પહેલા આપે પર્વતથી પડેલો રથ વિગેરે જે જોયું હતું. તે બધું મેં જ નિર્માણ કર્યું હતું. આપ મોહ મુક્ત થાવ, શ્રીકૃષ્ણ મરી ગયા છે.

આટલું કહીને સિદ્ધાર્થદેવે જરાકુમારની બધી હકીકત કહી સંભળાવી, બલરામે તે દેવને ધન્યવાદ આપ્યો, ભાઈના શોકથી નિવૃત્ત થવા માટે હવે હું શું કરૂં? સિદ્ધાર્થદેવે કહ્યું કે આ અવસ્થામાં પ્રભુ નેમિનાથની પાસે જઈને સર્વ પાપ નાશક દીક્ષા ગ્રહણ કરવી જોઈએ, બીજો કોઈ જ ઉપાય નથી, શ્રી બલરામે આદરપૂર્વક તે દેવની વાણીનો સ્વીકાર કરી, તે દેવની સહાયતાથી સિન્ધુ સંગમ ઉપર શ્રીકૃષ્ણના શરીરનો અગ્નિ–સંસ્કાર કર્યો.

શ્રી નેમિનાથ ભગવાને બલરામની વ્રત ગ્રહણ કરવાની ભાવનાને જાણી, ચારણમુનિને તેમની પાસે મોકલાવી ભાગવતી દીક્ષા અપાવી, અને સાધુના આચારનું જ્ઞાન અપાવ્યું. ચારણમુનિના આદેશથી બલરામ તુંગિકાદ્રિ શિખર ઉપર ગયા, ત્યાં સિદ્ધાર્થદેવ તેમનો રક્ષક બનીને રહ્યો, બલરામ મુનિ દુસ્તર તપ કરવા લાગ્યા, માસક્ષમણના પારણા નિમિત્તે નગરમાં પ્રવેશ કરતી વખતે કુવાના કાંઠે પૂત્ર સહિત પાણી ભરવા માટે આવેલી એક સ્ત્રીએ તેમને જોયા, બલરામ મુનિના સૌંદર્યને જોઈ આસક્ત ચિત્તવાળી તે સ્ત્રીએ ઘડાને બદલે પૂત્રના કંઠમાં દોરડું બાંધી બાળકને કુવામાં નાખતી તે સ્ત્રીને બલરામે રોકી અને મનમાં નિશ્ચય

કર્યો કે હવે આહારિકને માટે ગામ કે નગરમાં કોઈ વખતે પણ જવું નહી. ત્યાંથી પાછા ફરીને બલરામ મુનિ ફરીથી માસોપવાસના તપમાં લીન બન્યા

કઠીઆરાઓ તથા ઘાસવાળાઓ દ્વારા પ્રાપ્ત થતા પ્રાસુક આહાર, પાનથી, પારણાના દિવસે પારણું કરતા હતા, નજીકના નગરના રાજાઓએ લોકોના મૂખથી બલરામની તપસ્યાનો વૃત્તાંત સાંભળી, તે રાજાઓએ વિચાર્યું કે હમારા રાજ્યને પડાવી લેવા માટે આ મુનિ તપ કરી રહ્યા છે. માટે તે અમારા શત્રુ છે.

આ પ્રમાણે વિચારી સૈન્ય સહિત તે રાજાઓ જંગલમાં આવ્યા, અને સૈન્યે શ્રી બલરામ મુનિને ઘેરી લીધા, બલરામના રક્ષક સિદ્ધાર્થદેવે સેંકડો સિંહોને વૈક્રિયલબ્ધિથી વિકુર્વ્યા, જેનાથી ભયભીત બની રાજાઓ મુનિને નમસ્કાર કરી જેવા આવ્યા હતા તેવા ચાલ્યા ગયા, તે રાજાઓએ બલભદ્ર મુનિનું નામ નરસિંહ મુનિ રાખ્યું.

બલરામ મુનિની દેશનાથી વાઘ, સિંહાદિ જંગલી શ્વાપદો પણ પાપાચાર છોડી તેમના શિષ્યોની સમાન ધર્મારાધના કરવા લાગ્યા, ઘણા ચતુષ્પદોએ અનશન વ્રત ગ્રહણ કર્યું. સાધુઓની જેમ ઘણાએ શિકાર કરવો છોડી દીધો, ઘણાએ માંસ ખાવું બંધ કર્યું. કેટલાક મૃગો તો પૂર્વભવના સંબંધીઓ હોય તેવી રીતે તેમના શિષ્યની જેમ અનુચર બનીને રહ્યા, બલભદ્ર મુનિના સંસર્ગથી તે શ્વાપદો પણ સૂકું ઘાસ ખાવા લાગ્યા, અને સૂર્યના તાપથી

તપેલું પાણી પીતા હતા. જ્યારે બલભદ્રમુનિ ઉપવાસાદિનું પારણું કરવાના હોય ત્યારે હરણ વિગેરે જંગલમાં ફરીને કોઈ કઠીઆરાને અથવા ઘાસ કાપવાવાળાને લઈ આવે, સંકેત કરી બલભદ્ર મુનિના પારણાનું ધ્યાન કરાવતા હતા.

તેઓ પણ આહાર લાવતા અને બલભદ્રમુનિ પણ તેમની વિનંતિનો એકદા સ્વીકાર કરીને પારણા માટે તેઓ પાસે જતા હતા. એક વખતે નજીકના નગરના રાજાનો રથકાર સપરિવાર લાકડું લેવા માટે જંગલમાં આવ્યો હતો, તેને પક્ષિઓને આધારભૂત શાખાવાળા સીધા વૃક્ષોને કાપીને પાડયાં, જ્યારે તે લોકો ભોજનને માટે તૈયાર થઈ રહ્યા હતા, તે વખતે હરિણે આવી મુનિને સંકેત કર્યો, માસોપવાસના પારણા માટે મુનિને લઈ હરણ ચાલ્યો.

રથકાર પણ બલભદ્ર મુનિને જોઇ અત્યંત આનંદ પામ્યા, તેણે મનમાં વિચાર્યું કે મોટા ભાગ્યથી જંગલમાં નિધિ સમાન મહામુનિનો તો યોગ પ્રાપ્ત થયો, આવા વિશિષ્ટ પ્રકારના અતિથિનો લાભ તથા આગમન મહાન પુણ્યોદયના માટે જ પ્રાપ્ત થયેલ છે. આ પ્રમાણે વિચાર કરી, રથકારે મુનીશ્વરને આહારથી પ્રતિલાભિત કર્યા, તેના પુણ્યમાં કોઈપણ પ્રકારનો અંતરાય ન થાય, એમ વિચારી અનુગ્રહશાલી મુનિ, દેહની અપેક્ષા રહિત હોવા છતાં પણ કરૂણાથી ભીક્ષા ગ્રહણ કરી.

તે વખતે હરણે પોતાના મૂખને ઉંચુ કરી, આંખોમાંથી આંસુઓને વરસાવતાં, તે મુનીશ્વર અને રથકારને

જોઈ મનમાં ચિન્તન કર્યું કે પરાનુગ્રહમાં લીન, આ તપોનિધિ, અને પાત્ર લાભ કરવામાં આ રથકાર પણ ધન્ય છે. એક હુંજ અભાગી છું, જો કે રંકની સમાન દાન દેવામાં, તપ કરવામાં અસમર્થ છું; આ પ્રકારની સુંદર ભાવનાથી તે સુરંગ હરિણ પણ તે બંનેના દાન, તપના પુણ્યનો ભાગીદાર બન્યો. ત્યાં આશ્ચર્યની ઘટના બની ગઈ કે પવનથી વૃક્ષ પડયું.

ત્રણે જણા વૃક્ષની નીચે દબાઈ ગયા, ત્રણે જણા સાથે બ્રહ્મ દેવલોકના પદ્મોત્તર વિમાનની અંદર મહર્દ્ધિક પ્રવર દેવ બન્યા, બલરામે સો વર્ષ સુધી દેવતાના વૈભવનો ઉપભોગ કરી, અવધિજ્ઞાનથી કૃષ્ણને વાલુકાપુરી નામની ત્રીજી નારકીને વિષે જોયા, તેમના પ્રત્યેના સ્નેહથી મોહિત બની તરતજ વૈક્રિય શરીર બનાવી, ત્યાં પહોંચ્યા, અને શ્રીકૃષ્ણને ભેટ્યા, બલરામે શ્રીકૃષ્ણને કહ્યું કે હું તારો ભાઈ છું, તારા રક્ષણને માટે હું બ્રહ્મ દેવલોકથી અહીં આવેલો છું, તું કહે કે હું શું તારૂં કાર્ય કરૂં, બલરામને ઓળખી શ્રીકૃષ્ણે ભક્તિથી પ્રણામ કર્યા.

બલદેવને કહ્યું કે ભાઈ! ભગવાન નેમિનાથે કહ્યું હતું કે ‘ વિષય સુખ પરિણામથી દુ:ખદાયી છે’ તે વાત તદ્દન સત્ય છે, હું હમણાં તને અહીંથી લઈ જઈ શકતો નથી, તોપણ તારી પ્રસન્નતાની ખાતર હું અહીંઆં આવ્યો છું, માટે તું જે કહે તે કરવા તૈયાર છું; શ્રીકૃષ્ણે કહ્યું કે ભાઈ! આપને અહીં રહીને કામ પણ શું છે? મને તો વાલુકા-

વાસનો ઉપભોગ કર્મના વિપાકોદયથી કરવો પડશે, આનાથી પણ દુ:ખદ વિષય એ છે કે દુર્જનોએ સંતોષ અને સજ્જનોએ અસંતોષ પ્રાપ્ત કર્યો છે. માટે આપ અહીંથી ભરતક્ષેત્રમાં જાવ, અને ત્યાં જઈને લોકોને શંખ, ચક્ર, ગદા, સારંગધનુષ્ય, ગરૂડધ્વજ, પીતાંબર અને નિલામ્બર, તાલકેતુ, હળ અને મુશળધારી આપનું દર્શન આકાશમાંથી કરાવો, અને જેનાથી લોકોમાં એવી ભાવના ઉત્પન્ન થાય કે બલ-રામ અને કૃષ્ણ આકાશમાં સ્વેચ્છાપૂર્વક ભ્રમણ કરે છે.

બલદેવે કૃષ્ણની આજ્ઞાથી ભરતક્ષેત્રમાં આવી તે પ્રમાણે કર્યું, અને ઘોષણા કરી કે વિશ્વના સૃષ્ટિ, સ્થિતિ, પ્રલયને કરવાવાળા અમે સ્વેચ્છાએ અહીં આવ્યા છીએ. સ્વેચ્છાએ જઈએ છીએ, હમે દેવતાઓની પાસે દ્વારિકા બનાવડાવી હતી, અને હમે જ તેનો વિનાશ કર્યો છે. અમને છોડી બીજા કોઈ જગતના કર્તા, હર્તા નથી, બલરામના આ પ્રકારના પ્રચારથી ગ્રામ નગરાદિમાં, લોકોએ બલદેવ અને કૃષ્ણની પ્રતિમાને સ્થાપિત કરી, તેની ભક્તિપૂર્વક પૂજા કરવા લાગ્યા, તેમની પૂજા કરનારાઓને બલદેવે પૂર્ણ સમૃદ્ધિ આપી, જેનાથી પૃથ્વીવાસી તેમના ભક્ત બન્યા.

આ પ્રમાણે શ્રીકૃષ્ણના સંદેશને ભારતમાં ફેલાવી કૃષ્ણના દુ:ખથી દુ:ખી થયેલા બલરામદેવ બ્રહ્મદેવલોક નામના પોતાના દેવલોકમાં ગયા,

જરાકુમારે મથુરાસ્થિત પાંડવોને મલી, કૌસ્તુભમણી બતાવીને દ્વારિકાના દાહથી માંડી શ્રીકૃષ્ણના મરણ સુધીનો

વૃત્તાંત કહી બતાવ્યો, સાંભળીને પાંડવો રડતાં કકળતાં પૃથ્વી ઉપર આળોટવા લાગ્યા, અને મૂચ્છિંત બની ગયા, શુદ્ધિમાં આવ્યા બાદ શ્રીકૃષ્ણના ગુણોનું સ્મરણ કરતાં અને રડતાં તેઓએ પોતાના ભાઈઓની જેમજ તેમનું પ્રેત કાર્ય કર્યું. પાંડવોને સંસારથી વિરક્ત જાણી ભગવાન નેમિનાથે ચાર જ્ઞાનવાળા ધર્મઘોષસૂરિને તેમની પાસે મોકલ્યા. જરાપૂત્રને રાજા બનાવી, દ્રૌપદીસહિત પાંડવોએ ગુરૂમહારાજની પાસે સંયમ લીધો, આચાર્ય મહારાજના પ્રયાસથી થોડાજ વખતમાં પાંડવો દ્વાદશાંગી પારંગત બન્યા, ગુરૂ મહારાજની આજ્ઞા લઈ શ્રી નેમિનાથ પ્રભુને વંદના કરવા માટે અધિરા બનેલા ભક્તિપૂર્વક મથુરાથી ચાલ્યા.

ભગવાન નેમિનાથે સૂર્યસમાન સમસ્ત ભરતક્ષેત્રમાં પરિભ્રમણ કરીને ભવ્યાત્માઓને પ્રતિબોધિત કર્યા, પ્રભુને અઢારહજાર સાધુ હતા, ચુમ્માલીશહજાર ક્રિયાશિલ સાધ્વીઓ હતી, અવધિજ્ઞાની, કેવળી, વૈક્રિય લબ્ધિશાળી મુનિયો દરેકની સંખ્યા દોઢ દોઢ હજારની હતી, ચારસો ચૌદપૂર્વીઓ હતા, અઢારસો મનઃપર્યાયી હતા, એક લાખ અગણોસિત્તેર શ્રાવકો અને ત્રણ લાખ ઓગણચાલીશ હજાર શ્રાવિકાઓ થઈ.

પોતાનું નિર્વાણ નજીકમાં જાણી સમેતશિખર તથા વિમલાચલજી નજીકમાં હોવા છતાં પણ ભગવાન નેમિનાથ રૈવતગીરિ ઉપર આવ્યા, દેવતાઓએ સમવસરણની રચના

કરી, ભગવાને દેશના આપી, તે દેશનાના અંતે ઘણા આત્માઓએ દીક્ષા ગ્રહણ કરી, ઘણાઓએ દેશવિરતિપણું પ્રાપ્ત કર્યું. ઘણાઓએ સમ્યક્ત્વની પ્રાપ્ત કરી, કારણકે જિનેશ્વરની દેશના કોઈ દિવસ ખાલી જાય નહી. ભગવાને પાંચસો છત્રીશ સાધુઓની સાથે માસક્ષમણના તપથી તપતાં અષાઢ સુદ આઠમના દિવસે તે સાધુઓ સહિત શલેષિકરણ કરતાં ભગવાન નેમિનાથ નિર્વાણ પામ્યા, મુક્તિએ ગયા.

પ્રદ્યુમ્ન શાંબાદિ કુમારો, શ્રી નેમિપ્રભુના ભાઈઓ, શ્રીકૃષ્ણની આઠ પત્નીઓ, રાજીમતી તથા અન્ય સાધુ–સાધ્વીઓએ મુક્તિ પ્રાપ્ત કરી. આ પ્રમાણે રથનેમિએ ચારસો વર્ષ ઘરમાં એક વર્ષ છદ્મસ્થપણામાં, અને પાંચસો વર્ષ કેવલીપર્યાયમાં વીતાવ્યા, રાજીમતી કૌમાર્ય, છદ્મસ્થ, અને કેવળીપણામાં રહ્યા હતા.

શિવાદેવી અને સમુદ્રવિજય ચોથા દેવલોકમાં ઉત્પન્ન થયા, બીજા દશાર્હ મહર્દ્ધિક દેવ થયા, પ્રભુ નેમિનાથ ત્રણસો વર્ષ કૌમાર્યાવસ્થામાં, અને છદ્મસ્થાવસ્થામાં, સાતસો વર્ષ કૈવલ્યાવસ્થામાં રહ્યા હતા, શ્રી નમિનાથ સ્વામિના નિર્વાણ પછી પાંચ લાખ વર્ષ પછી ભગવાન નેમિનાથ થયા.

ઈન્દ્રની આજ્ઞાથી કુબેરે પ્રભુની સ્મશાનયાત્રા માટે શિબિકા તૈયાર કરી, ઈન્દ્રે પૂજા કરી, પ્રભુના શરીરને શિબિકામાં પધરાવ્યું. દેવોએ અત્યંત શોકાતુર થઈને નૈઋત્ય ખૂણામાં પ્રભુની ચિતા બનાવી, સ્વયં ઈન્દ્રે ચિતામાં

અગ્નિ આપ્યો. અગ્નિકુમારદેવે પ્રભુના શરીરને દીપિત કર્યું. દેવોએ બીજા સાધુઓના પણ અગ્નિસંસ્કાર કર્યા. ઈન્દ્રે સ્વામિ નિર્વાણ શિલા ઉપર વજ્રથી પ્રભુના નામ, લક્ષણનો ઉલ્લેખ કર્યો. તેમની નિર્વાણ ભૂમિ ઉપર ઈન્દ્રે સુંદર રત્નમય મંદિર તૈયાર કરાવ્યું. ઈન્દ્રે નંદીશ્વર દ્વીપમાં જઈને અઠ્ઠાઈ મહોત્સવ કર્યો.

પાંડવોએ મથુરાથી વિહાર કરીને હસ્તિકલ્પનગરમાં મહિનાના ઉપવાસ કર્યા. અને મનમાં વિચાર્યું કે અહીંથી બાર યોજન દૂર રૈવતક પર્વત ઉપર ભગવાન નેમિનાથને વંદન કરી કાલે પારણું કરીશું. આ પ્રમાણે વિચારતા હતા ત્યાં લોકોના મુખેથી પ્રભુનું નિર્વાણ સાંભળીને તેઓ પુંડરીકગીરિ ઉપર આવી અનશન કરી કેવલજ્ઞાનની પ્રાપ્તિ કરી મુક્તિએ ગયા. દ્રૌપદીજી અચ્યુત દેવલોકમાં ગયા.

## ॥ અમમસ્વામિ ચરિત્રનો પંદરમો સર્ગ સમાપ્ત ॥

# સર્ગ સોલમો.

ભગવાન શ્રી નેમિનાથની દેશનાનુસાર ઉત્સર્પિણીમાં આ ભરતક્ષેત્રમાં શ્રીકૃષ્ણ વાસુદેવનો જીવ ત્રીજી નારકીમાંથી બારમા "અમમસ્વામી" નામના તીર્થંકર થશે.

શ્રી જિનેશ્વરોથી છ છ આરાથી સંમિલિત ઉત્સર્પિણી અને અવસર્પિણીનું સ્વરૂપ બતાવવામાં આવ્યું છે. ચક્રની જેમ પાણીના રેંટની માફક ફરતો કાળ પોતાનું કાર્ય કરે જાય છે. અવસર્પિણી કાળમાં સુષમા સુષમ નામનો ચાર કોડાકોડી સાગરોપમની સ્થિતિવાળો પ્રથમ આરો હોય છે. તેમાં કલ્પવૃક્ષથી જીવનને ચલાવવાવાળા યુગલિક જીવો હોય છે. છ ગાઉના શરીરવાળા, ત્રણ પલ્યોપમના આયુષ્ય-વાળા, ત્રણ દિવસે ભોજન કરવાવાળા અને અહમિન્દ્રના સ્વભાવવાળા મનુષ્યો હોય છે. સુષમ નામે ત્રણ કોડાકોડી સાગરોપમની સ્થિતિવાળો બીજો આરો હોય છે. જેમાં યુગલિકોનું આયુષ્ય બે પલ્યોપમનું હોય છે. બે ગાઉના શરીરવાળા, બે દિવસે ભોજન કરવાવાળા, મનુષ્યો હોય છે.

સુષમ દુષમ નામનો ત્રીજો આરો બે કોડાકોડીની સ્થિતિવાળો હોય છે. જેમાં મનુષ્યનું એક ગાઉનું શરીર, એક .પલ્યોપમનું આયુષ્ય એક દિવસની બાદ આહાર કરવાવાળા હોય છે. અને તેઓ કલ્પવૃક્ષના ફલનો આહાર કરવાવાળા હોય છે. તે ત્રીજા આરામાં ચોરાશી લાખ પૂર્વ

અને નવ્યાશી પખવાડીઆમાં કાંઈક ન્યૂન આ આરામાં ભરતક્ષેત્રમાં પ્રથમ તીર્થંકર થયા છે. દુષમા સુષમા નામનો ચોથો આરો એક કોડાકોડી સાગરોપમમાં બેંતાલીસ હજાર વર્ષ ઓછી કાલસ્થિતિવાળો હોય છે. તે આરામાં કલ્પવૃક્ષનો વિચ્છેદ થવાથી લોકો પકાવેલું અનાજ ખાય છે. અજીતનાથ પ્રભુથી માંડીને મહાવીરસ્વામિ સુધીના ત્રેવીશ તીર્થંકર પરમાત્મા આ આરામાં થાય છે.

તેઓના સમયમાં ચક્રવર્તિ–વાસુદેવ–પ્રતિવાસુદેવ–અને બલદેવ પણ થાય છે. ત્રણ વર્ષમાં સાડા આઠ માસ બાકી ચોથા આરામાં છેલ્લા તીર્થંકર ભગવાન મહાવીર સ્વામિ મુક્તિએ ગયા છે. જગતના જીવોના શરણરૂપ અંતિમ સમવસરણમાં પુણ્યપાલ રાજાએ વીર ભગવંતને પ્રશ્ન કર્યો કે હે પ્રભો ?

મેં આઠ સ્વપ્નો જોયાં છે. તેનાં નામ આપને કહું છું, (૧) જુની શાળામાં હાથી દેખ્યો, (૨) વાંદરાને ચંચળ ચેષ્ટા કરતો જોયો, (૩) ક્ષીર વૃક્ષને કાંટા જોયા, (૪) કાગડો ભરેલા સરોવરને છોડી અલ્પ જળમાં સ્નાન કરતો જોયો, (૫) સિંહના મૃતકને જોઈ બહુ દૂર નહિ તેમ બહુ નજીક નહી. તે પ્રમાણે બીજા જનાવરોને ભળતાં જોયા, (૬) ઉકરડામાં ઉગતું કમળ જોયું,(૭) ઉખર ભૂમિમાં કૃષિને બીજ વાવતો જોયો, (૮) સોનાનો કુંભ મલીન અને ભાંગેલો જોયો, આ પ્રમાણે હે પ્રભો મેં આઠ સ્વપ્નો જોયાં છે. તો આપ કૃપા કરીને મને તેનું ફળ કહેશો.

તે વારે ભગવંતે કહ્યું કે હે રાજન્ ! તે સ્વપ્નોનું ફલ પાંચમા આરામાં જણાશે. પ્રથમ સ્વપ્ને જે જુની થયેલી શાળામાં હાથીઓ રહે છે તે ખંડેર થઈ ત્યારે તેમાંથી જે હાથીઓ નીકળી ગયા, તે બચી ગયા, જેને કાઢવા છતાં પણ નીકળ્યા નહી. તે વિનાશ પામ્યા, તેના ફલને વિષે પાંચમા આરામાં દુઃખ, દૌભાગ્ય, દીનહીનપણું, રોગ અને પીડાથી પીડાએલો ગૃહસ્થાવાસ જુની શાલા જેવો જાણવો, તેમાં હસ્તિ સમાન ધર્મોથી શ્રાવકો જાણવા, તે ધર્માર્થી શ્રાવકો ગૃહસ્થાવાસમાં કઠીન કષ્ટો સહન કરશે, પણ સંયમના સુખો ગ્રહણ કરશે નહી. કદાચ સંયમ ગ્રહણ કરશે તો મૂકીને ચાલ્યા જશે.

વ્રત રૂપી નવીન શાળામાં જઈ વિઘ્ન રહિતપણે રહેશે નહી. પણ કદાચ ગૃહસ્થાશ્રમ જેવી જુની શાળામાં જઈ ઘણાં દુઃખોથી રીબાશે, કોઈક સત્પુરૂષો ગૃહસ્થાવાસ રૂપ જીર્ણ શાળામાંથી નીકળીને ચારિત્ર ગ્રહણ કરશે તો તે પણ ભગ્ન પરિણામી થશે, કોઈ વિરલા પુરૂષો જ સાધુ થઈને આગમાનુસારે ઘર સંબંધી સંકલેશની અવગણના કરી દીક્ષા લઈ કુલીનપણા માટે ચારિત્રનો નિર્વાહ કરશે.

બીજા સ્વપ્નમાં ઘણા વાંદરાઓનો સમુહ છે. તેમાંનો મોટો વાનર શરીરે વિષ્ટા વિલેપન કરી રહ્યો છે તે જોઈને ઘણા વાંદરાઓ પોતાના શરીરે વિષ્ટા વિલેપન કરી રહ્યા છે. વાંદરાનું આવું આવું કાર્ય જોઈ લોકો વાંદરાની મશ્કરીઓ કરે છે પણ મશ્કરી કરનારને વાંદરાંઓ કહે છે

કે અમે ગોશિર્ષ ચંદનનો લેપ કરીએ છીએ આવું સ્વપ્ન તમે સાંભળ્યું છે. તેનું ફલ હે રાજન્! સાંભલો!

ચંચલ વાનરોની પેઠે ચપલાત્મા, અલ્પસત્વવાળા, એવા જ્ઞાન ક્રિયાને વિષે અનાદર કરવાવાળા, શિથિલાચારી, ચલપરિણામી યતિઓ થશે. વાનરના ટોળાનો જે અધિપતિ તે ગચ્છના આચાર્ય જાણવા, તેઓ સાવદ્ય વ્યાપારના સેવનરૂપ, દુષ્ટ કર્મરૂપી જે વિષ્ટા, તે વડે કરી પોતાના આત્માને લીંપશે, અને તે આચાર્યની પાસે રહેનારા, બીજા સાધુઓ પણ અશુચિરૂપી, સાવદ્ય કર્મોનો સંચય કરી પોતાના આત્માને લીંપશે.

જ્યારે બીજાઓ તેમની નિંદા કરશે તે વખતે તેઓ એમ કહેશે કે અમારા આચરણની કોઈએ પણ નિંદા કરવી નહી. અમે કેવલી ભાષિત ધર્મની આરાધના કરીએ છીએ, ઘણા નિર્મળ ચારિત્રનું પાલન કરશે. તેમની તે શિથિલાચારી સાધુઓ હાંસી કરશે, માથું મુંડાવ્યા પછી ચપલ વાંદરાની પેઠે ઢીલા થશે, થોડું ભણશે અને જ્ઞાનનો ડોળ કરશે, તેમને કોઈ નિર્મળ ચારિત્રવંત શિખામણ આપશે ત્યારે તે લીંગધારી સાધુઓ તથા તેમના ભરમાવેલા શ્રાવકો શુદ્ધ ચારિત્રવંતની હાંસી ઉડાવશે, અને કહેશે કે આ પંચમકાળમાં ચારિત્ર છે જ કયાં? જોયા હવે ઉત્કૃષ્ટા! આ પ્રમાણે ભ્રષ્ટાચારીઓ વાંદરાની પેરે ચપલાઈ કરશે.

ત્રીજા સ્વપ્નમાં છાયાએ સહિત નવપલ્લવિત જે ક્ષીરવૃક્ષ, તેની નીચે સિંહના ઘણા બાલક પ્રશાંત રૂપે બેઠેલા છે. લોકો તેના વખાણ કરે છે. બાજુમાં બાવળના વૃક્ષ નીચે કુતરાનાં બચ્ચાં ક્રીડા કરે છે. તેવું જ તમોએ જોયું છે તેનું ફળ હે રાજન્! તમે સાંભળો.

જે ક્ષેત્રમાં સાધુઓનો વિહાર છે. તે ક્ષેત્રમાં રહેનારા શ્રાવકો ક્ષીર વૃક્ષ સમાન છે. તે શ્રાવકો સાધુની ભક્તિ-વાળા–શ્રી જિન શાસન પ્રભાવક અને સાત ક્ષેત્રે દ્રવ્યનો વ્યય કરનારા જાણવા.

'ચારિત્રના રાગી એવા શ્રાવકોને' સિંહના બાલક સમાન, પાસત્થા લોકભોગ્ય અને લોકરંજન કરવાવાળા લીંગીઓ તે શ્રાવકોને ઉન્માર્ગે ચઢાવશે, દ્રવ્યલીંગી સાધુઓ, તે શ્રાવકોના આત્માને ઉચ્ચસ્થાને લઈ જનાર જે સાત ક્ષેત્રોમાં દ્રવ્ય વાપરતાં અટકાવશે, તે માર્ગમાં કાંટા વેરશે, સારા શુદ્ધ ચારિત્રવંત મુનિઓની સંગત કરવા દેશે નહીં. આ પ્રમાણે શુદ્ધ મુનિમાર્ગમાં દ્રવ્ય લીંગીઓ અનેક પ્રકારની કદર્થના ઉત્પન્ન કરશે.

ચોથા સ્વપ્નને વિષે જે કાગડાનું ટોળું તૃષાવંત થઈને વાવડીના તટને છોડી, થોડા પાણીના સમુહ તરફ જતું હતું તે વખતે એક કાગડાએ તેઓને કહ્યું કે ત્યાં પાણી નથી, તો શું કામ જાઓ છો? અહીં પાણી છે તો આ બાજુ આવો, પણ તે કાગડાઓએ માન્યું નહિ, અને

થોડા પાણીના સમુહ તરફ ગયા, અને સર્વે ત્યાં વિનાશ પામ્યા, તે સ્વપ્નનું ફલ હે રાજન્ ! તમે સાંભળો.

ગંભીર એવા ભલા અર્થને જાણનારા, સર્વથા અને યથાશક્તિએ નિયમ કરવા એવા માર્ગને વિષે કુશલ, રાજાના ન્યાયે કરીને રહેલા, ઉપાશ્રયને વિષે અનિશ્ચિત, એવા સાધુની પરંપરા તે વાવડી અને અત્યંત વક્ર, જડ, ઘણા કલંકે કરી સંયુક્ત, અધર્માચારી, દુષ્ઠાનુષ્ઠાનને વિષે રક્ત, ખરાબ પરિણુતિથી દુષ્ટ માર્ગે જવાવાળા, જે લોકો તે કર્મબંધનના કારણે મૂઢ ધાર્મિકજનો કાગડા જેવા જાણવા, એવા પુરૂષો સુસાધુરૂપ વાવડીને તજી કુલીંગ રૂપ કુત્સિત તલાવના માર્ગે જશે, તે વારે મૂઢ ધર્મીને કોઈ ગીતાર્થ કહેશે તો પણ કુત્સિત તલાવ દેખીને તે માર્ગે જશે, અને પાખંડીના ધર્મ વિષે રૂચિવાળા થઈને પોતાનો વિનાશ નોતરશે, જ્યારે ગીતાર્થ ગુરૂના વચનોને માનવાવાળા આત્માઓ શુદ્ધ ધર્મના આલંબને સંસારને તરી જશે.

અનેક જીવોથી આકુલ એવું જે વન તેમાં સિંહનું મૃતક કલેવર છે. પણ તેને કોઈ જનાવર ભક્ષણ કરતું નથી. અનુક્રમે તે કલેવરમાં કીડા પડ્યા, તે દેખીને ઘણા જનાવરો તેને ઉપદ્રવ કરે છે. હે રાજન્ ! તમે એવું જે પાંચમું સ્વપ્ન જોયું છે. તેનું ફલ સાંભળો.

પ્રવચન સિદ્ધાંત રૂપ સિંહ જાણવો, જ્યાં ધર્મને જાણવાવાળા ઘણા મનુષ્યો, છે. એવું ભરતક્ષેત્ર રૂપ વન

જાણવું. તેમાં વિરલા આત્માઓ સુગુરૂને આત્મોદ્ધારક માનવાવાળા અને ધર્મના ધોરી રૂપ સિંહ કલેવર જેવા છે. અન્ય દર્શનીઓ કુધર્મને આચારનારા, તે વનચર જીવોનો સમુહ જાણવો, તેઓ એમ માને છે કે જિન-પ્રવચન અમારી પૂજા સત્કારનો નિષેધ કરે છે. માટે તે અન્ય દર્શનીઓ શ્રી જિનપ્રવચનને વિષે યદ્વા તદ્વા બોલનારા છે.

મહા અનર્થને ફેલાવનાર છે. તેવા માનવો શ્વાપદ જેવા છે. તે શ્વાપદ રૂપ અન્ય દર્શનીઓથી યદ્યપિ તે પ્રવચનરૂપ સિંહ કલેવર ઉપદ્રવ પામ્યું નથી, તો પણ તે કલેવર અતિશયના અભાવથી પ્રભાવ રહિત થશે, જેમ સિંહ કલેવરમાં કીડા પડયા, તેમ પ્રવચનમાં રહીને જ પોતે પોતાના ધર્મને નિંદશે, જિનશાસનની અવહેલના કરશે. તેથી અન્ય દર્શનીઓ કહેશે કે જૈનો અંદર અંદર લઢે છે. એક પરંપરા ચાલતી નથી, જિનપ્રવચનમાં કોઈ પણ પ્રકારનો અતિશય નથી.

તેથી કુધર્મીઓ નિર્ભયપણે જિન-પ્રવચનને ઉપદ્રવ કરશે, પંચમકાળના વિષે શ્રી જિનશાસન તે સિંહ કલેવરની પેઠે તમો લબ્ધિ તથા જ્ઞાનાતિશય ઈત્યાદિ પ્રભાવથી રહિત થશે, પણ જેમ સિંહના મૃતકને જોઈ જનાવરો દૂર નાસી જાય, તેમ જૈન ધર્મના શુદ્ધપાલક સાધુ મુનિઓના પ્રભાવની આગળ અન્ય દર્શનીઓ રૂપી શિયાળીઆં ઉભા રહી શકશે નહી. તથા નાના પ્રકારના સ્વચ્છંદાચારી

અનેક પ્રકારની વિપરીત ગ્રંથ પ્રરૂપણા સમાચારી રચીને છિન્ન ભિન્ન કરી નાખશે.

છટ્ઠે સ્વપ્ને હે રાજન્! પદ્મસરોવરને બદલે ઉકરડામાં ઉગતું કમલ જોયું તે પણ કુત્સિત જોયું. તેનું ફલ તું સાંભળ.

પંચમકાળને વિષે તો જે સરોવર રૂપ ક્ષેત્રને વિષે રાજા, ઉત્તમકુલના પુરૂષ રૂપ તે સાધુ શ્રાવકનો સંઘ, તે તો કુશીલ, સંસર્ગી, પતિત પરિણા ધર્મ રૂપ કમલને છોડશે, ઉકરડા રૂપ સ્થાનને નીચકુલ રૂપ, ક્ષેત્ર જાણવું. કોઈ કોઈ ઉચ્ચકુલમાં ધર્મ પ્રવર્તશે, કોઈ જીવ આજીવિકાના દોષે કરી દુઃખી થતા લોકો રીસ આદિએ કરી દુષ્ટ હોવાથી પોતાનો આત્માર્થ સાધી ન શકે એવા કુડ કપટથી ભરેલા વણિકાદિ કુલ માંહેલા, કદાગ્રહ સંસાર વધારનાર, એવો લેશ માત્ર ધર્મ પ્રવર્તશે.

સાતમે સ્વપ્ને કોઈક ખેડુત ઉખર ભૂમિને સુક્ષેત્ર જાણતો થકો તથા સારા બીજને વાવી અંકુરા નિપજાવવા લાગ્યો, તેનું ફળ કહે છે.

ખેડુત રૂપ દાન ધર્મની રૂચિવાલા પુરૂષ જાણવા, તે મૂર્ખલોક પાત્ર કુપાત્રની પરીક્ષા કર્યા વિના જ ભેખધારીઓ તથા શુદ્ધ સાધુઓ, એ બન્નેને સરખા માનશે, અને કહેશે કે આપણુને બધા સરખા જ છે.

સર્વ જગાએ ધર્મ છે. એમ બોલતા કુપાત્રને પાત્ર જાણી દાન દઈ અનંત સંસાર વધારશે, એવા દાનના

દેનાર થશે, આ બીજ રૂપ જે સાધુ હશે, તેને સાધુની બુદ્ધિએ દુર્વિદગ્ધ ગ્રહણ કરશે, અસ્થાનકને વિષે અવિધે સ્થાપશે, જેમાં કીડા પ્રમુખ તેઇન્દ્રિય જીવ ઘણા ઉપજે એમ અજાણ મૂર્ખ લોક ધર્મની શ્રદ્ધાએ કરી જે સુપાત્રને પામશે, તો પણ અવિધિ અબહુમાનાદિક દઈને એવી રીતે કરી નાખશે કે જે થકી પુણ્યરૂપી અંકુરા ફુટશે નહિ, અને ફુટશે તો ઉચ્છેદ થઈ જશે.

આઠમે સ્વપ્ને પ્રસાદના શિખરને વિષે ક્ષીરોદકથી ભરેલા અને સુત્રાદિકથી શોભાયમાન કંઠવાલો એવો જે કલશ છે. તેની જ નજીકમાં બીજી ભૂમિ ઉપર ગલ્લારહિત ભાંગેલો ઘંટ છે. તે સારો કલશ ભાંગેલા ઘડા ઉપર પડવાથી સારો પણ ભાંગી જાય તેનું ફલ હે રાજન્! હું કહું છું તે તમે સાંભળો.

ઉગ્ર વિહારે કરી વિહાર કરતા અને પૂજા–પ્રતિષ્ઠાને પામેલા એવા પ્રસાદ શિખર ભૂમિએ રહેલા, જે સાધુઓ તે કાલને વિષે દોષે કરીને પોતાનું સત્તર ભેદે જે સંયમ તેનાથી ચલિત થાય, અને શિતલવિહારી તથા મંદવિહારી થશે, અસંયમ સ્થાને રહેલા ભાંગેલા ઘડાની જેમ ભગ્ન પરિણામી થશે.

તેનાથી સુસાધુ દૂર રહેશે, તો પણ અન્યત્ર વિહારના અભાવથી પાસત્થાદિક છે ત્યાં આવીને રહેશે અને પીડાને પામશે, ઘણા સારા સાધુ સારા ક્ષેત્રને છોડી

સંકલેશના કરનારા થશે, માંહોમાંહે વિવાદ કરશે, અપભ્રાજના કરશે, સંયમથી ભ્રષ્ટ થશે, વિનાશ પામશે, કેટલાક ગારવી, ક્રિયા શિથિલ, કેટલાક અભિમાની થશે, પરસ્પર વાદવિવાદ કરીને બન્ને જગતની દ્રષ્ટિએ સરખા જ દેખાશે, ઝઘડાખોર અન્યલીંગીઓથી ઝઘડાની બીકે સુસાધુઓ ગીતાર્થ વચનાનુસારે ચાલશે, પણ તેઓ શુદ્ધ માર્ગની પ્રરૂપણા કરશે નહીં. એ પ્રમાણે પ્રાસાદ સ્થાને રહેલા સુવર્ણ કલશ સમાન શુદ્ધ મુનિઓ પણ પાસત્થાદિકની સંગત રૂપ ગંદકીથી ખરડાશે" આ પ્રમાણે આઠે સ્વપ્નનું ફલ સાંભળી પુણ્યપાલ રાજા વૈરાગ્યવંત બની દીક્ષા લઈને કર્મક્ષય કરી મુક્તિએ ગયા.

ભગવંત મહાવીર સ્વામિને શ્રી સુધર્મા સ્વામિએ પૂછયું કે કેવલજ્ઞાનાદિનો વિચ્છેદ કયારથી થશે? ત્યારે પ્રભુએ કહ્યું કે તમારા શિષ્ય જંબુસ્વામિ કેવળજ્ઞાનની પ્રાપ્તિ કરશે ત્યારબાદ કેવળજ્ઞાનનો વિચ્છેદ થશે. કોઈને કેવળજ્ઞાન ભરતક્ષેત્રમાં થશે નહીં, જંબુસ્વામિના શિષ્ય પ્રભવ થશે, તેમના શય્યંભવ, તેમના યશોભદ્ર, તેમના સંભૂતિવિજય, અને ભદ્રબાહુ એ શિષ્યો થશે, સંભૂતિવિજયના સ્થુલભદ્ર થશે, તેઓ બધા જ ચૌદ પૂર્વી થશે.

મહાગિરિ, સુહસ્તી આદિથી માંડીને વજ્રસ્વામિ સુધી દશપૂર્વી થશે, આ પ્રમાણે છેલ્લા દુપ્પસહ સુધી મરૂં તીર્થ ચાલશે.

શ્રી ગૌતમ ગણધરે પૂછયું કે ત્યારબાદનો કાલ કેવો હશે ? તે વારે પ્રભુએ કહ્યું કે મારા નિર્વાણ પછી ત્રણ વર્ષ અને સાડા આઠ માસ પછી પાંચમા આરાની શરૂઆત થશે. મારા નિર્વાણ પછી ૧૯૧૪ વર્ષ બાદ પાટલિપૂત્ર નગરમાં ચૈત્રાષ્ટમીના દિવસે ચંડાલના કુલમાં એક રાજા ઉત્પન્ન થશે, જેના કલ્કી, ચતુર્મૂખ અને રૌદ્ર એ ત્રણ નામ જગતમાં વિખ્યાત થશે, તે વખતે મથુરામાં રામ-કૃષ્ણનું મંદિર ટુટી પડશે, તે રાજા સ્વભાવથી અત્યંત ક્રૂર, ક્રોધી, માની, માયાવી અને લોભી થશે, તેના રાજ્યમાં દુકાળ, રાજ્યભીતિ, અતિવૃષ્ટિ, અનાવૃષ્ટિ વિગેરે અનેક પ્રકારના ઉપદ્રવો થશે, નગરમાં ફરતાં ફરતાં પાંચ સ્તુપોને જોઈ લોકોને પૂછશે કે કીર્તિના પર્વતો કોણે બનાવ્યા છે, તે વારે લોકો કહેશે કે આ પાંચે સ્તુપો સુવર્ણના છે અને નંદરાજાના બનાવેલા છે.

તેના આ સ્તુપોનું સુવર્ણ કોઇ લઇ શકે તેમ નથી, લોકોની વાત સાંભળી કલ્કી, અત્યંત લોભથી સુવર્ણના સ્તુપોને ખોદાવી સુવર્ણ લઇ જશે, ધીમે ધીમે તે આખા પાટલીપૂત્રને ખોદાવી નાખશે, તેની અંદરથી લવણદેવી નામની શિલામય ગાય ઉત્પન્ન થશે, આહાર લેવા જતા જૈનમુનિઓને પોતાના શિંગડા મારવાની ઈચ્છા કરશે, સ્થ-વિર મુનિઓ કહેશે કે આ ગાય નગરમાં ઘણો ઉપદ્રવ કરે છે. માટે સાધુઓ બીજી જગ્યાએ ચાલ્યા જાય, તે સાંભળી

ઘણા ચાલ્યા જશે, ત્યારે ઘણા સાધુઓ કહેશે કે કર્મવશ પ્રાણીને શુભાશુભ ફલ ભોગવવું જ પડે છે. તેને જીતવાવાળું જગતમાં કોઈ જ નથી.

કલ્કી, પોતાના નામની સાર્થકતા કરવા માટે પાખંડીઓથી કરની માંગણી કરશે, અને તેઓ તેને આપશે. ત્યારબાદ જૈન સાધુઓને પણ કરના માટે હેરાન કરશે, જૈન સાધુઓ તેને કહેશે કે હે રાજન્! અમે લોકો અપરિગ્રહી છીએ, અમે ધર્મનો છઠ્ઠો ભાગ છોડીને તને શું આપીએ, માટે આપ આવી દુષ્ટ પ્રવૃત્તિ છોડી દો, આવા કાર્યથી કલ્યાણ થતું નથી, સાંભળીને કલ્કી, યમરાજની જેમ ક્રોધિત બની લાલ આંખો બતાવશે, એટલામાં નગરની અધિષ્ઠાત્રી દેવી તેને મારશે, અને દેવીના મારવાથી નગરમાં રહેલા મુનિઓને વંદના કરશે, તેમની ક્ષમાયાચના કરશે, અને છોડી મૂકશે.

પાટલીપૂત્રમાં ભયંકર ઉત્પાત થવા માંડશે, લગાતાર સત્તર દિવસ સુધી વરસાદ વરસશે, ગંગાનો પ્રવાહ નગરને ડુબાડશે, નગરનો નાશ થશે, પાણીના ઉપદ્રવથી મુકત બની કલ્કી નન્દના સુવર્ણનો વ્યય કરી સુંદર નગર વસાવશે. પછીથી નગરમાં સાધુઓનો વિહાર થશે, ચૈત્યો પણ દેખાવા લાગશે, સંપત્તિ પણ વધવા લાગશે.

જ્યારે કલ્કીનું મૃત્યુ નજીક આવશે ત્યારે ફરીથી સાધુ પાસે ગોચરીમાં છઠ્ઠો ભાગ માગશે, શાસનદેવી કલ્કીને

અવિચારી કાર્ય કરતાં અટકાવશે, પરંતુ તે કલ્કી કહ્યું માનશે નહી. તે વારે શ્રી સંઘ ઈન્દ્રની આરાધના કરવા લાગશે, કાઉસ્સગ્ગના પ્રભાવથી ઈન્દ્ર વૃદ્ધ બ્રાહ્મણના રૂપે ત્યાં આવશે, સભામાં સિંહાસન ઉપર બેઠેલા કલ્કીને કહેશે કે હે રાજન્! તપસ્વીઓ પાસેથી છઠ્ઠો ભાગ કેમ માંગે છે?

તે વારે કલ્કી કહેશે કે બધા જ ભિક્ષુઓએ પોતાની ભિક્ષામાંથી છઠ્ઠો ભાગ આપવો જોઈએ, તે વારે ઈન્દ્ર કહેશે કે હે રાજન્! તને તપસ્વીઓ પાસેથી યાચના કરતા લજ્જા કેમ નથી આવતી? આ મુનિઓને છોડી દે. નહિંતર ઘણું ખરાબ થશે, કાળા નાગને મારવામાં શું કલ્યાણ થાય છે?

ઈન્દ્રની વાણીથી તે ભયાનક ક્રોધમાં આવશે, અને પોતાના સૈનિકોને કહેશે કે આ બ્રાહ્મણને પકડી નગરીની બહાર ફેંકી દો, જ્યારે તે આ પ્રમાણે બોલશે, તે વારે ઈન્દ્રને ક્રોધ આવશે, અને તેને થપ્પડ મારી નીચે નાખી દેશે. કલ્કીનું મૃત્યુ થશે, કલ્કી ૮૬ વર્ષ સુધી રાજ્ય ભોગવશે, અને મરીને નારકમાં ઉત્પન્ન થઈ અનેક પ્રકારે ઘણું દુઃખ ભોગવશે, ઇન્દ્ર જૈન ધર્મની પ્રજ્ઞાપના કરીને દત્ત નામના કલ્કીના પૂત્રને રાજ્ય ઉપર બેસાડી શ્રી સંઘને નમસ્કાર કરી પોતાના સ્થાને જશે.

ઈન્દ્રની આજ્ઞાથી તથા પોતાના પિતાના પાપનું સ્મરણ કરતો દત્ત રાજા પોતાના રાજ્યમાં જિન મંદિરો

અંધાવશે, ત્યારબાદ જિન ધર્મ નિરંતર ચાલશે, લોકો સુખી થશે.

શ્રી તીર્થંકરોના સમયમાં પૃથ્વી અધિક પરિપૂર્ણ હતી, ગામ નગરની સમાન, નગર સ્વર્ગ તુલ્ય, રાજા કુબેર જેવો, આચાર્ય ચન્દ્રમા સમાન, પિતા દેવતા સમાન, સાસુ માતાથી પણ અધિક પ્રેમાળ, પિતાથી અધિક ભાવપૂર્ણ શ્વસુર હતા, જ્યારે પંચમ કાળમાં લોકો અત્યંત કષાયવાળા અને મનના અત્યંત મલીન થશે, જેમ જેમ કાલ જતો જશે તેમ તેમ લોકો હિંસામાં રત બનશે.

ગામ શ્મશાન જેવા બનશે. નગર ગામ જેવા બનશે, શેઠ નોકર જેવા હશે, પૃથ્વી ઉપર ચોરોનો ઉપદ્રવ વધશે, રાજા કર દ્વારા પ્રજાને પીડશે, લાંચથી અધિકારી લોકો પણ જનતાને પીડિત કરશે, લોકો અધિક સ્વાર્થી બનશે, સ્વજનો પરસ્પર વિરોધી બનશે, લોકો પરાર્થઘાતી થશે, લોકોમાંથી દાક્ષિણ્યતા, સત્ય, લજ્જા, ચાલી જશે, શિષ્યો ગુરૂની અવજ્ઞા કરશે.

વળી ગુરૂજન પણ શિષ્યોને સત્યોપદેશ નહી આપે, ધીમે ધીમે ગુરૂકુલાવાસનો નાશ થશે, ધીમે ધીમે લોકો મિ-થ્યાત્વી બનતા જશે, ઘણા આચાર્યો એવા થશે કે જેમના નામનું સ્મરણ કરવા પણ કોઈ તૈયાર નહી થાય. કેટલાક સાધુઓ સ્વચ્છંદી, કલેશપ્રિય, અને કેવળ દ્રવ્યમુંડ હશે, કેટલાક શાસ્ત્રાભ્યાસ, તપ, ક્રિયા કરશે, પરંતુ મુક્તિ માટે નહી પણ પોતાની પ્રશંસા થાય તે માટે જ કરનારા હશે.

ઘણા લોકો તપ અને જ્ઞાનની પ્રાપ્તિથી અભિમાની બનશે, સાધ્વીઓ પણ દ્રવ્ય લીંગધારી સ્વેચ્છાચારિણી બનશે. શ્રાવક નામધારી હશે, ગુરૂની નિન્દા કરશે, પિતા પુત્રીના પરસ્પર સંબંધો હશે, ધનવાનને પોતાનો ભાઈ માનશે. એક જ માતાના ઉદરે જન્મેલા બે ભાઈઓ પરસ્પર વિરોધી બનશે, આવા સમયમાં પણ જેઓ ધર્મમાં સ્થિર રહેશે તેમનું જીવન સફલ થશે, ભારતમાં દુષમાકાલમાં દુપ્પસહ નામના આચાર્ય, ફલ્ગુશ્રી નામે સાધ્વી, નાગિલ નામે શ્રાવક, સત્યશ્રી નામે શ્રાવિકા, સુમુખ મંત્રી, અને વિમલવાહન નામે રાજા હશે.

દુપ્પસહસૂરિ ગૃહસ્થાવાસમાં બાર વર્ષ, સંયમમાં આઠ વર્ષ રહીને અઠ્ઠમ તપની આરાધના કરી સૌધર્મ દેવલોકમાં જશે, એ પ્રમાણે એકવીસ હજાર વર્ષનો પાંચમો આરો હશે, તેટલા જ પ્રમાણવાળો છઠ્ઠો આરો થશે. માતાપિતાદિની મર્યાદા છોડી મનુષ્યો પશુની જેમ વહેવાર કરશે, દિશાઓ ધુમાડાથી અંધકાર જેવી રહેશે, ખરાબ પવન હશે, ચન્દ્રમા અત્યંત શિતલ, અને સૂર્ય અત્યંત ગરમ રહેશે, જેનાથી લોકો અતિશય ઠંડી–ગરમીથી પીડા પામશે, ક્ષાર, આમ્લ, વિષ, અગ્નિ, વિજળી આદિનો વરસાદ નામાનુસાર ફલને આપનારો થશે, ભગંદર, તાવ, શ્વાસ, શૂળ, શિરોવેદના આદિ ખરાબ રોગોથી લોકો હેરાન થશે.

પશુધનનો નાશ થશે, ક્ષેત્ર, વન, ઉપવન, લતામંડપોનો નાશ થશે, સ્રી પુરૂષ લજ્જારહિત થશે, પુરૂષનું

આયુષ્ય વીસ વરસ અને સ્ત્રીનું આયુષ્ય ૧૬ વર્ષ હશે, ૭ વર્ષની ઉંમરે સ્ત્રી ગર્ભને ધારણ કરશે, અતિ ભયંકર દુઃખિત અવસ્થામાં પ્રસુતી થશે, સોલ વર્ષની ઉંમરમાં તેને પુત્ર, પૌત્ર, વિગેરે પ્રાપ્ત થશે. સ્ત્રીઓ બાર વર્ષની ઉંમરે વૃદ્ધ થશે. લોકો માંસાહારી બનશે, ઉત્સર્પિણીના પહેલા આરામાં પણ તેવો જ ભાવ પ્રગટ થશે, બીજો આરો બેસશે ત્યારે પ્રથમ પુષ્કરાવર્ત મેઘ સાત દિવસ પડશે. ત્યારબાદ ક્ષીરોદક–ઘૃતમેઘ–અમૃતમેઘ–રસમેઘ દરેક મેઘ સાત સાત દિવસ પડશે.

પછી ઉત્સર્પિણીના બીજા આરાના છેડે ભરતક્ષેત્રના મધ્ય ખંડને વિષે અનુક્રમે વિમલવાહન–સુનામ–સંગમ–સુપાર્શ્વ–દત્ત–સુમુખ–સુમુચિ–આદિ સાત કુલકરો થશે. તેમાં વિમલવાહન કુલકરને જાતિસ્મરણ જ્ઞાનની પ્રાપ્તિ થશે, રાજનીતિ દાખલ કરશે, ગામ વસાવશે, ચતુરંગી સેના રાખશે અન્ન પકાવવાની વિધિ દાખલ કરશે. સ્ત્રીની ચોસઠ કલાઓ, પુરૂષની બહોંતેર કલાઓ, એકસો પ્રકારના શિલ્પ પ્રવર્તાવશે. અનુક્રમે છેલ્લો સાતમો કુલકર શતદ્વારપુરમાં સુમુચિ નામે થશે, તેને ભદ્રા નામની ભાર્યા હશે.

બીજા આરાના ત્રણ વર્ષ સાડા આઠ માસ બાકી રહેશે ત્યારે શ્રેણિક રાજાનો જીવ પહેલી નારકીમાંથી નીકળી ભદ્રારાણીની કુક્ષીને વિષે ઉત્પન્ન થશે. ભદ્રારાણી સ્વપ્નો દેખશે, જન્મ થયા બાદ બારમા દિવસે પદ્મનાભ નામ સ્થાપન કરશે, તેમનું સાત હાથનું શરીર, સિંહ લંછન,

અહોંતેર વરસનું આયુષ્ય એ બધું ભગવાન મહાવીર સ્વામિની જેમજ થશે. તે પહેલા શ્રી પદ્મનાભ નામના તીર્થંકર થશે. તેમનું નિર્વાણ કલ્યાણક પણ દિવાળીને દિવસે થશે, શ્રી મહાવીર સ્વામીના કાકા સુપાર્શ્વનો જીવ બીજા સુરદેવ નામના તીર્થંકર શ્રી પાર્શ્વનાથ સ્વામી સમાન થશે.

પાટલીપૂત્રના ઉદાયી રાજાનો જીવ ત્રીજા શ્રી સુપાર્શ્વ નામના જિનેશ્વર દેવ શ્રી નેમનાથ સ્વામિ જેવા થશે. પોટિલાચાર્યનો જીવ ચોથા સ્વયંપ્રભ નામના જિનેશ્વર શ્રી નમિનાથ પ્રભુ સરખા થશે. પાંચમાં સર્વાનુભૂતિ તીર્થંકર દેઢાયુ શ્રાવકનો જીવ મુનિસુવ્રત સ્વામિ તુલ્ય થશે, છઠ્ઠા દેવશ્રુત નામના જિનેશ્વર કાર્તિક શેઠનો જીવ થશે, સ્રીવેદ રહિત મલ્લિનાથ પ્રભુ તુલ્ય થશે, શંખ શ્રાવકનો જીવ સાતમા ઉદય નામના તીર્થંકર થશે, અરનાથ પ્રભુ તુલ્ય થશે પણ, તે ચક્રવર્તિ થશે નહીં.

આનંદ શ્રાવકનો જીવ પેઢાળ નામના આઠમા જિનેશ્વર થશે, કુંથુનાથ સ્વામિ તુલ્ય થશે. શતક શ્રાવકનો જીવ દશમા શતકીર્તિ નામના જિનેશ્વર શ્રી ધર્મનાથ સ્વામિ સમાન થશે, શ્રીકૃષ્ણ વાસુદેવના માતા દેવકીજીનો જીવ અગિયારમા મુનિસુવ્રત નામના જિનેશ્વર અનંતનાથ સમાન થશે, શ્રીકૃષ્ણનો જીવ બારમા અમમ નામના જિનેશ્વર શ્રી વિમલનાથ સ્વામિ સમાન થશે.

સુજેષ્ઠા સાધ્વીજીનો પૂત્ર સત્યકી વિદ્યાધરનો જીવ તેરમા નિષ્કષાય નગરના જિનેશ્વર વાસુપૂજ્ય સ્વામી સમાન

થશે, બલદેવનો (કૃષ્ણના ભાઈ નહીં) જીવ ચૌદમા નિઃપુલાક નામના જિનેશ્વર શ્રી શ્રેયાંસનાથ સ્વામિ સમાન થશે, સુલસા શ્રાવિકાનો જીવ પંદરમા નિર્મમ નામના જિનેશ્વર શ્રી શિતલનાથ સ્વામિ સમાન થશે, બલદેવજીની માતા રોહિણીનો જીવ સોલમા ચિત્રગુપ્ત નામના જિનેશ્વર શ્રી સુવિધિનાથ સમાન થશે, રેવતી શ્રી શ્રાવિકાનો જીવ સત્તરમા સમાધિ નામના તીર્થંકર થશે. શ્રી ચંદ્રપ્રભુજી સમાન થશે.

અઢારમા સંવર નામના જિનેશ્વર શતાલિ શ્રાવકનો જીવ સુપાર્શ્વનાથ તુલ્ય થશે, લોકમાં વેદવ્યાસ નામે પ્રસિદ્ધ દ્વૈપાયનનો જીવ ઓગણીશમા યશોધર નામે તીર્થપતિ શ્રી પદ્મપ્રભુ સમાન થશે, કર્ણનો જીવ વીસમા વિજય નામના જિનેશ્વર શ્રી સુમતિનાથ સમાન થશે, શ્રી નારદજીનો જીવ એકવીસમા મલ્લ નામના જિનેશ્વર અભિનંદન સ્વામિ સમાન થશે

સુલસા શ્રાવિકાની પરીક્ષા કરનાર અંબડનો જીવ બાવીસમા 'દેવ' નામના જિનેશ્વર શ્રી સંભવનાથ સમાન થશે. અમરનો જીવ ત્રેવીશમા 'અનંતવીર્ય' નામના જિનેશ્વર અજીતનાથ સમાન થશે, સ્વાતિ બુધનો જીવ ચોવીશમા શ્રી ભદ્રકૃત નામના જિનેશ્વર શ્રી ઋષભદેવ સમાન થશે, આ પ્રમાણે ઉત્સર્પિણીમાં આ ચોવીસ તીર્થંકર થશે.

દીર્ઘદન્ત, ગૂઢદન્ત, શુદ્ધદન્ત, શ્રી ચન્દ્ર, શ્રી ભૂતિ, શ્રી સોમ–પદ્મ–મહાપદ્મ–દર્શન–વિમલ–અમલવાહન અને અરિષ્ટ એ બાર ચક્રવર્તિ થશે.

નંદી–નંદીમિત્ર–સુંદરબાહુ–અતિબલ–મહાબલ–બલ–દ્વિપૃષ્ઠ–ત્રિપુષ્ઠ નામના નવ વસુદેવ થશે.

તિલક–લોહજંઘ, વજ્રજંઘ–કેસરી બલી–પ્રહ્લાદ–અપરાજિત–ભીમ–સુગ્રિવ–એ નવ પ્રતિવાસુદેવ આગામિક કાળે થશે.

જયંત–અજીત–ધર્મ–સુપ્રભવ–સુદર્શન-આનંદ–નંદન–પદ્મ–સંકર્ષણ એ નવ બલદેવ થશે.

એ સર્વ મલીને ત્રેસઠ શલાકા પુરૂષ થશે.

યમુના સરોવરની જેમ આ ભરતક્ષેત્રમાં અવસર્પિણી અને ઉત્સર્પિણી કરતો 'કાલ' નાગની જેમ અત્યંત ભયદાયક છે. જિનેશ્વર દેવોના આશ્રયે જઇને તે કાલ રૂપી નાગનું દમન થઈ શકે છે. તે સિવાય બીજો કોઈ માર્ગ નથી.

॥ અમમસ્વામિ ચરિત્રનો સોળમો સર્ગ સંપૂર્ણ ॥

# સર્ગ ૧૭ મો

જંબુદ્વીપના સુમેરૂ પર્વતના દક્ષિણ ભાગમાં પવિત્ર ભરતક્ષેત્રના દક્ષિણ ખંડમાં પુણ્ડ્ર નામનું નગર હશે, બન્ને તરફની લક્ષ્મીથી સ્વર્ગને લજ્જા ઉપજાવનાર હશે, પૃથ્વી રૂપ વનિતાના ભાલ ઉપર કપુરના તિલકની સમાન જિન પ્રાસાદોથી પોતાના નામને સાર્થક કરશે, તે નગર સરસ્વતીના ભંડાર જેવું હશે, તે નગર ચાર દ્વારવાળું હોવા છતાં પણ લક્ષ્મીને આવવા માટે સો દ્વાર હોવાથી શત દ્વાર તેનું નામ લોકો કહેશે.

જે નગર ધ્વજદંડોથી અમરાવતીને જીતવાવાળી થશે, જ્યાંના લોકો પાંચ વર્ગોના અભ્યાસમાં 'રત' હોવા છતાં, ધર્મના ચારે અંગોને સાધવામાં કુશળતાવાળા હશે. જ્યાંનો વિલાસિની વર્ગ, વ્યાજોક્તિ, વક્રોક્તિ, વાસ્તવ ધ્વનિઓની લીલાઓથી પ્રૌઢ કવિઓને પણ જીતનારો હશે, જ્યાંના શ્રીમંતોના ઘર નાટકની જેમ સર્વેને આનંદ આપનારા હશે, તે નગરમાં સમ્મતિ નામે પવિત્રાત્મા રાજા થશે, જેમની વીરતાના પ્રતાપથી શત્રુ રાજાઓ દુઃખી થઈ ને સમુદ્રને આશ્રયસ્થાન બનાવશે, એવા તેજસ્વી રાજાના સામે બુધ, શુક્રની સમાન શત્રુઓ જે દિશામાં ઉત્પન્ન થશે તેજ દિશામાં અસ્ત થશે, જૈન ધર્મની એક છત્ર સ્થાપના તે રાજા કરશે, ગજગામિની, ભદ્રપ્રકૃતિવાળી, સહુના

કલ્યાણને કરવાવાળી, ભદ્રા નામે તેમની પટ્ટરાણી હશે, એકમાં સર્વ ગુણોનો સમાવેશ ન કરવો જોઈએ તેવો વિધાતાનો નિયમ હોવા છતાં પણ ઘુણાક્ષર ન્યાયથી તેણીમાં સર્વ ગુણો સંપન્ન હશે, તેની દેહ લાવણ્યતા સરસ્વતીની સ્પર્ધા કરશે, તેણીના શિયલથી પરાજિત બનેલી ગંગા ત્રિપથગા નામ ધારણ કરશે.

મિથ્યાભાવને દૂર કરી ચિંતામણિની સમાન સમ્યક્ત્વને પોતાના હૃદયમાં ધારણ કરનારી હશે, શ્રીકૃષ્ણનો જીવ સાત સાગરોપમનું આયુષ્ય પૂર્ણ કરી વાલુકામાંથી નીકળી વૈશાખ સુદ બારસને દિવસે તેણીની કુક્ષિમાં ઉત્પન્ન થશે, તે વખતે એક સમયને માટે જગતના તમામ જીવોને સુખની અને પ્રકાશની પ્રાપ્તિ થશે, પોતાના મહેલના શયનખંડમાં સુતેલી ભદ્રારાણી ચૌદ સ્વપ્નોને જોશે. જેમકે: હાથી –વૃષભ–કેશરિસિંહ–લક્ષ્મી–પુષ્પમાલા–ચન્દ્ર– સૂર્ય–ધ્વજા–પૂર્ણકલશ–સરોવર–સમુદ્રભવન–રત્નનોરાશી–અગ્નિ–એ ચૌદ સ્વપ્નોને પોતાના મુખમાં પ્રવેશ કરતા જોઈ તેણી જાગશે.

પોતાના પતિની પાસે આવી, પ્રસન્ન મૂખે સ્વપ્નનો વૃત્તાંત પૂછશે, રાજા પોતાની બુદ્ધિએ તે સ્વપ્નોની વ્યાખ્યા પોતાની પત્નીને કહેશે, હે દેવી! લોકોત્તર ગુણોવાળો તારો પૂત્ર રાજા થશે, સાંભળીને રાણી પ્રસન્ન થઈને શયનખંડમાં આવશે, ધર્મધ્યાનમાં રાત્રીને વીતાવશે, સૂર્યોદય થતાંની સાથે રાજા મંત્રીઓને વાત કરશે, સ્વપ્ન પાઠકોને બોલાવશે, સ્વપ્નોની વ્યાખ્યા કરાવશે, ગુણોથી ઉન્નત,

બલવાન, નિર્ભય, વિશ્વોદ્યોત કરનાર, પ્રતાપી, લક્ષ્મીના આશ્રયસ્થાનરૂપ, ઉત્સર્પિણીમાં બારમા તીર્થંકર તરીકે તમારો પૂત્ર થશે, આ પ્રમાણે કહીને રાજા તરફથી મળેલું ભેટણું લઈને સ્વપ્નપાઠકો પોતાના ઘેર જશે.

ઈન્દ્રનું આસન કંપાયમાન થવાથી પ્રભુનું ચ્યવન જાણી ઈન્દ્ર ત્યાં આવશે, માતાપિતાને નિવેદન કરી, તેમની પૂજા કરી ચાલી જશે, પ્રભુના પ્રભાવથી હાથી–ઘોડા વિગેરેથી રાજ્ય વૃદ્ધિ પામશે, કુબેરની રત્નવૃષ્ટિથી ઘર ભરપૂર હશે, પરંતુ માતાનું ઉદર વધશે નહી. (તીર્થંકરને જન્મ આપ્યા પછી માતા કોઈ સંતાનને જન્મ આપતી નથી, તેથી તે રત્નકુક્ષિણી કહેવાય છે.) પૃથ્વી માણેકની જેમ મેઘમાલા મોતીઓની જેમ ગુઢ ગર્ભને ધારણ કરતી રાણી અત્યંત શોભાયુકત બનશે.

પ્રભુના વધવાની સાથે માતાનો હર્ષ વધતો જશે, ગર્ભ અને પતિમાં મમત્વને ધરનારી શરીર અને રાજ્યમાં ભવન અને વૈભવમાં, મમત્વને ધારણ કરશે નહી. સંપૂર્ણ સમયે માઘ સુદ ત્રીજના ચંદ્રમાનો મીન રાશીમાં યોગ પ્રાપ્ત થયે છતે ઉત્તર ભાદ્રપદ નક્ષત્રમાં ગ્રહોએ ઉચ્ચસ્થાનો પ્રાપ્ત કરેલ હશે.

ગંગા સુવર્ણ કમલની જેમ પૃથ્વી, સુમેરૂની જેમ અર્ધરાત્રિના સમયે ભદ્રા માતા પૂત્રને જન્મ આપશે, એકસો આઠ લક્ષણોથી યુક્ત અત્યંત સુંદર પૂત્રને જોઈ માતા પોતાનો પૂત્ર જિન થશે તેવો વિચાર કરીને નિશ્ચય કરશે,

કલ્પવૃક્ષની સમાન પ્રભુનો જન્મ થતાંની સાથે નારકીના જીવો એક ક્ષણ માટે શાંતિ મેળવશે, અન્ય જીવોને શાંતિ પ્રાપ્ત થાય તેની નવાઈ નથી.

મોહને દૂર ચાલી જવાનો આદેશ આપતા દુદુંભી નાદો દ્વારા પ્રભુ જન્મની ખુશાલીને જાહેર કરશે, તે વખતે પ્રભુના અંગોની અદ્‌ભૂત જ્યોતિ વડે અંધકારમય, આકાશ-મંડલ, સ્ફટિક સમાન, તેજસ્વી બની જશે. પ્રથમ દિક્-કુમારિકાના આસનો કંપાયમાન થશે, બાદમાં અવધિજ્ઞાનથી પ્રભુના જન્મને જાણશે, પોતપોતાના આવાસ સ્થાનમાં જિનેશ્વરદેવની સ્તુતિ કરશે, નમસ્કાર તથા હર્ષમાં આવી ગીતો ગાશે, આઠ દિક્‌કુમારિકાઓ પોતાના વિમાનમાંથી પ્રભુનો જ્યાં જન્મ થયેલ છે ત્યાં પ્રસુતિ ગૃહમાં આવશે.

જેમના નામો અનુક્રમે ભોગંકરા, ભોગવતી, સુભોગા, ભોગમાલિની, સુવત્સા, વત્સચિત્રા, પુષ્પમાલા, અનિન્દિતા હશે, પ્રભુ તથા પ્રભુની માતાને ત્રણ પ્રદક્ષિણા દઈ ને પ્રણામ કરશે, અને કહેશે કે હે ચારૂલોચને! અમે આઠ દિક્‌કુમારિકાઓ પાતાલથી આપની સેવા કરવા માટે આવીએ છીએ, માટે આપ કોઈપણ પ્રકારની ચિંતા કરશો નહીં. આ પ્રમાણે કહીને સંવર્ત પવનથી અશુભ પુદ્‌ગલોને સુતિકા સ્થાનથી યોજન પ્રમાણ દૂર કરી પ્રભુના ગુણોને ગાશે, ત્યારબાદ બીજી આઠ દિક્‌કુમા-રિકાઓ સ્વર્ગ લોકના નન્દનવન કુટથી પોતાના વિમાનોને લઈને આવશે.

જેઓના નામ મેઘંકરા, મેઘવતી, સુમેઘા, મેઘમાલિની, તોયધારા વિચિત્રા, વારિષેણા અને વહલિકા હશે, માતા સહિત જિનેશ્વરને પ્રણામ કરીને સુગંધિત જલ વડે સુતિકા ઘરને ચારે તરફથાં યોજન પ્રમાણ ભૂમિ શુદ્ધ કરશે, પંચવર્ણ પુષ્પથી પૂજા કરી યશોચિત આસન ઉપર બેસી, પ્રભૂના તથા પ્રભૂની માતાના ગુણોની સ્તવના કરશે.

પૂર્વરૂચકથી હાથમાં દર્પણ લઇને નન્દોત્તરા, નન્દા, આનન્દા, નન્દિવર્ધના, વિજયા, વૈજયન્તી, જયન્તી અપરાજિતા એ આઠ દિકકુમારિકાઓ આવી, નમસ્કાર કરીને તેમના ગુણોની સ્તુતિ કરશે.

દક્ષિણ રૂચકથી પણ હાથમાંપંખા લઈને, સમાહારા, સુપ્રદત્તા, સુપ્રબુદ્ધા, યશોધરા, લક્ષ્મીવતી, શેષવતી, ચિત્રગુપ્તા, વસુન્ધરા, એ આઠ દિક્કુમારિકાઓ આવી પ્રભુને નમસ્કાર કરીને ગીતો ગાશે.

પશ્ચિમ રૂચકથી ઈલાદેવી, સુરાદેવી, પૃથ્વી, પદ્માવતી, એકનાશા, નવમિકા, ભદ્રા, અશોકા એ આઠ દિક્કુમારિકાઓ હાથમાં વ્યંજન લઈને આવી પ્રભુને નમસ્કાર કરી ગીનગાન કરશે.

ઉત્તરરૂચક પર્વતથી હાથમાં ચામર લઈને અલંબુસા, મિત્રકેશી પુંડરિકા, વારૂણી, હાસા, સર્વપ્રભા શ્રી હ્રીં એ આઠ દિકકુમારિકાઓ આવી પ્રભૂને નમસ્કાર કરીને પ્રભુ તથા તેમની માતાના ગુણોને ગાશે.

વિદિશામાંથી હાથમાં દીપકને લઈસુતેજા, ચિત્રકનકા,

ચિત્રા, સૌદામિનીએ ચાર દિક્કુમારિકાઓ આવી પોતપોતાની દિશામાંઉભી રહેશે. પ્રભુના તથા તેમની માતાના ગુણો ગાશે.

ત્યારબાદ રૂપા, રૂપાસિકા, સુરૂપા, રૂપકાવતી એ ચાર કુમારિકાઓ આવી પ્રભૂની નાભિનાલનું છેદન કરી, માટીના ખાડામાં મૂકી ઉપર રત્નો તથા દુર્વાઓથી તે ખાડાને પૂરશે, ભક્તિથી તે સ્થાન ઉપર પીઠ બાંધશે, તે દિક્કુમારિકાઓ દક્ષિણ પૂર્વ અને ઉત્તર દિશામાં કદલી ગૃહની સ્થાપના કરી, તેમાં સિંહાસન સ્થાપિત કરશે.

દક્ષિણ દિશાના કેળના ઘરમાં પ્રભુ અને તેમની માતાને દિવ્યતેલથી માલીશ કરશે, શરીરે સુગંધિત પદાર્થોનું વિલેપન કરશે, ત્યારબાદ પૂર્વ દિશાના કેળના ઘરમાં લઈ જઈને સ્નાન તથા અનુલેપન વિધિ કરીને વસ્ત્રાલંકારથી બન્નેને વિભુષિત કરશે, ત્યારબાદ ઉત્તરના કેળના ઘરમાં લઈ જઈ રક્ષા બંધન કરશે, કુલપર્વતની જેમ આપ આયુષ્યને પ્રાપ્ત કરો, તે પ્રમાણે આશીર્વાદ આપી સુતિકા ગૃહમાં લઈ જઈ મધુર સ્વરોથી તેમના ગુણો ગાશે.

દેવલોકમાં દેવતાઓના ઘંટનો વિચિત્ર પ્રકારનો નાદ થશે, ઈન્દ્રનું આસન કંપાયમાન થશે, સૌધર્માધિપતિ અત્યંત ક્રોધિત બનીને બોલશે કે ગજેન્દ્રોના દાંતને તોડવાવાળો કોણ છે? નક્ષત્રમાળાને માટે નક્ષત્રોને પકડવાની ઈચ્છા કોણ રાખે છે? આ પ્રમાણે બોલીને જ્યારે ઈન્દ્ર હાથમાં વજ્રને ધારણ કરશે ત્યાં સેનાપતિ આવીને કહેશે હે નાથ! આપનો શત્રુ ક્યાં છે? આપ કોની ઉપર ક્રોધ કરો છો?

શક્રેન્દ્ર અવધિજ્ઞાનથી પ્રભુના જન્મને જાણી સિંહાસન ઉપરથી ઉઠી, સાત, આઠ પગલાં આગળ ચાલી, મિથ્યા દુષ્કૃત આપી, વિધિપૂર્વક પ્રભુને વંદના કરશે, અને સેનાપતિઓને કહેશે કે ભરતક્ષેત્રમાં બારમા જિનેશ્વરનો જન્મ થયો. તેમનો જન્મોત્સવ કરવા માટે ઈન્દ્ર પોતે જઈ રહેલ છે. તમે બધા દેવો અલંકારોથી વિભૂષિત બનીને ચાલો એ પ્રમાણે ઉદ્‌ઘોષણા કરાવશે, સુઘોષા ઘંટનો અવાજ બત્રીસ લાખ વિમાનોમાં વાગશે, બધા દેવતાઓ ઈન્દ્રની સમક્ષ આવશે, ઈન્દ્રની આજ્ઞાનું પાલન કરનાર પાલક દેવ, ઈન્દ્રને માટે નવિન વિમાન તૈયાર કરશે, તે વિમાનમાં કોટી દેવોની સાથે ઈન્દ્ર આરૂઢ થશે.

બત્રીસ લાખ વિમાનોની મધ્યમાં તે વિમાન સુરાચલની જેમ સુશોભિત લાગશે, અનેક દ્વીપો અને સમુદ્રોનું ઉલ્લંઘન કરી શક્રેન્દ્ર પ્રભુનો જન્મ થયો છે. ત્યાં આવી પ્રભુને તથા તેમની માતાને નમસ્કાર કરી પ્રભૂની કાવ્યસ્તુતિ કરશે, સ્તુતિ કર્યા પછી ઈન્દ્ર પ્રભૂને મેરૂ પર્વત ઉપર લઈ જઇને મોટા આડંબરપૂર્વક જન્માભિષેક કરશે. અને ઈશાનથી લાવીને માતાની પાસે મુકશે, પ્રભુના કાનમાં બે દિવ્ય કુંડલો પહેરાવશે. અનેક મણીઓથી બનાવેલ એક જુમખું પ્રભુની દષ્ટિ પડે તેવી રીતે પ્રભુના આનંદને માટે મૂકશે.

ઈન્દ્ર પોતાના સેવકો દ્વારા મોટા સ્વરોથી ઉદ્‌ઘોષણા

કરાવશે કે સુર, અસુર, અને મનુષ્યોમાં કોઈપણ મનથી પણ પ્રભુનું કે તેમની માતાનું અનિષ્ટ ચિંતવશે તેના મસ્તકના સાત ટુકડા થશે, ત્યારબાદ ઈન્દ્ર સંમતિરાજાના ઘરમાં બત્રીસકોટિ સોનૈયાની વૃષ્ટિ કુબેરદ્વારા કરાવશે, પ્રભુના અંગુઠામાં અમૃતને મુકશે, જેનાથી પ્રભુને ભૂખ લાગશે નહી. તીર્થંકર પરમાત્મા માતાને સ્તનપાન કરતા નથી, પાંચ દેવીઓને ધાત્રી કર્મ કરવા માટે મૂકી ઈન્દ્ર નંદીશ્વર દ્વીપ જશે.

ત્યાં અઠ્ઠાઈ મહોત્સવ કરી બધા દેવો પોતાના સ્થાને જશે. પ્રાતઃકાલે મધુર પવનના આવવાથી ભદ્રાદેવી પદ્મિનીની જેમ જાગશે, દેવોથી પૂજાયેલા પોતાના પૂત્રને જોઈ આનંદ પામશે, હર્ષિત થયેલી દાસીઓ રાજાને વધામણી આપશે, અને કહેશે કે દિક્કુમારિકાઓએ સૂતિકર્મ કર્યું છે. કુબેરના જેવો રાજા દરેકને ભેટ આપશે, ત્રૈલોકયના રાજ્યની પ્રાપ્તિ કરતાં પુત્ર જન્મથી અધિક ખુશી થશે, કેદી-ઓને છોડી મૂકશે, મહા આડંબર સહિત પુત્રનો જન્મો-ત્સવ ઉજવશે, જેને જે વસ્તુની ઈચ્છા હોય તે વસ્તુ પુત્ર જન્મની ખુશાલીમાં આપશે.

નગરમાં નૃત્ય, ગાન, નાટક, વિગેરેનું આયોજન કરશે. જેથી નગરી શોભાયમાન દેખાશે, મોટા મોટા શ્રેષ્ઠિઓ, સામંતો, માંડલિકોએ ભેટ રૂપમાં આપેલા હાથી ઘોડા રત્નાદિથી શ્રી સમ્મતિ રાજાનું ભવન તે વખતે કુબેરના ધનભંડાર જેવું બની જશે, અનેક પ્રકારના આભૂષણોથી

શોભતા પુત્રને જોઈ રાજા પોતાને જગતમાં સર્વ શ્રેષ્ઠ માનશે, છઠ્ઠી જાગરણ તથા સૂર્ય–ચંદ્રના દર્શન વખતે રાજા મોટો ઉત્સવ કરશે.

બારમા દિવસે રાજા ભોજનાદિ વસ્તુઓથી બાંધવોનું, નાગરિકોનું સન્માન કરશે, કુલવૃદ્ધાઓ તથા કુલદેવતાઓની પૂજા કરીને 'પ્રભુના જન્મની પહેલાંથી જ પ્રભુની માતા મમત્વરહિત હોવાથી પ્રભુનું નામ 'અમમ' પાડશે.'

ઉદ્યાન વૃક્ષની જેમ પ્રભુ અંગુઠાને મોંમાં રાખીને અમૃતનું પાન કરશે, મતિ–શ્રુત અને અવધિ ત્રણે જ્ઞાનથી યુક્ત હોવા છતાં પણ પિતાની ઈચ્છા પૂર્તિ કરવા માટે દેવદેવીઓની સાથે અનેક પ્રકારની રમતો રમશે. અનેક પ્રકારના સુખ સાધનોથી સંપન્ન પ્રભુ બીજના ચન્દ્રની જેમ વધવા લાગશે.

સંપૂર્ણ કલાઓનો પ્રભુમાં વિકાસ થશે, બહોંતેર કલાઓથી યુક્ત પુત્રને શિષ્યની જેમ પરમ વિનેયી જોઈ પિતાને અત્યંત આશ્ચર્ય થશે, અનુક્રમે પ્રભુ શૃંગારદેવતાના ભવનરૂપ, કામક્રીડાના ઉદ્યાનરૂપ યૌવન વયને પ્રાપ્ત કરશે સાઠ ધનુષ પ્રમાણ ઉન્નત શરીરને જોઈ લોકોને પહાડનો ભ્રમ થશે, પ્રભુના લોકોત્તર ગુણોને ગાવા માટે કવિઓની બુદ્ધિ ખૂટી જશે.

વીર અને સુકુમાર એવા પ્રભુને જોઈ લોકો વિચાર કરશે કે તેમની કાયામાં વજ્ર અને કમલનું મિશ્રણ હશે.

યૌવનાવસ્થામાં પ્રભુને આવેલા જાણી રાજા યુવરાજપદે તેમની સ્થાપના કરશે. તેમની ઉપર તમામ પ્રકારનો કારભાર સુપ્રત કરી, રાજા ધર્મ અને ઉપભોગનું આરાધન કરવા લાગશે. પ્રભુના ગુણોનું અને રૂપનું શ્રવણ કરી અનેક રાજાઓ પોતાની કન્યા પ્રભુને પરણાવશે.

પોતાના ભોગાવલી કર્મોનો વિપાક જાણી, માતા-પિતાના આદેશને માન્ય કરી, ત્રણ જ્ઞાનથી યુક્ત, આત્મ-સાધનામાં લીન હોવા છતાં પણ પ્રભુ અનેક કન્યાઓ સાથે લગ્ન કરશે. દેવો દ્વારા ઉત્સવો થશે, અનેક પ્રકારના ભોગોને ભોગવતાં શ્રી પ્રભુ કમલની જેમ નિર્લેપ રહેશે, આ પ્રમાણે પંદર લાખ વર્ષો વ્યતિત થયેથી શ્રીમાન્ સમ્મતિરાજા સભામાં પુત્રને કહેશે.

હે વત્સ! રાજ્ય સુખોથી મને અજીર્ણ થયેલું છે, માટે જ્યાં સુધી આ શરીર સારૂં છે અને વૃદ્ધાવસ્થા આવી નથી, ત્યાં સુધી સ્વર્ગ કે મુક્તિના સામ્રાજ્યના માટે મને તૈયાર થવું ખૂબ જ આવશ્યક છે, માટે તમે રાજ્યને ગ્રહણ કરો, અને પ્રજાનો અનુરાગ વધારો, પરિવાર તથા માતા પ્રત્યે તમારી કૃતજ્ઞતા બતાવો, ગ્રીષ્મ ઋતુની જેમ પ્રૌઢ પ્રતાપી બનીને શત્રુઓનું શોષણ કરો. જેથી તમારી તલ-વારને જયશ્રી છોડે નહિ.

પ્રથમ આંતર શત્રુઓને જીતી પછીથી બાહ્ય શત્રુઓને જીતજો, આ પૃથ્વી ઉપર ઘણા રાજાઓ થઈ ગયા, છતાં પણ પૃથ્વી કોઈની થઈ નથી માટે યશને પ્રાપ્ત કરવાનું

લક્ષ્ય રાખજો, આ પ્રમાણે પુત્રને શિખામણ આપી શુભ દિવસે પ્રભુનો રાજ્યાભિષેક કરશે.

થોડા દિવસો બાદ પુત્રને આલિંગન કરી શ્રી સમ્મતિનરેશ્વર દીક્ષા ગ્રહણ કરી કાળધર્મ પામી દેવલોકમાં જશે, અમમકુમાર પણ પિતાના વિરહમાં ઉદાસીન બની, ન્યાયપૂર્વક પ્રજાનું પાલન કરશે. તેમના રાજ્યમાં રોગ, આપઘાત, દુકાળ, અતિવૃષ્ટિ, અનાવૃષ્ટિ વિગેરેનો ઉપદ્રવ થશે નહી. પ્રજામાં સંપૂર્ણ સંતોષ હશે, ત્રણે લોકમાં પ્રભુનો યશઃચંદ્ર ચમકશે.

॥ અમમસ્વામિ ચરિત્રનો સત્તરમો સર્ગ સમાપ્ત ॥

## સર્ગ અઢારમો.

ત્રીસ લાખ વર્ષ સુધી હરિણાક્ષીસમાન પૃથ્વીનો ઉપભોગ કરીને પ્રભુના ભોગાવલી કર્મનો ક્ષય થશે, પોતાના જ્ઞાનથી સંયમકાળ જાણી પોતાના વિનિત પુત્રને રાજ્ય ગ્રહણ કરવાને માટે આગ્રહ કરશે, વિનયી પુત્ર પણ પિતાને કહેશે કે હે પિતાજી! આપની ભક્તિમાં બાધક એવું રાજ્ય મને જોઈતું નથી, ક્ષમાશીલ પિતાના ચરણોની ઉપાસના કરવામાં મનુષ્યોને જે આનંદ પ્રાપ્ત થાય છે તે આનંદ સિંહાસન ઉપર બેસવાથી મલતો નથી. દેવ! આપના ચરણ કમલની સેવાથી જ હું રાજહંસ સમાન છું, તો પછી ક્ષણિક રાજ્યનું મને પ્રયોજન પણ શું છે?

પ્રભુ પુત્રને ખૂબ જ સમજાવવાનો પ્રયત્ન કરશે અને કહેશે કે હે પુત્ર! આ પૃથ્વી નિરાધાર છે, રક્ષકના વિના ક્રૂર માણસોથી આ રાજ્ય નષ્ટ થઈ જશે. માટે મારી આજ્ઞાથી રાજ્યનું રક્ષણ તારે કરવું જોઈએ. આ પ્રમાણે કહીને 'અમમરાજ' પોતાના પુત્રની ઇચ્છા નહિ હોવા છતાં પણ રાજ્યાભિષેક કરશે. રાજાઓથી સેવાતો નવીન રાજવી નભ મંડળના સૂર્યની જેમ શોભાયુક્ત દેખાશે, સારસ્વત આદિ લોકાન્તિક દેવો આવી ધર્મરાજ એવા 'અમમસ્વામિ'ને પ્રણામ કરશે.

ત્યારબાદ તેઓ વિનંતિ કરશે કે હે નાથ! જગતને દુર્લંઘ્ય એવા સંસાર સમુદ્રને પાર કરવાવાળા તીર્થની પ્રવર્તના આપ કરો, આપ તો બધું જ જાણો છો, પરંતુ હમે બધા આપની આજ્ઞાનું પાલન કરીએ છીએ, તે વારે વ્રત લેવાને ઉત્સુક પ્રભુ ચિંતામણિ રત્નની જેમ એક વર્ષ સુધી વાર્ષિક દાન આપશે. નગરમાં પડહદ્વારા ઉદ્ઘોષણા કરાવશે કે ' જેને જે વસ્તુ જોઈએ તેને તે વસ્તુ આવીને લઈ જવી. '

શક્રેન્દ્રની આજ્ઞાથી, કુબેરની આજ્ઞાથી, જૃંભકદેવો પ્રભુના મહેલના આંગણામાં સુવર્ણ, રૂપું, મણિના સ્તુપો બનાવશે, સૂર્યોદયથી આરંભીને ભોજન સમયસુધી પ્રભુ દરરોજ એક કરોડ અને આઠ લાખ સોનૈયાનું દાન આપશે. ધન લેવાના માટે આવેલા લોકો પ્રભુ દર્શનના પ્રભાવથી સમ્યક્ત્વનું દાન પણ લેતા જશે. ઈન્દ્રનું આસન કંપાયમાન થશે તે વખતે ઇંદ્રિ અવધિજ્ઞાનથી પ્રભુનો દીક્ષાકાળ જાણીને પ્રભુ પાસે આવી દીક્ષાભિષેક કરશે, વિલેપન કરશે. દિવ્યાલંકારોથી તેમને વિભૂષિત બનાવી ઈન્દ્રે બનાવેલી દેવદત્તા નામની પાલખીમાં પ્રભુ બિરાજમાન થશે.

ભક્તિથી નમ્રતાને ધારણ કરતા રાજાઓ તે શિબિકાને ઉઠાવશે, અદ્ભૂત શિબિકા જાણે કે મુક્તિ લક્ષ્મીએ મોકલાવી ન હોય તેમ તેને તમામ માણસો ઉઠાવવાને માટે ઇચ્છા કરશે, પ્રભુ શિબિકામાં પૂર્વાભિમુખ રાખી સિંહાસન ઉપર બેસશે, ચારે તરફથી જયજય શબ્દોનો ધ્વનિ થશે,

લોકો રસ્તામાં ભવનના ઝરૂખામાં ઊભા રહીને તે વખતની શોભાને જોશે. વૃદ્ધાઓ આશિર્વાદ આપશે, તે વખતે દેવતાઓના વિમાનોથી અને રાજાઓના છત્રથી ભૂમંડલ ઉપર છાયાનું સામ્રાજ્ય હશે.

ભગવાન અમમસ્વામિ શતદ્વારપુરમાંથી નીકળીને અનુક્રમે સહસ્રામ્રવનમાં પધારશે, ત્યાં શિબિકામાંથી નીચે ઊતરી અશોકવૃક્ષની નીચે ઊભા રહી આંતરશત્રુ કામને મારવાને માટે કામદેવને પ્રજ્વલિત કરનાર શૃંગારને પોતાના હાથે જ ઊતારશે.

શક્રેન્દ્ર પ્રભુના ખભા ઉપર શરદ્ ઋતુના ચંદ્રમાસમાન નિર્મલ વિરતિલક્ષ્મીની સમાન દેવદૂષ્ય મૂકશે, મહા સુદ ચોથને દિવસે મધ્યાહ્ન સમયે પ્રભુ પંચમુષ્ટિ લોચ કરશે, ઇંદ્ર તે વખતે વાળને પોતાના વસ્ત્રમાં લેશે, તરત જ તે કેશને ક્ષીરસાગરમાં વહેવડાવશે. કારણકે મસ્તકના વાળને ક્ષીરનો યોગ પ્રશસ્ત હોય છે. ઇન્દ્ર પોતાનો હાથ ઊંચો ઉપાડી કોલાહલ શાંત કરશે, ઉદ્ઘોષણા કરાવશે કે 'આ સમય છે.' 'આ સમય છે.'

છઠ્ઠનો તપ કરીને પ્રભુ સિદ્ધોને નમસ્કાર કરી સર્વ સાવદ્ય વ્યાપારના ત્યાગરૂપ ચારિત્રને ગ્રહણ કરશે. પ્રભુની સાથે હજારો રાજા પણ પ્રવજ્યા ગ્રહણ કરશે, તે વખતે ક્ષણભરના માટે નારકીના જીવોને સુખાનુભવ થશે, કેમકે શ્રી તીર્થંકરોનો પ્રભાવ અવર્ણનીય હોય છે.

ત્યારબાદ પ્રભુને ચારિત્રનું પરમમિત્ર મનઃપર્યાય નામનું ચોથું જ્ઞાન પ્રાપ્ત થશે. સુરેન્દ્ર, અસુરેન્દ્ર અને નરેન્દ્ર જ્યારે પ્રભૂને વંદન કરી પોતપોતાના સ્થાને ચાલ્યા જશે ત્યારે સૂર્ય પણ અસ્તાચલરૂપ પોતાની ગુફામાં ચાલ્યો જશે, રાજ્યકાલની જેમ સંયમ કાળમાં પણ નવીન તપસ્વીઓથી પરિવૃત બનીને કાઉસ્સગ્ગમાં રહેશે, સંધ્યારાગ, કૌસ્તુભશાલિની, કામિનીની સમાન રાત્રી, મોહને જીતવાને માટે ઉદ્યમવંતા થયેલા પ્રભુને વધામણી આપશે. બીજે દિવસે લક્ષ્મીપુરમાં વિજય રાજાના ઘેર પ્રભુ ખીરનું પારણું કરશે.

તે વખતે દાતાના પુણ્યની પ્રશંસાના માટે આકાશમાં દેવદુંદુભિના નાદ થશે. સાડા બાર કરોડ સોનૈયાની વૃષ્ટિ થશે, દાન આપનારના દર્શન કરવા માટે નગરજનો તથા દેવતાઓ પણ આવશે. બીજા દેવતાઓ આકાશમાંથી સુગન્ધિત પુષ્પોની વૃષ્ટિ કરશે. દાતાની કીર્તિને દેવતાઓ ધ્વજ દંડોવડે સ્વર્ગસુધી લઈ જશે.

વિજય રાજા પ્રભૂના ચરણોની જગ્યાએ રત્નોની પીઠ કરાવશે અને દરરોજ પૂજન કરશે, છદ્મસ્થાવસ્થામાં રહેલા ભગવંત આકાશમાં ભ્રમણ કરતા સૂર્યની જેમ ગામ નગરમાં અવિરત વિચરશે. અત્યંત સુકુમાર હોવા છતાં પણ અત્યંત દુસ્તર તપનું આરાધન કરી મુક્તિ રમાના વૈભવના અધિકારી બનશે.

છદ્મસ્થ પ્રભુ અમમસ્વામિ આ પ્રમાણે બે મહિનાસુધી નિરંતર વિહાર કરી ફરીથી સહસ્ત્રામ્રવને ઉદ્યાનમાં પધારશે. ત્યાં જંબુ વૃક્ષની નીચે છઠ્ઠ તપયુક્ત પ્રભુને પોસ સુદ છઠ્ઠને દિવસે ઉત્તરાભાદ્રપદ નક્ષત્રમાં અપૂર્વકરણથી ક્ષપક શ્રેણીને પ્રાપ્ત કરી ઘાતીકર્મોનો ક્ષય થવાથી પ્રભુને કેવળજ્ઞાન અને કેવળદર્શનની પ્રાપ્તિ થશે, તે વખતે દિશાઓ પ્રકાશિત બનશે. સુગંધિત પવન હશે. અને નારકી જીવોને ક્ષણભર સુખની પ્રાપ્તિ થશે.

ઈન્દ્રોના આસન કંપવાથી ચોસઠ ઈન્દ્રો પ્રભુને કેવળ-જ્ઞાન થયેલું જાણીને ત્યાં આવશે, વાયુકુમાર એક યોજન પ્રમાણ ભૂમિની શુદ્ધિ કરશે, ત્યારબાદ મેઘકુમાર સુગન્ધિત જલની વૃષ્ટિ કરી આત્મિક સૌરભની પ્રાપ્તિ કરશે. વ્યન્તર-દેવો, અષ્ટમંગલની રચના કરશે, સમવસરણની રચના થશે, વ્યન્તરદેવો સમવસરણના ઉપરના ગઢમાં હજાર ધનુષ્ય, પ્રમાણ અશોકવૃક્ષની રચના કરશે. તેની નીચે પીઠ અને ઉપર છંદકની રચના કરશે.

ત્યાં દેવતાઓ પાદપીઠ સહિત સિંહાસનની રચના કરશે, બીજા દેવો પ્રભુના મસ્તક ઉપર સફેદ છત્ર અને પાછળના ભાગમાં બે ચામર ધારીને યક્ષો ઉભા રહેશે. કમલની ઉપર માણેકથી બનાવેલ ધર્મચક્રની સ્થાપના હશે.

આ પ્રકારની શોભાથી યુક્ત રત્નના ત્રણ સિંહાસનો

ત્રણ દિશામાં મૂકવામાં આવશે, કોટી સૂરાસૂર મનુષ્યોથી પરિવરેલા, દેવોથી સ્તુતિ કરાતા પ્રભુ પૂર્વદ્વારથી સમવસરણમાં પ્રવેશ કરશે, ત્યાં આવી ચૈત્યવૃક્ષ અશોકને ત્રણ પ્રદક્ષિણા ફરી 'નમો તીર્થાય" આ પ્રમાણે બોલી પ્રભુ પૂર્વાભિમુખ સિંહાસન ઉપર બિરાજમાન થશે. પ્રભુની ત્રણ પ્રતિમાઓ બનાવી બીજી ત્રણ બાજુમાં દેવતાઓ સ્થાપિત કરશે

તે વખતે પ્રભુ ચતુર્મુખ દેખાશે, જે દ્વારા દેશના શ્રવણ કરવામાં કોઈને અંતરાય થશે નહી, પ્રભુનું ભામંડલ તે વખતે ધર્મશ્રીના સુવર્ણકુંડલ સમાન શોભાયમાન હશે, તે વખતે આકાશને વલોવવાની ઈચ્છાવાળા સમુદ્રની જેમ ગંભીર, દુંદુભિનો નાદ ફેલાશે, બધાજ દેવો, વિદ્યાધરો, વ્યંતરો, યક્ષો, રાક્ષસો, મનુષ્યો, તિર્યંચો, પ્રભુની દેશના શ્રવણ કરવા યથોચિત સ્થાનો ઉપર બેસશે, યોજન પ્રમાણ ક્ષેત્રમાં કોટીકોટી પ્રાણીઓ સમાઈ જાય છે.

કોઈને કોઈ પણ પ્રકારે બાધા પહોંચતી નથી, તે તીર્થંકર પરમાત્માનો અતિશય છે. તે વખતે કોઈ પણ પ્રકારનું કોઈને બંધન હોતું નથી, પરસ્પર વૈરને પણ પ્રાણીઓ ભૂલી જાય છે. કોઈ પણ પ્રકારના ભયથી પ્રાણીઓને દુઃખ થશે નહી. કોઈના મનમાં માયા પણ હશે નહી.

ઉદ્યાનપાલક દ્વારા શતદ્વાર પુરાધીશને પ્રભુના કેવલજ્ઞાનોત્સવની ખબર પડશે ત્યારે તે રાજા હર્ષમાં આવી

તે ઉદ્યાનપાલકને સાડા તેર લાખ સોનામહોરો વધામણીમાં આપશે, ચતુરંગીસેના, અંતઃપુર, અમાત્ય,સામન્તાદિ સહિત રાજા જલ્દીથી ત્યાં આવી, પ્રભુને ભક્તિથી નમસ્કાર કરશે, શક્રસ્તવથી પ્રભુની સ્તુતિ કરશે, ફરીથી શક્રેન્દ્રની સાથે પ્રભુની સ્તુતિ કરતાં કહેશે કે હે નાથ ! આપે પ્રથમ સમસ્ત જગતનું અર્થ પ્રાપ્ત કરીને દુઃખ દૂર કર્યું અને સુખ આપ્યું, પણ હવે તો અન્ધકાર સમુહનો વિનાશ કરવામાં આપ અસ્નેહપુર નવીન દીપક સમાન છો.

તારક શ્રેણીને બતાવી અરૂણોદયને મૂકતા આપ,લોકોના ઉત્તર દક્ષિણથી વિલક્ષણ નેત્ર સમાન છો, આપ શ્રી નવીનદેવ અને પૃથ્વી ઉપર અભિનવ રત્નકોશ સમાન છો.

હે યોગીન્દ્ર ! આપની આ કલા વિચિત્ર છે. કે જે જીવ જીતેન્દ્રિયત્વ ધારણ કરી યોગી બનતો નથી છતાં પણ મુક્તિ પુરીને પ્રાપ્ત કરે છે. હે દેવ ! આપના ઉપદેશ રૂપી અમૃત પાન કરવાથી પ્રાણી અનાદિકાળના દૂષ્કર્મ રોગોથી મૂક્ત થાય છે. હે નાથ ! આપનું દર્શન મને પરમાનન્દની પ્રાપ્તિ કરાવનારૂં છે. તો પછી હું આપની પાસે કઈ માગણી કરૂં ?

આપ નામથી અને મહિમાથી પણ 'અમમ' છો, તો પણ હે કરૂણાસાગર ! અનાથ એવા મારા ઉપર આપ અવશ્ય કૃપા દ્રષ્ટિ રાખજો, આ સ્તુતિ કરીને જ્યારે ઈન્દ્ર તથા શતદ્વારાધીશ પોતપોતાના સ્થાને બેસી જશે ત્યારે આખી સભા પ્રભુની દેશનાનું શ્રવણ કરવા ઉત્કંઠિત થશે

તે વખતે પ્રભુ સર્વ સાધારણ બોધદાયિની, અનન્ત ગુણો-વાળી, યોજનગામિની પોતાની વાણીથી દેશના આપશે.

જેવી રીતે દેવતાઓ સમુદ્રનું મંથન કરીને અમૃતને મેળવે છે તેવી રીતે તમે બધા અસાર એવા સંસારમાં સાર રૂપ ધર્મને પ્રાપ્ત કરો, જેવી રીતે તાંબુલથી શ્રૃંગાર અને મુક્તાફળ (મણી) વડે અલંકાર સૌભાગ્યને પ્રાપ્ત કરે છે તેવી રીતે સમ્યક્ત્વથી જ ધર્મ શોભાયમાન બને છે. નવતત્ત્વ ઉપરની શ્રદ્ધાને જ સમ્યક્ત્વ દર્શન કહેવાય છે.

તે સ્વાભાવિક ગુરૂદ્વારા તેમની કૃપાદ્રષ્ટિથી પ્રાપ્ત થાય છે. પ્રાણીઓને રાગદ્વેષ પરિણામ રૂપ ગ્રન્થી અત્યંત દુર્ભેદ્ય ઉત્પન્ન થાય છે. અપૂર્વ કરણ, અનિવૃત્તિકરણ તથા યથાપ્રવૃતિકરણથી જ મિથ્યાત્વ રૂપ ગ્રન્થનું ભેદન થતાં જ અન્તર્મુહૂર્તમાં જ તત્ત્વરૂચી ઉત્પન્ન થાય છે. અનિ-વૃત્તિ કરણથી તત્ત્વની શ્રદ્ધા વધતી જાય છે.

ગુરૂ ઉપદેશ દ્વારા ઉત્પન્ન થવાના કારણથી શ્રદ્ધા અધિગમિક વસ્તુ છે. પરંતુ સમ્યક્ત્વ અભવ્ય આત્માઓને તો ક્રોડભવ થાય તો પણ પ્રાપ્ત થતું નથી, તેને દુર્લભ છે. શમ, સંવેગ નિર્વેદ, અનુકંપા, અસ્તિક્ય એ પાંચ સમ્યક્ત્વના લક્ષણ છે.

જો પૂર્વે આયુષ્યનો બંધ કર્યો હોય તો સમ્યક્ત્વ પ્રાપ્ત કર્યા બાદ જે ગતિનો બંધ હોય ત્યાં જીવ જાય છે, પણ સમ્યક્ત્વની પ્રાપ્તિ પછી આયુષ્યનો બંધ કરે તો નિશ્ચિંત દેવગતિને પ્રાપ્ત કરે છે.

સમ્યક્ત્વની પ્રાપ્તિ બાદ ગૃહસ્થ પણ દેવતાને પૂજીત બને છે. વરસાદથી જેમ અગ્નિ બુઝાઈ જાય છે તેમ સમ્યક્ત્વથી અભ્યંતર શત્રુઓ સહિત બાહ્ય દ્વેષાદિ શાંત થાય છે. મન્ત્રિકોથી શાકિની, ડાકિની, ભયભીત થાય છે. તેમ વિપત્તિઓ સમ્યક્ત્વધારી આત્માઓથી દૂર ભાગે છે.

સૂર્યોદય થવાથી ઘુવડો અંધ બને છે તેમ સમ્યક્ત્વની પ્રાપ્તિથી પાપસ્થાનક રૂપ અશુભ ઘુવડો અંધ થાય છે. દેવતાઓ પણ વચનથી બંધાયેલા હોય એવી રીતે સમ્યક્ત્વ દ્રષ્ટિ જીવોની પાસે આવે છે. જ્ઞાનામૃતથી સમૃદ્ધ અને ચારિત્ર રૂપ આમ્રવૃક્ષ સમ્યક્ત્વથી સુશોભિત છે. અને ફલ આપનાર છે. માટે કલ્યાણના ઈચ્છુકોએ સમ્યક્ત્વની પ્રાપ્તિ માટે પ્રયત્નશીલ બનવું જોઈએ.

જેઓ ક્ષણિક સુખની પ્રાપ્તિ આપનારી લક્ષ્મીને છોડી સમ્યક્ત્વની આરાધનામાં ચિત્ત લગાડે છે, તેઓ સમ્યક્ત્વના પ્રભાવથી શ્રી સુરરાજની સમાન ઉભય લોકમાં પૂજાય છે.

આ ભરત ક્ષેત્રમાં મધ્ય ખંડમાં રત્નના ભંડારસમી રત્નસંચયા નામની મનને આનંદ આપે તેવી મનોહર નગરી હતી, તે નગરીમાં પોતાની ભૂજાના બળથી અને પ્રતાપથી અતિ શૂરવીર એવો 'શૂર' નામનો એક પ્રસિદ્ધ રાજા હતો, એક દિવસ જગતને જોવાની ઈચ્છાવાળો રાજા પોતાના મહેલની અગાસીમાં જઈને બેઠો, નગરની શોભા

જોવા લાગ્યો, તે વખતે સુંદર વસ્ત્રાલંકારોને ધારણ કરી નાગરિકો ત્વરિત ગતિએ એક બીજાથી આગળ જવાની સ્પર્ધામાં જતા હતા.

તે જોઈ રાજાએ સેવકને પૂછયું કે આજે આ નગરમાં કોને ત્યાં ઉત્સવ છે. કે જેથી ઘણા લોકો ત્યાં જઈ રહ્યા છે. સેવકે બહાર જઈ તપાસ કરીને આવી રાજાને કહ્યું કે હે રાજન્! સૂર્યોદય નામના આપણા ઉદ્યાનમાં ચાર જ્ઞાનથી યુક્ત શ્રી. સમુદ્રઘોષસૂરીશ્વરજી પધાર્યા છે. જંગમતીર્થ એવા આચાર્ય ભગવંતના દર્શનની લાલસાથી અને તેઓની દેશનાનું શ્રવણ કરવાની આકાંક્ષાથી લોકો તેમના વંદનને માટે જઈ રહ્યા છે.

તેમની વાતોને સાંભળી અત્યંત જીજ્ઞાસાવાળો 'શૂર' રાજા પણ અંતઃપુર પરિવાર તથા સેનાઓ સહિત ત્યાં ગયો, જ્યાં જઈને આચાર્ય મહારાજને સાષ્ટાંગ પ્રણામ કર્યા, યથોચિત આસન ઉપર બેઠા, ત્યારબાદ આચાર્ય ભગવંતે દેશના આપી, હે ભવ્યજનો ? રાજા વિના રાજ્ય, દ્વાર વિનાનું મકાન, મૂળ વિનાનું ઝાડ, પાત્ર વિનાનું અમૃત, શોભાયમાન થતું નથી. તેવી રીતે જીવાત્માની પાસે સમ્યક્ત્વ વિના ધર્મ રહી શકતો નથી.

ભૂમિરૂપ સમ્યક્ત્વના બલ ઉપર જ વ્રત રૂપી વૃક્ષ ફળની પ્રાપ્તિ કરે છે. દેવતત્ત્વ, ગુરૂતત્ત્વ, ધર્મતત્ત્વમાં શંકા રહિતપણે સુનિર્મલ શ્રદ્ધાને સમ્યક્ત્વ કહેવામાં

આવે છે. ધર્મના દશભેદ બતાવવામાં આવ્યા છે. તીર્થંકર પરમાત્મા તેજ કહેવાય કે જેઓ અઢાર દોષથી રહિત હોય અને ધર્મતીર્થની સ્થાપના કરી હોય, પાંચ મહાવ્રત ધારી તથા બાહ્ય અને અભ્યંતર શત્રુઓ ઉપર વિજય મેળવવાના માર્ગે હોય તેજ ગુરૂ કહેવાય.

શ્રી સર્વજ્ઞોએ બતાવેલા જીવાદિ તત્ત્વો છે તે જ તત્ત્વ છે અને કેવળી ભગવંતોએ બતાવેલો છે તેજ ધર્મ છે. આ પ્રમાણે માનતો હોય, સેવતો હોય, આરાધતો હોય તેજ આત્મા સમ્યક્ત્વ દ્રષ્ટિ કહેવાય છે. તેથી ઉલ્ટી રીતે તત્ત્વની બુદ્ધિ તેનું જ નામ મિથ્યાત્વ છે જેવી રીતે છીપમાં પ્રાણીઓને ચાંદીનો વિભ્રમ થાય છે તેવી રીતે શંકા, કાંક્ષા, વિચિકિત્સા, મિથ્યાદ્રષ્ટિની પ્રશંસા એ બધું સમ્યક્ત્વનું દૂષણ છે. સમ્યક્ત્વની પ્રાપ્તિ થયા બાદ જીવને અનેક પ્રકારની પ્રાપ્તિ થાય છે. કપુરવડે જેમ જલને સુગંધિત બનાવવામાં આવે છે તેમ સમ્યક્ત્વથી જીવ ઉચ્ચ ગતિને પ્રાપ્ત કરે છે. પણ નીચગતિને પ્રાપ્ત કરતો નથી.

શ્રી શૂર રાજાએ પણ સમુદ્રસૂરીશ્વરજી ગુરૂ પાસેથી સમ્યક્ત્વનું માહાત્મ્ય સાંભળી ઉલ્લાસ પૂર્વક સમ્યક્ત્વની પ્રાપ્તિ કરી, તેના સમ્યક્ત્વની જગતમાં પ્રશંસા થવા લાગી, તેના પાલનથી તે શૂર રાજા, તીર્થંકર વડે પણ પ્રશંસાને પાત્ર બન્યા, તેના રાજ્યમાં જૈનધર્મની વિજય પતાકા ઉન્નત ફરકવા લાગી.

તે વખતે ગૌડ દેશમાં લક્ષ્મીપુરાધીશ લક્ષ્મણુસેન નામના રાજા હતા, એક દિવસ સભામાં રાજ્યમંત્રી શ્રી હર્ષે એકાન્તવાદનો ઉપદેશ કર્યો, તે વખતે કારણુ સંજોગે 'શૂર' રાજાનો દૂત ત્યાં આવ્યો હતો, તેણે વાદવિવાદથી એકાન્તવાદનું ખંડન કર્યું. જેનાથી લક્ષ્મણુસેન રાજાને 'શૂર' રાજા ઉપર ક્રોધ આવ્યો, લક્ષ્મણુસેન રાજાએ અભિમાનમાં આવીને શૂર રાજા તરફ પોતાનો દૂત મોકલ્યો, અને આદેશ આપ્યો કે તમે જૈન ધર્મ છોડીને મારી પાસે આવો, નહી આવો તો તમને ઉચિત દંડ આપવામાં આવશે.

'શૂર' રાજાએ ગૌડાધીશ 'દૂત' ચંડવેગને અનેક પ્રકારની નીતિનો ઉપદેશ આપ્યો, પરંતુ નીતિ માર્ગનો ઉપદેશ દૂતને લાગ્યો નહી. ત્યારે 'શૂર' રાજાએ ધર્મ છોડવાની વાત સ્વીકારી નહી. દૂતે પાછા આવી લક્ષ્મણુસેનને વાત કરી ત્યારે લક્ષ્મણુસેન લશ્કરથી સજ્જ બનીને યુદ્ધના માટે ચાલ્યો, શૂરરાજાની સીમા ઉપર આવી દૂત દ્વારા શૂર રાજાને સમાચાર મોકલાવ્યા.

પરંતુ શૂર રાજાએ ધર્મ ભ્રષ્ટ થવાનું સ્વીકાર્યું નહી. અહીંઆં પણુ યુદ્ધની તૈયારીઓ કરવા માંડી, લક્ષ્મણુસેનના પરાક્રમને જાણુતા શૂર રાજાના મંત્રીઓએ ધર્મને છોડી દેવા વિનંતિ કરી પણુ શૂરરાજાએ માન્યું નહીં.

લક્ષ્મણુસેને પોતાની સેનાથી નગરને ઘેરી લીધું. અનેક પ્રકારના પ્રાણુાંત ઉપસર્ગ કર્યા, શૂરરાજાના ચિત્તમાં જરા પણુ ફેરફાર થયો નહી. શૂરરાજાના મનમાં જિન-

—૨૨

શાસન પ્રત્યેની અવિચલ શ્રદ્ધા જાણીને દેવેન્દ્ર પોતાના મનમાં અત્યંત આશ્ચર્ય અનુભવવા લાગ્યા.

શૂરરાજાની મદદે પોતાના સેનાપતિને મોકલ્યો, સેનાપતિને જોઈ શૂરરાજાએ હર્ષથી બેસવા માટે આસન આપ્યું. સેનાપતિએ પોતાના આગમનનું કારણ શૂરરાજાને કહ્યું. અને ઇન્દ્રના સેનાપતિએ લક્ષ્મણસેન રાજાની પાસે જઈને કહ્યું કે હે નીચ ! દુરાશય ! જિનધર્મનું ફલ પ્રત્યક્ષ દેખાય છે. તો પણ તું શા માટે તેમાં શંસય લાવે છે.

તું નટની જેમ વંચકપણું છોડી દે, નહીતર આ ઇન્દ્રના વજ્રથી તારો શિરચ્છેદ કરીશ, ભયભીત બનેલા લક્ષ્મણસેને સેનાપતિની આજ્ઞાનો સ્વીકાર કર્યો, પોતાન લશ્કરને સાથે લઈ પોતાના દેશ તરફ પ્રયાણ કર્યું. ઇન્દ્રે, શૂરરાજાને પોતાના અર્ધ સિંહાસન ઉપર બેસાડીને કહ્યું કે હે સૌમ્ય ! આપનું શું કાર્ય કરૂં ? તે વારે શૂરે હાથ જોડીને કહ્યું કે હે દેવેન્દ્ર ! આપે ધર્મમાં બાધક એવા લક્ષ્મણસેનનું નિવારણ કર્યું છે. આનાથી વિશિષ્ટ કાર્ય કોઈ છે જ નહી પરંતુ જિનધર્મની ઉન્નતિ માટે આપ શુદ્ધ સમ્યક્ત્વને પ્રાપ્ત કરો, દેવેન્દ્ર સ્વીકાર કરીને સેનાપતિ સહિત પોતાના સ્થાનમાં ગયા, શૂરરાજા પણ નગરમાં આવ્યા, નાગરિકોએ મહોત્સવપૂર્વક સત્કાર કર્યો, સંસાર ઉપર વૈરાગ્યને ધારણ કરી, પ્રવ્રજ્યા ગ્રહણ કરી, કેવળજ્ઞાનની પ્રાપ્તિ કરી.

શૂરરાજ મુક્તિએ ગયા, આ પ્રમાણે દેશના આપીને એ પ્રકારની ધર્મ પ્રરૂપણા અમમસ્વામિ કરશે, પ્રભુની દેશનામૃતવૃષ્ટિથી શાંતિ પામેલા સમવસરણમાં આવેલા જીવો પોતાને ધન્ય માનશે, ઘણા આત્માઓ સર્વ વિરતિને ધારણ કરશે, ઘણાઓ દેશવિરતિપણાને પ્રાપ્ત કરશે.

જ્યારે ઘણા આત્માઓ સમ્યક્ત્વને ધારણ કરશે, સંયમને ગ્રહણ કરેલા સત્તાવન રાજાઓની વિનંતિથી ઉત્પાદ, વ્યય, ધ્રૌવ્યની દેશના આપશે.

આ પ્રમાણે પ્રથમ પોરિસિ પુરી થતાં જ પ્રભુ પોતાની દેશના પૂર્ણ કરશે, દેશનાના અંતે જિનેશ્વરદેવને નમસ્કાર કરીને સુરેન્દ્ર, નરેન્દ્ર પોતપોતાના સ્થાને જશે, ષણ્મુખ નામનો યક્ષ, બન્ને હાથમાં અનેક પ્રકારના શસ્ત્રાશસ્ત્રને ધારણ કરતો શાસન રક્ષક બનશે, બાણ પાશાદિ શસ્ત્રાસ્ત્રને ધારણ કરવાવાળી વિદિતા નામની શાસન રક્ષિકા દેવી હશે, પ્રભુ ચોત્રીશ અતિશયંત હશે, આ પ્રમાણે મહર્ષિઓ તથા કોડાકોડી દેવતાઓથી જેઓના ચરણારવિન્દની પૂજા કરાશે એવા પ્રભુ અમમસ્વામિ ભૂમંડલ ઉપર વિચરશે.

## ।। અમમસ્વામિ ચરિત્ર ભાષાંતર અઢારમો સર્ગ સંપૂર્ણ ।।

## સર્ગ ઓગણીસમો

આ જંબુદ્વીપના ભૂષણરૂપ ભરતક્ષેત્રમાં આનંદપુર નગરમાં વજ્રજંઘ નામના અત્યંત પ્રતાપી રાજા થશે, તેની માતાએ જોયેલા સ્વપ્નોથી સુચિત ચક્ર આદિ રત્નોના સ્વામિ તથા અર્ધચક્રીની લક્ષ્મીથી ભરપુર પ્રતિવાસુદેવપણાને ધારણ કરશે, તેનું આયુષ્ય સાઠ વર્ષનું હશે, સાઠ ધનુષ પ્રમાણ શરીર હશે, શરીરનો વર્ણ શ્યામ હશે, પોતાના પ્રતાપથી અર્ધ ભરતક્ષેત્રને સાધશે, તેની આજ્ઞાનું ઉલ્લંઘન કોઈ કરશે નહી.

લક્ષ્મી અને સમૃદ્ધિથી દ્વારકાની સમાન શુભા નામની મહાનગરીમાં ત્રણે શક્તિઓથી વિરાજિત અતિ તેજસ્વી મહાતેજ નામનો રાજા થશે, લોકોત્તર સુંદરતાથી વિભૂષિત અલૌકિક લાવણ્યશાલિની સાક્ષાત્ પૃથ્વી અને લક્ષ્મી નામની બે પત્નીઓ હશે, કોઈ રાજા પૂર્વભવમાં વિદેહક્ષેત્રમાં આર્હત્વ્રતની આરાધના કરી સમાધિપૂર્વક મરીને અનુત્તર વિમાનમાં જશે, ત્યાંથી ચ્યવીને તે જીવ મહાતેજ રાજાની પ્રથમ રાણી 'પૃથ્વી'ની કુક્ષિમાં ઉત્પન્ન થશે, પૃથ્વીદેવી રાત્રિના છેલ્લા પ્રહરમાં ચાર મહા સ્વપ્ન જોશે, જે દ્વારા બલદેવના જન્મનું સુચન થશે, રાજા સ્વપ્નોની વ્યાખ્યા કરશે, તેનાથી તેણીને અત્યંત હર્ષ પ્રાપ્ત થશે, પૂર્ણ સમયે તેણી ચંદ્રમાની સમાન કાંતિવાળા પુત્રને જન્મ આપશે, બારમા દિવસે પિતા તેનું નામ ધર્મ રાખશે.

મહાવિદેહમાં કોઈ રાજા વૈરાગ્યથી સંયમ લેશે, જાતિસ્મરણજ્ઞાનથી પૂર્વભવમાં મિત્રદ્વારા થયેલા અપમાનને જાણી અંત સમયે નિયાણું બાંધશે, અનશન ગ્રહણ કરી, મરીને અચ્યુત દેવલોકમાં દેવ થશે, ત્યાંથી ચ્યવીને તે મહાતેજ રાજાની બીજીરાણી લક્ષ્મી દેવીની કુક્ષિમાં ઉત્પન્ન થશે, લક્ષ્મીદેવી રાત્રિના પાછલા પહોરે સાત મહા સ્વપ્નોને જોશે, જે સ્વપ્નો વાસુદેવના જન્મનું સુચન કરશે, પૂર્ણ સમયે પુત્રને જન્મ આપશે, રાજા બારમા દિવસે તેનું નામ સુન્દરબાહુ રાખશે. ઘણું દ્રવ્ય વ્યય કરીને મહોત્સવ કરાવશે.

ધાવ માતાઓથી લાલનપાલન થતા બન્ને ભાઈઓ બીજના ચંદ્રમાની જેમ મોટા થશે. શ્વેત અને શ્યામ રંગવાળા કાન્તિપ્રધાન બન્ને ભાઈઓ ગંગા જમુનાના સંગમની જેમ રહેશે, ધીમે ધીમે બન્ને ભાઈઓ પ્રજાપાલન કાર્યમાં હોંશિયાર બનશે. તાલધ્વજ અને નિલામ્બર સમાન ધર્મ હશે, જ્યારે સુન્દરબાહુ તાક્ષ્યર્ધ્વજ અને પિતાંબરવાળા હશે, ત્રણે લોકમાં શાસ્ત્રો અને શસ્ત્રોમાં બન્ને જણા અતિ પ્રસિદ્ધ થશે, તે બન્ને જણા વિદ્યાવીર અને ધર્મવીર બનશે, દુશ્મન રાજાઓના દર્પરૂપ સર્પના મહૌષધિ રૂપ હશે, એક દિવસ બન્ને ભાઈઓ ક્રીડા કરવા નગરની બહાર જશે, ત્યાં ચતુરંગી સેનાને જોશે.

આ સેના કોના તરફ કોણે મોકલાવેલ છે ! ધર્મરાજાના પૂછવાથી મંત્રી કહેશે, કે હે દેવ ! કલ્યાણના ઇચ્છુક

કોશલેશ્વર ભરતાર્ધચક્રી વજ્રજંઘના તરફે ભેટના રૂપમાં આ દંડ મોકલાવેલ છે.

મંત્રીની વાત સાંભળી ક્રોધથી ભયંકર બનીને સુંદરબાહુ કહેશે કે અમે લોકો સ્વામિ છીએ તો પછી આ બધું ત્યાં લઈ જવાની જરૂર નથી. તે વૃદ્ધના માટે તો લાકડાનો દંડ જોઈએ, આ દંડને પડાવો લઈને તેના પ્રચંડ પુરૂષાર્થને જોવાને ઇચ્છું છું. માટે આ બધું જ પડાવી લેવું જોઈએ. પોતાના સૈનિકોને હાથ ઉંચો કરી આદેશ આપશે. અને કોશલેન્દ્રના સૈનિકો સુકાયેલા ઝાડની જેમ વાસુદેવના સૈનિકો વડે ગદાના પ્રહારથી મરશે. ગદાના પ્રહારથી જર્જરિત થયેલા તે સૈનિકો કાગડાની જેમ પોતપોતાના જીવને બચાવવા માટે ભાગી જશે, સુંદરબાહુ હાથી, ઘોડા વિગેરે બધુ જ લઈ લેશે.

વીર પુરૂષ બળજબરીથી બીજાની લક્ષ્મીને ગ્રહણ કરે છે. પણ પારકી સ્ત્રીને સ્પર્શ પણ કરતા નથી. પોપટની જેમ ભયથી આકુલ બનેલું કોશલેશ્વરનું સૈન્ય જઈને વજ્રજંઘને બધી હકીકત કહે, વજ્રજંઘ ક્રોધાવેશમાં આવી યમરાજની જેમ સભામાં પોતાની ભયંકર ભૂજાને ઉછાળતો બોલશે કે હરિણ જેમ પોતાના મૃત્યુ માટે સુતેલા સિંહને જગાડે છે તેવી જ રીતે મરવાને માટે તૈયાર થયેલા સુંદરબાહુએ મને ક્રોધાગ્નિમાં બાળ્યો છે. આફત નજીક આવવાથી કોઈ પણ પુરૂષની બુદ્ધિ બગડી જાય છે. નહિતર આવું અનુચિત કાર્ય કરવા માટે તે તૈયાર થાય જ નહી. સુંદર-

બાહુએ મારી લક્ષ્મીને વચમાં જ લુંટી લીધી છે. માટે તે મારો શત્રુ છે. તેથી તેના પિતાને તથા તેના ભાઈની સાથે તેને અવશ્ય હું દંડ આપીશ.

ત્યારબાદ મંત્રી મંડળમાંથી એક મંત્રી રાજાને કહેશે કે હે રાજન્! તેઓએ બાળકબુદ્ધિએ આ કાર્ય કર્યું હશે, આપના આધિપત્ય નીચે જીવવાવાળા તેના પિતાની સંમતિ પૂર્વક આ કાર્ય થયેલું નથી, જરૂર તે બાળકોનો પિતા આપની ક્ષમા માગવા માટે આજે અથવા કાલે અહીં આવશે. વળી બીજી વાત એ છે કે નીતિનો આધાર લેવો જોઈએ, માટે આપ મને આદેશ આપો કે હું ત્યાં જઈને સુન્દર-બાહુને તેના મોટાભાઈ સહિત લઈને આવું. આ પ્રમાણે મંત્રીના કહેવાથી વજ્રજંઘ મંત્રીને આદેશ આપશે, તે દૂત જલ્દીથી ધર્મકુમાર તથા સુંદરબાહુના નગરમાં આવશે.

ત્યાં બન્ને પુત્રો સહિત રાજાને જોઈ બુદ્ધિશાળી તે મંત્રી શાંતિથી બોલશે કે આપના આ પુત્રો વજ્રજંઘ રાજાના ઉત્કટ દંડને નથી જાણતા? તેઓએ અઘટિત કાર્ય કર્યું છે. હજુ પણ કાંઈ બગડયું નથી. તેમની થાપણ તેમને સુપ્રત કરી, મારી સાથે બન્નેને મોકલાવો, બીક રાખવાની જરૂર નથી આપના પુત્રના અપરાધને વજ્રજંઘ રાજવી અવશ્ય ક્ષમા આપશે, કેમકે આ કાર્ય બાલચેષ્ટામાં કર્યું છે.

મંત્રીની વાત સાંભળી સુન્દરબાહુ કહેશે કે હે સચિવ! આપે સ્વામિભક્તિથી મારા પિતાજીને જે કહ્યું છે તે

આખલમાં તમોને કહું છું કે પૃથ્વી વીર ભોગ્યા છે. તે વાત સાચી કે ખોટી ? જો મારી વાત સાચી છે તો મેં વજ્રજંઘનું કાંઈ જ પડાવી લીધું નથી, વળી તમે જઈને કહેજો કે તેની સામે જ તેનું સર્વસ્વ હરણ કરીશ, કેમકે સર્વ વીરોમાં હું અગ્રણી છું.

આ પરિસ્થિતિમાં આપ પ્રાભૃતની યાચના કેમ કરો છો ? વિશેષમાં આપના સ્વામિ પ્રાભૃત લઈને મારી પાસે આવશે માટે આપનો આ પ્રયાસ નિષ્ફળ છે. તારા સ્વામિએ મદ મસ્ત બનીને ગોવાળોને મારી ગૌમંડળ લઈ લીધું છે. હું તો એકલો તેને મારી તેની સંપૂર્ણ પૃથ્વી લઈ લઈશ, તે તું જોતો રહીશ, તેણે પોતાના બળથી ત્રણખંડ ભરતનું સ્વામિત્વ પ્રાપ્ત કર્યું છે તો મારૂં પણ એ જ કાર્ય છે. એટલા માટે તો મેં આ કાર્ય કર્યું છે. હમે જે સ્વરૂપમાં વાત કરીએ છીએ તે સ્વરૂપમાં સમજે તો ઠીક છે. નહીંતર યુદ્ધ કરવા માટે તૈયાર થઇને આવે, યુદ્ધને જોવાની હું ઉત્કૃષ્ટ ઇચ્છા રાખું છું.

ધર્મ કુમારનું બળ તો પ્રખ્યાત છે. તેમની સહાયતાથી મારો વિજય પણ થવાનો છે. તો પછી મારે ડરવાની શું જરૂર છે ? તાક્ષ્યર્ધ્વજની વાણીને સાંભળી વિસ્મય, ભય, લજ્જાને ધારણ કરતો, મંત્રી સભામાંથી નીકળી જશે, આનન્દ પત્તનમાં આવી રાજા વજ્રજંઘની પાસે સુન્દરબાહુની ઉદ્ધતાઈનું વર્ણન કરશે. સાંભળીને મદયુક્ત ગજેન્દ્રની જેમ ક્રોધિત બની વજ્રજંઘ સેનાઓને સુસજ્જ કરીને પૃથ્વી કંપાવતો ત્યાંથી પ્રસ્થાન કરશે.

પિતા તથા મોટાભાઈ બલદેવને સાથે લેઈ સેના તથા સામંતો સહિત સુન્દરબાહુ નગરમાંથી પ્રયાણ કરશે. વીરતાની ગર્જનાથી બન્ને સેનાઓ પૂર્વ પશ્ચિમના સમુદ્રની જેમ ભેગી થશે બંન્ને સેનાઓમાં હાથી, ઘોડા, રથ, પાયદળ સનિકોનું પરસ્પર પ્રચંડ યુદ્ધ થશે, એટલામાં સુન્દરબાહુ પોતાના પંચજન્ય શંખને ફુંકશે, જેનાથી શત્રુસેના નાસ ભાગ કરવા લાગશે, અને ક્ષીણબળ બનશે, ત્યારબાદ વજ્રજંઘ પોતાના રથ ઉપર આરૂઢ થઈને કુકૂકુટોની સમાન પોતાના સૈનિકોને યુદ્ધના માટે પ્રેરણા કરતો, સુંદરબ હુ પાસે આવીને કહેશે કે આપણા બન્નેની લડાઈમાં સેનાનો નાશ શા માટે ? આપણે પોતે જ આપણા બળથો લડી લઈએ.

ત્યારબાદ બન્ને જણા વિજય લક્ષ્મીને પ્રાપ્ત કરવા માટે મન્ત્રોચ્ચાર પૂર્વક ધનુષ્ય ટંકાર કરશે, પોતપોતાના બાણોને કાન સુધી ખેંચશે. આકાશને આચ્છાદિત કરશે, તે વખતે તેમના બાણોથી સૂર્યમંડળ ઢંકાઈ જશે, જ્યારે વજ્રજંઘ પોતાના બાણોથો સુન્દરબાહુને અન્ય માનશે ત્યારે ક્રોધમાં આવી પોતાના ચક્રરત્નને યાદ કરશે, સ્મરણ કરતાંની સાથે જ ચક્રરત્ન હાથમાં આવી પડશે, શૂરવીરતાના કુંડલ સમાન ચક્રને ફેરવતો વજ્રજંઘ ચક્રને ફેંકશે, સુન્દરબાહુના વક્ષઃસ્થલમાં વાગશે તેની ખુબ જ અસર થશે. મૂર્ચ્છિત બનશે, પોતાના રથમાં પડશે.

ધર્મકુમાર પોતાના ખોળામાં સુંદરબાહુને સુવાડશે,

તેમના અશ્રની ગરમીથી સુંદરબાહુની મુર્ચ્છા તુટી જશે, સુંદરબાહુ ઉઠીને ચક્રને હાથમાં લઈને ઉભો રહે, ઉભો રહે, તારો કાળ નજીદીક આવ્યો છે તે પ્રમાણે વજ્રજંઘને કહેશે, તે વારે વજ્રજંઘ કહેશે કે મારા ચક્રથી તને આટલો બધો અભિમાન કેમ છે? મારા પરાક્રમને જોવું હોય તો ચક્ર મારી ઉપર ચલાવ, સુંદરબાહુ ચક્રને જોરથી ફેરવીને ચલાવશે, તે ચક્ર વજ્રજંઘનો શિરચ્છેદ કરશે જ્યારે વજ્રજંઘનું મસ્તક જમીન ઉપર પડશે ત્યારે દેવતાઓ પુષ્પ વૃષ્ટિ આકાશમાંથી કરશે.

અને તેજ વખતે ઉત્સર્પિણીમાં ધર્મબલદેવના નાના ભાઈ સુંદરબાહુ ત્રીજા વાસુદેવ વિજયને પ્રાપ્ત કરશે. આ પ્રમાણે દેવતાઓ દ્વારા કહેવાશે, તે પ્રમાણે વાણીને સાંભળ્યા પછી વજ્રજંઘના સૈનિકો અને સહાયક રાજગણ વાસુદેવની સેવાનો સ્વીકાર કરશે, દિક્ચક્રની સાથે હાથમાં ચક્રને ધારણ કરી વાસુદેવ રાજન્ય ચક્રોને સાધશે, દિગ્વિજય યાત્રાએ પાછા આવી સુંદરબાહુ મગધદેશમાં મહાશિલાને જોશે. ડાબા હાથથી તે શિલાને ઉપાડી પોતાની જંઘાસ્થાન સુધી લાવશે, તે શિલાને ફરીથી તેના સ્થાનસ્થાને જ મૂકશે, બધા રાજાઓને પોતાનું અપૂર્વ પરાક્રમ બતાવીને વિસ્મિત કરતા છતાં વાસુદેવ ઘણા દિવસો પછી પોતાની નગરીમાં આવશે.

ત્યાં આવ્યા બાદ પોતાના પિતા, બલદેવ તથા બીજા રાજાઓથી તેમનો અર્ધચક્રી (વાસુદેવ) પણાનો અભિષેક થશે, આકાશમાં દેવ દુન્દુભિના નાદ થશે.

તેજ વખતે તે નગરના રમ્યક નામના ઉદ્યાનમાં શ્રી અમમ સ્વામિ ભગવાનનું સમવસરણ હશે, દેવ રચિત હશે, કોટી સેવ્યમાન સૂરાસૂરથી વિભૂષિત પ્રભુ રત્નસિંહાસનને અલંકૃત કરશે, ઉદ્યાન પાલક યથાશિઘ્ર સુંદરબાહુને વધામણી આપશે, સુંદરબાહુ ઉદ્યાન પાલકોને વધામણીમાં બાર કરોડ રૂપાની મુદ્રાઓ આપશે. ભાઈ, પિતા તથા સમસ્ત પરિવાર સહિત સુંદરબાહુ મોટી ઋદ્ધિ સહિત પ્રભુના સમવસરણની તરફ હાથી ઉપરથી ઉતરીને અભિગમ પૂર્વક વિધિ સહિત પ્રભુને વંદન કરશે, વાસુદેવ ઈન્દ્રની પાસે બેસશે, પ્રભુ મનુષ્યગતિ પ્રાપ્તિ તથા બોધીબીજની દેશના આપશે, સર્વ-વિરતિ તથા દેશવિરતિ ધર્મની પ્રરૂપણા કરશે, દેશનાના અંતે ઘણા લોકો સાધુ ધર્મ સ્વીકારશે, ઘણા લોકો શ્રાવક ધર્મ તથા સમ્યક્ત્વને સ્વીકારશે

## ॥ અમમસ્વામિ ચરિત્રનો ઓગણીસમો સર્ગ સમાપ્ત ॥

## સર્ગ વીશમો.

ત્યાંથી વિહાર કરી જિનેશ્વર ભગવંત શ્રી અમમ-સ્વામિ ચંપાપુરી પધારશે. નાગરિકો, આપ્તજનો સહિત આડંબર પૂર્વક પદ્મરાજ પ્રભુની પાસે આવશે, ભકિતથી તેમને વંદન કરી ધર્મ શ્રવણની ઈચ્છા પ્રગટ કરશે, પ્રભુ સાધુધર્મ અને શ્રાવક ધર્મ અંગેનું પ્રવચન આપશે, અને કહેશે કે મુકિતની ઈચ્છાવાળા વિવેકી આત્માઓએ અવશ્ય સમ્યગ્દર્શન પૂર્વક સાધુધર્મ અને શ્રાવકધર્મમાં ઉદ્યમ કરવો જોઈએ. અશકિત હોય તો પંચપરમેષ્ઠિ નમસ્કાર મહામંત્રનું આરાધન અને અધ્યયન કરવું જોઈએ.

સ્વર્ગ તથા મોક્ષને માટે સતત પ્રયત્નશીલ રહેવું જોઈએ, તે બંનેના બીજ રૂપ ધર્મનું સેવન સર્વથા પ્રયત્ન પૂર્વક કરવું ઉચિત છે. નવકાર મન્ત્રના અતુલ પ્રભાવથી અરિમર્દન નામના રાજાએ સર્વ પૂર્વોદ્ધારથી સ્વર્ગ તથા અપવર્ગ સાધન ધર્મજ્ઞાનની પ્રાપ્તિ કરી હતી.

અવન્તી નગરીમાં નામ અને પરાક્રમથી અરિમર્દન નામે રાજા થયા, તેમને કામપ્રિયા રતિની સરૂપતાને ધારણ કરવાવાળી પ્રિયા ધારિણી નામે રાણી હતી.

તે જ નગરીમાં પુણ્યવાનોમાં અગ્રગણ્ય જિનધર્મો-પાસક ધન, નામે શ્રેષ્ઠિ હતો, તેને પદ્મશ્રી અને બુદ્ધિશ્રી નામે બે પત્નીઓ હતી, ગુણોથી ગૌર હોવા છતાં પણ

વર્ણ અને નામથી કાળો કુતરો જન્મથીજ ત્યાં ઘરમાં જ રહેતો હતો, ખૂબ જ ભોજન કરનાર હોવા છતાં પણ અલ્પ ભોજનથી સંતોષી હતો. નિદ્રાવંત હોવા છતાં પણ અનિંદ્રિત હતો, શૂરવીર હોવા છતાં પણ સ્વામિભકત તથા બુદ્ધિમાન હોવા છતાં પણ મૂક હતો.

એક વખત ધનશ્રેષ્ઠિ ધનોપાર્જન કરવા માટે સમુદ્રની પાર દ્વીપમાં ગયો, પોતાની પુંછડીને હલાવતો તે કુતરો પણ તેની સાથે ગયો, શ્રેષ્ઠિએ ભાઈઓથી પણ અધિક પ્રિય કાલકકુમારને કહ્યું કે તું અહીં રહેજે, મને બીજા ઉપર વિશ્વાસ નથી, મારા બંને ઘરનું અને બંને પત્નીઓનું તું રક્ષણ કરજે, અવ્યભિચારી મિત્ર, મંત્રી, પૂત્ર જે કાંઈ ગણું તે તુંજ છે.

પુત્રના સમાન તેના આદેશને માન્ય કરી 'કાલક' ત્યાંથી પાછો ફર્યો, સમુદ્રકિનારે ગયેલા ધનશ્રેષ્ઠિએ ત્યાંથી પ્રયાણ કર્યું. કાલક પણ સાવધાનીથી તેના બન્ને ઘર તથા બન્ને સ્ત્રીઓનું ધ્યાન રાખવા લાગ્યો, દુર્જના બુદ્ધિશ્રી તે કાલક પ્રત્યે દ્વેષ અને કુશીલતા ધારણ કરવા લાગી, કાલક પણ બીજા પુરૂષોનો પ્રવેશ થવા દેતો ન હતો.

એક દિવસ પદ્મશ્રીએ તેને ખૂબ જ સમજાવ્યો, અને કહ્યું કે બુદ્ધિશ્રીને તારા ઉપર દ્વેષ છે. માટે તું તેના તરફ મૌન કેમ ધારણ કરતો નથી? તેણી તને કોઈ દિવસ મારી નાખશે, પરંતુ સ્વામિભક્ત શિરોમણિ તે 'કાલક' પોતાના કર્તવ્યપાલનથી પાછો હઠ્યો નહિ, એક દિવસ વિશ્વાસ

પૂર્વક જ્યારે તે બુદ્ધિશ્રીના ઘરના દ્વાર ઉપર બેઠો હતો, તે વખતે તે પાપિણીએ અત્યંત ગરમ પાણી તેના ઉપર નાખ્યું.

દુઃખથી અત્યંત આર્ત બનેલો તે કુતરો પદ્મશ્રીના ઘેર આવ્યો. પદ્મશ્રીએ અનેક ઉપચારો કર્યા. તેણીએ કાલકને કહ્યું કે હું તને તેનો વિરોધ કરતાં રોકતી હતી, પરંતુ તેં તારૂં કર્તવ્ય છોડ્યું નહી. તેણે તારી ઉપર અમાનુષી કાર્ય કર્યું છે. તેનો તું ક્રોધ કરીશ નહી. તું તારા પૂર્વના અશુભ કર્મો ઉપર ક્રોધ કરજે, કારણકે જે કાંઈ બન્યું છે તે તારા પૂર્વ કર્મનો વિપાકોદય છે. તેણીએ આરાધનાપૂર્વક અનશન કરાવ્યું. નવકાર મંત્રનું ચિન્તવન કરવાનું કહ્યું.

'કાલક' નવકાર મંત્રના પ્રભાવથી મરીને પ્રથમ દેવલોકમાં મહર્ધિક દેવ થયો, ઉત્પન્ન થતાંની સાથે જ તેણે પુણ્યનું સ્મરણ કર્યું. અવધિજ્ઞાનથી પૂર્વ, પૂર્વતર ભવોને જોયા, નમસ્કાર મંત્રરૂપ અમૃતદાન આપવાવાળી પદ્મશ્રીની આરાધના કરવા માટે તૈયાર થઈને ચાલ્યો. રસ્તામા તે દેવે વહાણમાં 'ધન' શેઠને જોયો, 'કાલક'નું રૂપ બનાવ્યું.

તે વારે 'ધન' શ્રેષ્ઠિએ વિચાર કર્યો કે 'આ કાલક' સમુદ્રમાં કેવી રીતે આવ્યો? 'કાલકે' પોતાના દિવ્ય સ્વરૂપને ધારણ કરી બનેલી તમામ હકીકત કહી સંભળાવી, અને પોતાનો પૂર્વ ભવ બતાવ્યો, કહ્યું કે હું શૈલપુરમાં મિથ્યાદષ્ટિ પંડિત હતો, અત્યારે આપની જે બે પત્નીઓ

છે તે બન્ને પૂર્વે મારી પત્નીઓ હતી. પૂર્વ ભવમાં પણ પદ્મશ્રી અત્યંત સુશીલા હતી. બુદ્ધિશ્રી તો તે ભવમાં પણ કુશીલા હતી. તેના સ્વભાવને ધિક્કાર છે.

તેના દોષને જાણવા છતાં પણ મેં તેને ક્ષમા કરી, પરંતુ જ્યારે તેના અનાચારોને જોયા ત્યારે ક્રોધમાં આવી મેં તેને મારીને કાઢી મૂકી. પતિવ્રતા પદ્મશ્રીએ એક દિવસ ઉત્તમ રસવતી બનાવીને ગૃહદેવો અને મને ન આપતાં ભિક્ષાને માટે આવેલા જૈન તપસ્વિઓને અતિ ભક્તિપૂર્વક આહાર આપ્યો. હું મિથ્યાદૃષ્ટિ હોવાથી અત્યંત ક્રોધમાં આવી ન બોલાય તેવી શબ્દજવાળાઓથી તેણીને ખૂબ જ બાળી, તેણી અનશન કરી, મરીને આપની પત્ની બની છે. બીજી પણ અપમાનિત બની મરીને તમારી પત્ની બની છે. હું પણ મરીને કુતરા તરીકે અહીં ઉત્પન્ન થયો છું, પૂર્વભવના સંસ્કારથી પદ્મશ્રીનો મારી ઉપર અધિક રાગ તથા બુદ્ધિશ્રીને અધિક દ્વેષ થયો છે. પદ્મશ્રીના મુખે નવકારમંત્ર સાંભળી તેના પ્રભાવથી હમણાં હું દેવલક્ષ્મીનો ઉપભોગ કરી રહ્યો છું. પદ્મશ્રીના પ્રત્યુપકારના માટે જ હું અહીં આવ્યો છું. આપને મેં અહીં સમુદ્રમાં જોયા, દેવદર્શન કોઈ વખત પણ નિષ્ફલ જતા નથી, માટે આપ આ ચૌદ અમુલ્ય તિલકને ગ્રહણ કરો, અને આ દિવ્યાભૂષણ પણ જઈને પદ્મશ્રીને આપજો, તેમને મારા પ્રણામ કહેશો.

આ પ્રમાણે કહીને દેવ અંતર્ધ્યાન થઈ ગયો, 'ધન'

શ્રેષ્ઠિ ત્યાંથી વેલાકુલ આવીને અનુક્રમે ઉજ્જૈયની આવ્યો. 'ધન'ને આદરપૂર્વક પદ્મશ્રીએ ભોજન કરાવ્યું. શ્રેષ્ઠિએ તેણીને 'કાલક' ક્યાં છે તેમ પૂછયું. તે વારે તેણીએ કહ્યું કે પ્રાણનાથ! કાલક મરી ગયો છે. 'ધન' શ્રેષ્ઠિએ પૂછયું કે કેવી રીતે? તેણીએ કહ્યું કે તેના પોતાના કર્મથી. શ્રેષ્ઠિએ કહ્યું કે તું શા માટે વાતને છૂપાવે છે? તે કેવી રીતે મરી ગયો તે મને ખબર છે. તેણીએ પૂછયું કે આપ કેવી રીતે જાણો છો? ધને બધી વાત કહી બતાવી, મેં સંભળાવેલા નવકાર મંત્રના પ્રભાવથી કાલક મરીને સ્વર્ગમાં દેવ થયો છે.

પૂર્વના સ્નેહથી સમુદ્રમાં મને મલ્યો. પ્રણામપૂર્વક તેણે આ 'હાર' તારા માટે આપેલ છે. પ્રિયે! તને તે ખૂબ જ યાદ કરતો હતો. પદ્મશ્રીએ હારને ગ્રહણ કરી શુભ દિવસે, શુભ મુહૂર્તે, તે વિશ્વમોહન હારને ધારણ કર્યો. હારને ધારણ કરવાથી તે દેવી સદૃશ દેખાવા લાગી, તેને જોવાવાળા માણસો નિર્નિમેષ બની ગયા, અનુક્રમે પરંપરાએ તે આભૂષણના ચમત્કારની વાત રાણી પાસે પહોંચી, બીજે દિવસે રાણી મહાદેવીએ પોતાની દાસીને મોકલાવી પદ્મશ્રી પાસે તે હારની માંગણી કરી.

પદ્મશ્રીએ કહ્યું કે મહારાણીને જઈને કહેજે કે આ દિવ્ય આભૂષણ મારા સિવાય કોઈપણ પહેરી શકે તેમ નથી. મહાદેવીએ તો મહારાજાનું કલ્યાણ થાય તેવા આભૂષણો પહેરવા જોઈએ, દાસીએ મહેલમાં આવી બધી વાત

કરી, રાણીએ વિચાર કર્યો કે વણિક પત્નીએ મારી બીકથી આ જવાબ આપ્યો છે. પદ્મશ્રીએ 'ના' કહી એટલે રાણીની ઈચ્છા તથા માંગણી તીવ્ર થઈ. રાણીએ પોતાની ઈચ્છા પૂર્તિને માટે રાજાને કહ્યું. રાજાએ પણ મન્ત્રીદ્વારા હાર મંગાવીને મહારાણીને આપ્યો. પોતાના પતિ તરફથી ઈચ્છા પૂર્તિ કરવા માટે જ સ્ત્રીઓ હંમેશાં રત બને છે.

કૌતુકથી રાણીએ દિવ્ય હાર પહેર્યો, પરંતુ હારની દિવ્ય શક્તિથી રાણીનું આખું શરીર નાગપાશથી બંધાઈ ગયું. રાણી સર્પોના ફૂંફાડાથી ભયભીત બનીને રાજાને વળગી પડી, બાજુમાં ઊભા રહેલા લોકોએ રાજાને કહ્યું કે હે રાજન્! ધનશ્રેષ્ઠિની પત્ની પદ્મશ્રીને દેવે તુષ્ટમાન થઈને આ દિવ્ય હાર આપેલ છે. દેવે તે વખતે એમ કહ્યું હતું કે કોઈપણ સ્ત્રી આ હારને પહેરી નહિ શકે, રાજાએ 'ધન' અને પદ્મશ્રીને બોલાવી હાર લઈ જવા માટે કહ્યું.

પદ્મશ્રીએ નવકાર મંત્રનું સ્મરણ કરી રાણીના દેહ ઉપરથી હાર લઈ લીધો. રાણી ભયમુક્ત બની. નવકાર મંત્રના પ્રભાવથી તે હાર સર્પના ઉપદ્રવથી મુક્ત બની ગયો. રાજાએ કૌતુકથી પૂછ્યું કે હે શ્રેષ્ઠિ! આ આભૂષણ તમે ક્યાંથી મેળવ્યું? 'ધન' શ્રેષ્ઠિએ આદિથી અંત સુધીની તમામ હકીકત કહી સંભળાવી. હૃદયમાં વિસ્મયતાને ધારણ કરી, રાજાએ પણ નવકાર મહામંત્રનો અલૌકિક ચમત્કાર સાંભળ્યો.

તે વખતે ગુરૂ તિલકચંદ્રસૂરીશ્વરજી નગરની બહાર ઉદ્યાનમાં પધાર્યા. ઉદ્યાનપાલકે આવી રાજાને ગુરૂમહારાજના આગમનના સમાચાર આપ્યા. રાજાએ પણ મહર્દ્ધિની જેમ ત્યાં જઈને વિધિપૂર્વક વંદન કરી વિનિતભાવથી નમસ્કાર મહામંત્રના પ્રભાવને પૂછ્યો.

ત્રણ જ્ઞાનોથી વિભૂષિત, અનેકાન્ત દેશના પ્રવિણ-સૂરીશ્વરજીએ કહ્યું કે નમસ્કાર વર્ણન જિનેશ્વરદેવ સિવાય જગતનો કોઈપણ માણસ વાણીથી કરી શકે તેમ નથી. તથા વિદ્વાનોને હર્ષ આપનારી થોડીક વાતો કહું છું, નમસ્કાર મહામન્ત્ર મુક્તિરૂપી સ્ત્રીને ખેંચીને સાધકની પાસે લાવે છે. લક્ષ્મી દોડતી આવે છે અશુભોને દૂર કરનાર છે. આંતર દ્વેષ કરનારનો દ્વેષ કરે છે. ભવોભવ આવતાં દુઃખોને રોકે છે. મોહ, વ્યામોહને હઠાવે છે. આથી વિશેષ તો શું કહીએ ? પુરૂષોને તીર્થેશ લક્ષ્મીની પણ પ્રાપ્તિ કરાવે છે. સૂરીશ્વરજીના મુખથી નમસ્કાર મહામંત્રના માહાત્મ્યને સાંભળી રાજાએ આર્હત્ ધર્મનો સ્વીકાર કર્યો.

શ્રી અમમસ્વામિના મુખ કમલદ્વારા પંચપરમેષ્ઠિના પ્રભાવને જાણી પદ્મરાજ આદિ અન્ય શુદ્ધ આચાર માટે તૈયાર થશે. ઘણા લોકો દીક્ષા ગ્રહણ કરશે, ઘણા લોકો દેશવિરતિ ધર્મને ગ્રહણ કરશે. પૃથ્વી ઉપર જ્યારે શ્રીમાન્ અમમસ્વામિ વિહાર કરી રહ્યા હશે, તે વખતે તેમના પરિવારમાં અડસઠહજાર સાધુઓ, એકલાખ આઠસો સાધ્વી-જીઓ, અગ્યારસો ચૌદ પૂર્વધર, ચાર હજાર આઠસો અવધિ-

જ્ઞાની, પાંચહજાર પાંચસો મનઃપર્યાય જ્ઞાની, પાંચ હજાર પાંચસો કેવળજ્ઞાની, નવહજાર વૈક્રિય લબ્ધિવાળા, ત્રણ હજાર બસો લબ્ધિવંત મુનિઓ હશે.

અમમસ્વામિ પોતાનું નિર્વાણ નજદીક જાણી રૈવતક પર્વત ઉપર જશે હજાર સાધુઓની સાથે પ્રભુ શુકલધ્યાનમાં લીન બની એક મહિનાનું અનશન કરી, ઇંદ્રના આસન કંપાયમાન થવાથી. પ્રભુનો નિર્વાણકાળ જાણી સુરા–સુરેન્દ્ર પ્રભુની પાસે આવશે, તે લોકો જિનેશ્વર ભગવંતને નમસ્કાર કરી અત્યંત ભક્તિથી તેમના ચરણકમલની પાસે બેસી તેમના મુખાવિંદની પ્રભાને વારંવાર જોશે.

અષાઢ વદ સાતમના પર્યંકાસને પ્રભુ અમમસ્વામિ ભગવાન સિદ્ધિપદને પ્રાપ્ત કરશે. તે વખતે એક સમયને માટે સુખાનુભવ પ્રાપ્ત થશે, છ હજાર સાધુ અનશન કરી પ્રભુની સાથેજ મુક્તિએ જશે, પ્રભુ કુમારાવસ્થામાં પંદર લાખ વર્ષ, રાજ્યાવસ્થામાં ત્રીસ લાખ વર્ષ, અણગારપણામાં પંદર લાખ વર્ષ. એ પ્રમાણે સાઠ લાખ વર્ષનું આયુષ્ય સંપૂર્ણ કરી, શ્રી સુવ્રતસ્વામિના નિર્વાણકાલથી નવસાગરોપમ જેટલો કાળ વ્યતિત થયા બાદ શ્રી અમમસ્વામિને નિર્વાણ પ્રાપ્ત થશે.

સુરેન્દ્રો અને મનુષ્યોની સાથે પ્રભુના નિર્વાણથી અંત્યંત શોકાતુર બનેલા શકેન્દ્ર, નન્દનવનથી લાવવામાં આવેલા ગોશિર્ષચન્દનોની લાકડીઓથી સૌધર્મેન્દ્ર નૈઋત્ય

ખૂણામાં બે ચિતાઓ બનાવશે. વળી ક્ષીર સમુદ્રના જલ વડે પ્રભુને સ્નાન કરાવી દિવ્ય સુગન્ધિત વિલેપનોથી લેપ કરી, નવિનવસ્ત્રો પહેરાવી, દેવતાઓથી બનાવેલ નવિન શિબિકામાં પ્રભુની કાયાને પધરાવશે. બીજા દેવો સાધુઓને પણ સ્નાન વિલેપનાદિ કરીને બીજી નવિન શિબિકાઓમાં મુકશે પ્રભુની શિબિકાને ઈન્દ્ર પોતે જ ઉઠાવશે, બીજા સાધુઓની શિબિકાઓ દેવતા ઉપાડશે.

નાચતા, ગાતા, કુસુમોની વૃષ્ટિ કરતા, સ્તુતિ કરતા, ઈન્દ્ર તથા દેવતાઓ પ્રભુની તથા અન્ય સાધુઓની શિબિકાઓ ચિતાની પાસે જ લાવીને મુકશે. શક્રેન્દ્ર પ્રથમ પ્રભુના શરીરને ચિતામાં પધરાવશે. બીજી ચિતાઓમાં દેવતાઓ સાધુના શરીરને મુકશે. અગ્નિકુમાર ચિતામાં અગ્નિ પ્રગટાવશે. પ્રભુની સળગતી ચિતામાં મધ, અને ઘીના ભરેલા ઘડાઓ નાખશે, કોઈ દેવતાઓ અગરૂ તથા કપુરને નાખશે, સ્વામિના અસ્થિ વિગેરે બળી ગયા પછી મેઘકુમાર અગ્નિને શાંત કરશે.

પ્રભુના દાંત ઈન્દ્ર ગ્રહણ કરશે, બીજા દેવો અસ્થિઓને અને કુશળતાની ઈચ્છાથી મનુષ્યો ચિતાની ભસ્મને ગ્રહણ કરશે. સ્વામિની ચિતાના સ્થાને જગતની લક્ષ્મીના નિવાસસ્થાનરૂપ ચૈત્ય સદૃશ મનોહર સ્તુપની રચના કરશે. ઈન્દ્ર વજ્રવડે મુક્તિ શિલા તલ ઉપર પ્રભુના હજાર લક્ષણો તથા એકસો આઠ નામનો ઉલ્લેખ કરશે. આ પ્રમાણે

પ્રભુનો નિર્વાણ મહોત્સવ કરીને ઈન્દ્ર તથા દેવતાઓ નંદીશ્વર દ્વીપમાં જઈને ત્યાં શાશ્વત જિનબિંબોની ભક્તિ કરશે. તથા અષ્ટાહ્નિકા મહોત્સવ કરશે. ત્યાંથી બધા ઈન્દ્રો, દેવતાઓ સુખપૂર્વક પોતપોતાના સ્થાને જશે.

ત્યારબાદ સુન્દરબાહુ પણ ઐશ્વર્યથી ઉન્માદી બનીને પંચેન્દ્રિય વધાદિ અશુભ કાર્યોમાં નિઃશંક બનીને જંગલના હાથીની સમાન મહારંભ, પરિગ્રહને સેવતો વિવેકરૂપી અર્ગલાને તોડી ઘણા પ્રકારના અશુભ કર્મોને કરતો, સાઠ લાખ વર્ષનું આયુષ્ય ભોગવી તમઃપ્રભા નારકીને વિષે ઉત્પન્ન થશે, તેમના મોટાભાઈ બલદેવ ‘જે’ ધર્મના નામે પ્રસિદ્ધ છે. તેઓ રાજ્યથી વિરક્ત બની દમસાર મુનિની પાસે દીક્ષા ગ્રહણ કરી દુસ્તર તપોથી કર્મોને ક્ષીણ કરી શાશ્વત સુખને માટે મુક્તિ લક્ષ્મીની પ્રાપ્તિ કરશે. તેઓ પોતાનું પાંસઠ લાખ વર્ષનું આયુષ્ય પૂર્ણ કરી મુક્તિએ જશે.

બલદેવ (શ્રીકૃષ્ણવાસુદેવના ભાઈ)નો જીવ બ્રહ્મદેવલોકથી ચ્યવીને ઉત્સર્પિણી કાળમાં ભરતમાં રાજપુત્ર તરીકે ઉત્પન્ન થશે શ્રીનગર પુરના રાજા તરીકે પ્રસિદ્ધ થશે. લાંબા સમય સુધી રાજ્યનું પાલન કરશે, અમમસ્વામિના તીર્થમાં મુનિચન્દ્ર મુનિની પાસે દીક્ષા લઈ ઘાતી કર્મોનો ક્ષય કરી કેવલજ્ઞાનની પ્રાપ્તિ કરશે સીત્તેર લાખ વર્ષનું આયુષ્ય પૂર્ણ કરી મુક્તિએ જશે.

ઉત્સર્પિણી કાલમાં ઉત્પન્ન થનાર શ્રી અમમસ્વામિ નામના બારમા તીર્થંકર દુરિતાવલીનો વિનાશ, વિનયાવલીનું રક્ષણ કરે, લક્ષ્મી સંપત્તિ આપે, અજ્ઞાનરૂપ અંધકારનો નાશ કરે. સૂર્ય જે રીતે કમલિનીના વનને ઉલ્લસિત બનાવે છે તેવી રીતે ભવ્યાત્માઓને વિકસિત બનાવે, કુંડલની જેમ સુવર્ણના આવર્તથી મનોહર શ્રી અમમસ્વામિ ચરિત્રને જે કોઈ વિદ્વાન શુદ્ધ ચિત્તથી વાંચશે, શ્રવણ કરશે, તે અવશ્ય સમ્યક્ત્વનો અધિકારી બનશે.

॥ ઇતિ શ્રી અમમસ્વામિ ચરિત્રના વીસમા સર્ગનું ગુજરાતી ભાષાંતર ॥

## શ્રી અમમસ્વામિ ચરિત્ર સંપૂર્ણ.

અમારા નવાં પ્રકાશનો

## શ્રી જિનેન્દ્ર દર્શન ચોવીશી તથા અનાનુપૂર્વી

( આવૃતિ ત્રીજી )

સંપૂર્ણ પરિકર સાથેના ચોવીશ ભગવાન તથા ગૌતમસ્વામી સિદ્ધચક્ર, વીશસ્થાનક, ઘંટાકર્ણ, માણીભદ્ર, પદ્માવતીદેવી, ચક્રેશ્વરીદેવી, અંબિકાદેવી તથા શત્રુંજયાદિ તીર્થો સાથે ૪૪ પૂર્ણ રંગી ચિત્રો સાથે ભારે આર્ટ પેપર ઉપર સુઘડ છપાઈ સાથે પ્લાસ્ટીક કવર સાથે કી. રૂા. ૨-૦૦ વધુ લેનારને યોગ્ય કમીશન આપવામાં આવશે.

મહાપ્રભાવિક નવસ્મરણાદિ

## સ્તોત્ર - સંગ્રહ

જેમાં નવસ્મરણો ઉપરાંત ઋષિમંડળ, શત્રુંજયલઘુકલ્પ, ઉવસગ્ગહરં મહાપ્રભાવક સ્તોત્ર ગાથા ૨૭ વાળું, નવગ્રહ પૂજા પ્રકાર, શ્રી પાર્શ્વનાથ ૨૨૨ નામનો છંદ વિગેરે નિત્યોપયોગી વસ્તુઓ આપવામાં આવેલ છે. પ્લાસ્ટિક કવર સાથે રૂા. ૧-૨૫. વધુ લેનારને યોગ્ય કમિશન આપવામાં આવશે.

જૈનધર્મના તમામ પ્રકારનાં સંસ્કૃત, પ્રાકૃત, ગુજરાતી તેમજ અન્ય સંસ્થાના પ્રકાશનો તથા આગમો, આગમોના ભાષાન્તર, ધર્મશાસ્ત્રો, ગદ્યપદ્ય ચરિત્રો, તેમજ પાઠશાલા ઉપયોગી પ્રકાશનો મળશે. મોટું સૂચિપત્ર મંગાવો.

## જૈન પ્રકાશન મંદિર

પ્રો. જસવંતલાલ ગિરધરલાલ શાહ

દોશીવાડાની પોળ, અમદાવાદ.

# અમારાં નૂતન પ્રકાશનો

| | | |
|---|---|---|
| ૧ | વિવિધ પૂજા સંગ્રહ ભા. ૧ થી ૬<br>જેમાં પ્રાચીન પૂર્વાચાર્ય વિરચિત પૂજાઓનો સંગ્રહ છે. | ૩–૫૦ |
| ૨ | વિવિધ પૂજા સંગ્રહ ભા. ૧ થી ૯ | ૫–૦૦ |
| ૩ | વિવિધ પૂજા સંગ્રહ ભા. ૧ થી ૧૧ | ૬–૦૦ |
| ૪ | નિત્ય સ્વાધ્યાય સ્તોત્રાદિ સંગ્રહ | ૪–૫૦ |
| ૫ | જૈન સજ્ઝાયમાળા (સચિત્ર) | ૩–૦૦ |
| ૬ | દેવવંદનમાળા ( કથાઓ સહિત ) | ૨-૫૦ |
| ૭ | પંચપ્રતિક્રમણ વિધિ સહિત | ૨–૫૦ |
| ૮ | બે પ્રતિક્રમણ વિધિ સહિત | ૧–૨૫ |
| ૯ | જિનેન્દ્રદર્શન ચોવીશી [ પ્લાસ્ટીક કવર સાથે ] | ૨–૦૦ |
| ૧૦ | નવસ્મરણ ( સચિત્ર ) | ૧–૦૦ |
| ૧૧ | નવસ્મરણ ( પોકેટ ) [ પ્લાસ્ટીક કવર સાથે ] | ૧–૨૫ |
| ૧૨ | સ્નાત્રપૂજા | ૦–૨૫ |
| **१** | **सामायिक सूत्र** | **०-२५** |
| **२** | **सामायिक सूत्र ( सचित्र )** | **०-४०** |
| **३** | **देवसिराई ( ,, )** | **०-७५** |
| **४** | **बे प्रतिक्रमण विधि सहित** | **१–५०** |
| **५** | **पंच प्रतिक्रमण विधि सहित** | **३–००** |
| **६** | **विविध पूजा संग्रह भा. १ थी ७** | **५–००** |
| **७** | **विविध पूजा संग्रह भा. १ थी १०** | **७–००** |
| **८** | **पंच प्रतिक्रमण मूळ** | **१–५०** |

તે સિવાય જૈનધર્મનાં તમામ પ્રકારનાં પુસ્તકો, પ્રતો વિગેરે મળશે.

વધુ માટે સૂચિપત્ર મંગાવો

**જસવંતલાલ ગિરધરલાલ શાહ**

ઠે. જૈન પ્રકાશન મંદિર, ૩૦૯/૪ ડોશીવાડાની પોળ,

અમદાવાદ–૧



જૈન પ્રકાશન મંદિર
અમદાવાદ.

ઈમ્પીરીયલ પ્રિ. અમદાવાદ.